# ચરોત્તરમાં બોલાતી
# કહેવતોનો સંગ્રહ

ચતુર પટેલ



# ચરોતરમાં બોલાતી
# કહેવતોનો સંગ્રહ

OM COMPUTER DHANUSRA
AT-PO-TA-DHNSURA
DIST-ARAVALLI
GUJARAT 383310

**Collection of Charotari Kahevato**
By Chatur Patel

© **સંપાદન** : અક્ષત પટેલ

**પ્રથમ આવૃતિ** : ૨૦૦૬

**નકલ** : ૫૦૦

**મૂલ્ય** : રૂા. ૨૫૦/-

**આવરણ** : કનુ પટેલ

**આવરણ ચિત્ર** : ચતુર પટેલ

**પ્રકાશક** : ડૉ. સી.એસ. પટેલ
૧, પાર્થ બંગ્લોઝ, વિભાગ-૨,
શક્તિ સોસાયટી પાસે, કરમસદ રોડ,
વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦.

**ગ્રાફીક્સ** : લજ્જા કોમ્યુનિકેશન્સ
વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦.
ફોન : (૦૨૬૯૨) ૨૩૩૮૬૪

**મુદ્રક** : ગ્રાફિકા પ્રિન્ટર્સ
વિઠ્ઠલ ઉદ્યોગનગર-૩૮૮ ૧૨૧.
ફોન : (૦૨૬૯૨) ૨૩૬૩૮૯



**અર્પણ...**

કૈવલજ્ઞાનપીઠાધિશ્વર સપ્તમ્ કુબેરાચાર્ય
પ.પૂ. અવિચલદાસજી મહારાજશ્રીને
૫૬મા પ્રાદુર્ભાવોત્સવ પ્રસંગે
સાદર...

**લેખકના પુસ્તકો :**

કંડીલ : કાવ્યસંગ્રહ (૧૯૮૨)

કુંડાળામાં પગ : વાર્તાસંગ્રહ (૨૦૦૦)

**ભવિષ્યમાં આવનાર સંગ્રહો :**

૫ - ચરોતરી કાવ્યસંગ્રહ

૧ - હિન્દી કાવ્યસંગ્રહ

૧ - અંગ્રેજી કાવ્યસંગ્રહ

૧ - ગઝલસંગ્રહ

૨ - વાર્તાસંગ્રહ



## આમુખ

## સાંસ્કૃતિક ઓળખ રચી આપતી કહેવતો

માનવ સંસ્કૃતિનો અર્ક કહેવતોમાં સંગ્રહાયેલો હોય છે. માનવના આચાર, વિચાર, માન્યતાઓ, આસ્થાઓ, રીતિ-રિવાજો, જીવન જીવવાની તરહો ઈત્યાદિના અનુભવોનો માનવે દૈનંદિની ભાષામા કરેલો સંગ્રહ એટલે કહેવત. તેથી જ કહેવતોનું સ્વરૂપ રૂપકાત્મક અને અનુભવિષ્ઠ હોય છે. તે ક્યારેક બોધ, ક્યારેક ઉપદેશ, ક્યારેક જ્ઞાન તો ક્યારેક વિવેકબોધ કરાવે છે. પરન્તુ કહેવતબોધ ક્યારેય પ્રત્યેક્ષ રૂપમાં પ્રગટ થતો નથી; તે હમેશાં કાન્તા સંમ્મિત રૂપમાં વ્યંગાર્થમાં પ્રગટતો હોય છે. અત્યંત હળવાશ અને અનુનયવાળી, સહજ સ્વાભાવિક ઉક્તિઓ રૂપે, કોઈ સગ્રથિત કાવ્ય પંક્તિ જેટલી જ સબળગ્રથન પામેલી, બોલચાલમાં પ્રયોજાતી આ ઉક્તિઓ તેના સદ્ય અને પ્રબળ બોધગુણને કારણે પ્રજાના ચિત્તમાં સ્થિર થયેલી હોય છે. અને પરિણમે તે આયુષ્યમાન એવું વિરેચનનું, વિવેચનનું, શિક્ષણનું, બોધનું, ઉપદેશનું ઓજાર બનીને પ્રજાજીવનમાં સ્થિર થયેલી જોવા મળે છે. આવી કહેવતો, રૂઢિપ્રયોગો, વાક્લક્ષણો તેની વિશેષ અર્થછાયાઓને કારણે પ્રજાભાષાનું એક વિલક્ષણ આભૂષણ બની રહે છે.

કોઈ ધૂળધોયા, ખંતીલા, અભ્યાસી દ્વારા પ્રજાજીવનમાં લોકજીભના ટેરવે જીવતી આ કહેવતો, પ્રજાભાષાના શબ્દકોશોમાં ચિત્તસ્ય થયેલી આ કહેવતોનું અદ્યયન- સંશોધન થાય તે કોઈપણ સંસ્કૃત પ્રજાએ કરવાના કાર્યોમાનું એક કાર્ય છે. કારણ કે આવા અભ્યાસો કહેવતોમાં રહેલા આપણા સાંસ્કૃતિક નક્શાઓ બની રહે છે. અહીં ચતુર પટેલ ચરોતર પ્રદેશની કહેવતોને અભ્યાસતાં ચરોતરી લોકજીવનની, ચરોતરી સંસ્કૃતિની છાયા-પ્રતિચ્છાઓ તેમાંથી આપણને સાંપડી રહે છે. ચતુર પટેલ મૂળે ચરોતરના વતની, તળગ્રામ પ્રદેશના નિવાસી, સંવેદનશીલ અને પ્રજાજીવન સાથે રસબસ થયેલા કવિ, વાર્તાકાર, ચિત્રકાર અને શિક્ષણવિદ્ છે. તેઓએ 'રચના' નામના કાવ્ય સામયિકનું સંપાદન પણ લાંબા સમય સુધી કર્યું છે. વરસોથી ચરોતરી બોલીમાં કાવ્યસર્જન પણ કરતા રહ્યા છે. પરિણામે કહેવતમાં રહેલાં અર્થછાયાઓ, તેની બૂપૃષ્ઠમાં રહેલી લોકવાર્તાઓ, તેની કાવ્યાત્મકતા અને લોકજીવન સંદર્ભોનો પણ આ સંગ્રહમાં તેઓ વિશદતાપૂર્વક છણાવટ કરે છે.

આમ, આપણને ચરોતરી સંસ્કૃતિના સર્જનાત્મક ઐતિહાસિક હેવાલ જેવી કહેવતોનો સંગ્રહ કવિ ચતુર પટેલ પાસેથી પ્રાપ્ત થાય છે ત્યારે ઉમળકાભેર હું આ સંગ્રહને આવકારું છું.

**- જયેન્દ્ર શેખડીવાળા**



## મારી કેફિયત....

આ સંગ્રહમાં, માત્ર ચરોતર પ્રદેશમાં એટલે કે સાબરમતી અને મહીસાગર નદી વચ્ચેના પ્રદેશમાં, રોજ-બરોજના વ્યવહારમાં કે બોલચાલની ભાષામાં... લોકબોલીમાં વપરાતી ગ્રામ્ય પ્રદેશની તળપદી ભાષામાં વપરાતી કહેવતો એકત્ર કરીને મૂકવામાં આવી છે.

મને બાળપણથી જ કહેવતો પ્રત્યે ખાસ આકર્ષણ રહેલું. એમાં આવતા પ્રાસાનુપ્રાસ, સરળ ચોંટદાર લાઘવ. ધારી અસર પેદા કરવાની એની બળકટતા, એમાં રહેલો ધારદાર કટાક્ષ, ખૂબ જ ઓછા શબ્દોમાં ધારી ચોટ પેદા કરવાની ક્ષમતા, આ બધું મુને ખૂબ ગમતું. મારો મશ્ચેસ ભાઈ ભોગીલાલ ને મારાં દીવાળીમાસી... અરે પ્રત્યેક ગામમાં આવાં પાત્રો તમને મળી રહેશે. જે ડગલે ને પગલે, ધાણી ફૂટે એમ ફટાફટ... કહેવતો, ચાબખા, દૂહા કે ઉપમાં, અલંકાર... બોલીને... ભલભલાની બોલતી બંધ કરી દેતા હોય છે. એના કારણે... બાળપણથી આવાં જોડકણાં, કહેવતો, ભડલીવાક્યો, દૂહા, સોરઠા, શાખી, કોઈ બોલે તો હું યાદ રાખી લેતો.

છેક કોલેજકાળ સુધી એવી કોઈ મનષા નહોતી કે આવો કોઈ સંગ્રહ કરીશ. પણ કોઈ પણ ઘટના માટે કશુંક ને કશુંક નિમિત્ત મળતું હોય છે આવી એક-કે અનેક ઘટના મારા જીવનમાં બનતી રહી. ૧૯૭૪-૭૫માં ભારત સરકારે ટૅલિવિઝન યુગમાં પ્રવેશ કર્યો અને એનું પ્રાયોગિક પ્રથમ યુનિટ ખેડા જિલ્લાના પીજ મુકામે રિલે-સ્ટેશનથી શરૂ કર્યું. મેં ટી.વી. કલાકાર તરીકે અભિનય શરૂ કર્યો. ત્યારે અમારા Producter - Director શ્રી હસમુખ બારાડી હતા. એ વેળા - આઉટડોર શુટીંગ હોય કે ઈન્ડોર - વાતચીત ચાલે - એનો જવાબ હું ચરોતરી કહેવત દ્વારા આપું. આ અમારો નિત્યક્રમ. એક વખત શ્રી નટુભાઈ પટેલ અને શ્રીહસમુખભાઈએ કહ્યું કે - ‘અલ્યા ચતુર, તું એમ કર તું વારે વારે નીત નવી કહેવત બોલે છે એ પેપર પર ઉતારવા માંડ, કુલ કેટલી થાય છે એ જાણીએ.’

મેં, મને જેટલી યાદ હતી એ કહેવતોનો ઉતારો કર્યો તો મારા આશ્ચર્ય વચ્ચે એનો સરવાળો ૬૦૦ થી ૭૦૦ સુધી પહોંચ્યો. પછી તો મને પણ વિશેષ રસ પડ્યો. જ્યારે સમય મળે, ત્યારે અગાઉથી ભાળ મળી હોય એ ગામે શનિવારે પહોંચી જતો અને કહેવતો જાણનાર વ્યક્તિ સાથે બેસીને ઉતારો કરી લેતો. ખેડા અને આણંદ જિલ્લાનાં ઘણાં બધાં ગામે આ રીતે ૧૦-૧૨ વર્ષ વિચરણ કરી લગભગ ૨૦૩૬ જેટલી ચરોતરમાં બોલાતી બોલીની કહેવતો મેળવી શકયો. કહેવતો સાથે દૂહા, સાખી, છંદ, સોરઠા, ચાબખા, ઉપમા,

અલંકારો, ગામ પર પડેલી કહેવતો, કેટલાંક ભડલી વાક્યો... જે મળે તે ભેગું કરતો ગયો. મને ૨૫ જેટલી વાર્તાઓ પણ મળી છે, જેમાં કહેવત કેવી રીતે ચરિતાર્થ થઈ એ વાર્તામાં વણી લેવામાં આવી છે. એની સાથે એજ કહેવતની સમાનાર્થી કહેવત પણ ટાંકી છે અને એ કહેવત સમકક્ષ કે એ જ અર્થને ઉજાગર કરતી સુસંસ્કૃત કહેવત આપી છે, અને સામે દરેક કહેવતનો અર્થ પણ આપ્યો છે.

વળી મારી અક્કલ અને સમજદારી અને મારા પરમ મિત્ર ડૉ. જયેન્દ્ર શેખડીવાળાના સલાહસૂચન પ્રમાણે કહેવતોનાં વર્ગીકરણ કરી વૈજ્ઞાનિક ઢબે પ્રકરણમાં વિભાજીત પણ કર્યા છે. અહીં એક વાત મારે ટાંકવી રહી કે આ બધું મેં સભાનપણે કર્યું છે. એમાં ક્યાંક મર્યાદા રહી ગઈ હોય, ક્યાંક થોડી ઘણી કહેવતો હાથવગી ન થતાં રહી ગઈ હોય એમ પણ બન્યું હશે અને એ મેળવવા હું ઊણો પણ ઉતર્યો હોઈશ તો રસીકજનો ને ચોબલિયા જણો મને દરગૂજર કરશે.

આધુનિક યુગમાં, મિડિયાના આક્રમણ સામે આવો મહામૂલો ખજાનો... ખોવાતો ને ખવાતો જાય છે. મારા આટલા વર્ષનો અનુભવ કહે છે કે ગામઠી કે સુસંસ્કૃત કહેવતોનો વાપર-ભણેલ-ગણેલ કહેવાતી કલ્ચર્ડ પ્રજા... એનાથી અલિપ્ત થતી જાય છે. એ એક કમનસીબી છે. સદ્‌ભાગ્યે ગામઠી પ્રજામાં આ ખજાનો સચવાયેલ છે. આ ખજાના તરફ નવી પેઢી ઉદાસીન બનતી જાય છે એટલે કદાચ આવતાં પાંચ-પંદર વર્ષમાં આ ખજાનો લુપ્ત થઈ જશે. ત્યારે મારા-તમારા જેવા સાહિત્ય રસિક જનોએ આ બધું ગ્રંથસ્થ થઈ જાય એની ખેવના કરવી રહી અને એજ કારણે આ સંગ્રહ કરવાની, માતબર ખર્ચ કરવાની મેં નઠારી હામ ભીડી છે.

કદાચ ભાવિ પેઢીને આ મૃતપ્રાય-લુપ્ત થતો ખજાનો સોંપાતાં આનંદ અનુભવું છું.

વિશ્વનો કોઈ પણ દેશ કે જગતની કોઈપણ ભાષા બોલતો માણસ દૈનિક જીવનમાં વપરાતી બોલચાલની ભાષામાં વત્તે ઓછે અંશે કહેવતો, ઉખાણાં કે વક્રોક્તિનો ઉપયોગ કરતો હોય છે જ્યારે પણ પોતે કહેવા ધારેલી વાત, ખૂબ જ ઓછા શબ્દોમાં, ચોટદાર રીતે, વક્ષવેધી બાણની જેમ સામા માણસને મહાત કરવા માગતો હોય, જાહેરમાં એને ઉઘાડો પાડવા માટે, માત્ર કહેવત જ રામબાણ શસ્ત્ર ગણાય છે.

મહદ્‌અંશે, કહેવતોના અર્થ, સુજ્ઞ અને અનુભવી લેખકોએ પોતાની રીતે કર્યા હશે. કહેવતો, રીત-ભાત, આચાર-વિચાર, વ્યવહાર, જે તે સમયની રૂઢિઓ, ક્ષતિઓ, અંધશ્રદ્ધા, રૂઢિગત ખયાલો, લોકાચરણ, વહેમોને રાજકીય આટામાટા, નીતિ-રીતિ - કૂડકપટ આ બધું કહેવત દ્વારા પ્રગટ થતું રહે છે.



હવે સામાન્ય માણસને થશે કે કહેવત એટલે શું ? કેવી રીતે અસ્તિત્વમાં આવી ? એનો સીધો પ્રત્યુત્તર એક જ હોઈ શકે.... કે પરંપરાથી લોકોમાં કહેવાતા બોધરૂપ, કટાક્ષરૂપ કે દૃષ્ટાંતરૂપ વાક્યો કે વચનો સમાજના કે પ્રજાના નિચોડરૂપે આવે એના ડહાપણ દ્વારા સ્વીકારાય, ત્યારે કહેવત બનતી હોય છે. જયારે ભાષાનું અસ્તિત્વ નહોતું, લિપિ શોધાઈ નહોતી, ત્યારે પણ કહેવતો અસ્તિત્વ ધરાવતી હતી જ. કહેવતો એટલે પ્રજાના અનુભવનો નિચોડ, અને એના ડહાપણ દ્વારા પરખાઈને પ્રજા સુધી પહોંચે, તેને પ્રજા પોંખે અને સ્વીકારે ત્યારે કહેવતનો જન્મ થાય છે. આ કહેવતરૂપી ડહાપણનો અણમોલ ખજાનો એક માણસના મોંએથી બીજા માણસના મોઢે... એક પેઢીથી બીજી પેઢી, એક જમાનાથી બીજા જમાના સુધી. વારસા તરીકે ઉતરતો રહે છે અને સચવાતો રહે છે.

કહેવતો વિશે વિસ્તૃત ટીપ્પણી કે ચર્ચા નથી કરતો કારણ કે... એ વિશે મારા તજજ્ઞ મિત્ર ડૉ. જયેન્દ્ર શેખડીવાળા કહેશે - બાકીનું સુજ્ઞ, રસિક વાંચકજનો સ્વયં એમાં ઉતરીને.... પામી જાય એ જ યોગ્ય ગણાશે, એની ગુણવત્તાની કદર આપ સૌ કરજો.

આ સંગ્રહના પ્રાગટ્ય વેળાએ હું કેટલાક નામી અને અનામી હિતચિંતકો, શુભેચ્છકો અને સ્વજનોનો આભાર ન માનું તો નગુણો ગણાઉં.

સૌપ્રથમ કહેવતો સંગ્રહ કરવા પ્રોત્સાહિત કરનાર ગુણાનુરાગી શ્રીહસમુખ બારાડી, નટુભાઈ એસ. પટેલ, સૂર્યબાળાબેન, શ્રી ઈન્દુ પુવાર, શ્રી હિમાંશુ ત્રિવેદી, શ્રી જયેન્દ્ર શેખડીવાળા, શ્રી અજીત ઠાકોર, શ્રી સુમન શાહ, શ્રી પરેશ નાયક, એક આફ્રિકાવાસી ગુમનામ શુભેચ્છક જેમના કારણે આ સંગ્રહ અસ્તિત્વમાં આવ્યો તે જણ, લજ્જા કોમ્યુનિકેશન્સના માલિક શ્રીકનુ પટેલ, જેમણે પુસ્તકને શણગાર્યું, છપાવડાવ્યું. તે તથા તેમનો સ્ટાફ - મારી ચાર દિકરીઓ, પત્ની અને પુત્ર અક્ષત, જેમણે મને સતત પ્રોત્સાહિત કર્યો છે તે સૌ અને આ સંગ્રહને આશીર્વચન મળે, જેમના કરકમળોનો સ્પર્શ પામી હું શુભાશિષ પામું એવા કૈવલ ધર્મના ગાદીપતિ શ્રી પ.પૂ.ધ.ધૂ. પ્રાતઃ સ્મરણીય સપ્તમ કુબેરાચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજશ્રી, જેમના થકી આ આશીર્વચન પામવાની લાયકાત અપાવનાર, અને સતત આવી વૈચારિક પ્રવૃત્તિને પ્રેરણાંના પિયુષ પાનાર-મારા પરમ સ્નેહી મિત્ર શ્રી હરેન્દ્ર પી. ભટ્ટસાહેબ. પરમગુરુ પાઠશાળા-સારસા, હિપલ પટેલ ને જયન્તીભાઈ પટેલ સૌનો નાનો-મોટો સહકાર સાંપડ્યો છે તે તથા સૌ ગ્રામજનો જેમના થકી આટલી મોટી સંખ્યામાં કહેવતો મેળવી શક્યો તે સૌને ગુણાનુરાગી છું.

**સપ્ટેમ્બર-૨૦૦૬** **- ચતુર પટેલ**

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રકરણ - ૧ | કહેવતો /૧૧ |
| પ્રકરણ - ૨ | ઉપમા - અલંકાર/૨૧૪ |
| પ્રકરણ - ૩ | દૂહા - સાખી - સોરઠા/૨૨૬ |
| પ્રકરણ - ૪ | હિન્દીમાં બોલાતી કહેવતો/૨૪૪ |
| | ભડલી વાક્યો/૨૪૯ |
| પ્રકરણ - ૫ | જોડકણાં - ઉક્તિઓ/૨૫૦ |
| પ્રકરણ - ૬ | ગામ પરની કહેવતો/૨૭૨ |
| પ્રકરણ - ૭ | વાર્તાઓ/કહેવતો પરથી વાર્તાઓ/૨૮૧ |




## પ્રકરણ - ૧ કહેવતો

⇨ **અક્કલનો ઓથમીર, મંગાયી ભાજી ન લાયો કોથમીર.** — અક્કલ વગરનો.
- અક્કલનો ઓથમીર, મંગાવી ભાજી ને લાવ્યો કોથમીર.

⇨ **અક્કલ કોયના બાપની છ ?** — પોતાની અક્કલ જ કામ આવે.
- અક્કલ કોઈના બાપની છે ? — - અક્કલ પોતાની જ હોય.

⇨ **અક્કલ બડી કે ભેંસ બડી ?** — અક્કલ મોટી કે ભેંસ મોટી.

⇨ **અક્કલનો બારદાંન.** — અક્કલ વિનાનો.
- અક્કલનો બારદાન.

⇨ **અક્કલનેન એને તો બાર ગવનું છેટુ જ છ.** — અક્કલ વિનાનો.
- અક્કલને અને તેને તો બાર ગાઉનું છેટું છે.

⇨ **અક્કલ વે'ચાતી મલે'તાર કોઇ ધનવાંન મૂરખ ના રે'ત.** — અક્કલ વસ્તુ નથી કે વેચાતી મળી જાય.
- અક્કલ વેચાતી મળે તો કોઇ ધનવાન મૂર્ખ ના રહે !

⇨ **અક્કલ વેં'ચાતી'તી તાર એ ચાયણી લેયન જ્યો'તો.** — અક્કલ વગરનો.
- અક્કલ વહેંચાતી હતી ત્યારે એ ચાયણી લઇને ગયો હતો.

⇨ **અક્કરમી છેડ (ખેતી) કરે તાર કાં દકાર પડે, કાં રાંડ મરે, કાં આખલું ટરે..!** — કમનસીબ હોય ત્યારે ચારે તરફથી આફતો આવે અને વિઘ્નો નડે.
- અક્કરમી ખેતી કરે ત્યારે કાં દુકાળ પડે, કાં રાંડ મરે, કાં આખલુ ટળે.

⇨ **અક્કરમીનો પડિયો કાંણો, કરમમાં ડોરિયુ તે ઘી શું ખાવું ?** — કમનસીબ હોય તો આવેલું પણ જતું રહે.
- અક્કરમીનો પડિયો કાણો, કરમમાં ડોળિયુ તો ઘી શું ખાવું ?

⇨ **અખણ જ્યાં, દખણ જ્યાં પણ લખ્ખણ ના જ્યાં.**

- પડી ભાત પટોળે ફાટે પણ ફીટે નહીં.
- અખણ ગયા, દખણ ગયા પણ લક્ષણ ના ગયાં.

કૂતરાની પૂંછડી જમીનમાં દાટો તો ય વાંકી જ રહે.
- પડેલી ટેવ કે કુટેવ બદલાતી નથી.

⇨ **અંગૂઠે કમાડ ઠેલવું.**

કળથી કામ કઢાવી લેવું.

⇨ **અધવાના થયે તાર જગા ન જોવાય.**

- સંડાસ જવાના થઇએ ત્યારે જગ્યા ના શોધાય / પસંદ ન કરાય.

સમય અને સંજોગો પ્રમાણે વર્તવુ.

⇨ **અજાંમને આથ્ય આરસી આચી.**

- હજામના હાથમાં આરસી આવી.

ફાવતુ મળ્યું.
- હલકા માણસને માન મળ્યું.

⇨ **અજાંણ્યા પાણીમાં ઉતરવું નઇ.**

- અજાણ્યા પાણીમાં ઉતરવું નહિ.

કોઇપણ વસ્તુ કે સ્થિતી નો તાગ કાઢીને આગળ વધવું.

⇨ **અજાંણ્યું ફર (ફળ) ખાવું નઇ.**

- અજાણ્યું ફળ ખાવું નહિ.

કશીય લાલચમાં આવી આંધળુ જોખમ ખેડવું નહીં.

⇨ **અજાંણ્યો બામણ બમણું ઘી ઓમે.**

- અજાણ્યો બ્રાહ્મણ બમણું ઘી હોમે.

અજાણ્યા માણસને કોઇ કામ સોંપાય નહિ.
- અજાણ્યા માણસનો આંધળો વિશ્વાસ કરાય નહિ.

⇨ **અજાંમત કરાચીન વાર ના પૂછાય.**

- હજામત કરાવીને વાર ન પૂછાય.

ઘટના બની ગયા પછી એનો પસ્તાવો ન કરાય.

⇨ **અટક પારેખની ન જાત અજાંમની.**

- અટક પારેખની ને જાત હજામની.

જાત પર ગયા વિના ન રહે.
- નામ મોટાં, દર્શન ખોટાં.

⇨ **અટવનો (અટાઉ)નો માલ બટવ ખાય.**

ચોરનું ધૂતારા લઇ જાય.



⇨ **અડધા વસાનો આદમી ન વીહ વસાનું લૂગડું.**

- અડધા વસાનો આદમી અને વીસ વસાનું લૂગડું.

ટકાની ડોશીને ને ઢબુ મૂંડામણ.
- માણસ પહેરેલાં કપડાંથી રૂડો દેખાય.

⇨ **અડાડેચ વૈણ બાર્યનો એ તો.**

- અઢારેય વર્ણ બહારનો એ હતો.

નાગો કે ઉતાર માણસ.

⇨ **અડધા શેર હારું એ મજૂરીએ જાય, ને ઘરમાં પાંચ્છેર ઉંદૈડા ખાય.**

- અડધા શેર માટે એ મજૂરીએ જાય, ને ઘરમાં પાંચશેર ઉંદરડા ખાઇ જાય.

ગણતરી વગરનો, બિન વ્યવહારું, કે દિર્ઘ દૃષ્ટિ વગરનો માણસ.

⇨ **અણ અકકનું ખાય એનો દારોવારો જાય, અકકનું ખાય એનું અભરે ભરાય.**

- અણ હક્કનું ખાય એનો દાડોવારો જાય, હક્કનું ખાય એનું અભરે ભરાય.

દૂધના દૂધમાં ને પાણીના પાણીના પાણીમાં.
- વાવે તેવું લણે, કરે તેવું પામે / ભોગવે.

⇨ **અણ કસબી અજામને અસ્ત્રા જાજા.**

- અણ કસબી હજામને અસ્ત્રા ઘણા.

નવો મુસલમાન નવવાર નમાજ પઢે.

⇨ **અણ કમઉને ઉનાં પાંણી.**

- અણ કમાઉને ગરમ પાણી.

લાયકાત ન હોય ને અપેક્ષા ઘણી.

⇨ **અણ દીઠાનું દીઠું ન માર્ય મવડોને મેંઠું.**

- ના દીઠાનું દીઠું ને માર મવડો અને મીઠું.

બિનલાયક્ને સત્તા મળે તો અતિરેક જ કરે.

⇨ **વણ બોલાચો બોલે એ તણખલાની તોલે.**

- વગર બોલાવ્યો બોલે, એ તણખોાની તોલે.

વગર બોલાવ્યો કોઇ વચ્ચે ટપકી પડે તો એનું અપમાન થાય, કિંમત ન રહે.

⇨ **અતિ ચેંકણો બવ લબદાય.**

- અતિ ચેંકણો બવ ખેડાય.
- અતિ ચીકણો બવ પસ્તાય.
- અતિ ચેંકણો બહું લબ્દાય.

બહું ગણતરી કરનારો.
- પાણીમાંથી પોરા કાડનારો માર ખાઈ જાય છે.

⇨ **અતિશયમાં સાર નહીં.**

- 'અતિ સર્વત્ર વર્જયેત'.

અતિરેકમાં સાર નહીં,બધું માપમાં સારું.

⇨ **અતિશે લાડથી છોરાં બગડે ન, અતિશય લાડથી ઢોરાં બગડે.**

- અતિશય લાડથી છોકરાં બગડે અને અતિશય લાડથી ઢોર બગડે.

અતિશયનો સર્વથા ત્યાગ કરવો.
- અતિશય લાડ કરવાથી બાળકો બગડે.

⇨ **અથેરીમાં વાર (વાળ) ઓય તો ઘરમાં પૈસો ઓય.**

- હથેળીમાં વાળ હોય તો ઘરમાં પૈસો હોય.

નનૈયાં ભણવામાં ઉસ્તાદ.

⇨ **અથાંણાં આઠ ને રોટલો એક.**

- અથાણાં આઠ અને રોટલો એક જ.
- પાંચ પોલીસને પંદર ફોદ્ધાર.
- પાચ પોલીસ અને પંદર ફોજદાર.

કોઈપણ પ્રકારની વ્યવસ્થા વગરનું અંધેરખાતુ.

⇨ **અધૂરો ઘડો બવ છલકાય.**

- અધૂરો ઘડો બહું છલકાય.

આછકલાઈ વર્તાઈ આવે.

⇨ **અદેખઈ રાતદા'ડો બરતા કરાવે.**

- અદેખાઈ રાત-દિવસ બળતા કરાવે.

અદેખો, ઈષાળુ માણસ ક્યારેય સુખી ન થાય, દુખી જ રહે.

⇨ **અન્ન એવા ઓડકાર.**

- અન્ન તેવા ઓડકાર.

જેવી વૃતિ એવા વિચાર.

⇨ **અન પાંણી ને આબરુ એ તૈણની તોંણ.**

- અન્ન, પાણી અને આબરુ એ ત્રણેયની તાણ.

સજજન માણસની ગણતરીમાં ન આવે તેવું ઘર, ઉતાર/દાંડનું ઘર.

⇨ **અફેણનો જીવડો, અફેણમાં જીવે ને અફેણમાં મરે.**

- અફિણનો જીવડો અફિણમાં જીવે અને અફિણમાં જ મરે.

કોઈપણ પ્રકારના વ્યસની માણસનું મૃત્યું વ્યસનથી જ થાય છે. દા.ત. દારૂડિયા, અફીણ પીનાર કે કોઈપણ પ્રકારના નશાનું સેવન કરનારનું મૃત્યુ એના કારણે જ થાય છે.



⇨ **અંબાડીએ બેહી છાંણા ના વેંણાય.**

- અંબાડીએ બેસી છાંણા ન વિણાય.

ઊંચા હોદ્દે બેઠાં પછી હલકા કામ ન થાય.

⇨ **અમથો પૂછે અમથીને ચ્યાં રઈશું રાત ? જઈ મલે રોટલો તાં રઈશું રાત.**

- અમથો પૂછે અમથીને કયાં રહીશું રાત ? જયાં મળે રોટલો ત્યાં રહીશું રાત.

જેને ઠામ-ઠેકાણું નથી. એવા ભમતા ભૈડા માટે આ કહેવત વપરાય.

⇨ **અભાગણીને તાં ભાણુ આવે તાર ધણીને પાછુ[1] વરે**

- અભાગણીને ત્યાં ભાણુ આવે, ત્યારે ધણીને ઉલ્ટી થાય.

કમનસીબ સ્ત્રીને ઘરે કોઇને ત્યાંથી ભાણુ આવે, પીરસણ આવે ત્યારે જ એના ધણીને ઉલ્ટી થવાની શરૂ થઈ જાય.
- ખરાબ દશા હોય તો મોંએ આવેલ કોળિયો જતો રહે.
- નસીબમાં ન હોય તો એનો ભોગવટો ન થાય.

⇨ **અર-લાકડાં ઢીલાં થઈ જશે.**

- હળ-લાકડાં ઢીલાં થઈ જશે.

માર મારીને હાથપગ તોડી નાખવામાં આવશે.

⇨ **અર (હળ) આંકતાં-આંકતા પરધાંન થઈ જયા.**

- હળ હાંકતે હાંકતે પ્રધાન બની ગયા.

સાવ ડફોળ માણસને મોટી પદવી કે સત્તા મળી જવી.

⇨ **અડધી મૂકી ન આખીને ધાવવું.**

- મા ને મૂકીને માસી ને ધાવવું.

તુરત જ લાભ લેવાની વૃત્તિ

⇨ **અલકુ લો'ચ અવાલદારનું.**

- હલકુ લોહી હવાલદારનું.

વગર ગુને નબળા માણસને નીચી પાયરી પર ઉતારી દેવો, નોકરી કરતા માણસને ઉપરી કે મોટો માણસ ખખડાવે - એ સંદર્ભમાં.
- નબળાને સૌ સતાવે.

⇨ **અલકુ પાતર અદકું ભણ્યો ન, વઢકણી વવે દિકરો જણ્યો.**

અછકલો કે હલકી કોટીનો માણસ ખૂબ ભણે પણ એને એના ભણતરનું ગુમાન

૧. ઉલ્ટી થવી, વામીટ થવું

- હલકુ પાત્ર અદકું ભણ્યો અને વઢકણી વહુએ દિકરો જણ્યો.
- મૂળમાં કારેલી ને પાછી લેમડે ચઢી.

એને છકવી મૂકે છે એમ... વઢકણી સ્ત્રી હોય ને જો એ દિકરાને જન્મ આપે તો કલ્પના કરો કે એ શું કરી શકે ?

⇨ **અલકુ પાતર કરે અદકુ ગાતર.**

- હલકુ પાત્ર કરે ઝાઝુ ગાતર.

છીછરો માણસ અછકલાઇ કર્યા વિના રહી જ ન શકે.

⇨ **અલા ગઈ ન બલા આઈ.**

- અલા ગઈ અને બલા આવી.

ભૂત કાઢતા પલીત પેઠું, સાલ કાઢતા ફાંસ પેઠી.

⇨ **અલ્લા કે'તાં મશીદ કોટ પડી.**

- અલ્લા કહેતાં મસ્જીદ કોટે વળગી.

વગર કાણે આફત આવી પડે.

⇨ **અલ્લાને ઘેર ઘંટી ખાંણીયા ના ઓય.**

- અલ્લાને ઘેર ઘંટી ખાંડણીયા ન હોય.

ફકીર જેવા માણસને ઘેર અનાજના કોઠાર ભરેલા ન હોય, એ તો અલ્લાના ભરોસે જ જીવી જાય.

⇨ **અવાડાથી નેંકરી કૂવામાં પડ્યા.**

- હવાડામાંથી નીકળી કૂવામાં પડ્યા.
- ઉલમાંથી નેંકરી ચૂલમાં પડ્યા.

એક આફતમાંથી છૂટ્યા ત્યાં બીજી આફત આવી.

⇨ **અવસર વીત્યા મેલવા (વરસાદ) ન અવસર વીત્યાં ગાંણાં શા કૉમનાં ?**

- અવસર વીત્યા મેહૂલાને, અવસર વીત્યા ગીત શા કામનાં ?

લગ્નનાં ગીત, લગ્નના સમયે જ શોભે, દરેક વસ્તુની કિંમત પ્રસંગે હોય.

⇨ **અસવાર તો આથી (હાથી) ના પણ ના મલ્યે પગપારા હેંડે છ.**

- અસવાર તો હાથીના છે પણ ના મળ્યે પગપાળા ચાલે છે.
- આ બધા રાંડી રાંડના જમઈ નહીં હમજ્યા.

બધાને પાલખીમાં બેસવાના કોડ છે. લાયકાત ન હોવા છતા ઉંચી અપેક્ષા રાખે છે.

⇨ **અંધારી રાતે બોરસદ નાઠું.**

- અંધારી રાતે બોરસદ ભાગ્યું.



⇨ **અંધારે ખાય પણ કોરીયો નાકે ના જાય.**

- જમણો આથ તો મોં ભણી જ વરે.
- ભૂવો ધૂણે તોય નારીયેર ઘર ભણી જ નાખે.
- અંધારે ખાય પણ કોળિયો નાકમાં ન જાય.

જાગૃત માણસ છેતરાય નહીં.
- ગમે તેવી પરિસ્થિતીમાં સ્વાર્થ ભુલાતો નથી.

⇨ **અંધેકી જોરૂને ખુદે કા રખવારા.**

- અંધેકી બાયડીને બંદેકા રખવારા.
- અંધેકી જોરૂને અલ્લા કા રખવારા.
- અંધેકી જોરૂને ખુદેકા રખવાળા.
- આંધળાની જોરૂને ખુદાની રખેવાળી.

કમજોરને ભગવાનનો ભરોસો, કમજોરની આબરુ ભગવાન ભરોસે.

⇨ **આકડે મધ હોધવા નેંહર્યા છે.**

- આકડે મધ શોધવા નીકળ્યા છે.

કોઈપણ જાતના જોખમ વગર, સહેલાઈથી કશું પામી જવાની મોટી અપેક્ષા રાખવી એ અર્થમાં.

⇨ **આકડે મધ છે ... લેય લે ભુંડા.**

- આકડે મધ છે લઈલે ભુંડા !

સાવ સહેલું છે, તકનો લાભ લઈ લે એ અર્થમાં.

⇨ **આકડાની બૉન ને ધંતૂરાનો ભઈ.**

- ચોરનો ભૈ ઘંટી ચોર.
- જેવી કોદાળી એવો દસ્તો.
- આકડાની બહેન ને ધતૂરાનો ભાઈ.

આવી ઘણી કહેવતો બે અર્થમાં વપરાય છે. સાવ સીધો સાદો અર્થ : ઠીક છે... આંકડાની બહેનને ધંતૂરાનો જ ભાઈ હોય ને એટલે કે જે ગરીબ હોય, એટલે એના સગાંવા'લાં -કે સંબંધીઓ એવાં જ હોય. અને કટાક્ષમાં જો કહેવું હોય તો ગરીબ હોય, નીચ કૂળનો હોય એનો સંબંધ રાજામહારાજા જોડે થોડો હોવાનો..!

⇨ **આકરાના ચારીયા (ખાંભી) જ થાય એ જીવતા પાછા ના'વે.**

- આકરાના પાળીયા જ થાય તે જીવતા પાછા ન આવે.

ઉતાવળિયા થઈ, વગર વિચારે ધિંગાણે ચઢે એ લડતાં લડતાં મરી જાય છે, અને પાળિયા થઈ જાય છે, ટૂંકમાં જીવતા પાછા નથી આવતા.

⇨ **આકાડોડીનું ગાહ્યુ .**
- આકાડોડીની ગાલ્લી.
- આકાડોડીનું ગાડું.

થૂંકે પૂડા ના થાય.
- યોગ્ય વસ્તુ યોગ્ય જગ્યાએ જ વપરાય.

⇨ **આખું ગાંમ નાગુ ઓય તાં કોના હમ ખવાય ?**
- આખું ગામ નાગુ હોય ત્યા કોના સમ ખવાય ?

આખા ગામની વસ્તી એકબીજાના મોંમા થૂંકે એવી હોય ત્યાં કોને સારો ગણવો.

⇨ **આખું જીન બરી'જ્યું ન ડોશી કે' હાય મારી પૂણીયો.**
- આખુ જીન બળી ગયું અને ડોશી કહે હાય મારી પૂણીઓ.

અમુક લોકો બીજાના મોટા દુઃખની ગણતરી નથી કરતા પણ પોતાની નાની ચિંતાને મોટું સ્વરૂપ આપે છે.

⇨ **આખો દા'ડો નાગો ફરે, અન નાતી વખ્તે કાછડો વારે...**
- આખો દિવસ નાગો ફરે અને નહાતી વખતે કાછડો વાળે.

અવળી જાતીનો માણસ
- અવળી મતિનો માણસ

⇨ **આજની ઘડી ને કાલ્યનો દા'ડો, ફરી દેખયો નૈ.**
- આજની ઘડીને કાલનો દિવસ, ફરી દેખાયો નહીં
- એવી આકરી સજા કરી કે ફરી આ સ્થળે દેખાયો નથી.
- છેતરીને ચાલ્યો ગયો કે ફરી ક્યારેય દેખાયો નહીં.

ગયો એ ગયો, પાછું વાળીને જોવાય ન રહ્યો.

⇨ **આખો લાડવો મોંમા ના પેહે...**
- આખો લાડવો મ્હોમાં ન પેસે...

બધું નિયમ પ્રમાણે થાય, આપણી ઈચ્છા પ્રમાણે નહીં.
- ધીરજના ફળ મીઠાં.

⇨ **આખલો વંઠે તાર ઉકેડો ઉછારે...**
- વકર્યો આખલો ઉકરડો ઉછાળે...

કાબૂ બહાર જનારો નુકશાન જ કરે.

⇨ **આગર જૈન પાછા પડવું.**
- આગળ જઇને પાછળ પડવું.

ઉતાવળે આંબા ન પાકે.
- ઉતાવળા સો બાવળા, ધીરા સો ગંભીર.
- Steady win the race.



⇨ **આજ અમીર ને કાલ્ય ફકીર.**
- આજે અમીર ને કાલે રંક .
- પલમાં ગરીબ ને પલમાં બાદશાહ.

નશીબમાં લખ્યું હોય એ થાય, તે પ્રેમથી સ્વીકારી લેવું.

⇨ **આટલાં વરહોં અમે અજામત (હજામત) નહીં કરી !**
- આટલા વર્ષો અમે હજામત નથી કરી !

આટલાં વર્ષોમાં અમને ઘણાં અનુભવ થયાં છે જેથી અમે ઘણું શીખ્યા છીએ, જીવન રમતમાં નથી કાઢ્યું.

⇨ **આટલાં વરહોં અમે છીલ-છીલ મંકોડીયો નહી રમ્યા.**
- આટલાં વર્ષો અમે છીલ છીલ મંકોડીયો નથી રમ્યા.

,,

⇨ **આઠ વાર ને નવ તે'વાર.**
- આઠ વાર ને નવ તહેવાર.
- બાંડ્યિા ગામ્માં બાર બારસો.
- બાંડિયા ગામમાં બાર બારસો.

આડેધડ વ્યવહાર કરવો.
- કશીય ગણતરી વિના વ્યવહાર કરવો.
- અડઘડ વહીવટ.

⇨ **આયપત આઠની, નવનો વરો.**
- પાંચ પોલીસ ને પંદર ફોજ્દાર.
- આવક આઠની અને નવનો વાપર.

મનસ્વીપણે તરંગી જીવવું, ઓછી આવક ને ખર્ચો વધારે.

⇨ **આડે રસ્તે જાય એ નકકી ખત્તા ખાય.**
- આડે રસ્તે ચાલે એ નકકી માર ખાય.

ખોટું કરે એનં માઠું પરીણામ ભોગવવું પડે.

⇨ **આડે લાકડે આડો વે'ર.**
- આડે લાકડે આડો વહેર.

જેવા સાથે તેવા.
- ઇંટનો જવાબ પત્થરથી આપવો

⇨ **આડો રૈ'ન મૂતર પીવે પણ, સીધો રૈ'ન દૂધ ના પીવે.**
- કયે કુંભાર ગધાડે ના ચડે.
- આર્યો વરે, વાર્યો ના વરે.
- આડો રહીને મૂતર પીવે, પણ સીધો રહીને દૂધ ન પીવે.

સીધું કામ ક્યારેય ન કરે.
- હારી થાકીને સીધા રસ્તે આવે.
- અવળા હાથે કાનપટ્ટી પકડે.

⇨ **આથ ઓય પોલા ત કાંમ કરે ગોલા.**

- હાથ હોય પોલા તો કામ કરે ગોલા.

કામ કરાવવા કશુંક આપો તો ગમે તે માણસ કામ કરે જ.
- ઉદાર બનો તો કામ સરળતાથી થઈ જાય.

⇨ **હાથ ચોરીન ઊભા રે'વું.**

- હાથ ચોળીને ઊભા રહેવું.

લાચાર બનીને, હારી-થાકીને ઊભા રહેવું લાચાર દશા.

⇨ **આથ (હાથ) પગ ધોયને કોડ[1] ના મંગાય.**

- હાથ પગ ધોઈને કોઢ ન મંગાય.

સામે ચાલીને આફત કે મુશ્કલેમાં ફસાવાય નહીં.

⇨ **આથપગ અલાઇ એ તાર મોં આલે.**

- હાથપગ હલાવીએ ત્યારે જ મ્હોં હાલે.

કામ કરીએ તો ખાવા પામીએ.

⇨ **આથ બગડે તાર મોં બગડે.**

- હાથ બગડે તો જ મ્હોં બગડે.

હાથપગ ચલાવીએ તો ખાવા પામીએ.
- મહેનત કરીએ તોજ ખાવા મળે.

⇨ **આથનાં કર્યા ઐયે વાગ્યાં.**

- હાથના કર્યા હૈયે વાગે.

ખાડો ખોદે એ જ પડે.

⇨ **આથમાં મારા ને પેટમાં લારા, એ ભૂછે મરવાના ચારા.**

- હાથમાં લારા અને પેટમાં લારા તે ભૂખે મરવાના ચાળા.

મુખમે રામ બગલમે છુરી.
- હાથીના ચાવવાના જુદા અને બતાવવાના ય જુદા.

⇨ **આથમ્તાને કોય ના પૂજે.**

- ઉતર્યા અમલ કોડીના.
- આથમતાને કોઇ ના પૂજે.

સત્તા આગળ સૌ નમે.
- સત્તાને માન.
- સત્તા ગયા પછી કિંમત કોડીની.

⇨ **આથમ્યા પછી અહુર શું ને લૂંટ્યા પછી ભોં શું ?**

જે થઇ ગયું તે થઇ ગયું એની ચિંતા નકામી, આગળનું વિચારો.

⇨ **આથી ખાયેય વધાર ને અધેય વધાર.**

- હાથી ખાય પણ વધારે અને અધે પણ વધારે.

મોટાની આવકેય વધાર અને વરોય વધારે.
- આવક વધારે હોય તો ખરચેય વધારે થાય.

---

૧. કોઢ નામનો રોગ



⇨ **આથીના ચાવ્વાના ય જુદાને બતાવાનાય જુદા.**

- હાથીના ચાવવાના જુદા અને બતાવવાના જુદા.

વાણીને વર્તનમાં આસમાન જમીનનો ફરક.

⇨ **આથીના પગલામાં બધાયનાં પગલાં આચી જાય.**

- હાથીના પગલામાં બધાનાં પગલાં આવી જાય.

આજ સુધી એવું બનતું કે ગામડામાં વડીલ, મોભી, મુખી, નાત પટેલ કે આગેવાનનો બોલ બ્રહ્મ વાક્ય ગણાય. એમની કોઇ અવજ્ઞા ન કરે. એમનો બોલ કોઇ ઉથાપે નહીં. સૌ આમન્યા જાળવે અને એ જે કઇ કહે, ફેંસલો આપે એ બધા વતી આપ્યો છે એમ ગણી માન્ય રખાતો એટલે આગેવાનના ચમચા અથવા સામાન્ય માણસો વડીલની વાત માન્ય રાખવા ટાપશી પૂરતાં આ કહેવત બોલતા હોય એમ બને.

⇨ **આદાની હૂંઠ થઇ જૈ.**

- આદાની સૂંઠ થઇ જવી.

કોઇપણ કારણસર, અલમસ્ત શરીર, સૂકાઇને પાતળું થઇ જાય ત્યારે અથવા સુખમાં છકેલો માણસ દુઃખ આવતાં દૂબળો પડી જાય ત્યારે કટાક્ષમાં આ કહેવત વપરાય છે.

⇨ **આપડી રૂડીન બીજાની બાપુડી.**

- આપણી તે રૂડી અને બીજાની તે બાપડી.

આપણું પોતાનું સારું અને બીજાનું નરસું
- આપણા છોકરા યુધિષ્ઠિર અને બીજાના દુર્યોધન.

⇨ **આપડે આથ નમીએ તાર બીજો ગજ નમે.**

- આપણે હાથ નમીએ ત્યારે બીજો વ્હેંત નમે.

આપણે બીજાને જરા મદદ કરીએ તો જ બીજો વધારે મદદ કરે.

⇨ **આપણાં છોરાં ધરમરાજા અન બીજાનાં દુરયોધન.**

- આપણા છોકરા ધર્મરાજા અને બીજાનાં દૂર્યોધન.

આપણી રૂડી અને બીજાની બાપુડી.
- આપણુ પોતાનું બધું જ સારું બીજાનું તદ્દન નકામું.
- પોતાના દુર્ગુણી દીકરાને ધર્મરાજા ગણાવે અને પારકાના સારા ગુણિયલ દીકરાને દુર્યોધન જેવો નકામો ગણે.

**➪ આપડી લાપશી અન બીજાની કુશકી.**
- આપણી લાપસી અને બીજાની કૂસકી.

આપણું ખરાબ હોય તો પણ સારું, ને બીજાનું સારું હોય તો પણ ખરાબ જ હોય એવું જોવાની ટેવ.

**➪ આપવા લેવાનાં બે'ય કાટલાં નોંખાં.**
- આપવા લેવાના બંને કાટલાં જુદાં.

આમ તો સીધો સાદો અર્થ લઈએ તો વાણી અને વર્તન બંને જુદા હોવાં. પોતાનો ફાયદો જ જોવો અને બીજાને નુકશન થાય એવું વિચારવું.

- ગામડાની ભોળી અને અબુધ પ્રજાને ગામડાના લુચ્ચા અને ખંધા વેપારીઓ હંમેશા છેતરતા હોય છે, વેપારી પોતે જે માલ વેચે એ તોલવા માટેનાં વજનીયાં ઓછા વજનના વાપરે અને ગ્રાહક પાસેથી માલ લેવાનો હોય એ માટે જોઈએ એ કરતાં વધારે વજનનાં વજનિયાં રાખવા.

- એ જ પ્રમાણે સમાજમાં એવા કેટલાય ખંધા માણસો હોય છે જે હંમેશાં લોકોને છેતરવાનો ધંધો કરતા હોય છે એ માટે આ કહેવત વપરાય છે.

**➪ આપે'લું ન તાપે'લું ચેટલા દા'ડા પો'ચે ?**
- આપેલું અને તાપેલું કેટલા દિવસ ચાલે ?

ભીખ માગેલું ને ઉછીનું લીધેલું કેટલો વખત ચાલશે ? આખી જીદંગી એ ન ચાલે !

**➪ આબરૂન નામે ઘજાગરા ઊડી જ્યા...**
- આબરૂન નામે મેંડુ વરી જ્યું...
- આબરૂ ના નામે ધજાગરા ઊડી જવા.

બેઆબરૂ થવું કે આબરૂ જતી રહેવી.
- આબરૂ ખોઈ નાખવી.
- આબરૂ જવી.

**➪ આભ ને ગાભનો ભરુહો ચ્યાં ?**
- આભ અને ગર્ભનો ભરોસો નહીં.

હાથ લાગ્યું તે ખરૂં, નશીબના ભરોસે ના રહેવાય.
- વરસાદ અને ગર્ભનો વિશ્વાસ ના કરાય.



**➪ આભને અણી નૈ ને વેશ્યાન ધણી નૈ...**
- આભને અણી નહીં અને વેશ્યાને ધણી નહીં.

કેટલીક વાતો નિશ્ચિત હોય છે, સનાતન સત્ય ગણાય છે.

**➪ આભને કંઈ થાંભલા ના ઓય !**
- આભને ટેકા ના ઓય !
- આભને કંઈ થાંભલા ન હોય !

આભને ટેકાની જરૂર ન પડે.
- સત્યને બીજાના સહારાની જરૂર ન પડે.

**➪ આય બઈ રૂડી, સું ભૂંડીને તું કૂડી.**
- આવ બાઈ રૂડી હું ભૂંડી ને તું કૂડી.

બીજાને હેઠાણાં પાડવા હીણા પાડવા માટે પોતાને સારી કહી બીજાને ભૂંડી દેખાડવા માટે.

**➪ આચી ઓરીને પરવાર્યા કોરી[1].**
- આવી હોળી ને પરવાર્યા કોળી.

કોળી નામની ગામડામાં રહેતી જ્ઞાતિ મજૂરી પર જીવતી હોય છે, મોટા ભાગે એમને જમીન હોતી નથી એટલે હોળી આવતાં ખેતીકામ પૂરું થતાં તેઓ નવરા થઈ જાય છે અને એ પછી મજૂરી કામ મળતું નથી એ અર્થમાં.

**➪ આચી'તી મલવા ને બેહાડી દરવા.**
- આવી હતી મળવા પણ બેસાડી દળવા.

કોઈ મહેમાન પરોણા આવે અને એને કામ સોંપો તો... અથવા ઘણી વખત કોઈને મળવા જતાં એ એને કામ સોંપે ત્યારે આ કહેવત વપરાય છે.

**➪ આચી ભરાણાં તે આચી ભરાણાં.**
- આવી ભરાયા તે આવી ભરાયા.

ન ગમતા સ્થળે કે પ્રસંગે આવી ને ફસાઈ જવું ને ના છૂટકે ત્યા બેસી રહેવાની, એમાં સામેલ થવાની ઘટના બને ત્યારે.

**➪ આચી ઘાટડીએ ન, જાય કાછડીયે.**
- આવી ઘાટડીએ ન, જાય કાછડીયે.

આવે ત્યારે માનપાન મળે પણ જાય ત્યારે અપમાનિત થઈને જાય.

**➪ આર્યો જુગારી બમણું રમે.**
- હાર્યો જુગારી બમણું રમે.

હારેલો માણસ ગૂમાવેલું મેળવવા બમણો જુગાર રમવા લલચાય.
- હારેલો દુશ્મન બદલો લેવા બમણું જોર કરે.

---
૧. કોળી નામની જ્ઞાતિ

⇨ **આયો છે કોડે, જશે માથે બોડે.**

- આવ્યો છે કોડે જશે માથે બોડે.

ઉત્સાહથી લાભની આશાએ આવેલો માણસ લૂંટાઈને જશે.

⇨ **આરતી ઉતારું ન મંગર ગવ, તને આપું તાર ઉ શું ખવ ?**

- આરતી ઉતારું ને મંગળ ગાઉં, તને આપું તો હું શું ખાંઉં?

એકલપેટો સ્વાર્થી માણસ.
- સ્વાર્થી માણસ બીજાની પરવા કરતો નથી અને બીજાને કશું આપતો પણ નથી.

⇨ **આરહું ને કે' પોંચ્છેરી લાય તો કે' લ્યો મારું માથું.**

- આળસુ ને કહો કે પાંચશેરી લાવ તો કહે લે મારું માથું.

આળસ કરવાની ટેવ વાળા માટે.

⇨ **આરહું ન ઢોર ફોશી વારે.**

- આળસુનાં ઢોર ફોશીએ વાળ્યાં.

આળસુ માણસને કામ ન સોંપાય.

⇨ **આલ (હાલ) જાય, અવાલ જાય પણ બીબીકા ખેલ ના જાય.**

- પડી ભાત પટોળે, ફાટે પણ ફીટે નહીં.
- કૂતરાની પૂછડી ભોંયમાં દાટો તો ય સીધી ના થાય, વાંકીની વાંકી જ રહે.
- દોરડી બળે પણ વળ ના જાય.
- હાલ જાય હવાલ જાય પણ બીબીના ખેલ ના જાય.

માણસ પોતાનો મૂળ સ્વભાવ ન છોડે.

⇨ **આલ્યાની ટોપી લાલ્યા ન માંથે.**

- હાલિયાની ટોપી લાલિયાની માથે.

એકની પાસેથી રકમ લઈ બીજાને આપવી, બીજા પાસેથી ત્રીજાને, ને ત્રીજા પાસેથી લઈ પહેલાને... ટૂંકમાં કામ કાઢવું.

⇨ **આલી હાટે વાલી.**

- હાલી સાટે વ્હાલી.

કહેલી વસ્તુ કે બતાવેલી વસ્તુના બદલે ભળતી, હલકી, સસ્તી કે નકલી પધરાવી દે.
- સારી કન્યા બતાવીને કદરૂપીને પરણાવી દેવી.

⇨ **આવડે નૈ ઘેંસ ને રાંધવા બેસ.**

- આવડે નહીં ઘેંસ અને રાંધવા બેસ.

જેને જે કામની ગતાગમ ન હોય અને એને એ કામ સોપવાની વાત થાય ત્યારે.



⇨ **આવડે નૈ ન તોય તાવડે બેહે.**

- આવડે નૈ ન બેહે તાવડે.
- આવડે નહીં અને બેસે તાવડે.

કોઈ કામની ગતાગમ પડે નહીં ને આગળ પડીને એ કામની આગેવની લેનાર માટે.

⇨ **આવતી ધાડ્યે વખ ના ખવાય.**

- આવતી ધાડ્યે ઝેર ન પીવાય.

આવતી આફતથી ગભરાઈને ઝેર ન ઘોળાય.
- ભવિષ્યમાં આવનાર કામની કે કશાય પ્રસંગની અત્યારથી ચિંતા ન કરવા માટે, અથવા આવનાર ભયથી ડરીને મરી ન જવાય.

⇨ **આવરદાનો ઉધારો ન રંડાપો રોકડો.**

- આંગરીએ વરગાડેલાનો ભરુહો થાય પણ પેટનાનો ભરુહો નૈ.
- આભ ને ગાભનો ભરુહો નૈ.

હાથમાં હોય તેના બળે કામ થાય.
- બીજાના ભરોસે કામ ના થાય.
- હાથે તે સાથે.
- ગરજ ગાંઠે અને વિદ્યા પાઠે.

⇨ **આવે વાડ્યે જાય ધાડ્યે.**

- આવે વાડે ને જાય ધાડે.

નશીબમાં હોય તો ખેતરની વાડમાંથીય દલ્લો મળે, ને નશીબમાં ન હોય તો ચોર લૂંટારા ધાડ પાડીને લઈ જાય.

⇨ **આશરવાદનો ઉધારો શો ?**

- આશીર્વાદનો ઉધારો ન હોય.
- મોડાની લાપસી પીરહીએ તાર હાં મણ ઘી નંખાય.
- બોલીન વરો કરવાનો.

ખાલી વચન આપવામાં કંજુસ ન બનો.
- આશીર્વાદ આપવામાં વિલંબ ન કરાય.

⇨ **આવો ન જાવ ઘરબાર તમારાં.**

- આવો ને જાવ બાયણાં ખુલ્લાં જ છે.
- આવો અને જાવ ઘરબાર તમારાં જ છે.

માત્ર કહેવા ખાતર વાત કરવી.
- માત્ર કહેવા ખાતર જ કહેવું.

⇨ **આંણુ કરવા જ્યો ન વવ ભૂલીન આયો.**

- આણુ કરવા ગયો ને વહુ ભૂલીને આવ્યો.

અક્કલ વગરનો, બુડથલ, ડફોળ જે કામ કરવા ગયો તે કામ જ ભૂલી ગયો.

⇨ **આંબા આંબલી બતાવ્યાં.**

- આંબા-આંબલી બતાવવાં.

લાલચ આપી છેતરવાનો કસબ કરવો.

⇨ **એવ્વો એ તો બી ફેરનો છે.**
- એવડો એ તો બી ફેરનો છે.

કુળવાન બાપની ઓલાદ નહીં હોય, બાકી બોલીને ફરી ન જાય, અથવા એવા કૂળમાં આવો નકામો હલકટ કે નીચ ન પાકે, જરૂર એનો બાપ બદલાયો હશે !

⇨ **આશા ઊંડી ખાંણ, પાડ (પહાડ) થીયે પૂરાય ના.**
- આશા ઉંડી ખીણ, પહાડથીય પૂરાય નહીં.

આશા કોઈદિવસ પૂરી થતી નથી, ઈચ્છેલી એક જ ચીજ મળતા બીજી વસ્તુ મેળવવાની તૃષ્ણા પ્રબળ બને છે.

⇨ **આશા ન તાંતણે જીવી જવાય.**
- આશાના તાંતણે જીવી જવાય.

આશા અમર છે જે માણસમાંથી આશા કે તૃષ્ણાઓ નાશ પામે તો એ કાં વૈરાગી બની જાય અથવા જીવન હારી જઈ અપમૃત્યુંને વરે.
- આજે નહીં તો કાલે ઈચ્છેલું મળશે એવી ઈચ્છાએ જીવ જતો હોય છે માણસ.

⇨ **ઈન્દ્રીઓ જીતી એણે ઇડરિયો ગડ જીત્યો.**
- ઈન્દ્રીઓ જીતી એ ઇડરિયો ગઢ જીત્યો.

ઈચ્છા પર કાબૂ મેળવે એ મહાન બની જાય, ભોગીમાંથી યોગી બની શકે.

⇨ **ઈન્સાફને આથ પગ ઓય નઈ.**
- ઈન્સાફને હાથ-પગ હોય નહીં.

ઈન્સાફને મ્હોં માથુ નથી.
- ઈન્સાફતો આંધળો છે.
- કાયદો ગધેડો છે.

⇨ **ઈરો ઘોઘે જઈ આયો, ન ડેલે આત દેઈને આયો.**
- હીરો ઘોઘે જઈ આવ્યો, ને ડેલીએ હાથ દઈન આવ્યો.

ફોગટ ફેરો ખાધો.

⇨ **ઈશ્વર આગર મનખો પાંણી ભરે.**
- ઈશ્વર સામે માણસ પાણી ભરે.

ઈશ્વરની ઈચ્છા વિના પાંદડુય હાલતું નથી.
- ધાર્યું ધણીનું થાય, માણસ નકામો વળખાય.

⇨ **ઈશ્વરેચ્છા બલીયશી.**
- ઈશ્વર ઈચ્છા બલીયશ.

ઈશ્વરની ઈચ્છા વિના કંઈ પણ બનતું નથી.
- ધાર્યું ધણીનું થાય, માણસ નકામો વળખાય.



⇨ **ઈશ્વરના દરબારમાં અંધારું નહીં.**
- ઈશ્વરના દરબારમાં અંધારુ નથી.

ઈશ્વરના દરબારમાં દેર છે પણ અંધેર નથી.
- વહેલો મોડો ઈશ્વર જ બદલો આપે.
- કરેલા કર્મનું ફળ વહેલો મોડો ઈશ્વર આપે જ.

⇨ **ઈશ્ક આંધરો છે.**
- ઈશ્ક આંધળો છે.
- હગાણી ને કામી, બાર ગાઉ ઉજ્જળ દેખે.
- વ્યાભિચારી કરે ખુવાર.
- નાગી દેખી સન્યાસી ચળે.
- ઈશ્ક ન જુએ નાત કજાત.
- ઈશ્કના માર્યા ચપણાંમાં ખાય.
- ઈશ્કની મારી જાય નાતરે, હાલ્લો કાઢી ને પાથરે.
- રાજાને ગમતી રાંણી, છાંણાં વેણતી આંણી.

પ્રેમ દિવાનો છે.

⇨ **ઉકલ્યો કોયડો કોડીનો.**

કોઈપણ વસ્તુનો ભેદ ખુલી જાય પછી એની કિંમત રહેતી નથી.

⇨ **ઉકેડે હાંઢ મૂતરે તો શી અસર થાય.**
- ઊંટની ગાંડમાં જીરૂ.
- કોગળે દવ ઓલવાય નહીં.
- મોવાળા તોડે મડાં હલકાં થાય નહીં.
- ઉકરડે સાંઢ મૂતરે તો કેટલી અસર થાય ?
- મણના તૂટ્યાં શેરે હંધાય નહીં.
- લાખનાં તૂટ્યાં સોએ સંધાય નહીં.

કેટલાક ઉપાય કારગત ન નીવડે.
- કેટલાક ઉપાય વ્યવહારું ન હોય.

⇨ **ઉકેડી ન વધતાં વાર નૈ.**
- ઉકરડીને વધતાં વાર નઈ.
- ઉકેડી ન છોડીન વધતાં વાર નૈ.
- ઉકેડીન દેવાન વધતાં વાર નૈ.

છોકરી, ઉકરડો ને દેવાને વધતાં વાર ન લાગે.

**⇨ ઊગતાન હો નમે.**

- ઊગતાને સૌ નમે.
- હભધાની હોડ્યમાં હૌ પેહે.
- હરગતી તાપણીયે હૌ બેહે, ઓલવયલીએ નૈ.
- ઊગતાને સૌ નમન કરે.

સત્તાને સહું સલામ કરે.
- પૈસાદારને સહું સલામ મારે.

**⇨ ઉજ્જડ ગાંમમાં એયડો પરધાંન.**

- આંધળાના ગામમાં લૂલો પૂજાય.
- આંધળાના ગામમાં લંગડો પરખાય.
- આંધળામાં કાંણો રાજિયો.
- નહીં ઝાડ ત્યાં એરંડો રૂખ.
- ઉજ્જડ ગામમાં એંરડો પ્રધાન.

ઉજ્જડ ગામમાં ડફોળ હોય તો ય આગેવાન ગણાય.

**⇨ ઉજરે લૂગડે ડાઘો બેહે, કારાન નૈ.**

- ઉજળા લૂગડાને ડાઘો લાગે, કાળાને ન લાગે.
- ઉજળે લૂગડે ડાઘ બેસે.

સાચાની કસોટી વારંવાર થાય.
- સીતાને અગ્નિ પરીક્ષા આપવી પડે.

**⇨ ઉજ્જડ ગાંમની દાંણ્ય ના ભરાય.**

- ઉજ્જડ ગામની દાણ ન ભરાય.
- ઉઘાડે બાયણે ધાન નહીં ને ઉજ્જડ ગામે રાંડ નહીં.
- ધણી વગર શણગાર શા ?
- પડિયાંણ ભોંયની દોંણ ના ભરાય.

**⇨ ઉછેદ્યાનું ખાય એનું જડામૂર જાય.**

- ઉછેદિયાનું ખાય એનો વંશ જાય.

ઉછેદિયું કોઇને પચતું નથી એ ર્નિવંશ થઇ જાય છે.

**⇨ ઉઠ્ય વવ વિહાંમો ખા, ઉં કાંતવા જવ, ને તું દરવા જા.**

- ઉઠ્ય વહુ વિસામો ખા, હું કાતવા જાઉં ને તું દળવા જા.

સાસુ ચાલબાજ અને ચતુર હોય છેપોતે હળવું કામ કરે, ને વહુને ભારે કામ સોંપે તો પણ એવું કહે જાણે વહુ ની ખૂબ દરકાર રાખે છે.



**⇨ ઉતરાં પાંણી ના હમજવાં.**

- છીછરાં પાણી ન સમજવાં.

સહેલું કામ નથી , ખૂબ અઘરૂં કામ છે.
- એની પાસેથી કામ કઢાવવું ઘણું અઘરૂ છે.
- એમ એ સીધો ગાંઠે એવો નથી.

**⇨ ઉતાવરે આંબા ના પાકે.**

- ઉતાવળા સો બાવળા, ધીરા સો ગંભીર.
- દોહરો : ધીરે ધીરે રાવતાં,
  ધીરે સબકુછ હોય,
  માળી સીંચે ચોગણા,
  પણ રત વિના ફલ ન થાય.

બહુ ભૂખ્યા હોય એટલે બે હાથે ખવાય નહીં.
- એકદમ લાડવો ખવાય નહીં.
- ધીરજના ફળ મીઠાં.

**⇨ ઉતાવરે ચડે એ અધવચ એઠો પડે.**

- ઉતાવળે ચઢવા જાય, તે અડધેથી હેઠો પડે.

ઉતાવળથી કોઇ પણ કાર્યમાં ભલીવાર ન આવે.
- ઉતાવળથી કરેલા નિર્ણયથી પસ્તાવું પડે.

**⇨ ઉતાવળી રાંડ વે'લી છાજયામાં પડે.**

- ઉતાવળીમાં રાંડ વહેલી છાજિયામાં પડે.

ઉતાવળમાં કાચું કપાય.
- ઉતાવળો દોડે તે અથડાઇ પડે.

**⇨ ઉતાવરો વે'લો થાકે.**

- ઉતાવળો વહેલો થાકે.

ઉતાવળો ચડે એ અધવચ પડે.
- ઉતાવળો સાત ફેરા પાછો વળે.

**⇨ ઉતાવરો હાતવાર પાછો ફરે.**

- ઉતાવળો સાત વખત પાછો આવે.
- ઉતાવળો સાતવાર પાછો ફરે.

**⇨ ઉતાવરા સો બાવરા, ધીરા સો ગંભીર.**

ધીરજનાં ફળ મીઠાં.
- ઉતાવળે આંબા ન પાકે.
- ઉતાવળે કરેલું કામ કે કરેલો નિર્ણય ખોટો પડે.

**⇨ ઉતાવરી હાત ફેરા ફરે.**

- ઉતાવળી સાત ફેરા ફરે.

ઉતાવળ કરનાર ગમે તેવું ભરડે કે ગમે તેવું વેતરે.
- ઉતાવળો વહેલો ભૂલો પડે.
- ઉતાવળો આડે મારગ ફંટાઇ જાય.

⇨ **ઉંદર ખોદે ને ભોગવે ભોરીંગ.***

• ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ.

મહેનત કરે કોઇ, ફળ ભોગવે કોઇ.
- મરે સિપાઇ ને માન પામે સેનાપતિ.

⇨ **ઉતો ઉતિ બે જણાં.**

• ઉતો ને ઉતિ બે જ જણ.

બાળબચ્ચાં વગરના, માત્ર ધણીધણીયાણી જ.
- ફીકર ચિંતા વગરનાં.

⇨ **ઉંદૈડા ઘેર ઘેરના મે'માન.**

• ઉંદરડા ઘર ઘરના મહેમાન.

નાક વગરનો, નફ્ફટ કે ભમતો માણસ ઘેર ઘેર આથડે.

⇨ **ઉંદૈડા ઘેરઘેરના પરુણા.**

• ઉંદરડા ઘર ઘરના પરોણા.

ઘેલી ને ઘેર ઘેર હાહરાં.
- વીવામાં વે'લી ને બારમાં પે'લી.

⇨ **ઉધાર આલે એટલે આથી ના બંધાય, રોકડે થી બકરી બંધાય.**

• ઉધાર મળે એટલે હાથી ના ખરીદાય, બકરી લવાય.

ઘર બાળીને તીરથ ના થાય.
- સંપતિ પ્રમાણે વરો થાય.
- ચાદર હોય એટલી જ સોડ તણાય.
- ચળ આવે તેટલું જ વલુરાય, વધારે વલુરવા જતા લોહી નીકળે અને લાય બળે.

⇨ **ઉધાર આલે એટલે આથી બંધાય, પણ રોકડેથી બકરીય ના બંધાય.**

ઉધારનું મળવાના કારણે હિંમત વધે ને એ બહાને વસ્તું વસાવાય છે.

⇨ **ઉધાર કે'ઓ ન ખૂણે બેસીને રો.**

ઉછીનું લઈ જાય એ પાછું ન વાળે તો
- મોટા ભાગે ઉધાર આપેલી પાછું વાળવામાં દોગાઈ કરતા હોય છે, ઉધાર આપેલું પાછું ન વાળે ત્યારે રોવાનો વારો આવે છે.

⇨ **ઉધારની માને કૂતરાં પૈણે.**

• ઉધારની માને કૂતરાં પરણે.

ઉછીની કે ઉધાર આપેલી રકમના નામે નાહી નાખવાનું.

⇨ **ઉધારના લાડવા કરતાં નગદનો ટપલો હારો.**

• ઉધારના લાડવા કરતા નગદનો ટપલો સારો.

દેવું કરીને મીજબાની માણવા કરતાં માર ખાઇને રોકડા કમાવા સારા.
- ઉધારે લાવી લાડવા ખાવા કરતાં ભૂખ્યા રહેવું સારું અને રોકડા પૈસા મેળવતાં કોઈની ગાળ ખાવી પડે તો દુઃખ ના લગાડવું.

* સાપ



⇨ **ઉનાં પાંણીએ ઘર ના બરે.**

• ગરમ પાણીએ ઘર ન બળે.

ગરમ ઉકળતું પાણી નાખવાથી ઘર સળગી જતું નથી.
- કોઇ ખોટી બડાશો હાંકે એનાથી કાંઇ થતું નથી.

⇨ **ઉનારે રાતા નૈ ન શિયારે માતા નૈ.**

• ઉનાળે રાતા નહીં ને શિયાળે માતા નહીં.

ઉનાળે સૂકા નહીં ને શિયાળે લીલા નહીં. બધી સ્થિતિમાં સરખા રહેવું કટાક્ષ અર્થમાં બિચારો લાચાર છે, ઠીક છે.

⇨ **ઉપર વાઘા ને મૈ નાગા.**

• ઉપર વાઘાને અંદર નાગા.

ઉપરથી દેખાતા આ બધા ઠઠારા કરનારા, દેખાવે સારા દેખાય છે, પણ વાસ્તવમાં બધા ઠગ, ધૂતારા ને લુચ્ચા છે.
- મુખમેં રામ બગલમેં છૂરી.
- દેખાવ સાધુનો પણ અંદરથી હરામી છે.
- હાથીના ચાવવાના જુદા અને બતાવવાનાય જુદા.

⇨ **ઉપકારનો બદલો અપકાર.**

જશને માથે જૂતિયાં.
- દયા ડાકણને ખાય.
- ખાઇને ખાસડા મારે.
- પાળેલા સાપ કરડે.
- ગુણ ઉપર અવગુણ.
- દૂધ પાઇને સાપ ઉછેરવો.

⇨ **ઊજરે લૂગડે ડાઘો ના પડે.**

• ઊજળે લૂગડે ડાઘો ન પડે.

જો જો કલંક ના લાગે.
- કટાક્ષ માં - ધનિક, વગદાર કે સત્તાવાળા ખમતીધરો બુરૂ કામ કરે તો પણ કોઇ ટીકા ન કરે, કલંક ના લાગે.
- મોટા કરે એ રામલીલા ને નાના કરે એ છેંનારવાં.

⇨ **ઊપજે એવું નેંબજે.**

• ઊપજે તેવું નીબજે.

જેની જેટલી વગ એટલું કામ થાય.
- જેની જેટલી શક્તિ એટલું કામ થાય.

⇨ **ઊપજ્યું એવું નેપજ્યું.**

• ઊપજ્યું તેવું નીપજ્યું.

મનમાં આવ્યું કે, તૈયાર જોઇએ.
- ચઢ ચૂલા ખાઉ.
- તલ ખાધા ભેગી ગાંડ ચીકણી થાય ?
- ચઢ રોટી પડ પેટમાં.

- લાવ ઘોડો ને ચલાવ વરઘોડો.
- લાવ ઘોડા ને કાઢ્ય વરઘોડો.

⇨ **ઊભો હાંઠો હાંમણ ભાર ઝીલે.**

• ઊભો લાગ હાંમણ ભાર વેઠે.

• ઊભો સાંઠો સોમણ ભાર ઝીલે.

વસ્તુને યોગ્ય રીતે વાપરવાથી એની ગુણવતા વધે.

⇨ **ઊનું ખાતાં ઓઠે દાઝ્યા એ કોને કે'વું ?**

• ઊનું ખાવા જતાં હોઠ દાઝ્યા એ કોને કહેવું ?

વાડ ઠેક્યા ઘરમાં પેઠા માર ખાધો એ કોને કહેવાય !
- પેટના કીડા પેટને ફોલે તો દોષ કોને દેવાય ?
- ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રોવે.

⇨ **ઊલટો ચોર કોટવારને દંડે.**

• ઊલટો ચોર કોટવાળને દંડે.

ચોરી ઉપરથી શીરજોરી.
- પારકી છીંડીએ હગવું અને તે ચ કરાંઝી ને.

⇨ **ઊંઘ કે જા બગાહા તું, તારું કયું ના માંને તો પાછર આવું છું ઉં.**

• ઊંઘ કહે જા બગાસા તું, તારું કહ્યું ન માને તો પાછળ આવું છું હું.

ઊંઘ આવતા પહેલા બગાસાં આવે છે ને તે પછી આંખમાં ઘેન ભરાય તે પછી ઊંઘ આવે છે.

⇨ **ઊંઘતો બોલે, જાગતો નઈ.**

આંખ આડા કાન કરવા.
- એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખવું.

⇨ **ઊંચે આભ ને નેંચે ધરા.**

• ઊંચે આભ ને નીચે ધરા.

સાવ નિરાધાર, કશો જ આધાર ન હોય તેવો.
- ઘર, જમીન ને ધન દોલત વગરનો.
- સાવ ગરીબ-ભિખારી.

⇨ **ઊંચે પગથિયેથી ઉતરી નેચેલા પગથિયે બેહવું.**

• ઊંચે પગથિયેથ ઉતરી નીચલા પગથિયે બેસવું.

કાકા મટી ભત્રીજા થવું.
- લાચારી ભરી સ્થિતિ આવવી.
- ઘરધણી મટી પાડોશી થવું.

⇨ **ઊંટનાં અડાડેંય આંકાં.**

• ઊંટના અઢારેય વાંકાં.

શેઠ, વાળ, ને દાતરડું ત્રણેય વાંકા.
- એના સાંધા એટલા વાંધા.
- બધી રીતે નકામો, નબળો.



⇨ **ઊંટડાને મોંને ઝાંખરાં.**

• ઊંટડાને ઝાંખરાં જ ઓય.

• ઊંટના મોંને ઝાંખરાં જ હોય.

હલકા માણસને ખાનપાનનું સન્માન ન મળે.
- પટાવાળાને ખુરશી ન મળે.
- જેવી યોગ્યતા તેવું સન્માન.

⇨ **એકે અજારોં, હોયે બચારાં.**

• એકે હજારાં સોયે બચારાં.

સિંહનું એક બચ્ચું સો બકરીના બચ્ચા કરતાંય વિશેષ ગણાય.
- સો હિજડા કરતા એક શૂરવીર કાફી ગણાય.

⇨ **એક એક ના હો ધણી કરતાં હાં નો એક ધણી હારો.**

• એકએકના સો ધણી કરતાં સોનો એક ધણી સારો.

થોડી થોડી ઉધારી ઘણા પાસેથી લેવી એના કરતા ઘણી મોટી ઉધારી એક જણ પાસેથી કરવી જેથી એક જણ જ ઉઘરાણી આવે.

⇨ **એક ગાંડે અઘનારા.**

ગાઢ મિત્રો, જીગરજાન દોસ્તો, લંગોટિયા યાર.

⇨ **એક ઘડીની શેખઇને જલમારાનું દખ.**

• એક ઘડીની શેખઇને જનમારાનું દુઃખ.

• એક દા'ડાની શોભા ન આખા. જલમારાની ઓભા.

પહોંચ ન હોવા છતા કોઇ પ્રસંગ, વટના માર્યા ગજા બહારનો ખર્ચ કરી જીવનભર એ દેવું પુરૂં કરવામાં દુઃખ ભોગવવું પડે.

⇨ **એક ઘાએ કૂવો ના ખોદાય.**

• એક ઘાએ કૂવો ના ખોદઈરે.

• એક ઘાએ કૂવો ના ખોદાઈ રહે.

એકદમ લાડવો ના ખવાય.
- આખા કોળાનું શાક ના થાય.
- કોળીયે કોળીયે ઝાઝું જમાય.

⇨ **એક ટચકે કૂવો ખોદાય ના.**

ઉતાવળે કામ ના થાય.

⇨ **એક દા'ડાની શોભા ન આખા જલમારાની ઓભા.**

• એક દિવસનો શોભા અને આખા જન્મારાની ઓભા.

એક દિવસની શોભા કે ઠઠારા માટે કરેલો ભારે ખર્ચ આખું જીવન મોંઘો પડી જાય.

⇨ **એક દા'ડે બે ટાંણાં.**

• એક દિવસે બે ટાણાં (પર્વ).

એક રાંડને સો સાંઢ.
- દીકરો એક ને દેશાવર ઘણા.
- બાંડિયા ગામમાં બે બારસ.
- સાત વાર ને નવ તહેવાર.
- પાંચ પોલીસને પંદર ફોજદાર.

| | |
|---|---|
| ➩ **એક નકટો હાંને નકટા કરે.**<br>• એક નકટો સોને નકટા કરે. | નકટાં પોતાની નાત વધારે.<br>- વટલ્યો વટલાવે, બગડ્યો બગાડે. |
| ➩ **એક નન્નો હાં દખને હણે.**<br>• એક ના સો દુઃખને હણે. | એક જ વાર ના પાડતા ઘણી વાર સો દુઃખ ટાળી દે. |
| ➩ **એક નાગો હાંને ભારે.**<br>• એક નાગો સોને ભારે પડે. | એક મરણીયો સોને ભારે. |
| ➩ **એક પંથ દો કાજ.**<br>• એક પંથ બે કાજ. | બંને હાથમાં લાડવા, હરનું હર ને ઘરનું ઘર. |
| ➩ **એક પા કૂવો ન બીજી પા અવાડો.**<br>• એક બાજુ કૂવો અને બીજી બાજુ હવાડો. | જેમના હૂવો એમના, ખાટલા વચ્ચેના વચ્ચે.<br>- ચારે બાજુ દુઃખ છે વધતું ઓછું થાય.<br>- ગમે તે તરફ જાઓ આફત છે જ. |
| ➩ **એક મ્યાનમાં બે તલવાર ના રે.**<br>• એક મ્યાનમાં બે તલવાર ના રહે. | એક ઘરમાં બે મત.<br>- શિયાળ તાણે સીમ ભણી, કૂતરું તાણે ગામ ભણી.<br>- હસવું ને લોટ ફાકવો બે સાથે ના થાય. |
| ➩ **એક વાર ખત્તા, બે વાર ખત્તા, તીજી વાર માદર બખ્તા...** | એક વાર ભૂલ માફ કરાય અને બીજીવારનીય ભૂલ માફ, પણ ત્રીજી વાર ભૂલ કરે તો સજા કરવી જ પડે. |
| ➩ **એક રાંડને હાં હાંઢ.**<br>• એક રાંડને સાં સાંઢ. | પાંચ પોલીસ ને પંદર ફોજદાર<br>- બાંડિયા ગામમાં બા બારસો |
| ➩ **એક કઇ રાંડી રાંડના જમઇ નહીં; સેવાસણના છે.**<br>• એક કંઇ રાંડી રાંડના જમાઇ નથી; સેવાસણના છે. | કોઇથી ગાંજ્યા જાય એવા નથી.<br>- મોભાદાર વટવાળા ને ખમતીધર હોવાનો દાવો કરનાર. |
| ➩ **એક કદી ઠરીઠાંમ નૈ થાય.**<br>• એક ક્યારે ઠરીને ઠામ નહીં થાય. | ઠરીને ઘર ન માંડે તેવો / તેવી કે ધંધે વળગે તેવો નહીં. |
| ➩ **એકી જવ, બેકી જવ, લાગ મલે તો નાહી જવ.**<br>• એકી જાઉં, બેકી જાઉં, લાગ મળેતો નાસી જાઉં. | કામચોર છટકબાજ. |



| | |
|---|---|
| ➩ **એ કોયથી ગાંજ્યો જાય એવો નહીં.**<br>• એ કોઇથી ગાંજ્યો જાય તેવો નથી. | કોઇથી ડરે નહીં એવો કે છેતરાય. |
| ➩ **એ કોય દા'ડો બે પાંદ્દે નૈ થવાના.**<br>• એ કોઇ દિવસ બે પાંદડે નહીં જ થાય. | એ ક્યારેય સુખી નહીં થાય. |
| ➩ **એ તો અરધી ગાલાવેલી છે.**<br>• એ તો અડધી ગાંડી છે. | પાયાડગળ, અડધી ગાંડી, વેતા વગરની. |
| ➩ **એ તો આંગરિયાત છે.** | જેના બાપનું ઠેકાણું ન હોય તેવો માન વગરનો.<br>- આગલા ઘરના દીકરાને લઇને નાતરે આવેલી સ્ત્રીના દીકરાને આંગળિયાત કહેવાય છે. |
| ➩ **એ તો ગાંમાત પાડો છે.** | બધી રીતે નાગો, ડાંડ ને કાછડી છૂટો હોય એના માટે. |
| ➩ **એ તો છાટકો છે.** | આબરું વગરનો, દારૂ પીને તોફાન કરનારો, નાગોડ માણસ. |
| ➩ **એ તો ચેટલાંયનાં મંડાવે ને ચેટલાંયનાં ભંગાવે એવો છે.**<br>• એ તો કેટલાંયની મંડાવે ને કેટલાંયના ભંગાવે તેવો છે. | ચોદશિયો માણસ, નારદવેડા કરનાર, ખટપટિયો. |
| ➩ **એ તો જલમનો રોતલ છે.**<br>• એ તો જન્મ્યો ત્યારથી રોતલ છે. | કાંઇ કામ ના કરી શકે તેવો ઢીલો માણસ. |
| ➩ **એ તો બેહો કે તાં જ બેહે એવો છે.**<br>• એ તો બેસો કહે ત્યાં જ બેસી જાય તેવો છે. | જન્મથી જ દુખિયારો, આળસું, કોઠાસૂઝ વગરનો. |
| ➩ **એ તો છઢ્ઢીનો બેહેલો છે.**<br>• એ તો જન્મથી જ બેઠેલો છે. | આ જનમથી દુખિયારો માણસ. |

| | |
|---|---|
| ⇨ **એ તો પેટમાંય હરખો ન'તો રચો.**<br>• એ તો પેટમાંય સરખો નહોતો રહ્યો. | અટકચાળો માણસ, વાંદરાની ગાંડમાં સળી કરે તેવો નટખટ. |
| ⇨ **એ તો પેટમાંય હરખો નઇ રચો ઓય.** | તોફાની, નટખટ. |
| ⇨ **એ તો બાવો છે.** | જેને કશાયની પડી નથી તેવો, ફક્કડ ગીરધારી. |
| ⇨ **એ તો ભૂંડાને હારો કે'વડાવે એવો છે.**<br>• એ તો નાગાને સારો કહેવડાવે તેવો છે. | ગામનો ઉતાર, છેલ્લે પાટલે બેઠેલો, નાગાનોય બાપ થાય તેવો. |
| ⇨ **એ તો માંમો કૈંસ છે.**<br>• એ તો મામો કૌંસ છે. | પત્થર દિલનો, ક્રૂર, ઘાતકી, નિર્દયી માણસ. |
| ⇨ **એ તો રઘા હોનીનો કાંટો છ.**<br>• એ તો રઘા સોનીનો કાંટો છે. | જેને કો ઇ છેતરી ના શકે તેવો ઉસ્તાદ, પાકો, ગણતરીબાજ, ચીકણો, સ્વાર્થી ને પૂરો ખંધો, કોઇનુંય છોડે નહીં તેવો. |
| ⇨ **એ તો લગને લગને કુંવારો** | વિવામાં વહેલો અને બારમામાં પહેલો દરેક વાતમાં તૈયાર રહે. |
| ⇨ **એ તો લલવો છે.**<br>• એ તો ગાંડો / ડફોળ છે. | ડફોળ, બુદ્ધિ વગરનો, ગતાગમ વગરનો, |
| ⇨ **એ તો વલાંણામાં મૂતરે એવો છે.** | વિઘ્નસંતોષી, ઈર્ષાળુ. |
| ⇨ **એ તો વિ'વામાં વે'લો ને બારમામાં પે'લો.**<br>• એતો વિવામાં વહેલો અને બારમામાં પહેલો. | લગ્ને લગ્ને કુંવારો, દરેક વખતે તૈયાર રહેવું. |
| ⇨ **એ તો સદાનો ભમતો ભૈંડો.** | જેને ઘરની પડી ન હોય તેવો નફીકરો, ને રખડું માણસ. |
| ⇨ **એ તો સદાનો રમતા રાંમ.**<br>• એ તો સદાયનો રમતા રામ છે. | ફિકર ચિંતા વગરનો, અલગારી, વૈરાગી માણસ. |
| ⇨ **એ તો વટલચલો માંણહ છે.**<br>• એ તો વટલાયેલો માણસ છે. | બધા રંગે રંગાયેલો, બધા કુછંદ ને ચાળે ચડેલ, બીજાની સોબતે બગડેલો. |



| | |
|---|---|
| ⇨ **એને વટલાવશો નઇ, એ તો પે'લેથી વટલચલો છે.**<br>• એને વટલાવશો નહીં, એ તો પહેલેથીજ વટલાયેલો છે. | કોઇના પક્ષે બેઠેલો બીજાના પક્ષે ના જાય તેવો ચતુર. |
| ⇨ **એ તો સિંહનું બચ્ચું.** | ભડવીર, મરદ માણસ. |
| ⇨ **એ તો હપુચોય વહણનો ફોશી છ.**<br>• એ તો સમુળગો વહણનો ફોશી છે.<br>• એ તો સાવ વહણનો ફોશી છે. | બહુ જ બીકણ, હિંમત વગરનો, ખૂબ જ ભીરું માણસ. |
| ⇨ **એ તો હોનાના પાચણે ઝૂલે.**<br>• એ તો સોનાના પારણે ઝૂલે. | પાંચે આગળિયો ઘીમાં છે.<br>- બધી રીતે સુખી માણસ. |
| ⇨ **એ તો હોનાના પાચણે ઝૂલેલો.**<br>• એ તો સોનાના પારણે ઝૂલેલો છે. | જન્મ્યો ત્યારે માબાપ ખૂબ ધનિક હતા, હવે (કદાચ) ગરીબી આવી, ગર્ભ શ્રીમંત હતો. |
| ⇨ **એના મૂતરે દીવા નહીં બરતા.**<br>• એના મૂતરે દીવા નથી બળતા. | એ ગામધણી નથી.<br>- એ કહે તેમ નથી થતું.<br>- એની જોહૂકુમી નથી ચાલતી. |
| ⇨ **એનામાં જ વાક ચ્યાં છે ?**<br>• એનામાં વાક ક્યા છે ? | તાકાત વગરનો, હિંમત વગરનો, દમ વગરનો માણસ. |
| ⇨ **એની ગાંડે ભમરો છે !**<br>• એની ગાંડે ભમરો છે ! | ઠરીને નહીં બેસનારો, ચંચળ માણસ.<br>- કશાય કામમાં ચિત ન પરોવનાર.<br>- કોઈ કામમાં સ્થિર ના થાય તેવો. |
| ⇨ **એની માચે શીરો ખઈને ઈરો જણ્યો છે.**<br>• એની માએ શીરો ખાઈને હીરો જણ્યો છે. | ખૂબ હિંમત વાળો, તાકાતવાન, ભડવીર, મર્દ માણસ, મહાન. (કટાક્ષમાં) |
| ⇨ **એની માએ હવાશેર હૂંઠ ખાધી અશે !**<br>• એની માચે સવાશેર સૂંઠ ખાધી હશે ! | ખૂબ હિંમતવાળો, તાકાતવાન, ભડવીર, મર્દ માણસ. |

**⇨ એની જ લાકડીન એનો જ બૈડો.**

- એની જ લાકડી ને એનો જ બરડો.

રાત કાળી, મગ કાળા, લે વાણીયા તારા તે તારા.
- એનું મ્હોં ને એનું જ ખાસડું.

**⇨ એનુ ગાહ્યું ઠીક હેંડે છે.**

- એનું ગાડુ ઠીક ચાલે છે.

હવે જરા સ્થિર થયો છે.
- રોટલાપાણીના ફાંફા નથી પડતા.

**⇨ એને તો નાથ ઘાલવી પડશે.**

- એને તો નાથવો પડશે.
- એને તો પલોટવો પડશે.

જેમ વાછડાને ખેતી કરવા પલોટવો પડે, એ પહેલા એને કાબૂમાં રાખવા નાથવો પડે છે, પછી બળદ તરીકે કામ કરે છે એમ કોઇ તોફાની દીકરાને, ધંધામાં ધ્યાન ન આપનાર યુવકને ધંધામાં જોતરવા માટે કાં લગ્નની બેડી પહેરાવી સ્થિર કરાય અથવા કોઇપણ કરામત કરી એને કાબૂમાં લેવો પડે.
- બીજો અર્થ કટાક્ષમાં લઇ એ તો : કોઇ માણસ ગાંઠતો ન હોય, સામેનો માણસ કાબૂમાં ન આવતો હોય અથવા કોઇ તોફાની, નાગોડ કે દાંડ માણસને સીધો કરવાના અર્થમાં વપરાય છે.

**⇨ એનેત પૂછે છ ભૂતો ભૈ.**

- એનેત ઓરખે છ ભૂતો ભૈ.
- એને તો પૂછે છે ભૂતો ભાઇ !
- એને તો ઓળખે છે ભૂતો ભાઇ !

કોઇ માણસ જરા વટ મારતો હોય, ભાવ ખાતો હોય પણ જેની સમાજમાં કોઇ કિંમત ન હોય તેવા ગણતરી વગરના માણસ માટે, જેને બીજું કોઇ જાણતું પણ નથી એવા માણસ માટે

**⇨ એનો પગે પદ્મ છે !**

સોંપેલા કામે બેસી ન શકે.
- ઠરીને સ્થિર એક જગ્યાએ બેસે નહીં તેવો.
- કામધંધો છોડીને રખડનાર રખડું માણસ.

**⇨ એને તો રેતીમાં વાં'ણ ચલવવાં છે.**

- એને તો રેતીમાં વહાણ ચલાવવાં છે.

અશક્ય કામને શક્ય કરવાનું સાહસ કરનાર માણસ.



**⇨ એ પૈ આવે એટલાં ઉં ચરઇ આવું એવો છું.**

- એ પાઇ આવે એટલાં હું ચરાઇ આવું તેવો છું.

એના કરતા પોતાને વધારે ચાલાક ને હોંશિયાર ગણાવા માટે.

**⇨ એવા કાચા નહીં કે વરહાદમાં ઓગરી જવાય.**

- એવા કાચા નથી કે વરસાદમાં ઓગળી જવાય.

ભોટ કે સાવ ભોળા નથી કે ગમે તે છેતરી જાય.

**⇨ એવા પોચા નહીં કે શિયારવાં ખઇ જાય.**

- એવા પોચા નથી કે શિયાળ ખાઇ જાય.

ભોટ કે સાવ ભોળા નથી કે ગમે તે છેતરી જાય.

**⇨ એવાતણનો ઉધારો, ને રંડાપો રોકડો.**

- હેવાતણના (સેવાશણ) નો ઉધારો ન રંડાપો રોકડો.

થયું તે ખરું થવાનું તે ખોટું
- રમતાં વાર, બગડતાં વાર નઇ.
- પાઘડી બાંધતાં વાર, પાડતાં શી વાર.
- છોકરાં મોટાં થતાં વાર, મરતાં શી વાર.

**⇨ એમાં કોયનોય શક્કરવાર નઇ વરે.**

- એમાં કોઇનો શુક્કરવાર નહીં વળે.

કોઇનુંય ભલું નહીં થાય.

**⇨ એયડો ઊગે તાંથી જ પોલો ઓય.**

- એરંડો ઊગે ત્યાથી જ પોલો હોય.

કૂળ પ્રમાણેના ગુણ વારસામાંથી મળતા હોય છે.
- બાપ એવા બેટાને વડ એવા ટેટા.

**⇨ એ મંગારે મેંશ વરવા દે એવો નહીં.**

- એ મંગાળે મેંશ વળવા દે તેવો નથી.

એની ગાંડે ભમરો છે.
- એ ઠરીને બેસે તેવો નથી.
- મંગળવારે માંડે ને ઈતવારે (રવિવારે) રાંડે.

**⇨ એ મંગરવારે માંડશે ન રઇવારે રાંડશે.**

- એ મંગળવારે ઘર માંડશે ને રવીવારે રાંડશે.

એ તો સદા રમતા રામ છે.
- એક કોઇનું તોડે એવો.
- એ કોઇ ધંધામાં સરખાઇ નહીં લાવે.
- એક ધંધામાં સ્થિર નહીં થાય.
- સ્થિર થઇ ઘર નહીં માંડે તેવી સ્ત્રી કે પુરુષ.

➪ **એરાંમડીના જારામાં આથ ઘાલીએ એટલે કાંટા વાગે.**
- હેરાંમડીના જાળામાં હાથ નાખીએ એટલે કાંટા વાગે જ.

બળતામાં હાથ નાખીએ એટલે દઝાવાય.
- અઘતામાં મ્હો ઘાલીએ એટલે મ્હોં ખરડાય.
- કોઇ દાંડ ખમતીઘરની સામે થઇએ એટલે આપણે શોષવું પડે.
- ખોટું કામ કરીએ તો ખરાબ પરીણામ આવે.

➪ **આંગરિયેથી નખ છેટા એ છેટા.**
- આંગરિયેથી નખ વેગરા એ વેગરા.
- આંગળિયેથી નખ છેટા તે છેટા.

ન ફાવે તેની સાથે સંબઘ કાપી નાખવો સારો.
- કશુંય નુકશાન થાય તેને ભૂલી જવું સારું.
- પારકા મદદ કરવા ન આવે, તે તો દૂર જ રહે.

➪ **આંઘરો વાડ્ય કરે ન લંગડો દીવો ઘરે.**
- આંઘળો વાડ કરે અને લંગડો દીવો ઘરે.

હેસિયત પ્રમાણે હોદ્દો મળે.
- ક્યારેક આ કહેવત હાસ્યાસ્પદ કામ કરનાર માટે વપરાય છે.

➪ **આંઘરા આગર આરસી શા કાંમની, ને બેરા આગર શંખ શા કાંમનો ?**

જે વસ્તુની જ્યાં જરૂર હોય ત્યાં જ તેની કિંમત થાય.

➪ **આંચર આલે છ પણ પારહો નહીં મેલતો.**
- આંચર આલે છે પણ દૂઘ નહીં કાઢતો.

ખોટી લાલચ આપી પાછળ ફેરવવો.
- સોંપેલુ કામ કરે નહીં અને ઘક્કા ખવડાવે.
- ખોટાં દિલાસા આપવા.

➪ **ઑડનું ચૉડ કરી મેલ્યું.**

રજનું ગજ કરવું, વાતનું વતેસર કરવું, ઘાર્યા કરતા અવળું થવું.

➪ **આંગરિયે વરગાડેલાનો ભરુહો થાય પણ પેટમાં રૈ’લાનો ભરુહો નૈ.**
- આંગળિયે વળગાડેલાનો ભરોસો કરાય પણ પેટના ગર્ભનો ભરોસો ન થાય.

હાથમાં હોય એનો ભરોસો કરાય વાયદાનો ભરોસો ન કરાય.



➪ **આંમણની પૂંજી દાંમણમાં.**
- આમણની પૂંજી દામણમાં.

જે રસ્તે કમાણી થઇ હોય તે રીતે જ એનો વાપર થાય.

➪ **ઓઝા કરતાં ગઘાડાં ડાહ્યાં.**
- કુંભાર કરતા ગઘેડાં ડાહ્યાં.
- ચા કરતા કીટલી વઘારે ગરમ હોય.
- ગોલા કરતાં ગઘાડાં ડાચાં.

જેની પાસે સત્તા હોય એ નમ્ર હોય છે પણ એના હાથ નીચેના કે નીચી પાયરીવાળા માણસો વઘારે રૂઆબ કરતા હોય છે.

➪ **ઓશિકે હૂવો કે પાંગોતે, ગાંડ તો ખાટલા વચ્ચે જ રે’વાની.**
- ઓશિકે સૂવો કે પાંગોતે, ગાંડ તો ખાટલા વચ્ચે જ રહેવાની.

જે થવાનું હોય તે થઇને જ રહેશે.
- જે વેઠવાનું હોય તે વેઠવું જ પડે.

➪ **ઓશિકે હૂવો કે પાંગોતે, પૂંઠ તો ખાટલા વચ્ચે જ રે’વાની.**
- ઓશિકે સૂવો કે પાંગોતે, પૂંઠ તો ખાટલા વચ્ચે જ રેહેવાની.

જે થવાનું હોય તે થઇને જ રહેશે.
- જે વેઠવાનું હોય તે વેઠવું જ પડે.

➪ **ઓહડ ગર્યુ ના ઓચ.**
- ઓષડ ગળ્યું ન હોય.

સત્ય કડવું લાગે.
- સાચી વાત વસમી લાગે.

➪ **ઓહડ તો કડવાં જ ઓય.**
- કડવાં ઓહડિયાં જ તાવ મટાડે.
- ઓષડ તો કડવાં જ હોય.

,,

➪ **ઓરખીતો સિપઇ એડમાં પૂરે.**
- ઓળખીતો સિપાઇ જેલમાં પૂરે.

ઓળખીતા કે પોતાના અંગત માણસો કે સંબઘીઓ જ વઘારે હેરાન કરે.

➪ **ઓરખીતો અમલદાર વઘારે દંડે.**
- ઓળખતો અમલદાર વઘારે દંડ કરે.

ચોર કે પોલીસની દોસ્તી નકામી હંમેશાં વેઠવાનું આવે.

➪ **ઓરખીતો સિપઇ બે ડંડા વઘારે મારે.**
- ઓળખીતો સિપાઇ બે દંડા વઘારે મારે.

,,

⇨ **ઓરખ્યા પછી નવ ગજના નમન.**

• ઓળખ્યા પછી નવ ગજના નમસ્કાર.

સારા નરસાની ખબર પડ્યા પછી નબળા કે હલકા માણસથી દૂર જ રહેવું એ અર્થમાં

⇨ **ઓરમણ મા એટલે માથાનો ઘા.**

• ઓરમાન મા એટલે માથાનો ઘા.

ઓરમાણ મા કયારેય સારી જ ન હોય એવી માન્યતા છે.



## ક

⇨ **કચૂકા પીલ્યે તેલ ના નેંહરે !**

• કચૂકા પીલવાથી તેલ ન નીકળે.

• રેતી પીલ્યે તેલ ના નેંહરે.

વગર સમજણની મજૂરી નકામી.
- સમજણ વગરનું કામ ન કરાય.

⇨ **કજિયાનું મૂર હાંસી, રોગનું મૂર ખાંસી.**

• કજિયાનું મૂળ હાંસી, રોગનું મૂળ હાંસી.

• અહવામાંથી ખહવું થાય.

• હસતાં રમતાં દહાડો જાય, ને ખીજે તેનું નખ્ખોદ જાય.

કજિયો કે કંકાસ હંમેશાં નુકશાન કરે.
- હસતે હસતે મજાકમાંથી ઝગડો થાય.

⇨ **કજિયાનું મોં કારું.**

• કજિયાનું મોં કાળું.

• કંકાહ તો પાંચ પાડોશીનેય નડે.

કજિયાથી દૂર રહેવું, કજિયો નુકશાન કરે.
- કંકાસ તો પડોશીનેય નુકશાન કરે.

⇨ **કડવું ઓહડ તો મા જ પાય.**

• કડવું ઓષડ તો મા જ પાય.

કડવું સત્ય તો મા જ કહે.
- મીઠા બોલા મિત્ર કરતાં કડવા બોલી દુશ્મન વધારે ઉત્તમ.
- દીકરાના ભલા માટે મા જ કડ્વું સત્ય બોલે.

⇨ **કડવો ઘૂટડો ગરે ઉતારવો પડે.**

• કડવો ઘૂંટ ગળે ઉતારવો પડે.

લાચાર સ્થિતી આવે ત્યારે નમતું જોખવું ઉત્તમ ગણાય.
- સાચી વાત સ્વીકારી લેવામાં જ ભલાઇ.
- વાંક હોય ત્યારે નીચા મ્હોંએ ઠપકો સાંભળી લેવો.

⇨ **કડી પર તારું નઈ ન લાડવા પછી વારું નઈ.**

• કડી પર તાળું નઈ ન લાડવા વગર જમણ નહીં.

• ડગલા પર શાલ નઈ ન બખ્તર પર ઢાલ નઈ.

નાનકડી કડી પર તાળું ના વાગે અથવા નકામું અને લાડુ જમ્યા પછી સાંજે જમવાનું ન હોય.

- મઠને ખેતર મારો નઈ ન ઉંદરને ઉચારો નઈ.

➪ **કટકમાં કાંણિયો બદનામ.**

- કટકમાં કાણો બદનામ.
- હલકું લોહી હવાલદારનું.
- નામીતો શાહુકાર રળી ખાય ને, નામીતો ચોર માર્યો જાય.

છીંડે ચડ્યો તે ચોર.
- બધા જ નબળા માણસને પજવે, દંડે.
- નામવાળાને સૌ મદદ કરે.

➪ **કઠેકાંણે ગૂમડું થયું ન હહરો વૈદ્ય.**

- કઠેકાણે ગૂમડું થયું ને સસરો વૈદ્યરાજ.

ધરમ સંકટ, કફોડી સ્થિતી.
- કહેવાય પણ નહી અને સહેવાય પણ નહીં.
- ન બોલાય કે ન ચલાય.

➪ **કણ થોડાને કાંકરા બવ.**

- કણ થોડાને કાંકરા ઘણા.
- કણ થોડાં ને કાંકરા ઝાંઝા.

જરૂરી કરતા બીનજરૂરી વધારે હોવું.
- કામના કરતા નકામું વધારે.

➪ **કણબી પાછળ કરોડ, ને કણબી કોઇની પાછર નઈ.**

- કણબી (ખેડૂત) પાછળ કરોડ ને કણબી કોઈની પાછળ નઈ.

કણબી એટલે ખેડૂત એ જગતો તાત કહેવાય એ અનાજ પકવે, અને અનાજ પકવવા ઘણા માણસોની જરૂર પડે, એટલે ઘણા માણસોને ખેડૂત રોજી આપે, પોષે અને અનાજ પાકે ત્યારે જીવજંતુ, જનજનાવર, સૌને એ ઉદાર દિલે આપે, માગણ, ભિખારી, મંદિર, મહાદેવ બધાને દાણા આપે. અર્થાત, ઘણા ખેડૂતના આધારે જીવે, પણ ખેડૂત કોઇની પાસે માંગતો નથી એવો એ સ્વાભિમાની હોય છે.

➪ **કણબી બગડ્યા કૈડવે, ન મણીધર બગડ્યા પૈડવે.**

- કણબી બગડ્યા કૈડવે, ને મણીધર બગડ્યા પૈડવે.

ઉતરતા માણસને કારણે સારા માણસની કિંમત ઓછી અંકાય છે.

➪ **કણબી મારે કૈન ને પાડો મારે ઘૈન.**

- કણબી મારે કહીને અને પાડો મારે ઘઇને.

કણબી એટલે ખેડૂત, પાટીદાર આખાબોલો, ખોટું ખમી ન શકે, પણ હૃદયથી ખૂબ ભલો ભોળો ને ઉદાર તે કદી કસર ન કરે પણ જો કોઇની સાથે દુશ્મની થઇ કે વેર બંધાયું તો સામી છાતીએ આવી ને કહીને જ ઘા કરે એને પ્રથમ ચેતવે પછી જ વાર કરે, એ કદી પીઠ પાછળ ઘા ન કરે, વિશ્વાસઘાત ન જ કરે. એજ રીતે જાનવરોમાં પાડો ખૂબ જ ઝનૂની અને વેરી અને બદલો લેવાની પ્રબળ ભાવનાવાળું પ્રાણી ગણાય છે. એ પણ પોતાના દુશ્મનને બરાબર ઓળખી જાય છે અને લાંબા સમય સુધી ખાર રાખી બદલો લે ત્યારે એને ઝંપ વળે છે એને રંજાડનાર એને મારનાર, માણસને દાઢમાં રાખી, લાગ આવે, સામી છાતીએ આવીને છીંકોટા કરીને ભયાનક ઝનૂનમાં આવીને ઘૂઘારા કરતાં કરતાં ઘસી આવે છે.



➪ **કન્યા ન એંઠુ ધન, વાસી રખાય ના.**

- દીકરી પારકુ ધન ગણાય.
- દીકરી હાહરે ભલી ને દીકરો પરદેશ ભલો.
- જેને ઘેર કન્યા એને પરમેશ્વર દંડ્યા.
- કન્યા એંઠુ ધન, વાસી રખાય નહીં.

જેમ વાસી ધાન વધારે સમય રાખવાથી બગડી જાય તેમ દીકરી ઉમરલાયક થતાં પિતાના ઘરે રહે તો બહુ જોખમી ગણાય છે.

➪ **કન્યા જાણે કૈડકણો ને વર મોતીન દાણો.**

- કન્યા જાણે કૈડકણો ને વર મોતીનો દાણો.

કન્યાને ખબર છે કે વર નકામો છે પણ વર પોતાને મોતી સમો ગણે છે.

➪ **કપાળ પરમાણે ટીલું ઓચ.**

- પથારી પરમાણે હોડ્ય તણાય.
- ચાદર ઓચ એટલી હોડ્ય તણાય.
- કપાળ પ્રમાણે ટીલું કરાય.
- ગજા પરમાણે ગાતર થાય.

સ્થિતિ પ્રમાણે ખર્ચ કરવો.
- ગજા ઉપરાનું દેવું કરવા જતાં તૂટી જવાય.

**➩ કપાળનું ટીલું ફૂલે ના થાય.**

- કપાળનું ટીલું પૂહે ના થાય.
- પગની મોજડી માથે ન મૂકાય.
- અંબાડી આથીન શોભે, ગધાડાને નૈ.

દરેક ચીજ યથા સ્થાને જ શોભે.

દરેકને પોતાની મર્યાદા હોય છે એમ નબળો કે હલકો માણસ શું કરી શકે.

**➩ કપાસ્યે કોઠી ફાટે નૈ.**

- ખીસકોલીની દોટ ગારા હૂંઘી કે થારા હૂંઘી.
- કપાસીયે કોઠી ફાટી ન જાય.

હેસીયત વિના તાકાત કરતાં તૂંટી જવાય.

**➩ કમજોરકું ગુસ્સા બોત, માર ખાને કી નિશાની.**

- ખેંચ પકડ મુઝે ગુસ્સા આતા હય.
- કાંણુ ઘોડું કૈડકણું.

બીજાની વાત કોઇ માનતુ નથી, ભલે તે સાચી હોય.

**➩ કયે કુંભાર ગધાડે ના ચડે.**

- કહેવાથી કુંભાર ગધેડા પર ન બેસે.

પડોશી તરીકે મોઢ વાણિયો ન રખાય એવી માન્યતા છે.
- મોઢ વાણિયો દુશ્મન કરતાંય વધારે ખતરનાક માનવામાં આવતો.

**➩ કપારે કોઢ થજો પણ પાડોશી મોડ ના હજો.**

- કપાળે કોઢ ભલે થાય પણ પડોશી મોઢ (વાણિયો) ના હોય.

નશીબ કે ભાગ્ય જે આપી શકે તે બીજું કોઈ ના આપી શકે.

**➩ કરમ કરે એ કોય ના કરે.**

- કરમ / ભાગ્ય કરે તે કોઇના કરી શકે.

ભલે આડે સમયે સૌ વાદ-વિવાદ કરે પણ સ્વાર્થ વખતે સૌ એક થઇ જાય.

**➩ કપારે કપારે જુદી મત્ય પણ રોટલા ટાંણે હૌ એક.**

- કપાળે કપાળે જુદી મત્ય પણ ભૂખ લાગે ત્યારે સૌ એક.

એક ઉપાધિ ટળી તો સામે બીજી મોટી આવી ગઇ.

**➩ કફન ફાડું જયો ન મેખમારું આયો.**

- ભૂત કાડતાં પલીત પેઠું.
- ફાંહ કાડતાં શાલ પેઠું.
- કફનફાડું ગયો અને મેખમારું આવ્યો.

કમનશીબી આવે કે બૂરા હાલ થાય ત્યારે નશીબ પણ સંતાઇ જાય અને મતી પણ મુંઝાઇ જાય.
- ખરાબ પરિસ્થિતિ નશીબ અને મન



બંને દગો દેતાં હોય છે.

**➩ કરમ કે’ કોડમાં પેહું ન મન કે’ મારિયે ચડું.**

- કરમ કહે કોઢમાં પેસું ને મન કહે માળિયે ચઢું.

ભાગ્યમાં હોય તે બનીને જ રહે

**➩ કરમમાં લખ્યાં કાંઠાં, તે કોનાં હોંધવા આંઠાં.**

- કરમમાં લખ્યાં કાંડાં, તે કોનાં શોંધવા આંઠાં.

કરમ કોઈની શરમ રાખતું નથી

**➩ કરમને કૈ શરમ નૈ.**

- કરમને શરમ શેની ?
- કરમ ન રાખે કોયની શરમ

ભાગ્ય આગળ આપકર્મી પણ ભૂખે મરે
- ભાગ્યમાં ન હોય તો વેશ્યાને પણ ગ્રાહક ન મળે

**➩ કરમી ખાય ન વેશ્યા રડે.**

- કરમી ખાય ન રૂપની રૂંવે.

નીચલી પાયરીવાળો ઉપરીના બળે બહુ વટ મારે.

**➩ કમાડ કરતા ઉલારો ભારે.**

- માંથા કકતા મનોહર મોટું.
- શેઠ કરતાં વાંણોતર ડાયાં.
- કમાડ કરતા ઉલાળો ભારે.

આવડતના બળે જીતી જવાય.
- કુશળતા ધન કમાઇ આપે.

**➩ કમાંતાં આવડે, એ ધન ખેંચે પાવડે.**

- કમાતાં આવડે, તો ધન ખેંચો પાવડે.

કામ વ્હાલું છે આદમી નહીં.

**➩ કમાતો દીકરો વા’લો લાગે.**

દરેક ચીજની કિંમત યોગ્ય સમયે જ હોય.
- વરસાદ ચોમાસે ફાયદાકારક, કમોસમમાં પડે તો માવઠું કહેવાય.

**➩ કમોસમના કંકોડાં હવાદ ના આલે.**

- કમોસમના કંકોડામાં સ્વાદ ના આવે.

નશીબ વાંકુ હોય તો સૌ હેરાન કરે.

**➩ કરમ આયું કાંડે ત ડોહા ઘરમાં ભાંડે.**

- કરમ આવ્યું કાંડે તો ઘરમાં ડોસો ભાંડે.

નશીબ ધારે તે કરી શકે.

⇨ **કરમ આડે પાંદડું તો લાત મારે વાંદરું.**

નશીબ નબળુ એટલે તાવે બહુ પણ કમનશીબે કાયા/શરીર સુવાળું હોવાથી મહેનત ન થાય.

- કરમ કરે એ કોય ના કરે.

⇨ **કરમ કઠણ ને કાયા નબરી.**

કેટલીય ઘટના એવી હોય કે બધી રીતે નડે.

- કરમ કઠણને કાયા દુબરી.
- કરમ કઠણને કાયા કુમરી.
- કરમ કઠણને કાયા સુંવાળી.

⇨ **કરજ, કારભાર ને કન્યા, કરગરવાથી ના મલે.**

કરજ એટલે ઉધાર કે ઉછીના પૈસા, કોઇનો કારભાર ને કન્યા એમ જ મળી જતાં નથી, કશીક લાયકાત હોય કે સાટે કશુંક મૂકવાથી જ મળે

- કરજ, કન્યા અને કરભાર માગવાથી ન મળે.

⇨ **કરવતી પેઠ્ય જતાંય વે'રે ન આવતાંય વે'રે.**

રખડુ જેને કામ કરવું જરાય ગમતું નથી.
- મહા-આળસુ.
- ઊભા હાડકાંનો, કામચોર.

- કરવતીની માફક જતાંય વહેરે અને આવતાંય વહેરે.

⇨ **કરવું ન મરવું બેય બરાબર.**

સારું કરવા જતાં ઊંધુ થઇ જવું.

- કરવું ન મરવું બેય હરખાં.
- કરવું અને મરવું બંને સરખાં.

⇨ **કરવા ગયા કહાર ને થઇ ગઇ થૂલી.**

ખેતી કરવી હોય તો બળદ જોડી ખેતરે જા, ને ઝગડો કરવો હોય તો વાંકુ બોલ.

- કરવા ગયા કંસારને થઇ ગઇ થૂલી.

⇨ **કરવી ઓય ખેડ્ય તો જોડ્ય ગાડું ને કરવી ઓય વડવાડ તાર બોલ્ય આડું.**

- કરવી હોય ખેતી તો જોડ ગાડું ને કરવી હોય વઢવાડ તો બોલ આડું.

⇨ **કર્યું કારવ્યુ ધૂરમાં મલ્યું.**

કરેલા કામ પર ધૂળ ફેરવી નાખી.
- કરેલા કામ પર પાણી ફેરવી વાળ્યું.

⇨ **કલાલની દુકાને બેહીને દૂધ ના પીવાય.**

બદનામ માણસ સાથે દોસ્તી સારી નહીં
- બદનામ સ્થળે બેસી સારા કામ કરનારોય બદનામ થાય છે.

- વેશ્યાને ઘેર બેસી ભજન ના ગવાય.
- કલાલની દુકાને બેસીને દૂધના પીવાય.
- કલાલની દૂકાને બેહીન દૂધ પીવો તોય પીધેલો ગણશે.
- કલાલની દૂકાને બેસીનેન દૂધ પીવો તોય પીધેલો ગણશે.

⇨ **કાકો પૈણ્યો ને ફોઇ રાંડી.**

બનવા કાળે બનીને જ રહે.
- એક કામ સારું થયું તો બીજું ખરાબ.

- કાકો પરણ્યો ને ફોઇ રાંડી.

⇨ **કાકા મટીન ભતરીજા થવાનું.**

ઊંચે પગથિયેથી ઉતરીને નીચે પગથિયે બેસવું.
- નીચી પાયરીએ ઉતરી જવું.
- કરમ કઠણાઇ.

- કાકા મટીને ભત્રીજા થવાનું.
- ઘરધણી મટીને પડોશી થવાનું.
- શેઠ મટીન વાણોતર થવાનું.
- દંતાશા દાતણિયો થયો અને સદાવ્રત લેવા ગયો

⇨ **કાજીની કૂતરી મરી જઇ તાર આખું ગાંમ બેહવા આયું; અન કાજી મરી જ્યા તાર કોયના આયું.**

સત્તાને માન, સત્તાને સલામ.
- સત્તાને સૌ નમે.

- ફોજદારનો કૂતરો મરી જાય ત્યારે આખું ગામ બેસવા આવે, ફોજદાર મરે ત્યારે કોઇ ન આવે.
- ઊતર્યા અમલ કોડીના.
- સળગતી તાપણીએ સૌ તાપે.
- ઉગતાને સૌ પૂંજે.

⇨ **કાગડાન કોટે રતન.**

ડફોળ માણસને ઉત્તમ કન્યા મળવી.

- કાગડો દૈથરૂ લેય જ્યો.
- કાગડો દહીથરૂ લઇ ગયો.
- ઉકૈડે રતન.

⇨ **કાગડાની ગાંડમાંથી ગંગાજર ના નેંકરે.**

ખોટી આશા ના રખાય.
- નીચ માણસ પાસે સારાપણાની એપેક્ષા વ્યર્થ નીવડે.

- બકરીના ગળાના આંચરમાંથી દૂધ ના નીકળે.
- પાણી વલોવ્યે માખણ ના ઉતરે.

⇨ **કાગડાનું બેહવું ન ડારનું ભાગવું.**

- કાગનું બેસવું ને ડાળનું ભાગવું.

તાકડે થઈ જવું.
- જોગાનુંજોગ બનવું.

⇨ **કાગરની આંલી ચૂલે ચડે નૈ.**

- કાગરની ઓડીથી દરિયો તરાય ના.
- કાગરની કોથરીમાં ખીલ્યો ના ભરાય.
- થૂંકે પૂડા ના થાય.

જેનું કામ જે કરે.
- કાગળની હોડીથી દરિયો ના તરી શકાય.

⇨ **કાપ્યા કાંન તાર આયી શાંન.**

- ઠોકર વાગે ત્યારે શાન ઠેકાણે આવે.

સજા કરો ત્યારે જ અક્કલ આવે.

⇨ **કાડ્યા એટલા અ્યાં કાડવા છ ?**

- કાઢ્યા એટલા ક્યાં કાઢવા છે ?

હવે વધારે ક્યાં જીવવું છે ?

⇨ **કારા માંથાનો માનવી ધારે એ કરે.**

- કારા માંથાનો માનવી ચાહે એ કરે.
- કાળા માથાનો માનવી ધારે તે કરી શકે.

માણસ ધારે તે કરી શકે છે.

⇨ **કારા એટલા ભૂતના હારા.**

- કાળો માણસ ભૂત જેવો લાગે.
- કારા એટલા ભૂતના હારા નૈ.
- કારા એટલા શું ભૂત ના હારા ?

વાત પરથી માણસની કિંમત સહુ કરે છે. પણ એવું ન જ હોય.
- કોઈના માટે અગાઉથી ધારણા ન કરાય.
- મત બાંધી ન લેવાય.

⇨ **કાંનખજૂરાનો એકા’દ પગ ટૂટે તો’ય શું ફેર પડવાનો’તો.**

- કાનખજૂરાનો એકાદ પગ તૂટે તોય શું ફરક પડવાનો હતો.

ખૂબ ધનિક માણસને થોડું નુકશાન થાય કે ખોટ જાય તો એની અસર કઈ થતી નથી.

⇨ **કાંમ કરે એ જ કાંમણ કરે.**

- કામ કરે એ જ કામણ કરે.
- કમાતો દીકરો વ્હાલો લાગે.

કમાણી કરે એને જ સહુ વ્હાલ કરે.
- કામ વ્હાલું છે આદમી નહીં.



⇨ **કામ વા’લું છે આદમી નૈ.**

- કામ વા’લું છે માણહ નૈ.
- કામ વહાલું છે માણસ નહીં.

’’

⇨ **કામ પતે એટલે સોમ નાયા.**

- કામ પતે એટલે સોમ નાહ્યા.
- કામ પતે એટલે નિરાંત.

કામ પતી જાય એટલે નિરાંત થાય.

⇨ **કાંમરી પલે એટલે ભારે થાય.**

- કામળી પલળે એટલે વજન વધે.
- ગોદડી ભીંજાય એટલે ભારે થાય.

સારી વાતમાં ચડસા-ચડસી થાય એટલે વાત વટે ચડે અને ઉકેલ આવતાં ફીણ પડે.
- ઝટ ઉકેલ ના આવે.
- ઉકેલ આવતાં થકવી નાખે.

⇨ **કાંમણ શીખે પણ વારણ પાંહે રાખે.**

- કામણ શીખે, પણ વાળણ ન શીખવે.

ગુરૂ વિદ્યા શીખવે પણ અમુક ચાવી પોતાની પાસે રાખે, જેથી ચેલો ગુરૂની તમા રાખે.
- તાંત્રિક વિદ્યા શીખવનાર પોતાનું વર્ચસ્વ રાખવા કામણ વિદ્યા શીખવે ખરા પણ ટૂંચકો વાળવાની તંત્રવિદ્યા ના શીખવે તેથી શીખનારને ગુરૂ વિના છૂટકો ન થાય એ જ પ્રમાણે સમાજના સ્થાપિત હિતો, પોતાનું વર્ચસ્વ રાખવા પોતાના દુશ્મનો અને હરીફ પક્ષને ભીડવવાના રસ્તા બતાવે પણ ભીડાવનાર જેલમાં ફસાઇ જાય, સલવાઇ પડે તો બહાર નીકળવાનો રસ્તો પહેલે થી બતાવતા નથી જેથી એ પોતાના કહ્યામાં રહે.

⇨ **કાંણીન કાણો વા’લો, રાંણીને રાજા.**

- મિયાંબીબી રાજી તો ક્યા કરે કાજી.
- કાણીને કાંણો વહાલો, રાણીને રાજા.
- રાજાને ગમી રાણી તે છાંણા વીણતી આંણી.

પોતાને ગમે તે જ સાચું.

⇨ **કાલ્ય કોયની આવે નૈ.** — ગયો તે સમય પાછો ન આવે.
- કાલનો કરેલ વાયદો કોઇ ના પાળે.

- કાલ કોઇની ન આવે.
- કાલ્ય કહી ના'વે.

⇨ **કાલાંની કચ ને બૅરિયાની વડવાડ ચ્યારેય પૂરી ના થાય.** — કાલાંને કચ ગમે, અને બૅરિયાને સંભળાય નહીં એટલે ઝગડો વધે પણ પતે નહીં.

- કાલાની કચને બૅરિયાનો ઝઘડો ક્યારેય પૂરો ના થાય.

⇨ **કારાં કામે તેરી બી ચૂપ ને મેરી બી ચૂપ.** — ખરાબ કામ કરનારો ને જોનારો બંને મ્હોં સીવી લેતા હોય છે.

- કાળા કામે તેરી બી ચૂપ ને મેરી બી ચૂપ.

⇨ **કીડીન પાંખો આચી તે મરવાની એંધાણી.** — યોગ્યતા હોય તો જ જીરવી શકાય બાકી નહીં.

- કીડીને પાંખો ફૂટી એટલે મરવાની નિશાની.

⇨ **કીડી પર કટક ના ઓય.** — સામાન્ય વાતને મોટું રૂપ ન જ અપાય.

- કીડી પર કટક ના હોય.

⇨ **કીડી ન ગાંડમાં કોસનો ડાંમ ના દેવાય.** — જેવો ગુનો તેવી સજા કરાય.

- મૂરાના ચોરને મરચીનો માર ઓય.
- કારાપાણીની સજા ના કરાય.

⇨ **કુંભાર ભાગલા આંલ્લાંમ ખાય.** — પોતાની વસ્તુ વધેલી હોય તે જ વાપરે.
- ભાગ્યમાં ન હોય તો ભોગવી ન શકાય.

- કુંભાર ભાગલાં હાંલ્લામાં ખાય.
- વાડી વાળો સડેલું શાક ખાય.
- બહું હોય તે ભોગવી ના શકે.

⇨ **કુંભાર રીહે બરે તાર ગધાડાના કાંન આંમરે.** — પોતાની ખીજ નબળા પર ઉતારવી.

- કુંભાર રીહે બરે તાર ગધાડાન ડફણાટે.
- કુંભાર રીસે બળે ત્યારે ગધેડાને મારે.



- સાએબ ખીજાય તાર પટાવાળાનો મરો.
- નબરો ઘણી બૈયર પર હૂરો.

⇨ **કુંવારી કન્યાને હો વર ને હો ઘર.** — કુંવારી કન્યાનાં માંગા આવે.
- જરૂરીયાત વાળી વસ્તુની પૂછપરછ થાય.

- કુંવારાના માંગા આવે, પૈણેલા ન નઈ.
- કુંવારી કન્યાના સો વર ને સો ઘર.
- કુંવારી કન્યાનાં માંગા આવે પરણેલીનાં નહીં.

⇨ **કુંવારી કન્યા હાપનો ભારો.** — ઉંમરલાયક કુંવારી કન્યા મા-બાપ માટે ખૂબ ચિંતા ઉપજાવે.

- કુંવારી કન્યા સાપનો ભારો.
- દીકરી તો સાપનો ભારો.

⇨ **કુંવારા કોડે મરે ન, પૈણેલા પસ્તાય.** — કુંવારા લગ્ન કરવા માટે અભરખા રાખે ને પરણેલા પસ્તાય.

- લક્કડના લાડું ખાય એય પસ્તાય, ને ન ખાય એય પસ્તાય.

⇨ **કૂતરાની દોસ્તી રીઝ્યું તો મોં ચાટે ન ખીજ્યું ત બચકું ભરે.** — નીચ સ્વભાવવાળો નીચતા દેખાડે જ, રીઝે તો અને ખીજે તો પણ.

- કૂતરાની દોસ્તી રીઝ્યું તો મોં ચાટે અને ખીજ્યું તો બટકું ભરે.

⇨ **કૂકડીન બોલ્યે હવાર થતી ઓય ત ડોશીન કો કૂકડી લેચન નાહી જાય.** — કોઇના રોફથી કશું થતું નથી.
- કોઇના કહ્યાથી કશું થતું નથી.

- કૂકડીના બોલ્યે સવાર થતી હોય તો ડોશીને કહો કૂકડી લઇને નાસી જાય.

⇨ **કૂકડી બોલે તો હવાર નહીં પડતી.** — હું કરું હું કરું એ જ અજ્ઞાનતા સકટનો ભાર જેમ શ્વાન તાણે.

- કૂકડી બોલે તો જ સવાર નથી પડતી.

⇨ **કૂકડો ઓય તાં જ વાં'ણુ વાય એમ ના હમજ્યું.** — ગાડા નીચે કૂતરી ચાલે એટલે ગાડાનો ભાર કૂતરી નથી ઉપાડતી.

- કૂકડો હોય ત્યાં જ સવાર થાય એમ ન સમજવું.
- કોઇના મૂતરે દીવા નહીં બરતા.

⇨ **કૂતરાની દોસ્તી રીઝ્યું ત મોં ચાટે ન ખીજ્યું ત કાં કૈડે કાં ઉપર મૂતરે.**

નીચ સ્વભાવનો માણસ પ્રીતમાં કે ખીજમાં નીચતા દેખાડે જ, એની પાસે સારાપણાની આશા ના રખાય.

- કૂતરાની દોસ્તી રીઝ્યું તો મોં ચાટે અને ખીજ્યું તો કાં બટકુ ભરે કાં ઉપર મૂતરે.

⇨ **કૂતરી ઢુણહાંમાં આરોટે.**

મન ફાવ્યું સુખ મળવું.

- કૂતરી ઢુણહાંમાં આળોટે છે.

⇨ **કેર ફરે એક વાર ને વાઘણેય જણે એક વાર.**

કિંમતી વસ્તુ વારંવાર ન મળે.
- વાઘણ દરવર્ષે બચ્ચાં ન પણ જણે.
- બધીયે સુખડ ચંદન હોતી નથી.

- કેળ ફળે એક વખત અને વાઘણેય જણે એક વખત.

⇨ **કોક ચડાવે એટલે આપડાથી કૂદી ના પડાય.**

કોક ચડાવે ખરો પણ આપણે દરેકે પોતાની બુદ્ધિથી વિચાર કરી નિર્ણય લેવો પડે, આંધળુકીયુ ન થાય.

- કોઇ ચડાવે એટલે આપણાથી તેમાં કૂદી ન પડાય.
- કોક ચઢાવે એટલે આપડાથી કૂવે ના પડાય.
- કોઇ ચઢાવે એટલે આપણાથી કૂવામાં ના પડાય.
- કોક ચડાવે એટલે આપડાથી ફાંસીએ લટકી ના જવાય.
- કોઇ ચડાવે એટલે આપણાથી ફાંસીએ લટકી ના જવાય.
- કોકના કે'વાથી નાગા ના થઈ જવાય.
- કોકના કહેવાથી નાગા ન થઇ જવાય.



⇨ **કોકનું તો એક આકું પણ એના તો અઢાડેય આંકાં છે.**

પૂરો અવગુણથી ભરેલો.

- કોકનું એક વાંકું પણ એના તો અઢારેય વાંકાં છે.

⇨ **કોઠી અશે ત ઢાંકણાં ઘણાંય મલશે.**

આશા હશે તો અપેક્ષા પૂરી થશે.
- ઘરમાં રાંધવાનું ધાન હશે તો વાસણ-ઈંધણ મળી જશે.

- કોઠી હશે તો ઢાંકણાં ઘણાંય મળશે.
- દીકરો અશે ત માંગા આવશે.
- દીકરો અશે ત વે'લીમાંડી વવ આવશે.

⇨ **કોઠી ધોયે ત કાદવ નેંકરે.**

નકામી વાતનું પરિણામ બૂરું આવે.
- નકામી વાતથી ફાયદો ન થાય.

- કોઠી ધોવાથી કાદવ જ નીકળે.
- કોઠી ધોવાથી કાદવ જ મળે.

⇨ **કોઠી ઓય તાં ઢાંકણાંય ઓય.**

મૂળ વસ્તુ હોય તો બાકીનું મળી આવે.
- કોઇના વગર કશું અટકી રહેતુ નથી, કોઇનું કોઇ મળી આવે જ.

- કોઠી ઓય તાં ઢાંકણેય મળે.
- કોઠી ઓય તાં ઢાંકણાંય ઘણાં.

⇨ **કોય પોતાનો વાંહો ન વાંક જોતું નહીં.**

પોતાનો વાંક અને નબળાઇ કોઈ જોતું નથી.

- કોઇનેય પોતાનો વાંસો અને વાંક ન જ દેખાય.

⇨ **કોયનું નશીબ વેચી નહીં ખાધું.**

સૌ પોતાના ભાગ્યનું કમાય છે.
- દરેક પોતાનું ભાગ્ય લઇને આવે છે.

- કોઇનું નશીબ વેચી દીધું નથી.
- નશીબ વાંઝ્યું નહીં ઓતું.
- સૌ પોતાનાં નશીબનું ખાય છે.

⇨ **કોય ના પૈણે એન છેતરપાર પૈણે.**

નકામી વસ્તુનો પણ ગ્રાહક હોય છે.
- બધાના ભાગ્યમાં જોડી લખાયેલી હોય છે.

- કોઇ ના પરણે એને ખેતરપાર પરણે.
- નકટીનો વર જોગી.

⇨ **કોડિયા જેટલું કપાર ન વચ્ચે ભમરો.**

- કોડિયા જેટલું કપાળ અને વચ્ચે ભમરો.

કપાળ મોટું પણ ભાગ્ય નબળું હોય તેનું શું ?

⇨ **કોઠે જઇ આચી ન કથા કરવા બેઠી.**

- કોઠે જઇ આવી અને કથા કરવા બેઠી.
- સૌ ઉંદર મારીને બિલાડી પાટે બેઠી.

હજારો પાપ કરીને મહાત્મા હોવાનો દાખડો કરવો.

⇨ **કોની રાંણી દેવડી ન કોના દાવલશા પીર ?**

કોઇની રાણી દેવી નથી ને કોઇના પીર દાવલસા નથી.
- બધાય માટીપગા હોય છે કોઇ દેવ થઇને અવતર્યા નથી.

⇨ **કાચાં કાચાં તોય હાગના લાકડાં.**

- કહોવાયેલા તોય સાગના લાકડાં.
- ભાજ્યું ભાજ્યું તો'ય ભરૂચ.
- વાંકો તો'ય મૂછનો વાર.
- છાસ્યું હોનું પીત્તરમાંથી ના જાય.

ગમે તેવું કહોવાયેલું લાકડું પણ સાગનું તે સાગનું.
- કુળવાન ગરીબ હોય તેથી શું ?

⇨ **કાંણે કયુ'તું ક બેટા બાવરિયે ચડજે.**

- કોણે કહ્યુંતું કે બેટા બાવળિયે ચડજે.

કોઇના કહેવાથી ઊંધા કામ ન કરાય
- કોઇના કહેવાથી ખોટાં કામ કરીએ તો માઠું ફળ મળે.

⇨ **કાં નાગો જીતે કાં જાગો જીતે.**

- કાં તો નાગ જીતે કાં તો જાગતો જીતે.

આજના ઘોર કલિયુગમાં સીધા સાદા પ્રામાણિક માણસો સરળતાથી જીવી શકતા નથી. એટલે જે નાગાઇ કરે તે તે જીતી જાય અથવા જે સતર્ક રહે તે ફાવી જાય. બાકી સાદા માણસો હેરાન થાય.

⇨ **કોઇનામાં વેણાંમણ નઇ.**

- કોઇનામાં વેણામણ નહીં.
- એકબીજાના મોંમાં થૂંકે એવા છે.

સૌ સરખા છે. એક બીજાના મોંમાં થૂંકે એવા છે. અહીં સમાજમાં આવા લોકો છે, જે બધાય સ્વભાવથી વાંકા અને અવગુણથી ભરેલા છે.



⇨ **કાંણું ઘોડું કૈડકણું બવ.**

- કાંણું ઘોડું કૈણકણું બહું.

નબળું પ્રાણી અળવીતરું હોય છે અને સમાજમાં પણ અવા અંદરથી છે. જે લાગ આવે શીંગડાં ભરાવ્યા વિના રહેતા નથી.

⇨ **કોઠીએ ધાંન ખૂટે તાર ભૂખેય વધારે લાગે.**

- કોઠીએ ધાંન ખૂટે ત્યારે ભૂંજર ભૂખી વધારે થાય.
- કોઠીએ ધાંન ખૂટે ત્યારે ભૂંજર ભૂખી વધારે થાય.

નશીબ વાંકુ હોય ત્યારે તકલીફો વધે.

# ખ

⇨ **ખૈન ખાહડે મારે.**

ગુણ પર અવગુણ કરે.

- ખાધા પછી ખાસડે મારે.
- જશ પર જૂતિયા મારે.
- ખાય એનું ખોદે.

⇨ **ખણ ખોતર કરવી.**

નકામી ચેંદ કરવી.
- ખોટી ખટપટ કરવી.
- વગર ગૂને વાંક કાઢવો.

- પાણીમાંથી પોરા કાઢવા.

⇨ **ખપ એની છોછ નૈ.**

જરૂર પડે એની વસ્તું વાપરવામાં છોછ ન રાખવી.
- સ્વાર્થીપણું.

- ખપ એની છોછ ન મળે.
- ખપ એની ખપત.

⇨ **ખૈન હૂંઈ જવું ન મારી ન નાહીં જવું.**

મોટાભાગના અમૂક લોકોની ખાસીયત હોય છે કે કામ પતે એટલે છટકી જવું. દા.ત. પાટીદાર લોકો ખાધા પછી સૂઈ જાય છે અને એમના માટે કહેવાય છે કે ઝઘડો થયો હોય તો એ લોકો મારીને જતા રહે છે.

⇨ **ખરા ખોટાનાં પારખાં ધિંગાણે થાય.**

માણસ મર્દ છે કે નામર્દ, અણીના વખતે પડખે ઊભો રહે તેવો ભડવીર છે કે બાયલો તે તો સમય આવ્યો જ પારખા થતાં હોય છે.

- ખરા ખોટાનાં પારખાં ઝઘડો થાય ત્યારે થાય.

⇨ **ખરું રરે જે ગાંઠે કરે.**

દીર્ઘ દષ્ટિવાળો વ્યવહાર કુશળ અને સમજદાર માણસ જે કમાય તે વેડફી માર્યા વિના, કરકસર કરી ભવિષ્ય માટે સંગરી રાખે છે.

- ખરું રરે જે હંચકી જાણે.
- ખરું રળે જે સંગરી જાણે.
- જવાનીમાં રળે એ ઘડપણમાં દળે.

⇨ **ખરા બપોરે તારા દેખાડ્યા.**

બરાબર પાઠ ભણાવવો.

- ખરા બપોરે તારા દેખાડવા.

⇨ **ખરહાંડીન કૈ ના થાય.**

નકામી વસ્તુને કાળજીની જરૂર ન પડે.

- ખરહાંડીને ખાતર ના જોયે.
- ખરહાંડીન કઇ ન થાય.



⇨ **ખાધ્યે તો રાજાના ભંડારેય ખૂંટી જાય.**

એકલા ખા ખા કરવાથી ભરેલા ભંડારે'ય ખાતી થઈ જાય.
- આવક હોય તો જાવક કરાય એકલી જાવકથી ના જીવાય.

- આઘે ખૂંટે ન પેર્યે તૂટે.
- ખાવાથી ખૂંટે અને પહેરવાથી તૂટે.
- ખાધે કૂવા ખૂંટે.

⇨ **ખાટલે પડે એ બધાંન નડે.**

બિમાર માણસ બધાંને નડતો હોય છે. કોઈને ગમતો નથી.

- ખાટલે પડે એ તે સૌને નડે.
- ખાટલે પડે એ કોયન ના ગમે.
- ખાટલે પડે એને હૌ વડે.
- ખાટલે પડે એન હૌ ગોદાટે.
- ખાટલે પડે એને ખાહડાં પડે.

⇨ **ખાટી છાશ ઉકેડે નાખવી હારી.**

ખાટી છાશ વપરાય નહીં તો ઉકરડે નાખવાથી ખાતર બને.
- દરેક વસ્તુનો એક નહીં તો બીજો ઉપયોગ થાય જ.

- ખાટી છાશ ઉકરડે નાખવી સારી.

⇨ **ખાવાના હાંહા તાર પરોણાનાં ધાડાં.**

નશીબ વાંકું હોય ત્યારે તકલીફો વધે.

- ખાવાના સાંસા ત્યારે મહેમાનોના ધાડાં.
- ભરતામાં ભરાય ન, ખાલીમાં ટીપુંય ના પડે.
- કોઠીએ ધાંન ખૂંટે તાર ભૂખ વધારે લાગે.
- કોઠીએ ધાંન ખૂટે તાર ભૂંજર ભૂખી વધારે થાય.

⇨ **ખાવાના ફૂકા ન ઊંચકવાની એંટ્યો.**

મહેનત વધારે ને વળતર ઓછું.
- કામ વધારે ને જશ નહીં.

- ખાવાના ફૂકા ને ઊંચકવાની ઇંટો.
- ખાવાના ખોખાં ન પે'રવાનાં ચોખાં.
- ખાવાના મમરા ન ઊંચકવાના પથરા.
- ખાવાના મમરા અને ઊંચકવાના પથ્થર.

⇨ **ખાતો જાય ન ભરતો જાય.**
- ખાતો જાય ન લેતો જાય.
- ખાતો જાય અને ભરતો જાય.

ખાય તો ખરો પણ સાથે લઇને જાય.
- સ્વાર્થી અને કાવસિયો માણસ.

⇨ **ખાવાનું મલ્યું એટલે બધાં દખ ભૂલી.**
- પેટમાં ખીચડી પડી એટલે ભવનાં દખ વિસરી ગઇ.
- પેટ ઠરે તાર તડાકા વધે.
- પેટ ઠરે તાર બડાસો વધે.
- પેટમાં ના મલે રોટિયા, સબ બાતે ખોટિયાં.
- પેટમાં કૂવો ન વરઘોડા જુઓ.

પેટની આગ ઠરે એટલે બધાં દુઃખ ભૂલી જવાય.
- ભર્યા પેટે ઘણું સૂઝે.

⇨ **ખારે ડૂંચા ન બાંચણાં ઉઘાડાં.**
- ખાળે ડૂંચા અને બારણાં ઉઘાડાં.
- છાશનો લોભ ને ઘીની છૂટ.
- પૈણ્યાની બાધા ન નાતરાની છૂટ.
- કોડી કોડીમાં કૃપણ ને રૂપિયામાં દાતાર.
- ઊંટનાં ઊંટ ઊડી જ્યાં ન ગધાડાના ભાવ.

મૂર્ખાઇભર્યું કામ.
- ખોટું થઈ ગયા પછી પસ્તાવો કરવો.

⇨ **ખાતું ના જણાય પણ માતું જણાય.**

ચૂપચાપ ખાઇને કામ કરતો માણસ ઘર કુટુંબમાં સમાઇ જાય પણ ખાઇને પડી રહેનારને કોઇ સાંખી ન લે, સૌની નજરે ચઢે.

⇨ **ખિસકોલીની દોટ્ય ગારા હુંધી કે થારા હુંધી**
- ખાખરાની ખિસકોલન હાકરના હવાદની શી ખબર પડે ?

સામાન્ય માણસની વગ, પહોંચ અને ગજુ એના સ્તરના માણસ સુધી જ હોય છે.
- દરેકને પોતાની હેસિયત પ્રમાણેની મર્યાદા હોય છે.

⇨ **ખેડૂત અરે ફરતો હારો ન બરદયો ઘરે ફરતો હારો.**

નબળો કે બેઠાડું માણસ નુકશાન કરે, આળસુ થઇ જાય એટલે જે તે વસ્તુ વપરાશમાં રહે તો જ સારી રહે.



⇨ **ખોખરી ડાંગ આંલ્લા જોગ હારી.**
- છાસ્યુ હોનું પિતરમાંથી ના જાય.
- ખોખલી લાકડી હાંલ્લા જોગ સારી.
- મોટો કુહાડો કાંઇ ના કાપે, વજવેલ કાપે છીણીઓ, રેતીમાં જે ખાંડ વેરાણી, તે વીણી કાઢે કીડીઓ.

દરેક નકામી લાગતી વસ્તુનો પણ ક્યાંક ને ક્યાંક ઉપયોગ થવાનો જ એટલે એને નકામી ગણી ફેંકી ન દેવી.

⇨ **ખોટો પણ ગાંઠનો રૂપિયો.**
- ઘેલો તો પણ પેટનો દીકરો.
- ઘેલો તો પણ મારો ધણી.
- બાંકો પણ માંકો.

પોતાની ગમે તેવી ચીજ હોય પણ તેનું મૂલ્ય પોતાને જ હોય છે. બીજાને નહીં, એ હોવાનો સધિયારો જ મોટી વાત છે.
- ગાંડો ઘેલો તોય પોતાનું માણસ.

⇨ **ખોદે ઉંદર અને ભોગવે ભોરિંગ.**
- વાવે કલજી અને લણે લલજી.
- આંધરી દરે ન કૂતરાં ખાય.
- મારે મિયાં ન કૂલાય પેંજારા.
- લડે સિપઇ ન જહ જમાદારને.
- કમાય ટોપીવાળા ને ઉડાવે ધોતીવાળા.
- પાદનારી હૂંઠ ખાય ન જણનારી જોયા કરે.

નશીબદાર જ ભોગવે કમનશીબ મજૂરી કરે.

⇨ **ખોબા પાણીમાં આપઘાત ન થાય.**
- ખોબા પાણીમાં ડૂબી ના મરાય.
- ઊના પાણીએ ઘર ના બરે.

આપઘાત કરવા કે ડૂબી મરવા વધારે પાણી જોઇએ. ખોબા પાણીથી કઇ ન થાય. પણ ખોટો ત્રાગડો કરનાર માટે આવું વપરાય છે.

⇨ **ખોટો રૂપિયો ખોવાય ના.**
- ખોટો રૂપિયો ખોવાય નહીં.

નકામા રૂપિયાને કોઈ લેતું નથી. અર્થાત્ ડફોળ કે નકામા માણસને કોઈ સંઘરતું નથી. એને પાછો ઘેર જ ધકેલે છે.

# ગ

⇨ **ગઇ આબરું પાછી ના'વે.**

- ખોવાયેલી આબરું પાછી મળતી નથી.
- નાક કપાયા પછી જીવતર ધૂળ.
- મણનું માથું જજો, પણ નવટાંકનું નાક ના જશો.
- કાળ જાય પણ કલંક ના જાય.
- બુંદસે ગઇ વો હોજસે ના આવે.

એક વખત આબરું ગયા પછી સમાજમાં એનું સન્માન રહેતું નથી.
- આબરું ગયા પછી માણસ કોડીનો થઇ જાય છે એની કોઇ કિંમત રહેતી નથી.

⇨ **ગઇ ગુજરી ભૂલી જવાની.**

- ગઇ તિથિ તો બાંમણેય ના વાંચે.

ભૂતકાળ ભૂલી જવો સારો.
- ભૂતકાળ ભૂલી જવામાં જ ફાયદો છે.

⇨ **ગજવેલના પારખાં ના ઓય.**

- ગજવેલના પારખાં ના હોય.

ઉત્તમ વસ્તુની પરખ કરવાની હોય જ નહીં.
- મર્દ કે સતી સ્ત્રીના પારખાં ન કરાય.
- સોનાની પરખ ન કરાય.
- હીરાની પરખ ન હોય.

⇨ **ગજની ઘોડી ન હવા ગજનું પાહું.**

- ગજની ઘોડી ન સવા ગજનું પાહું.
- સોના કરતાં ઘડામણ મોંઘું.
- માથા કરતાં મનોહર મોટું.

નકામો દેખાડો કરવો.
- હોય એના કરતાં વધારે દેખાવ કરવો.

⇨ **ગજ ભરે પણ તહું ના છોડે.**

- ગજ ભરે પણ તસું ના છોડે.

કંજૂસ માણસ, બાંધછોડ ન કરનાર માણસ.

⇨ **ગજા પરમાંણે ગાતર કરવું.**

- ઘર પ્રમાણે બારશાખ.
- ઘંટી પ્રમાણે ઓરણું ને ચૂલા પ્રમાણે ખોરણું.
- કીડીની ગાંડમાં કૉશનો ડાંમ ના હોય.
- પછેડી હોય તેટલી જસોડ તાણવી.

જેવી સ્થિતિ તે પ્રમાણે ખર્ચ કરવો.
- પરિસ્થિતિ પ્રમાણે જ વર્ણવું.



⇨ **ગજા વગરની ગધાડી, ગાતર કરવા જતાં તૂંટી ગઇ.**

- ગજા વગરની ગધેડી, ગાતર કરવા જતાં તૂટી ગઇ.

ગજા બહારનો ખર્ચ કરવા જતાં દેવામાં ડૂબી જવાય. ઘોડું, ગધેડું, બળદ કે માણસ પોતાની તાકાત કરતાં વધારે જોર કરે તો તૂટી જાય છે. ડૂંકી જાય છે.

⇨ **ગધાડાનો વિવા ન પાટુએ રિયાત.**

- ગધેડાનો વિવાહ અને પાટુંની રળિયાત.

ગધાડાના વિવાહમાં લાત સિવાય કશું જ ન મળે.
- હલકા માણસના સંગમાં બદનામી જ મળે.

⇨ **ગધાડા પર અંબાડી.**

- ગધેડા પર અંબાડી ન શોભે.
- ધૂળ પર લીંપણ.
- પીઢોર[1] પર ટીપણી.

જેની જેવી હેસિયત, એ પ્રમાણે માન-પાન ને કામ.

⇨ **ગધાડા પર અંબાડી ના શોભે.**

- ધૂર પર લેંપણ ના થાય.

''

⇨ **ગધાડીન વરી બગઇ વરજી.**

- ગધાડીની જાત ને વળી બગઇ વળગી.
- મૂળમાં મિયાં ને ઉપરથી ભાંગ પીધી.
- મૂળમાં વાઘરણ ને પાછી વગડે લૂંટઇ.
- વાંદરાને નીરસણી આપવી.
- ગધેડી કુંલેકે ચઢી.

હલકા પાત્રને ઊંચું સ્થાન મળવું.
- અવળચંડાને ઊંચે ચઢાવવો.
- હલકું પાત્ર ત્રાગું કરે, તોફાન કરે.

⇨ **ગધાડાન આદાશીશી ચડે એવું બોલવું.**

- ગધેડાને આધાશીશી ચઢે તેવું બોલવું.

ગધેડાને માથું દુખતું નથી અથવા દુખતું હોય એવી ઘટનાની જાણ નથી પણ એવા અવળા કે વિચિત્ર વેણ બોલવા જેથી આવું બને.

⇨ **ગધેડાને નવરાયે ઘોડું ના થાય.**

- ગધાડાં રંગીન વાઘ ના બનાવાય.
- ગધેડાને નવરાવવાથી ઘોડો ન થાય.

મૂળભૂત લક્ષણ ન બદલાય.
- મૂળભૂત સ્વભાવ ન જ બદલાય.

૧. માટીનું ચણતર

⇨ **ગધાડે બેહીન ઘેર ના ઉતરાય.**

મૂરખ જેવું કામ કરી જગ જાહેર ન કરાય.
- ગધેડા પર બેસીને ગામમાં જવાથી આબરું જાય.

- ગધાડે બેહીન ગાંમતરે ના જવાય.
- ગધેડા પર બેસીને ઘરે ના ઉતરાય.

⇨ **ગધાડા જોડે ગાય બાંધીએ ભલે ભૂકે નૈ પણ લાત મારતાં શીખે.**

ખરાબ સંગની અસર થાય.
- સંગ તેવો રંગ.

- સોબત તેવી અસર.

⇨ **ગધાડું ઉકેડો દેખીને ભૂકે.**

લક્ષણ કદી ન છૂટે.
- પડી ટેવ ન છૂટે.
- મૂળગત સ્વભાવ ન છૂટે.

- ગધેડું ઉકરડો જોઇને ભોંકે.

⇨ **ગધાપચ્ચી ઓ ગધા પચીસી.**

યુવાનીની આ ઉંમર આગળ પાછળનો કે, સારા નડતાનો કશો વિચાર કરતો નથી, પોતાનું ધાર્યું જ કરે.

- ગધા પચીસી એટલે ગધા પચીસી.

⇨ **ગમે એની ગાંડ ગમે, ના ગમે એનું મોંય ના ગમે.**

પોતાની ઇચ્છાની વાત છે અને જેની સાથે સારા સંબંધ હોય એની નાંખી દેવા જેવી વાત પણ ઉત્તમ લાગે.
- ગમતાની ગાળ ગમે પણ દુશ્મનનો સારો બોલ ગાળથીય ભૂંડો લાગે.

- ગમે એની પૂંઠ ગમે, ના ગમે તેનું મોઢું ન ગમે.

⇨ **ગમે એમના હુઓ ગાંડ ખાટલા વચ્ચેની વચ્ચે.**

કર્યું પોતે જ ભોગવવું પડે.
- કશો જ ફરક પડતો નથી જે બનવાનું છે તે બનીને જ રહેશે.

- ગમે તેમના સૂવો ગાંડ ખાટલા વચ્ચેની વચ્ચે.

⇨ **ગબલા ચોથ્ય કરવી.**

આ તિથિ પંચાંગમાં આવતી નથી.
- આ તિથિએ ઉપવાસ હોય નહીં
- પણ કોઇ વાત વાતમાં પંચાયત કરે, વગર કારણે ડખો કરે ત્યારે કહેવું પડે
- ગબલા ચોથ બંધ કર્ય - અર્થાત્ બક્વાસ બંધ કર

- ગબલા ચોથ્ય બંધ કર્ય.
- ગબલા ચોથ્ય કરવી નૈ.
- બકવાસ બંધ કર્ય/કર.

⇨ **ગયા અવસર આવે નૈ.**

ગયો સમય પાછો ન આવે
- હંમેશા વિતેલો સમય, વિતેલી ક્ષણો સારી લાગે. ભૂતકાળ સારો લાગે.

- ગયું વરહ વખણાય.
- ગયું વરસ વખણાય.



⇨ **ગરથ વગરનો ગાંગલો.**

રાંક કે ગરીબની કોઇ કિંમત હોતી નથી.
- પૈસા વગરને ગાંડામાં ખપે, પરંતુ ફાવ્યો તે ડાહ્યો ગણાય.

- નાણાં વગરનો નાથ્યો ન નાંણે નાથાલાલ.
- ફાયો તે ડાયો.

⇨ **ગરથ વગરનો ગાંડો ન છોકરાં વગરનો નાંનો.**

પૈસા વગરનો ગાંડામાં ખપે અને વસ્તાર વગરનો છોકરાંમાં ખપે.

- ગરથ વિનાનો ગાંડો, ને છોકરાં વગરનો નાનો.

⇨ **ગરીબ બોલે ત ટપલા પડે ન, મોટા બોલે ત તાલીયો પડે.**

આજના યુગમાં ધનવાન અને સત્તાવાનની કિંમત હોય છે. ગરીબની નહીં.

- ગરીબ બોલે તો ટપલા પડે ને, મોટા બોલે તો તાળીયો પડે.

⇨ **ગરીબની ગાંડમાં દાંત ઓય.**

ગરીબ તુમાખીવાળો અને તુંડ મિજાજી હોય છે.

- ગરીબની ગાંડમાં દાંત હોય.

⇨ **ગરીબની બાયડી ગાંમ આખાની ભાંજઇ ગણાય.**

ગરીબની સ્ત્રીની ગાંમ આખું મજાક કરે, કદાચ ભોગવે પણ ખરા તોય બોલાય નહીં. મજાક મશ્કરી કરવામાં કોઇ નાનમ અનુભવતું નથી.

- ગરીબની ઘરવાળી ગામ આખાની ભાભી ગણાય.

⇨ **ગરીબનો બેલી ઇશ્વર.**

જેનું કોઇ નથી તેનો ભગવાન સહારો ગણાય ગરીબને મારે તેને હાય લાગે.

⇨ **ગરીબને મારે એનું સત્યાનાહ જાય.**

ગરીબને પજવે, હેરાન કરે તે સુખી ન જ થાય.

- ગરીબને મારે એનું જડામૂળ જાય.
- ગરીબને મારે તેનું સત્યાનાશ જાય.
- ગરીબને કનડે એન ભગવાન જોવે.
- ગરીબને નડે એનું ગાડું ઘોંચમાં પડે.
- ગરીબની આંતેડી કકરાવે એન દા'ડો ના વરે.
- ગરીબના નેહાહા નંખોદ વારે.

⇨ **ગરીબનું હગું કોયની ગણતરીમાં નઇ.**

- ગરીબનું સગું કોઇની ગણતરીમાં ન આવે.

ગરીબના સગાની કોઇ કિંમત ન હોય.

⇨ **ગાજરની પીપૂડી વાગી ત વાગી નેંકર કૈડી ખાવાની.**

- વાગ્યું તો તીર નૈતર તુક્કો.
- ગાજરની પીપૂડી વાગી તો વાગી નહીં તો કરડી ખાવાની.
- લપશી પડ્યા તો કહે હરિગંગા.

કામ થયું તો ઠીક, નહીં તો કઇ નહીં, ચાલ્યા કરે.
- તકનો ઉપયોગ થાય તો કરી લેવો, ન થાય તો વસવસો ન કરવો.

⇨ **ગાડા નેંચે કૂતરી હેંડે એટલે એનાં ભાર એ ખેંચતી નહીં ?**

- હું કરું હું કરું એજ અજ્ઞાનતા સકટનો ભાર જેમ શ્વાન તાણે.
- એના મૂતરે દીવા બરે છ.

હું જ કરું એવું મિથ્યાભિમાન ન કરવું.

⇨ **ગાડા પે'લા હમોલ શું કાંમની.**

- ગાડા પહેલા હમોલ શું કરવાની.
- ઘોડા પે'લા લગાંમ શા કાંમની.
- ઘોડા પહેલા લગાંમ લાયા.
- જાતને 'કે અને ખવડાયા.

જેની જરૂર નથી, એની અગાઉથી ગોઠવણ ન કરાય.
- જન્મતા પહેલાં બાળકનું નામ ન પડાય.

⇨ **ગાદીન માંન અને ગાદીન સલાંમ.**

- ગાદીને માન અને ગાદીને સલામ.

સત્તાને માન.
- સત્તાને સૌ નમે.

⇨ **ગાય લેવી દૂઝતી ને વવ લેવી શોભતી.**

- ગાય દૂધ આપતી લવાય અને વહું શોભતી લવાય.

ગાય દૂધ આપતી લેવાય, ને વહું રૂપાળી ને સંસ્કારી લવાય.

⇨ **ગાયનું ભેંસ તરે ને ભેંસનું ગાય તરે.**

- ખોટી જગ્યાએ ખોટી વાત કરી બગાડી મુકવું.
- ગાયનું ભેંસ તળે'ને ભેંસનું ગાય તળે.

કંઇ જગ્યાએ કંઇ વાત કરવી તે સમજણ વગરનો.
- આ કહેવત બે વિરોધાભાષી અર્થમાં ગામડે વપરાય છે.
- દા.ત. કંઇ જગ્યાએ કેવી રીતે વાત કરવી એનું વિવેકભાન ન હોય તેવા માણસને ઠપકારૂપે કહેવાય છે.
- અર્થાત્ - ખોટી જગ્યાએ ખોટી વાત કરી બગાડી મૂકવું અને બીજો અર્થ એ થાય કે માણસ આર્થિક રીતે ગૂંચવાઇ ગયો હોય ત્યારે આવક કરતાં જાવક વધારે હોય ત્યારે એકની પાસેથી લઇ બીજાને ચૂકવે ત્યારે.
- ત્રીજો અર્થ : આલ્યાની ટોપી લાલ્લાન માંથે, ને લાલ્લાન ટોપી આલ્યા માંથે.



⇨ **ગાર દે એનું મોં ગંધાય.**

- ગાળ દે એનું મોંઢુ ગંધાય.
- ભૂંડું બોલે એને ભગવાન જૂએ.

ગાળ ન બોલાય, એ અછકલાપણું કહેવાય.

⇨ **ગાર એટલે ઘીની નાર.**

- ગાળ એટલે ઘીની નાળ.[1]

આ કહેવાત પણ ગામડે બે અર્થમાં વપરાય છે, ગરજું લાલચું કે સ્વાર્થી માણસને ગાળ દેવા છતાં અપમાન લાગતું નથી. જો હસતે મોંએ ગાળ ખમીને કામ કઢાવી લે છે.

⇨ **ગાડું જોય ગુડા ભાગ્યા.**

વાહન જોતા ચલાવવાની શકિત ગુમાવી.

⇨ **ગાલ્લાનું પંડ્યુ ફરે એમ બોલીન ફરી જવું.**

- ગાડાનું પૈડું ફરે તેમ બોલીને ફરી જવું.

બેવચની જુઠ્ઠો, લબાડ.

⇨ **ગાય બકરાંના વાડા ઓય, સિંહના નૈ.**

- ગાય બકરાંના વાડા હોય, સિંહના નહીં.

શૂરવીર, ભડવીર, નરબંકો, દાનવીર કે ટેકીલા સમયે આવ્યે માથું આપી દેનારા માણસો, એકલ-દોકલ જોવા મલે, ટોળામાં નહીં, જવલ્લે પેદા થતા હોય છે.

---

૧. ઘીની નાળ : આ શબ્દ ગામડામાં ઉછળેલાને ખબર પડશે. પહેલાંના જમાનામાં ઘી-દૂધની બહું છત હતી ત્યારે જાન ગાંડામાં જતી, સામે કન્યા પક્ષવાળા તરફથી જાનના બળદોને નાળમાં ભરીને ઘી પીવડાવવામાં આવતું. આ ઘી પાવા માટે વાંસની બનેલી કિત્તા જેવી એકબાજુથી બંધ ભૂંગળોને 'નાળ' કહેવામાં આવે છે.

⇨ **ગાંગડું તે વરી કોય દા’ડ ચડતા અશે.**

- ગાગડું તો વળી કોઈ દિવસ ચઢતા હશે.

કઠોળ પ્રકારનાં ધાન બાફતાં કેટલાક દાણાં બફાતા નથી. એવાને એવા જ રહે છે તેને ગાંગડુ કહે છે.
- સમાજમાં પણ એવા માણસો પાકતા હોય છે જેને કશી અસર થતી નથી. તેવાને પણ ગાંગડુ કહેવામાં આવે છે.

⇨ **ગાંઠનું ખઈન ગાંડા આર્યે જવાનું.**

- ગાંડા આર્યે જવાનું ન ગાંઠનું ખાવાનું.
- ગાંડા સાથે જવું ને ગાંઠનું ખાવું.

ગાંઠનું ખરચીને મૂર્ખાઈભર્યું કામ કરવાનું.

⇨ **ગાંઠેથી ગરથ જાય ન લોકમાં હાંસી થાય.**

- છાશમાં માંખણ જાય ન રાંડ ફૂવેડ કે’વાય.
- પૈસા ખોઈને અક્કલ વગરના સાબિત થવું.
- ગાંઠે થી ગરથ જાય ને લોકમાં હાંસી થાય.

ગાંઠનુ ખર્ચીને મૂર્ખાઈભર્યું કામ કરવાનું.

⇨ **ગાંડ ધોયન કડી ના થાય.**

- ગાંડ ધોઈને કઢી ન થાય.

અક્કલ નેવે મૂકીને અવળાં કામ ન થાય.

⇨ **ગાંમ એટલે આથીનો પગ.**

- ગાંમ તો આથીનો પગ કહેવાય.
- ગાંમ એટલે હાથીનો પગ.

ગામમાં રહેતા બધાને, ગામના નિયમો પાળવા પડે, ન પાળે તો એને ગામ બહાર મૂકવામાં આવે છે. આમ ગામધણી, મુખી કે આગેવાન પાસે વિશાળ સત્તા હોવાના અર્થમાં વપરાય છે.

⇨ **ગાંડાનાં ગાંમ ના ઓય, પણ ગાંડા ગાંમે ગાંમ ઓય.**

- ગાંમ ઓય તાં ગાંડાય ઓય.
- ગાંમ ઓય તાં ઢેડવાડોય ઓય.
- ગાંડાના ગામ ન હોય, પણ ગાંડા ગામે ગામ હોય.

ગાંડા અલગ વસતા નથી, આપણી વચ્ચે જ રહેતા હોય છે.



⇨ **ગાંણુ ગરાસિયાનું ન, ખાંણું વાંણિયાનું.**

- ગાણુ ગરાસિયાનું ન ખાણું વાણિયાનું.

લગ્નગીતો કે ફટાણાં ગરાસિયાનાં વખણાય અને જમણવાર વાણિયાનું વખણાય.

⇨ **ગાંમના મોંએ ગૈણું ના બંધાય, ગોરાના માંડે બંધાય.**

- ગામના મોંઢે ગરણું ન બંધાય, ગોરાના મોંઢે બંધાય.

એકલદોકલ કશીય વાત કરે, અફવા ઉડાડે એને રોકી શકાય પણ આખું ગામ વાત કરતું હોય તેને રોકી શકાય નહીં.

⇨ **ગાંમમાં રાંમેય ઓય ને ધોબકાય ઓય.**

- ગામમાં રામેય હોય ને ધોબીય હોય.

ગામમાં સારા માણસો હોય અને ખરાબેય હોય.

⇨ **ગાંમ ઓય તાં ઢેડવાડોય ઓય.**

- ગામ હોય ત્યાં ઢેડવાડોય હોય.

ગામ હોય ત્યાં નકામા માણસોય વસતા હોય છે.

⇨ **ગાંમની છોડીન પરગાંમની વવ.**

- ગામની છોકરી ને પરગામની વહુ.

સ્થાન ને સ્થિતી બદલાતા માણસનું સ્થાન-માન બદલાય છે.

⇨ **ગાંમ્માં ઘર નઈ ન સેમ્માં છેતર નઈ.**

- ગામમાં ઘર નહીં ને સીમમાં ખેતર નહીં.

નફકરો, ભમતો ભૈડો, ધનદોલત વગરનો ઉભ્ભડ.

⇨ **ગાંમાત પાડાને ડબ્બે ના પુરાય.**

- ગામના (હરાયા) પાડાને ડબ્બે ન પુરાય.

ગામના ઉતાર, માથા ફરેલ, દાંડ, કે દાદાને કોઇ કશું કહી શકે નહીં, એને રોકી-ટોકી શકાતો નથી

⇨ **ગાંયજો ઊઠ્યો ન ખાંપો ફૂટ્યો.**

- ગાંયજો ઊઠ્યો ને ખાંપો ફૂટ્યો.

દાઢી કર્યાની બીજી જ ક્ષણેથી વાળ ઊગવાની પ્રક્રિયા શરૂ થઇ જાય છે.

⇨ **ગાંમ લૂંટીન ચોરાસી ના થાય.**

- ગામ લૂંટીને ચોરાસી ન કરાય.
- હરામના પૈસાથી ધર્માદો ના કરાય.
- ગાંમ ભાજીન ચોરાશી ના થાય.

ખરાબ રસ્તે કરેલી કમાણીમાંથી ધાર્મિક કાર્યોમાં ન વપરાય.

⇨ **ગુરૂ કે' એમ કરવું, ગુરૂ કરે એમ ના કરવું.**

- ગુરૂ કહે એમ કરવું, ગુરૂ કરે એમ ન કરવું.

ગુરૂ કરે એક કરવા જતા સલવાઇ જવાય.

⇨ **ગોર નાખો એટલું ગર્યું થાય.**

- ગોળ નાખો એટલું ગળ્યું થાય.

જેટલો ખર્ચ કરો એવું વળતર મળે.

⇨ **ગોલાં કરતાં ગધાડાં બવ ડાયાં.**

- ચા કરતાં કીટલી વધારે ગરમ.
- ગોલા કરતાં ગધેડાં બહું ડાહ્યાં.
- શેઠ કરતાં વાંણોતર ચઢે.

હલકુ માણસ વધાર ડહાપણ કરે.



## ઘ

⇨ **ઘડાનું અજવારુ ઘડામાં રે.**

- ઘડાનું અજવાળુ ઘડામાં જ રહે.
- બલાડી બલાડીના ગૂને ઢાંકે.

પોતપોતાનું જ કરે બીજાને કામ ન આવે - પોતપોતાનું કરનાર, સ્વાર્થી માણસ.

⇨ **ઘડા ભાજીન કરશ્યા કરવાના.**

- ઘડા ભાગીને કળશ્યા (લોટા) કરવાના.
- ધોત્યાં ફાડીન લંગોટ કરવાનાં.
- લાખના બાર બાર હજાર કરવાના.

ખોટનો ધંધો કરવાનો.

⇨ **ઘડીની નવરાશ નૈ ન, પૈની પેદાશ નૈ.**

- ઘડીની નવરાશ નહીં ને પાઇને પેદાશ નહીં.

લોકોની ચોવટ કરવી, પારકી પંચાત કરવી.

⇨ **ઘણા વારાએ ઘણી લાય, છતા ઘી એ લૂખ્ખું ખાય.**

- ઘણા વારાએ ઘણી લાય, છતા ઘી એ લૂખ્ખું ખાય.

ધનદોલત વધારવા તદ્દન ખોટી કરકસર કરે.
- હોવા છતાંય વાપરી ન શકે.

⇨ **ઘણાં છોકરાં ઓય એટલે બાવાને ના અલાય.**

- ઝાઝા છોકરાં ઓય એટલે માઝમમાં ના મે'લાય.
- આથ લાંબા ઓય એટલે વાડ્યમાં ના ઘલાય.
- ઘણાં છોકરા હોય એટલે બાવાને આપી ના દેવાય.

વધારે હોય એટલે વેડફી ના ખંખાય.
- વાપરવામાં પણ વિવેક ભાન રાખવું જોઇએ.

⇨ **ઘણી ભૂખ ઓય એટલે બે આથે ના ખવાય.**

- ઝાઝી ભૂખ ઓય એટલે બે આથે ટૂંટી ના પડાય.
- ઘણી ભૂખ હોય એટલે બે હાથે ના ખવાય.

કોઇપણ વસ્તુનો અતિરેક ના થાય.
- ઝાઝી જરૂરીયાત હોય એટલે ધાડ ના પડાય.

**⇨ ઘણું તાંણ્યે ટૂંટી જાય.**
- બહુધામાં મઝા નૈ.
- અતિશય ગળપણ, કડવાશમાં પરિણમે.
- અતિસારા સંબંધ તૂટે.
- ઘણું તાંણવા જતા તૂંટી જાય.

કોઈપણ વસ્તુનો અતિરેક સારો નહીં.
- બહુ ખેંચવાથી સંબંધમાં તિરાડ પડે.

**⇨ ઘર ઉઘાડું દીકરાથી રે'.**
- ઘર ઉઘાડું દીકરાથી રહે.
- દીકરાથી વંશ ચાલે.

દીકરો વારસદાર બને, દીકરી નહીં.

**⇨ ઘર ઓય તો વાહણ ખખડેય ખરાં.**
- ઘર ઓય તે કંકાહેય થાય.
- ઘર હોય તો વાસણ ખખડ્યે ખરાં.
- ઘેર ઘેર માટીના ચૂલા.

ઘર હોય તો કંકાસ થાય.

**⇨ ઘર દેખી પગમાં જોર આવે.**
- ઘરે જતાં બરધ્યાં રે'વાલમાં હેંડે.
- ઘર દેખી પગમાં જોર આવે.

ઘરમાં નિરાંત મળશે, ખાવા મળશે, પ્રેમ મળશે એ કારણે પગમાં તાકાત આવે છે.

**⇨ ઘરઘણી મટી ભાડૂત થવું.**
- કાકા મટીન ભત્રીજા થવું.
- શેઠ મટીન વાંણોતર થવું.
- બાપ મટીન દીચરા થવું.
- ઘર ધણી મટીને ભાડૂઆત થવું.

લાચાર સ્થિતિમાં આવી જવું.
- ગમે તે કારણસર સમાધાન કરવું.
- નમતું જોખવું.

**⇨ ઘર બારીન તીરથ ના થાય.**
- ઘર બારી તાપણું ના થાય.
- ઘર બારીન તપાય ના.
- ગામ ભાજીન ચોરાસી ના થાય.
- ગામ ભાગીને ચોરાસી ન થાય.
- દેવું કરીન જાતરા ના થાય.
- ઘર બાળીને તીરથ ના થાય.

અજુગતું કામ ના થાય.
- મોટું નુકશાન કરી ભવિષ્યના ફળની આશા ન રખાય.



**⇨ ઘરના કાંમે રાજાય ગુલાંમ.**
- ઘરના કાંમે પંડિત ગુલાંમ.
- ઘરના કાંમે ધણી ગુલાંમ.
- ઘરના કામે રાજા પણ ગુલામ.
- ઘરના કામે બારભાયા ગુલામ.

ઘરના કામમાં મદદ કરવી પડે, ભલે પછી તે રાજા, પ્રધાન, કે ભડભાયડો ધણી હોય.
- ઘરના કામમાં મદદ કરવી જ પડે. બધાયે કામ કરવું પડે, અભિમાન ન ચાલે.

**⇨ ઘરની ઉંદેડી ગારામાં કે થારામાં.**
- ઘરની ઉંદરડી ગાળામાં કે થાળામાં.
- ખિસકોલીની દોટ ગારા હૂંધી.

બાંધી આવકવાળા ગૃહસ્થનું ભ્રમણ સીમિત હોય.
- ગામડામાં પહેલા અનાજ દળવાળી ઘંટી રહેતી, એના થાળામાં અનાજના દાણા અને લોટ પડી રહે એટલે ઉંદરો એમાં ખાવા આવતા.

**⇨ ઘરની ઓડીને કુવો ફોદ્દાર.**
- મોસાળમાં ગયા તો મા પીરસનારી મલી.
- ઘરની હોડી ને કુવો ફોજદાર.

જ્યાં કામ કઢાવવાનું હોય ત્યાં જો સગો જ અધિકારી હોય તો કામ સરળતાથી પતી જાય છે.

**⇨ ઘરના ભૂવાન ઘરના જાગરિયા.**
- ઘરના ભૂવા અને ઘરના જાગરિયા.

બધાજ ઘરના માણસો હોય તો તકલીફ ન પડે.
- ભૂવો ધૂણે ત્યારે એના જ સાગરીતો સાથે હોય છે. એક ડાકલું વગાડે અને બીજો છબલીકાં વગાડનાર, આ બેય ને જાગરીયા કહેવામાં આવે છે. આ ત્રણેય જણા જો ઘરના હોય તો ઠગવામાં કે ખોટું કરવામાં કોઇ ડર રહેતો નથી.

**⇨ ઘરનો દીવો દીકરો.**
- ઘરનો દીવો દીકરો.
- ઘરનો દીપક દીકરો.

ઘરનો દીપક, દીકરો ગણાય છે.
- દીકરો ઘરનો કૂળદીપક ગણાય.

**⇨ ઘર નાંનુંન ગરબડ ઝાઝી.**
- ઘર નાંનુન લફરાં બવ.
- ઘર નાંનુ ને લોચા ઘણા.
- મંદિર નાનું ન ભગતડાં બવ.
- ઘર નાનું અને ગરબડ બહું.

નાના ઘરમાં ગરબડ વધારે.
- નાની નાની વાતમાં ઉપાધિ થાય.
- ઘરમાં પ્રશ્નો ઘણા ઉદ્‌ભવે.

⇨ **ઘરના છોરાં ઘંટી ચાટે ન ઉપાધ્યાન આટો.**

- ઘરના છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો.
- ઘરના છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટા.

ઘરનાં છોકરાં ભૂખે મરે અને બ્રાહ્મણને પાકાં ભોજન કરાવે.
- વધારે પડતી ઉદારતા બતાવવી.
- પોતે સહન કરી બીજાને મદદ કરવાની મૂર્ખામી કરવી.

⇨ **ઘરમાં આંલ્લાં કુસ્તી કરે.**

- ઘરમાં હાંલ્લા કુસ્તી કરે.

ઘરમાં ખાવાનાં દાણા ના મળે.
- પારાવાર ગરીબાઇ.

⇨ **ઘરમાં ખાધો રાંડે ન બાર્ય ખાધો ભૂતે.**

- ઘરમાં ખાધો રાંડે ને બહાર ખાધો ભૂતે.

ખૂબ કમનશીબ માણસ કે જેને ઘરમાં કે બહાર શાંતિ ન મળે, ઠરવા વારો ન આવે.
- નિરાંત ન મળે.

⇨ **ઘરમાં કઇ ચાલે નૈ ન બા'ર્ય બબ્બે તરવાર બોંધીન ફરે.**

- ઘરમાં કંઇ ચાલે નહીં ને બહાર બે બે તલવાર બાંધીને ફરે.

ખોટો દંભ કરવો.

⇨ **ઘરમાં બીકણ બલાડીને બાર્ય વાઘ થઇન ફરે.**

- ઘરમાં બિકણ બિલાડી અને બહાર વાઘ થઇને ફરે.

ઘરમાં ચાલે નહીં અને બહાર લોકોને દેખાડો કરે કે મારાથી સૌ ડરે છે.
- પત્નીથી દબાયેલો માણસ.
- ફાડું માણસ.

⇨ **ઘરમાં ગરોળીથીયે બીવે અને બા'ર કે' ઉં તીસમારખાં.**

- ઘરમાં ગરોળીથીયે બીવે અને બહાર કેહે હું તીસમારખાં.

,,

⇨ **ઘરમાં ટકાના તૈણશેર ને બાર કે' ઉં તીસમારખાં.**

- ઘરમાં ટકાના ત્રણશેર ને બહાર કહે હું તીસમારખાં.

,,

⇨ **ઘરમાં ચલણ ચૂલા ને પાંણીયારા વચ્ચે.**

- ઘરમાં ચલણ ચૂલા અને પાંણીયારા સુધી જ.

,,



⇨ **ઘરમાં મિંદડી મિયાઉ અને બાર્ય વાઘ થઇને ફરે.**

- ઘરમાં મિંદડી મિયાંઉ અને બહાર વાઘ થઇને ફરે.

ઘરમાં ચાલે નહીં અને બહાર લોકોને દેખાડો કરે કે મારાથી સૌ ડરે છે.
- પત્નીથી દબાયેલો માણસ.
- ફાડું માણસ.

⇨ **ઘરમાં બાયડી મારે અને બા'ર ફૂંફાડા મારે.**

- ઘરમાં બૈરી મારે અને બહાર ફૂંફાડા મારે.

,,

⇨ **ઘરધણી કે' મારે ખપ નૈ'ન પાડોશી કે મારા માંથા પર !**

- ઘરધણી કહે મોર ખપ નથી અને પાડોશી કહે મારા માથા પર !

ઘરમાં માન નહીં અને બહાર બીજા માન આપે એનો શો અર્થ ?
- ઘરધણીને ખપ નથી પણ પાડોશીને એ ગમતો પણ હોય.
- એકને જરૂર નથી પણ બીજાને તે ઉપયોગી પણ હોય.

⇨ **ઘરમાં લગન હાંમું તાર વવ વડ્યાં.**

- ઘરમાં લગ્ન આવ્યું ત્યારે વહુ આડી ફાટી.
- ઘરમાં લગન આયું તાર વવ તાયફે ચડ્યાં.
- ઘરમાં લગ્ન આવ્યું ત્યારે વહુએ તાયફા શરૂ કર્યા.
- ઘરમાં લગન આયું તાર વવને વાંકુ પડ્યું.
- ઘરમાં લગ્ન આવ્યું ત્યારે વહુને વાંકુ પડ્યું.

સારા કામમાં સો વિઘ્નો આવે.

⇨ **ઘરમાં વાઘ ને બાર્ય બકરી બેં.**

- શેરીનું કૂતરું શેરીમાં વાઘ થઇને ફરે.
- ઘરમાં વાઘ અને બહાર બકરી બેં.

પોતાનાં પાસે તાકાત બતાવે અને બીજા પાસે ડરી જાય.

⇨ **ઘાલ્ય મેલ્ય ઝાઝી ન વાતમાં કઇ દમ નૈ.**

- ઘાલ્ય મેલ્ય ઘણી ન વાતમાં કઇ માલ નૈ.
- ઘાલમેલ ઘણી અને વાતમાં કંઇ દમ નથી.

નાની વાતને વગર કારણે મોટું સ્વરૂપ આપવું.
- નાની વાતનો મોટો હાંઉ ઊભો કરવો.

⇨ **ઘી ઢર્યું તો'ચ ખીચડીમાં ઢર્યું.**

- ઘી ઢળ્યું તો પણ ખીચડીમાં જ ઢળ્યું.

જે કંઇ બન્યું તેનાથી નુક્શાન નથી થયું અંદરો-અંદર ફાયદો જ થયો.

⇨ **ઘેંસમાં કોઇ ઘી નાખે નૈ.**

- ઘેંસમાં કોઇ ઘી નાખે નહીં.

હલકા પ્રકારના ખોરાકમાં ઘી ન હોય.
- હલકા માણસને મોટું માન ન મળે.

⇨ **ઘેલીનાં ઘેર ઘેર હાહરાં.**

- ઘેલીના ઘેર ઘેર સાસરાં.

દાધારંગી સ્ત્રી ઠરીને ઘર ના માંડે.

⇨ **ઘેલી હાહરે જાય નૈ ને જાય તા'ર પાછી આવેય નૈ.**

- ઘેલી સાસરે જાય નહીં એ જાય તો પાછી આવે પણ નહીં

ઘેલી કે ડાઘારંગી કે અર્ધગાંડી સ્ત્રીનો કોઇ ભરોસો નહીં કે તે ક્યારે શું કરશે ?

⇨ **ઘેલો તોય પેટનો જણ્યો.**

- ગબલો તોય પેટનો જણ્યો.
- ગાંડો તોય પેટનો જણ્યો.
- ઘેલો તો પણ પેટનો જણ્યો.

કશાય ઠેકાંણાં વગરનું,
- ગમે તેટલો ગાંડો દીકરો હોય તો પણ માને ખૂબ વહાલો હોય.
- પોતાના સગાને સૌ વહાલ કરે.
- ગમે તેવો, તોય પેટનો જણ્યો વહાલો હોય.

⇨ **ઘેર ખાવું ન ઝેર ખાવું બેય બરાબર.**

- ઘેર ખાવું ને ઝેર ખાવું.
- ઘેર ખાવું ન ઝેર ખાવું બેય હરખા.
- ઘેર ખાવું ને ઝેર ખાવું બેઉં સરખાં.

મફતિયા ખાવાની ટેવ પડી જવી.
- ખોટો ગેરલાભ લેવાની ટેવ પડી જવી.
- હલકટ વૃત્તિ.

⇨ **ઘેર જતાં બરધ્યાં રે'વાલમાં હેંડે.**

- ઘરે જતા બળદેય રે'વાલમાં ચાલે.

ઘરે ગયા પછી કામથી છૂટાશે અને ખાવા મળશે એ લાલચે ઉતાવળ કરવી.



⇨ **ઘેરના ઘેર ને ભૈડકાભેર.**

- ઘેરના ઘેર અને ભૈડકાભેર.

ઠીક છે જે મળે તેનાથી ચલાવી લેવું.
- સાહસ ન કરવાની વૃત્તિ.
- ઠીક છે કશું નવીન નથી.

⇨ **ઘૈડપણમાં ગાતર ઢીલાં થાય એમ લવરી વધે.**

- ઘૈડપણમાં ગાતર ઢીલાં થાય.
- ઘડપણમાં ગાત્રો ઢીલાં થાય એમ અભરખા વધે.
- ઘૈડો થાય એમ ગત્ય જાય ન મતિયે જાય.

ઘડપણમાં અગો શિથિલ થાય અને વૃતિ બાળક જેવી બની જાય.
- ઘડપણમાં ચટાકેદાર ખાવાનું મન બહું થાય.
- વૃદ્ધાવસ્થામાં વિવેક બુદ્ધિ ગુમાવીને બાળક જેવા જીદ્દી બને.

⇨ **ઘૈડીયા ગાડાં વારે.**

- ઘરડા ગાડાં વાળે.

વૃદ્ધો પોતાના અનુભવ અને બુદ્ધિથી ગમે તેવી ગૂંચ ઉકેલી શકવા શક્તિમાન હોય છે.

⇨ **ઘૈડી ગાય બોમણને આલો, ઘરમાદોય થાય અને કાહેરય જાય.**

- ઘરડી ગાય બ્રાહ્મણને આપો, ધર્માદાનું દાન પણ થાય અને ઉપાધિ પણ ટળે.
- ખોટો રૂપિયો મંદિરમાં નંખાય.

દાન એવું કરવાનું કે દાન કર્યાનો આનંદ આવે, અને નુક્શાન પણ ન થાય આવી નીમ્નવૃત્તિ સમાજના કેટલાક લોકોમાં હોય છે.

- દાન કર્યાનો દેખાવ કરીને ફાયદો લેવો.

⇨ **ઘૈડા થ્યા પણ ચશકા ના જ્યા.**

- ઘરડા થયા પણ ચસકા ના ગયા.
- ઘરડા થયા પણ ચટાકા ના ગયા.
- ઘૈડા થયા પણ ગત્ય ન ગઇ.
- ઘરડા થયા પણ વૃતિ ન ગઇ.
- ઘૈડા થયા પણ ગુલાંટ ના ભૂલ્યા.
- ઘરડા થયા પણ ગુલાંટ મારવાનું ન ભૂલ્યા.
- વાંદરો ઘરડો થાય પણ ગુલાટ મારવાનું ન ભૂલે.

ટેવ પડી હોય તે જતી નથી પછી ભલે ને લોકોની ઉંમર વધે.

⇨ **ઘોડી પાછળ વછેરું.**

- ગાય પાછર વાછડું.

ઘોડી પાછળ વછેરું આવે.
- અમુક કુદરતી નિયમો તોડી શકાતા નથી.

- મા પાછર છોકરું.
- ભેંસ પાછર પાડું.

- મફત કશુંય પણ મળે એ લેવાની વૃત્તિ.

⇨ **ઘોડી લાયા એટલે વરઘાડોય નેંકરશે.**

- દીકરો અશે તો વેલીમોડી વવેય આવશે.
- વર હશે તો ઘર થશે.
- ઘોડી લાવ્યા એટલે વરઘોડો નીકળશે ખરો.

આશાનાં તાંતણે જીવાતું હોય છે.
- કયારેક આશા ફળીભૂત ન થાય તેવી હોવા છતાં ભ્રમમાં જીવાતું હોય છે.
- કેટલાક ભ્રમ પોષીને સુખ ઇચ્છે છે.

⇨ **ઘોના પાપે પેંપરો બરી જાય.**

- હૂકા ભેગું લીલુંય હરગી જાય.
- લાકડાના પાપે ઇયર બળે.
- ઘોના પાપે પીપળો બળી જાય.

કોઇની ખરાબ સંગતના કારણે સારા માણસને શોષવું પડતું હોય છે.

⇨ **ઘોડો છૂટે કે' ઘોડી, કોને ખબર ?**

- ઘોડો છૂટે કે ઘોડી, કોને ખબર ?

કઇ ઘડીએ શું બનશે કોઇને ખબર નથી પડતી પણ સતર્ક રહેવું સારું એ અર્થમાં.

⇨ **ઘાંતાના આંહ્લાની પેટ બફડવું.**

- ઘાંતાના હાંહ્લાની માફક બફડવું.

વગર કારણે કચ કચ કરવાની ટેવ.
- ગામડામાં દૂધ આપતી ભેંસ, વધારે દૂધ આપે એ માટે ઘરમાં પડેલા દાણા બાજરી, ગુવાર, તુવરનાં ગાંતાં, કપાશિયા વગેરે એક હાંહ્લાંમાં કે એક ડબામાં નાખીને ચૂલે બાફવા મૂકાય, જેમાં પાણીનું પ્રમાણ વધારે રાખવામાં આવે, તેથી ઉકળતાં, એમાંથી ખાસ પ્રકારનો ફદ... ફદ... બડ... બડ... જેવો વિશિષ્ટ અવાજ આવે છે. આ બાફેલા ધાનની કિંમત હોતી નથી. એ ઢોરને ખવડાવતાં દૂધ વધારે આપે છે. તે જ રીતે ઘરમાં વગર કારણે ઝગડો થાય અને કોઇ બબડાટ કરે ત્યારે તેને ઉતારી પાડવા માટે આ કહેવત વપરાય છે.
- નકામો બકવાસ કે બબડાટ કરવો.



⇨ **ઘાંચીનું આખલું આખો દા'ડો ફરે તોય તાંનું તાં જ ઓય.**

- ઘાંચીનું આખલુ આખો દિવસે ફરે તોય ત્યાંનું ત્યાં જ હોય.

અક્કલ વગરનું કામ કરવાથી કશું ય પરિણામ ન આવે.

⇨ **ઘોંચીન બરઘો ઠેરનો ઠેર.**

- મૂવા નૈન પાછા થયા.
- મર્યા નૈન માંદા પડ્યા.

બુદ્ધિહિન મજૂરી કરી થાકી જવું.

⇨ **ઘોડે ગયું એ ગઘાડે પાછું ના આવે.**

- મવાડા તોડ્યે મડો અલકો ના થાય.
- મણના તૂટ્યા શેરે ના હંઘાય.
- લાખના તૂટ્યા કોડીએ ના હંઘાય.

મોટી ખોટ નાના વેપારથી ભરપાઇ ના થાય.

# ચ

⇨ **ચકલાં ચૂંથવાથી શું વરે ?**
- ચકલાં ચૂંથવાથી શું વળે ?

નકામા હવાતીયાં ન મારવા.

⇨ **ચકલી નાંની ન ફૈડકો મોટો.**
- માંથા કરતાં મનોહર મોટું.
- નાંના મોઢે મોટી વાત.
- કમજોર ને ગુસ્સા બવ.
- ચકલી નાની ફૈડકો મોટો.

પહોંચ, તાકાત ન હોય છતાં વધારે દેખાડો કરવો.
- ખોટો દાખડો કરવો.

⇨ **ચકલાંનો મારો ના ચૂંથાય.**
- ચકલાંનો માળો ના ચૂંથાય.
- પડતાને પાટું ના મરાય.
- ઉગતી દેયડી ના તોડાય.
- ધાવતાં બચ્ચાં ના છોડાવાય.

નિર્દોર્ષને ન રંજાડાય.

⇨ **ચડતી દેયડી ના પડાય.**
- ચણાતી દેરી ના પડાય/તોડાય.

સારા કામમાં વિઘ્નો ન નંખાય.

⇨ **ચડતી પડતી આયા કરે.**
- વારા પછી વારો, મારા પછી તારો.
- ચડતી પડતી આવ્યા કરે.

જીવનમાં સુખદુઃખ આવ્યા કરે.

⇨ **ચડ્ય ચૂલા ખવ એવું ના થાય.**
- ચડચૂલા ખાઉ એવું ન થાય.

ઉતાવળે આંબા ના પાકે.

⇨ **ચડે દરબાર તો જાય એનું ઘરબાર.**
- ચડે દરબાર તો જાય એનું ઘરબાર.
- ચડતી એની પડતી.

જે કોર્ટે ચડે એ પૈસે ટકે ખુવાર થઇ જાય છે.

⇨ **વારા પછી વારો, રાત પછી દા'ડો.**
- વારા પછી વારો, ને પછી ગારો.
- હખ પછી દખ ને દખ પછી હખ.

એક સરખા દિવસો સૌના જતા નથી.
- ચડતી પછી પડતી આવે જ.

⇨ **ચણાના ચોરને મુચ્ચીનો જ માર ઓચ.**

ગુનો તેવી સજા થાય.



⇨ **ચણાન ઝાડ કૂદી જવામ શી ધાડ્ય મારી ?**
- ચણાનાં ઝાડ કૂદી જવામાં શી ધાડ મારી ?

સાવ સહેલું કામ કરી બડાશ મારે એના માટે.

⇨ **ચતુર ચેતે ને મૂરખો વેઠે.**
- ચતુર ચેતીને અડગો થાય ને મૂરખ એમાં પડીને વેઠતો જાય.

ચતુર, હોંશિયાર ચેતી જતાં આફત કે નુકશાનથી બચી જાય છે, જયારે મૂરખને વેઠવું પડે છે.

⇨ **ચાકર ચોરે એમાં બરકત રે' પણ શેઠ ચોરે એમાં શે હરકત.**
- નોકર ચોરે તો નફો જાય ને, શેઠ ચોરે તો મૂડી જાય.

ધંધામાં ચોરી ન ચાલે સરવાળે નુક્શાન જાય જ.
- નોકર કરે તો થોડું નુક્શાન થાય પણ શેઠની દાનત બગડે પેઢીની પડતી થાય.

⇨ **ચાર મલ્યા એટલે ચોરનો ભોં ટર્યો.**
- ચાર જણા મળ્યા એટલે ચોરનો ભય ટળ્યો.

ચાર દોસ્તાર મળે એટલે રાતમાં લાંબી વાતો ચાલે, એના કારણે ચોર ચોરી કરવાની હિંમત ન કરે.

⇨ **ચાર બેહે પાઘડી તો વાત કરે પાધરી.**
- ચાર બેસે પાઘડી તો વાત કરે પાધરી.

ચાર વૃદ્ધો ભેગા મળે તો સારી જ વાત કરે, સારો જ નિર્ણય લે.

⇨ **ચાર દા'ડાનું ચાઁદૈણું ને પછી અંધારી રાત.**
- ચાર દાડાનું ચાંદરણુ અને પછી અંધારી રાત.

સુખ તો ક્ષણિક જ હોય છે પછી દુઃખ જ છે.

⇨ **ચાર મળે ચોટલા ત ભાગે ઘરના ઓટલા.**
- ચાર મળે ચોટલા તો ભાગે ઘરના ઓટલા.

ચાર સ્ત્રીઓ ભેગી મળે તો કાનાફૂસી કે કૂથલી કરી લાંબો સમય બગાડે, અને ધારે તો કોઇનું ઘર પણ ભગાવે.

⇨ **ચાહે પડ્યા પછી આખલુંય હમુ હેંડે.**
- ચાસે પડ્યા પછી તો બળદેય સરખો ચાલે.

જવાબદારીનું ભાન થયા પછી સૌ સુધરી જાય છે.

⇨ **ચીભડાના ચોરને ફાંસીન સજા ના ઓચ.**

જેવો ગુનો તેવી સજા અને જેવો ગુનો તેવી ન્યાય.

- ચીભડાના ચોરને ફાંસીની સજા ના અપાય.

⇨ **ચણાના ચોરને મુરચીનો માર ઓચ.**

,,

- ચણાના ચોરને મુરચીનો માર હોય.

⇨ **ચિંતાનું ઓહડ નૈ.**

ચિંતા કે શંકાનો કોઇ ઉપાય નથી.

- ચિંતાનું ઓષડ ન હોય.

⇨ **ચૂક્યા એ મૂવા.**

સામે આવેલી આફત, કષ્ટ કે વિઘ્ન, ટાળવાનું ચૂક્યો એ મર્યો સમજો.
- રોગ થયો તેનો ઉપાય થાય.

⇨ **ચૂંક જોડા[૧]ન મરાય જીભનૈ નૈ.**

જોડાને ખીલી મારી સાંધી લેવાય, પણે જીભ ને ખીલી મારીને કાબૂમાં લેવાતી નથી.

- જીભને ચ્યાં ખાડા-ટેક્રા ચડવા સે.
- ચાંમડાની જીભ વારો એમ વરે.
- ચૂંક જોડાન મરાય જીભને નહીં.

⇨ **ચૂટલી ખણ્યે વેરના વરે.**

નાની વાતે બદલો ના લેવાય.
- છોકરમતથી બદલો ન વળે.

- ચૂટલી ખણવાથી વેર ના વળે.
- ઊનાં પાણીએ ઘરના બળે.

⇨ **ચૂલા પર ચડી ના બેહાય.**

ઉતાવળ કરવાથી કામ બગડે.
- ઉતાવળ કરવાથી પરિણામ ન વળે.

- ચૂલા પર ચઢી ના બેસાય.
- ચડ્ય ચૂલા ખવ એવું ના થાય.
- ઉતાવળે આંબા ના પાકે.
- ચૂલા પર ચડી ના બેસાય.

⇨ **ચૂલાની હાખ ભૂંગરી.**

હાજી-નાજી કરનારા એકબીજાના સાથીદાર હોય છે.

- આલ્યાનો ભઇ માલ્યો.
- ચૂલાની સખી ભૂંગળી.

⇨ **ચૂલામ આથ ઘાલ્યે દઝાવાય.**

ખોટું કામ કરીએ તો પરીણામ પણ માઠાં જ મળે.

- વાડ્યમાં આથ ઘાલ્યે કાંટા વાગે.

૧.પગરખાં, બૂટ



- એરામંડીમાં આથ ઘાલ્યે ત હોરાય.
- હરગતામાં આથ ઘાલ્યો ત દઝવાય.
- ચૂલામાં હાથ નાખીએ તો દઝાવાય.

⇨ **ચૂલામાં ટાંટિયા ના નંખાય, લાકડાં જ નંખાય.**

જેનો જ્યાં ઉપયોગ થતો હોય ત્યાં જ કરાય.

- ચૂલામાં લાકડા નંખાય, ટાંટિયા નહીં.
- જૂતી પગમાં પે'રાય, માંથે નૈ.

⇨ **ચેતતા નર સદા સુખી.**

ચેતી ને ચાલે એ જ સુખી થાય.

- જાગતાની પાડી ને ઉંઘતાનો પાડો.

⇨ **ચેટલા વીહે હોં થાય એની ખબર્ય ચ્યાંથી પડે ?**

અનુભવ પણછી જ સારા નડતાની કે સંસારના સુખદુઃખની ખબર પડે.

- કેટલા વીસે સો થાય તેની ખબર ક્યાંથી પડે ?
- છોરુ જણે એન હુવાવડની ખબર્ય પડે.

⇨ **ચેટલા દા'ડાથી નકામંમો ઘરવરાવે છે.**

જુઠ્ઠા દિલાસા આપી, ખોટા વાયદા કરી વચન ન પાળવું
- વિશ્વાસ આપી વચન ન પાળવું.
- પાછળ પાછળ ફેરવવો.

- આંચર આલે પણ દૂધ નહીં આલતો.
- કેટલા દિવસથી નકામો ઘરવરાવે છે.

⇨ **આંચળ આપે છે પણ દૂધ નહીં કાઢતો.**

જે કઈ પરિસ્થિતિ છે તેમાં કઇ ફરક નથી, મોટે ભાગે શરીર સમૃદ્ધિની વાત છે.

- ચૈતર ચઢે નઈન વૈશાખ ઉતરે નઈ.
- ચૈત્ર ચઢે નહીં ને વૈશાખ ઉતરે નહીં.

⇨ **ચોપડામાં લાખ ને રોકડામ રાખ.**

- ચોપડામાં લાખ અને રોકડામાં રાખ.

દેખાવે કરોડપતિ, વાસ્તવમાં રોડપતિ.
- દેખાવે રાજા અંદરથી પોલમપોલ.
- ચોપડે નફો બતાવવો.

⇨ **ખીસ્સાં ખાલી ન ભપકા ભારી.**

ખીસ્સા ખાલી ભપકા ભારે.

⇨ **ચોપડ્યું મલે ચાર દા'ડા ને લૂખ્ખું મલે રોજ.**

- ચોપડેલું મળે ચાર દિવસ અને લૂખ્ખું મળે રોજ.
- મળે તાર ઇદઇદડીયા ના મળે તાર રોજા.
- બેચાર દા'ડા આનંદ મંગલ ને બાકી ખાખા વેંછી.

કાયમ સુખ મળતું નથી, દુઃખ જ વધારે મળે છે જીવનમાં.
- મળે ત્યારે ઉજાણી, ન મળે ત્યારે ઉપવાસ.

⇨ **ચોરની ગત્ય ચોર જાણે.**

- ચોરની ગતિ ચોર જાણે.

ચોરની સ્થિતિ-ગતિ-વિધિ ચોર જ જાણી.

⇨ **ચોરનો નાય ચોર કરે, બીજો અન્યાય કરે.**

- ચોરનો ન્યાય ચોર જ કરે, બીજો અન્યાય કરે.

એક ધંધાવાળા જ એકબીજાનો સાચો ન્યાય કરી શકે.

⇨ **ચોરનો કોય ધણી ના થાય.**

- ચોરનો કોઇ ધણી ના થાય.
- ચોરના કોય ઘરાક ના થાય.

હલકા કે નીચ માણસનો કોઇ સાક્ષી ન બને.
- ચોર પોતાનો સગો છે એવું કોઈ ન કહે.

⇨ **ચોરને કે' ચોરી કરવા જા, ન ધણીને કે જાગતો રે'જે ન, પોલીસને કે પકડવા જા.**

- દૂધ ને દહીંમાં પગ રાખનાર.
- એકબીજાને લડાવી મારનાર.
- ચોરને કહે ચોરી કર ને ધણીને કહે જાગતા રહેજો અને પોલીસને કહે પકડવા જજો.

એકબીજાને લડાવી મારનાર.
- ચાલબાઝ કે કાવસિયો માણસ.



⇨ **ચાંચડને આંખો આચી ન, માંકડને પાંખો ફૂટી.**

- ચાંચડને આંખો આવી ને માંકડને પાંખો ફૂટી.

હેસિયત વગરનો, નબળો પાતળો, માણસ સજ્જન કે મહાજનની સામે થઇ જાય તેના માટે.
- ન થવાનું બની જવું.

⇨ **ચાંપ એવી ચડાઇ કે બેટમજી ફરે જ નઇ.**

- ચાંપ એવી ચડાવી કે બેટમજી ફરે જ નહીં.

બીજા પાસે કાનાફૂસી કરી, ચઢવણી કરી પોતાનું ધાર્યું કામ કરાવી લેવું.
- અથવા બે જણાને લડાવી મારવા.

⇨ **ચંદરવો બાંધવા હૌ આવે, છોડવા કોય ના આવે.**

- ચંદરવો બાંધવા સહુ આવે, પણ છોડવા કોઇ ના આવે.

શરૂઆતમાં સહુ દોડી આવે પણ પ્રસંગ પત્યા પછી કોઇ ઊભા ન રહે.

# છ

⇨ **છછૂંદરનાં છાંએય હરખાં, રાંડે જણશે બભાંચે હરખાં.**

ગુણ કે અવગુણ વારસાગત હોય છે.

- વડ એવા ટેટા ન બાપ એવા બેટા.
- છછૂંદરનાં છ યે સરખાં.
- કોઈનામાંયે વોણાંમણ ના મળે.

⇨ **છત્ય છાંની ના'રે.**

સમૃદ્ધિ દેખાય આવે.
- સમૃદ્ધિ ઢાંકી ઢંકાઈ ન રહે.

- છત છાની ન રહે.

⇨ **છઠની હાતમને હાતમની છઠ્ઠ્ય કોયથીય ના થાય.**

લખ્યું ના બદલાય.
- થવાનું હોય તે થઈને જ રહે.

- છઠ્ઠની સાતમ અને સાતમની છઠ્ઠ કોઈથીય ન થાય.
- લેખ પર મેખ ન મારે.
- વાઢ્યાં દાવલસા પીરથીય ના ચોંટે.

⇨ **છત ડાયી ન અછત ગાંડી.**

પૈસાવાળો જ ડાહ્યો ગણાય, પણ બુદ્ધિશાળી, ગરીબની ગાંડામાં ગણતરી થાય.

- છત ડાહી અને અછત ગાંડી.
- ફાયો એ ડાયો.

⇨ **છતે ઘીએ લૂખું કોણ ખાય ?**

સગવડ-સવલત ભોગવી જ નાખવી.

- છતે ઘીએ લૂખ્ખું કોણ ખાય ?
- હોય તાર તને મને ન ના ઓય તાર છાંનેમાંને.

⇨ **છતે છોકરે બાંમણના હમ ખાવા પડે.**

લાચારી ભરી સ્થિતિ કે મજબૂરી.

- છતે છોકરે બ્રાહ્મણના સમ ખાવા પડે



⇨ **છતે બાંમણે છોકરાંના હમ ખાવાના ?**

જેના મરવા-જીવવાથી પોતાને કશો ફરક પડતો નથી.
- સ્વાર્થ માટે બીજાનું નામ વટાવી લેવું.

- છતે બાંમણે છૈયાના હમ કોણ ખાય ?
- છતે બ્રાહ્મણે છોકરાના સમ ખાવાના ?

⇨ **છપ્પન પર ભૂંગરો વાગેછ.**

જૂના વખતમાં એવી માન્યતા હતી કે અખૂટ સંપતિ કે ખજાનો ધરાવનારને ત્યાં ગેબી ભૂંગળો વાગતી.
- ખૂબ ધનિક હોવું.
- ખૂબ ધનવાન હોવું.

- છપ્પન પર ભૂંગળો વાગે છે.

⇨ **છાજયા લેવા હવ કોઈ આવે પણ આડા આથ દેવા કોય ના આવે.**

દિલાસો કે સહાનુભૂતિ માટે સહું કોઈ આવે પણ ખરેખર મદદ કરવા માટે કોઈ ના આવે.

- છાજિયા લેવા સહુ કોઈ આવે પણ આડા હાથ દેવા કોઈ ના આવે.

⇨ **છાશ લેવા જતાં દોંણી હંતાડવી નૈ.**

જે કામે ગયા હોય તે કહેવામાં ખચકાટ ન રખાય.

- છાશ લેવા જતાં દોંણી હંતાડાય ના.
- છાશ લેવા જતાં દોંણી સંતાડાય નહીં.

⇨ **છાશવારે મંદવાડ.**

કાયમી બિમારી.
- વારંવાર બિમાર થવું તે ન પોષાય.

- છાશવારે મંદવાડ ના પોહાય.
- છાશવારે મંદવાડ ના પોષાય.

⇨ **છાશમાં માંખણ જાય, અન વવ ફૂ'વેડ કહેવાય.**

પારકા માટે ઘસાતાંય મુરખ બનવાનું.
- બીજાને ઉપયોગી બનતા હાંસીપાત્ર થવું પડે.

- છાશમાં માંખણ જાય અને વહુ ફૂવડ ગણાય.

⇨ **છેંકતાં છોકરું જણે.**

વારંવાર છોકરાં પેદા કરવાં.
- ઉપરાઉપરી છોકારાં પેદા કરવાં.

- છીંકતાં છોકરું જણે.

**⇨ છાસ્યું હોનું પીત્તરમાંથી ના જાય.**
- છાસ્યું સોનું પિત્તળમાંથી ન જાય.

બનાવટી સોનું છેવટે તો પિત્તળ ગણાય.
- છેતરાયા પણ કશુંક હમથમાં આવ્યું એનો સધિયારો લેવો પડે.

**⇨ છેનારવીને છેલ્લા દા'ડાની શી ફકર.**
- છીનારવીને છેલ્લા દિવસોની શી ફીકર ?

જેણે આબરૂ નેવે મૂકી હોય તેને સમાજ કે કોઇનીય પડી ન હોય.

**⇨ છેંકણી હુંધાડીન કાડી મેલવા.**
- છીંકણી સુંઘાડીને કાઢી મૂકવા.

કંજુસ માણસ.
- કોઇ પ્રસંગે ઘણા લોકોને બોલાવી ખર્ચ ટાળવા, બનાવટ કરી અથવા મામૂલી ખર્ચ કરી કાઢી મૂકવા.
- ખર્ચ બચાવવા ચાલાકી કરવી.

**⇨ છેંકતાં છેંડુ પડવું.**
- વાતે વાતે વાંકુ પડવું.
- મિયાંન ભેંસને ડોબુના કે'વાય.

વાતે વાતે વાંકુ પડવું.
- વાતે વાતે ખોટુ લાગી જવું.
- તુમાખીભર્યો સ્વભાવ.

**⇨ છેંડે ચડ્યો એ ચોર.**
- છીંડે ચડ્યો તે ચોર.

ચોરી કરતાં પકડાય જાય એ જ ચોર ગણાય.

**⇨ છેંનાર રાંડ છમકતી હેંડે ન, ઘૂંઘટામાં ઘર માંડે.**
- છિનાળ રાંડ છમકતી ચાલે અને ઘૂંઘટામાં ઘર માંડે.

છિનાળ કે બદચલન સ્ત્રી સારી હોવાનો દેખાવ કરે પણ ઘૂંઘટમાંથી ય આખં મારી સહુંને લલચાવે.

**⇨ છેટેના હોના કરતાં પાંહેની ધૂર્ય હારી.**
- દૂરના સોના કરતા નજીકની ધૂળ સારી.
- આંગળીના મૂકી, પેટમાંનો ભરોસો ન કરાય.

ખોટી લાલચમાં ફસાયા વિના, જે મળે તેનાથી સંતોષ માનવો.
- કશુંય ન મળે ત્યારે છાશ પીને પેટની ભૂખ મારી શકાય.

**⇨ છેલ્લું ઓહડ છાસ્ય.**
- છેલ્લું ઓષડ છાશ.

કશીય દવાની અસર ન થાય ત્યારે વૈદ્યરાજ છાશનો પ્રયોગ અજમાવે.

**⇨ છોકરો કંઇ કુવારો નૈ રૈ જાય.**
- છોકરો કંઇ કુવારો નહીં રહી જાય.

ગમે તેવા પુરૂષને સ્ત્રી તો મળશે જ વાંઢો નહીં મરી જાય.



**⇨ છોકરો અશે ત વેલીમો'ડી વવ આવશે.**
- છોરો હશે તો વહેલી મોડી વહુ આવશે.
- વર હશે તો ઘર થશે.
- છોકરો હશે તો વહુ વહેલી મોડી આવશે.

આશાવાદી રહી પ્રયત્નો ચાલું જ રાખવા.

**⇨ છોકરો શોભે બાપને ઘેર ને છોડી શોભે પારકે ઘેર.**
- છોકરો શોભે બાપને ઘેર ને છોડી શોભે આપ ઘેર.

સૌ સૌના યોગ્ય સ્થાને હોય તો એને માન-પાન મળે-મળી શકે.

**⇨ છોડી ઓય તો માંગુ નંખાય.**
- છોકરી હોય તો તેનાં માંગા આવે.

માગતાવાળો ઉઘરાણી કરે.
- છોડીનાં માંગા આવે-છોકરાંના નઈ.

**⇨ છાંણના જીવડાં છાંણમાં મરે.**
- છાંણના કીડા છાંણમાં મરે.

નબળા-ગરીબ કે નીચલી કોમના માણસો, જયાં જન્મ્યા હોય ત્યાં જ મરે-પ્રગતિ ન કરી શકે.

**⇨ છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય.**

નબળો માણસ પોતાની જાત પર જાય, પણ સારો માણસ પોતાની મર્યાદા ન ચૂકે.

**⇨ છોરું ન ગરાસ્યો, બેય હરખાં.**
- છોકરું અને ગરાસિયો બેઉં સરખાં.

બંને જલ્દી રિસાઇ જાય, ને બંનેય બહુ જીદ્દી.

**⇨ છાંણના દેવને કપાસ્યાની જ આંછ્યો ઓય, વાલનીય નૈ.**
- છાંણના દેવને કપાસિયાની જ આંખો હોય, વાલનીય નહીં.

જેવી જેની હેસિયત તેવું તેનું સ્થાન.
- જેનો જેવો મોભો તેવું તેનું માન.

## જ

⇨ **જણતાં મૈણું[1] થાય એમાં જમઇન શું વાંક.**
- જન્મતાં મરણ થાય એમાં જમાઇનો શું વાંક.

કોઇના મરણ માટે બીજાને દોષી ન ઠેરવાય.

⇨ **જણે એ જાંણે, વાંઝણી શું જાણે.**
- જણે તે જાણે, વાંઝણી શું જાણે.
- જોડો પેરે એને ડંખે, ઘાડપગાને શી ખબર પડે.

જેને વીતી હોય એને દુઃખ દર્દની ખબર પડે, બીન અનુભવીને શી ખબર પડે.

⇨ **જણે એટલાં જીવે નૈ અને જીવે ત ધરતીમાં હમાય નૈ.**
- જન્મે એટલાં જીવે નહીં અને જો જીવી જાય તો ધરતી પર સમાય નહીં.

કુદરતની લીલા અપરંપાર છે, ધરતીને સમતોલ રાખવાનો એનો કીમિયો ગજબનો છે. એટલે તો જન્મ લેનાર એ પછી માનવ હોય, પશુ હોય કે જીવજંતુ કે વૃક્ષ વેલા-જન્મે એટલા જીવે તો પૃથ્વી પર અંધાધૂંધી ફેલાઇ જાય.

⇨ **જણનારીમ જોર ના ઓય ત દાયણ ચેટલા આંચકા મારે ?**
- જણનારીમાં જોર ન હોય તો દાયણ કેટલા આંચકા મારે ?

આપબળે જ જીવાય, આપશક્તિથી જ કામ થાય.
- જેણે કશુંય પામવું હોય, એણે જાતે જ પ્રયત્ન કરવો પડે, બીજાએ નહીં.
- પોતાનામાં તાકાત ન હોય તો બીજો કેટલી મદદ કરે.

⇨ **જમ, જમઇ ન જાચક એ કોયનાંય થયાં નહીં ન થશેય નઇ.**
- જમ, જમાઇ ને માગણ તેઓ ક્યારેય કોઇનાય થયા નથી ને કોયના થશે પણ નહીં.

અમુક પ્રકારના માણસોનો ભરોસો ક્યારેય રખાય નહીં.

⇨ **જમઇ દહમોં ગ્રહ, ખાતો જાય ન ખાહડાં મારતો જાય.**
- જમાઇ દશમો ગ્રહ, ખાતો જાય ને ખાસડાં મારતો જાય.

જમાઇને ગમે તેટલું આપી રાજી કરો તોય એ રાજી નહીં થાય અને ઉપરથી તક મળ્યે બદનામ કરે જ.

[1] મરણ



⇨ **જમઇનું નામ સાંભળી હાહું મહાણાંમાંથી બેઠી થઇ જાય.**
- જમાઇનું નામ સાંભળી સાસું મસાણમાંથી બેઠી થઇ જાય.

આ કહેવત બે વિરોધાભાષી અર્થમાં વપરાય છે.
પરંતુ પ્રથમ અર્થમાં વધારે વપરાય છે. (૧) જમાઇનું નામ સાંભળતાં જ ડરના માર્યા મરણ પથારીયે પડેલી સાસુય બેઠી થઇ જશે. (૨) જમાઇનું નામ સાંભળતા સાસુ હરખપદૂડી થઇ જાય છે. મોતમાંથી પણ બેઠી થઇ જશે.

⇨ **જમઇનાં પોસ્યાં, ન વાડ્યમાં ખોસ્યાં.**
- જમાઇના પોસ્યાં, ને વાડમાં જઇ ખોસ્યાં.

જમાઇની આવક પર જીવનાર સાસરિયાંના હાલ બૂરા થાય છે. અપમાનજનક સ્થિતિમાં ક્યારેક જીવવું પડે.
- જમાઇને પોસવાં જતાં, જમાઇને ઘરમાં રાખતાં, જમાઇ માલિક બની જાય છે અને ઘરનાંને બહાર કાઢી મૂકે છે.

⇨ **જમઇ રયો ભૂછ્યો ત કોનો કૂલો દૂછ્યો ?**
- જમાઇ રહ્યો ભૂખ્યો તો કોનો કૂલો દૂખ્યો ?

જમાઇ ભૂખ્યો રહે તો તકલીફ બીજાને ન થાય, સારસિયાવાળાને જ થાય કે એને પોતાને જ વધારે.

⇨ **જીભડી કરે આર પંપાર, તાર ખાહડાં ખાય કપાર.**
- જીભડી કરે આળ-પંપાળ તો ખાસડાં ખાય કપાળ.

જીભ (વાણી) માન પણ અપાવે, ને માર પણ ખવડાવે.

⇨ **જો વરહે આદરા તો બારે માહ પાધરા.**
- જો વરસે આદરા તો બારે માસ પાધરા.

સારા નક્ષત્રમાં વરસાદ પડે તો પુષ્કળ ધાન (અનાજ) પાકે છે.

⇨ **જમને કૈ તેડાં જોયતાં નહીં.**
- જમને કૈ તેડાની જરૂર ન પડે.

મૃત્યુ નિશ્ચિત છે જમને બોલાવા ન પડે તેઓ જાતે જ સમયસર હાજર થઇ જાય.
- બૂરું થવાનું હોય ત્યારે થઇ જાય એને ગોઠવવું પડતું નથી.

⇨ **જમનાર એક ને પિરહનારી બાર.**
- જમનાર એક ને પિરસનારી બાર.
- પાંચ પોલીસ ને પંદર ફોજદાર.

કશાય પણ પ્રકારના તંત્રની ગોઠવણી વગરનું.
- રેઢિયાળ તંત્ર.

⇨ **જમ્મામ જગલો ને માર ખાવામ મગલો.**

- જમવામાં જગલો અને માર ખાવામાં મગલો.
- કરડે માંકડ ને માર ખાય ખાટલો.

કરે કોઇ, ને ભોગવે બીજો.
- ગુનો કરે કોઇ, ને સજા ભોગવે બીજો.

⇨ **જમ્યો બાંમણ ન ધયૈલા હુવેરને છેડવાં નઇ.**

- જમેલો બ્રાહ્મણ અને ધવાયેલા સુવરને છેડવાં નહીં, નહીં તો ભારે પડે.

અમુક જણની પ્રકૃતિ સમજવી પડે.
- બ્રાહ્મણ અને સુવરને જમ્યા પછી છેડાય નહીં. તેમ અમુક લોકોને છેડવામાં સાર નથી.

⇨ **જર, જમીન ને જોરું એ તૈણ કજયાનાં છોરું !**

- જર, જમીન ને જોરું એ ત્રણેય કજિયાનાં છોરું.
- જમીન, જોરું ને જર એ તૈણ કજયાંના ઘર.

જગત આખામાં ગમે ત્યાં ધન-દોલત, જળ-જમીન ને સ્ત્રી માટે કાયમ ઝઘડો થાય જ.

⇨ **જવાહા જેવો અદેખો.**

- જવાસા જેવો અદેખો.

બધાં ઘાસ સુકાય, ત્યારે જવાસા લીલા થાય. અર્થાત્ ઉંધી પ્રકૃતિનો-એટલે વાતે વાતે આ પ્રકારના માણસો લડે, ઝઘડે કાં વાંક કાઢે.

⇨ **જવાંન વવ ન બુઢ્ઢો લાડો, એના ઘરમાં નીત ભવાડો.**

- જવાન વહું જે બુઢ્ઢો (પતિ) લાડો એના ઘરમાં નીત ભવાડો.

યુવાન સ્ત્રીને બુઢ્ઢા માણસ સાથે પરણાવતા કજોડું થાય છે, બુઢ્ઢો પતિ, યુવાન સ્ત્રીને ગમતો નથી એટલે હંમેશા. બંને વચ્ચે ઝઘડા થયા જ કરે છે.

⇨ **જયાં આથી તણઇ જયા તાં બકરીના શા ઘડા.**

- જયાં હાથી તણૈય જાય તાં બકરીની શી વિસાત.
- મોટા વરામાં નાંનાંની શી વિશાત.
- પાડે પાડા લડે એમાં ઝાડનો ખાંડો.

મોટા મોટાની સભામાં, લડાઇમાં કે લગ્ન પ્રસંગમાં નાના જણની કોઇ ગણના થતી નથી.
- વાવાઝોડું, પૂર કે તોફાન આવે ત્યારે મોટાં વૃક્ષો કે ઘર ટકી ન શકે ત્યાં નાનાં છોડ કે ઝૂંપડાની શો ઘડો.



⇨ **જૈ ખવાય તૈ અઘાય નૈ.**

- જયાં ખાવા બેસવાનું ત્યાં સંડાસ ન જવાય.
- બેઠેલી ડાળ કપાય નહીં.

જેનું ખાઇએ એનું ગાવું પડે.
- એટલી તો અક્કલ હોવી જોઇએ કે ઉપકારનો બદલો અપકારથી ન અપાય.
- પવિત્ર જગ્યાએ ગંદકી ન થાય.
- મંદિરમાં નીચકામ ન કરાય.

⇨ **જૈ ગંદવાડ તૈ મંદવાડ.**

- જયાં ગંદવાડ ત્યાં મંદવાડ.

જયાં જયાં ગંદવાડ હોય ત્યાં ત્યાં રોગચાળો ફેલાય જ.

⇨ **જૈ શોક્યનું હાલ, તાં નીતની ધમાલ.**

- જયાં શોકનું સાલ, ત્યાં નીતની ધમાલ.
- એક મ્યાનમાં બે તલવાર ના રહે.
- એક અસ્વાર બે ઘોડાની સવારી ન જ કરી શકે.

જે ઘરમાં બે પત્ની હોય ત્યાં કાયમ ઝઘડા થવાના જ.

⇨ **જવું મુંબઇ ન થાચ્યા વાહદથી.**

- જવું છે મુંબઇ ને થાક્યા વાસદથી.

મુંબઇ સુધીની લાંબી ખેપ છે પણ હજી વાસદ પહોંચતાં સુધીમાં તો થાકી ગયા. એ ન ચાલે.

⇨ **જવાંનીમાં રર્યું તે ઘૈડપણમાં દર્યું.**

- જુવાનીમાં રળ્યું તે ઘડપણમાં દળ્યું.

યુવાનીમાં રળીને સંચકેલું હોય તો જ વૃદ્ધાવસ્થામાં કામ લાગે છે. નહીં તો ભીખ માગવાવારો આવે.
- કરેલી કમાણી સમજદારીથી વાપરવી.

⇨ **જાગતો વઘાર ઘોરે.**

- જાગતો વધારે ઘોરે.
- જાગતો વધારે મૂતરે.

જાણી જોઇને ઊંઘવાના ડોળ કરનાર, ઢોંગ કરનાર, જોર જોરથી નસ્કોરાં બોલાવીને ભર ઊંઘમાં હોવાનો દેખાવ કરે.
- ઢોંગીને ન પકડાય.

⇨ **જા એડીબેડીમાં પૂરી દેજે.**

- જા જેલમાં પૂરી દેજે.
- જા આથીની ગાંડમાં ઘાલીન સીવી લેજે.

જા તારાથી થાય તે કરી લેજેની ચેલેંજ આપવી.
- બીજાની ધમકીથી ડરવું નહીં

⇨ **જાગતાની પાડી ન ઊંઘતાનો પાડો.**

- જાગતાની પાડી ને ઊંઘતાનો પાડો.

જાગૃત માણસને હંમેશા લાભ થાય.
- આળસુને હંમેશા નુકશાન જાય.

⇨ **જાય એનું કારજું ખહી જાય.**

- જાય તેનું કાળજું ખસી જાય.

જેની સંપત્તિ જાય, એ માણસ પાગલ થઈ જાય.

⇨ **જાય એને દખ થાય.**

- જાય તેને દુઃખ થાય.

જે કશુંય ગુમાવે એને બહુ દુઃખ થાય, કદાચ ગાંડો થઈ જાય, યા આપઘાત કરવા સુધીની વેળા આવે.

⇨ **જાય એનો જીવ જાય.**

- જાય તેનો જીવ જાય.
- જેની પછેડી જાય એન ટાઢ્ય વાય.

⇨ **જાત વગર ભાત્ય ના પડે.**

- જાત વગર ભાત ના પડે.

જાતે હાજર રહે એનો જ પ્રભાવ પડે.
- જાતે હાજર રહે એની હાજરીના પ્રભાવથી કામ થાય.

⇨ **જયારે ઓય તાર એન બલાડી છેકે છ.**

- જયારે હોય ત્યારે તેને બિલાડી છીંકે છે.

વારે વારે વાંકુ પડવું.

⇨ **જીતનાં વધામણાં ઓય મૈણાનાં નૈ.**

- જીતનાં વધામણાં હોય, મરણનાં સમાચાર લાવનારનાં નહીં.

સારા સમાચારના કે સારા પ્રસંગના સમાચારનાં વધામણાં હોય, શોકના સમાચાર લાવનારનાં વધામણાં ન હોય.

⇨ **જીવવું થોડું ન ઢેગાંણાં ઝાઝાં.**

- જીવવું થોડું ન ફતવા બવ.
- જીવવું થોડું ન લફરાં ઝાઝાં.
- જીવવું થોડું ન મમત બવ.
- જીવવું થોડું ન મમત ઘણી.
- જીવવું થોડું ન લપ બવ.
- જીવવું થોડું અને લફરાં ઝાઝાં.
- રાત થોડીને વેશ ઝાઝાં.
- માર્યા કરતાં ઢૈડી ઘણી.

જીવવું થોડું ને નકામાં કામ ઝાઝાં.
- જીવવું થોડું અને લફરાં બહું.
- જીવવું થોડું અને નિરાંત ઓછી.



⇨ **જીવ જાલ્યો નહીં રે'તો.**

- જીવ જાલ્યો નથી રહેતો.

ક્રોધે ભરાઈ જવું, ગુસ્સે થઈ જવું.
- ઘટના એવી બની છે કે જીવ કાબૂમાં નથી રહેતો.

⇨ **જીવશું ત જેમ તેમ, પણ મરશું કેમ કેમ ?**

જેમ તેમ જીવી જવાશે, પણ મરવાનું થશે ત્યારે શું થશે તેની ચિંતા કરવી.

⇨ **જે ના કરે માને બાપ, એ કરે શેકને તાપ.**

મા-બાપ જે શીખવી ન શકે તેનાથી વધારે જ્ઞાન, કળા કે કામ, બીક, ડર કે ભય શીખવી જાય.

⇨ **જેને કો'ય ના પોં'ચે એને એનું પેટ પોં'ચે.**

- જેને કોઈ ના પહોંચે એને એનું પેટ પહોંચે.

જે લોકો સમાજને ગાંઠતા નથી, પોતાની સંપત્તિને સત્તાના મદમાં છકી ગયા છે એમને એમના નાલાયક દીકરા ખરાબ કાર્યોથી સંતાપે છે, દુઃખી કરે છે.

⇨ **જે ચૌદ જાંણે એન ચારવારો શું શીખવે ?**

- જે ચૌદ જણે એન ચારવારી શું શીખવે ?
- જે ચૌદ જાણે એને ચારવવાળો શું શીખવાડે.

જાણતલને શીખવાડવાનું ન હોય.
- ગુરૂને ચેલો શું શીખવે ?

⇨ **જેણે માંછ્ય મારી એ માંણહ મારે.**

- જેણે માખી મારી એ માણસ મારે.

એક વાર હિંમત આવી જાય પછી તે ખૂન પણ કરી શકે.

⇨ **જેન કોય ના પૈણે એન છેતરપાર પૈણે.**

- જેને કોઈ ન પરણે એને ખેતરપાળ પરણે.
- નકટીનો વર જોગી.
- નકટીન વર કાંણિયો.

સંસારમાં સૌને સૌના જેવા મળી જ રહે છે.
- કુહાડી પ્રમાણે દસ્તો મળી જ રહે.

⇨ **જેવો રાજા એવી પરજા.**

- જેવી કોદારી એવો દસ્તો.
- જેવા રાજા તેવી પ્રજા.
- જેવા વડ એવા ટેટા.
- જેવા બાપ એવા બેટા.

જેવો રાજા હોય તેવી પ્રજા પણ બને.

⇨ **જે રસ્તે જવું નૈ એની પડપૂછ નકાંમી.**

- જે રસ્તે જવું નહીં તેની પડપૂછ નકામી.

જેનું કામ નથી એના વિશે જાણવું જરૂરી નથી. પડિયાણ ભોંયની દાંણ ન ભરાય.

⇨ **જેનો સરદાર આંધરો એનું લશ્કર કૂવામાં.**

- જેનો સરદાર આંધળો તેનું લશ્કર કૂવામાં.

જેવો લીડર કે આગેવાન, તેવું તેની પ્રજાને દુઃખ-સુખ પડે.
અર્થાત્-નેતા બુદ્ધિ વગરનો, સ્વાર્થી કે લબાડ હોય, તેની પ્રજાને ઘણાં દુઃખ સહન કરવાં પડે.

⇨ **જેવો ઘોડો એવા અસવાર.**

- જેવો ઘોડો તેવા અસવાર.

પાણીદાર ઘોડો હોય તો અસવાર પણ તેજ તરાર જોઇએ.
- ટાયડું ઘોડુ હોય તો અસવારેય મુડદાલ ચાલે. બંને સરખા હોય તો જ મજા પડે.

⇨ **જોગટા ન વા'લાં તુમડાં ન ભોગી ન વા'લા ભોગ.**

- હુંથારનું મન બાવરિયે.
- અધાંણીન ગૂનાં શમણાં.
- જોગટાને વ્હાલાં તુમડાં અને ભોગીને વ્હાલા ભોગ.

જેની જેવી મનચ્છા, તેવા તેનાં સ્વપ્નો હોય.
- જેને જેમાં રસ હોય એના જ એને વિચારો આવે.

⇨ **જો થવું ઓય બાવો ત કરાવો દાવો.**

- ચઢે દરબાર, તો જાય એનું ઘરબાર.

ખુવાર કે પાયમાલ થઇ જવું હોય તો કોર્ટ કચેરીમાં દાવો માંડીને કોર્ટે ચઢો.

⇨ **જો વંઠે નશીબ તો કોદુચ નડે.**

- જો વંઠે નશીબ તો ભેંસેય નડે.

નશીબ ખરાબ હોય તો ભેંસ પણ પજવે, દૂધ ના આપે, તરવાઇ જાય અથવા અધવચ્ચે વસુકી જાય.

⇨ **જૂઠ્ઠાન આવરદા ચાર ઘડી.**

- જૂઠ્ઠા નો આવરદા ચાર ઘડી.
- જૂઠ્ઠાનું આયુષ્ય ક્ષણિક.

જૂઠ્ઠાણું લાંબુ ચાલતું નથી એનું પોલ ખુલી જતાં, જૂઠ્ઠું પકડાઇ જતાં વાર નથી લાગતી.

⇨ **જૂઠ્ઠો હાચાન વટલાવે.**

- જૂઠ્ઠો સાચાને વટલાવે.

ખરાબ સંગની અસર જલ્દી થતી હોય છે કસ્તુરી સાથે હિંગ રાખો તો કસ્તુરીમાં હિંગની જ સોડમ આવશે.



⇨ **જાંણીન ઝેર ના પીવાય.**

- ભૂતકાળને વળગી ન રહેવાય.
- વેશ્યાને ઘરમાં ના લવાય.
- વેશ્યાને ઘરવાળી ના કરાય.
- જાંણ્યા પછી ઝેર ન પીવાય.

ઝેરના પારખાં ન થાય.
- ઝેર છે જાણ્યા પછી એને ન પીવાય.
- ખરાબ છે જાણ્યા પછી એનો સંગ ન કરાય એને સાથ ન અપાય.

**➪ ઝાઝા ઘોંચીએ મોંઘો ખોર.**

- ઝાઝી હુંયાણીઓ વેતર બગાડે.
- ઝાઝા રાંધણિયા રસોઇ બગાડે.
- ઝાઝા દાક્તર દરદી મારે.
- ઝાઝા ઘોંચીએ મોંઘો ખોળ.

ઝાઝા કામ કરના ભેગા થયાથી કામ બગડતું હોય છે

**➪ ઝાઝી ખેતીએ ધણી લથડે, ઝાઝી દીકરીએ બાપ લથડે.**

લાંબી પહોળી ખેતીને ખેડૂત પહોંચી ન વળે, ત્યારે ચિંતામાં શરીર બગડી જાય છે એ જ પ્રમાણે વધારે દીકરીઓના બાપની દશા બગડી જાય છે.

**➪ ઝાઝી દીકરીએ નેંચુ કૂર.**

- ઝાઝી દીકરીએ નીચું કૂળ.
- ઝાઝી દીકરીએ કૂળ હીણ.

ઝાઝી દીકરીનો બાપ ગરીબ હોય તો એનો દીકરીઓના ભાવ કોઇ પુછતું નથી એમ એ નીચાજોણું થાય છે.

**➪ ઝાઝે લાકડે ઝાઝી આગ.**

- ઝાઝી હુયાંણીએ વેતર વંહે.
- ઝાઝી સુયાંણીએ વેતર વંહે.

થોડામાં હંમેશા સંતોષ માનવો અપેક્ષાઓ વધે તો અસંતોષ વધે છે.
- ઘણી દાયણોથી સુવાવડ બગડે છે.

**➪ ઝાઝાં મલ્યાં ન ખાવા ટર્યાં.**

- ઝાઝા મળ્યા ને ખાવા ટળ્યાં.

ઝાઝી વસ્તીવાળા કુટુંબની દશા બૂરી થઇ જાય છે.

**➪ ઝાઝા ઝાંખરાની વાડયેય હારી.**

- ના માંમા કરતાં કેણો માંમોય શું ખોટો.
- ઝાઝા ઝાંખરાની વાડયે સારી.

ન હોવા કરતાં જે કંઇ છે તે સારું ગણાય.





**➪ ટપટપ આર્યે કાંમ છેક મમ આર્યે ?**

- ટપટપ સાથે કામ છેકે મમ સાથે ?
- કેરી ખા આંબા ગણવાથી શું ફાયદો.

કામ થઇ જવા સાથે મતલબ હોય.
- કામ કોણે કર્યું, કંઇ રીતે થયું તે જાણવાની જરૂર નથી.

**➪ ટપલા ખઇ ખઇન ટાલ્ય પડી છ, તડકે ઊભા રૈન નહીં પડી.**

- ટપલા ખાઇ ખાઇન ટાલ પડી છે, તડકે ઊભા રહેવાથી નથી પડી.

ઘણા બધા સારા-માઠા અનુભવ પછી ટાલ પડી છે, તડકે ઊભા રહેવાથી નથી પડી.

**➪ ટપલા પડ્યા વગર આ જીવતર ઘડાય ના.**

- ટપલા પડ્યા વિના આ (જીવતર) જીંદગી ઘડાય નહીં.

ઘણા અનુભવ અને તડકો-છાંયડો જોયા પછી જીવતર ઘડાય છે.

**➪ ટકાની આંલ્લી તેર વાંનાં માગે.**

- ટકાની હાંલ્લી તેર વાંનાં માગે.

આંલ્લી એટલે ખોરાક રાંધવાનું વાસણ. જેની કિંમત નજીવી હોય છે પણ રસોઇ કરવા માટે ઘણી ચીજોની જરૂર પડે છે.

**➪ ટકાની ડોહી, ઢબુ મૂંડાંમણ.**

- ટકાની ડોશી, ઢબ મૂંડામણ.
- પાયલાની પાડી, અડધો ચરઇ ન, ખાડે પડી તાર પૂણો કડઇ.

વસ્તુની કિંમત નથી હોતી, પણ એને પાલવવાની, રાખવાથી પળોજણ વધારે હોય છે.

**➪ ટાડા લોયનો હૂક્કો રોટલો હારો.**

- ટાઢા લોહીનો સૂક્કો રોટલો સારો.

ચિંતા, ઉત્પાત કે દબાણવાળાં બત્રીસ પકવાન કરતાં નિરાંત કે ફિકર-ચિંતા વગરનો ઘર આંગણાનો સૂકો રોટલો સારો.

**➪ ટેભા તૂંટી જયા.**

- ટેભા તૂંટી ગયા.

દરેક જણ પોતાના ધંધાના અનુસંધાનમાં વાત કરે. દા.ત. ટેભા તોડી નાંખે એવું પૂર આયું. - દરજી
- છાતીના પાટિયાં બેહી જાય એવું પૂર
- સુથાર

**⇨ ટેભા તોડી નાંખે એવું પૂર આયું.**

- ટેભા તોડી નાંખે તેવું પૂર આવ્યું.

- છાતીની ધમણ ફાટી જાય એવું પૂર - લુહાર
- ખૂબ થાકી ગયા ખૂબ હેરાન થયા.

દરજી દરેક વાતમાં પોતાની ધંધાની ચીજથી ઉદાહરણ આપે.
- અર્થ : પુષ્કળ પાણી આવ્યું, ભયાનક પૂર આવ્યું.

**⇨ ટેભાન ભરુહો નઈ !**

- ટેભાન ભરુહો શું ?
- ટેભાના ભરુહો ના રખાય.
- દરજીનો ભરોસો નઈ.
- દરજીનો ભરોસો ન રખાય.
- હઈ હોની ને હારવી, ના મૂકે હગી બાંનને જારવી.

તમામ કારીગરો, તે પછી દરજી હોય કે મોચી, સોની કે સુથાર... હમણાં પતશે... આ પત્યું... પણ એ માત્ર વાયદા જ કરે, વાયદો ક્યારેય પાળે નહીં.
- બીજો અર્થ એ પણ કરાય છે કે આ બધા લોકો, આપેલ વસ્તુમાંથી થોડું ઘણું કાઢી જશે.
- સગી બહેનની વસ્તુમાંથી કટકી કરે જ.



# ઠ

**⇨ ઠગ ને બગ બેય ઉજરા ઓય છે.**

- ઠગ ને બગ બેઉં ઉજળા હોય છે.

છેતરપિંડી કરનાર દેખાવે શાહુકાર જેવા લાગે છે.
- રાજકારણઓ હંમેશા સફેદ કપડાં જ પહેરે છે.

**⇨ ઠાકરને ચાકર ગણો ન, ચાકરને ઠાકર.**

- ઠાકરને ચાકર ગણો અને ચાકરને ઠાકર ગણો.

સૌને સરખા ગણી, સૌને માન આપો.
- નાના કે નગણ્ય માણસોનું વધારે ધ્યાન રાખો, માન-પાન આપો.

**⇨ ઠાકોર જયા ન ઠગ રયા.**

- ઠાકોર ગયા અને ઠગ રહ્યા.
- હાપ ગયાન લેહોટા રયા.

સારા દિવસો ગયા, ખરાબ દિવસો આવ્યા.
- સારો જમાનો ગયો, ખરાબ જમાનો આવ્યો.
- સારા માણસો ગયા, ખરાબ રહ્યા.

**⇨ ઠાકોરજી હાવ હોનાના તોય બેહણી ત પિત્તરની જ.**

- ઠાકોરજી સાવ સોનાના, પણ બેઠક તો પિત્તળની જ હોય.

વિશ્વાસ કરવા જેવા માણસો/જમાનો ન રહ્યા.
- માણસ કે પ્રાણી ભલે સાવ સારા હોય, પણ ક્યારેક તો સ્વભાવ પર જાય છે.

**⇨ ઠાલી ફતેજી શી.**

- ઠાલી ફતેજી કરવાથી શું ફાયદો.

વગર કારણે ટંટો કરી ખોટા દેખાવથી શું મળે ?

**⇨ ઠાલી ઠકરઈ ચ્યાં હુંધી નભે ?**

- ઠાલી ઠકરાત ક્યાં સુધી ટકે ?

દેખાડો કરી મોટાપણું ક્યાં સુધી ટકે. અસલિયત ક્યારેક તો ઉઘાડી પડી જાય છે.

**⇨ ઠાલો કોથળો ઊભો ના રઈ હકે.**

- ખાલી કોથળો ઊભો ન રહી શકે.

પોલો માણસ લાંબુ ન ટકી શકે.

**⇨ ઠૂંઠાંની રાંડનો ઠમકો ભારે.**

- ઠૂંઠાંની સ્ત્રીનો ઠમકો ભારે.

હલકા પ્રકારની સ્ત્રી કે છિનાળ સ્ત્રીનો ઠસ્સો/દમામ/દેખાવ ભારે હોય છે.

**⇨ ઠૂંઠાંમ ઠેલવું.**

- ઠૂંઠાંમાં ઠેલવું.

વારંવાર બહાનાં બતાવવાં.

⇨ **ઠોકર વાગે તાર હમજણ પડે.**

ઠોકર વાગ્યા વગર માણસને સાચી સ્થિતિનું ભાન થતું નથી.

- ઠોકર વાગે ત્યારે સમજ પડે.
- ઠોકર વાગે તાર શૉન ઠેકાણે આવે.
- ઠોકર વાગે ત્યાર શાન ઠેકાણે આવે.
- ઠોકર વાગે તારે અક્કલ આવે.

⇨ **વાર્યો ના વરે, હાર્યો વરે.**

- ડાબા આથે કાંન પકડે.
- કચે કુંભાર ગધેડે ના ચડે.

⇨ **ઠોઠ નેહારિયાન વતૈણાં ઝાઝાં.**

જાતમાં કંઇ હોય નહીં ને ભપકો ભારે કરે.
- પોલો માણસ દેખાડો ખૂબ કર.

- અણ કસબી અજાંમને અસ્ત્રા ઘણા.
- ઠોઠ નિશાળીયાને વતરણાં ઘણાં.
- ખિસ્સા ખાલી ભપકા ભારી.
- નવો મુસલમાંન નવ વાર નમાજ પડે.
- નબરી રાંડ નખરાં બવ કરે.
- ઠોઠ મોઠને ઠમકો ઝાઝો.
- ઠોઠ મોઠને ઠમકો ઘણો.
- ખાલી ઘડો ખખડે ઘણો.

⇨ **કૈડ નેંહરી જવી.**

કામ પુરું કરવામાં...ખૂબ મહેનત પડી.
- કામ પુરું કરતાં કરતાં થાકી ગયા.

- કૈડ નીકળી જવી.



## ડ

⇨ **ડગલા પર શાલ નૈ ન, બખ્તર પર ઢાલ નૈ.**

જયાં જરૂર ન હોય ત્યાં વસ્તુ શોભે નહીં, ને ઉપયોગી પણ ન બને.

- ખમીશ પર શાલ ન હોય ને, બખ્તર પર ઢાલ ન હોય.

⇨ **ડમ ડમ કરે એ શું ભણે ?**

રખડે, રઝળે એ શું ભણે ?
- રખડી ખાય એ ભણી ન શકે.

- ડમ ડમ કરે તે શું ભણે ?

⇨ **ડર ખાય એ ભરખાય.**

ડરે એ મરે.

- ડરે એ મરે.
- ડરી જ્યો એ મરી જ્યો.
- ડરપોકની પડે મરણપોક.

⇨ **ડાચ્યા ભૂલે, પણ લછ્યા ના ભૂલે.**

લખેલું યાદ રહે, દાટેલું ભૂલી જવાય.
- નોંધ કરેલું ગમે ત્યારે વંચાય, કામ આવે.

- દાટેલું ભૂલાય, પણ લખેલું ન ભૂલાય.

⇨ **ડાભની અણી પર પાંણી ના ટકે.**

દરેક પોતાના સ્વભાવ પ્રમાણે જ વર્તે.
- કેટલા જણનો સ્વભાવ અતડો હોય તે બીજામાં ભળે નહીં કે બીજાને મદદ ન કરે.
- નપાતર, કપાતર કે દુષ્ટ માણસને કોઈની શીખામણની અસર થતી નથી.

- ડાભની સળીની કે પાનની અણી પર પાણી ન ટકી શકે.

⇨ **ડાકણેય એક ઘર છોડે.**

એક ભૂલ તો સૌ માફ કરે.
- એટલા ક્રૂર ન બનાય કે એક જણનેય માફ ન કરી શકો. જે ગુનેગાર નથી.

- ડાકણેય એક ઘર મેલે.
- ડાકણેય એક ઘર મૂકી દે.
- ભગવાન પણ એક ભૂલ માફ કરે.

⇨ **ડા'પણ કરવામ ડૂબી જ્યો.**

કામકાજ કરવાના બદલે ડહાપણ કરવામાં દેવાદાર બની ગયા

- ડહાપણ કરવામાં ડૂબી ગયો.

⇨ **ડાચી હાહરે જાય નૈ ન ગાંડી ન શીખાંમણ આલે.**

આ દુનિયામાં સૌ શીખામણ આપવા તૈયાર હોય છે. પણ પોતાનો દોષ જોતો નથી.

- ડાહી સાસરે જાય નહીં અને ગાંડીને શીખામણ આપે.

➩ **ડાચીને કાંમ ને ઘેલી ન ગાંમ.**

- ડાહીને કામ ને ઘેલીને ગામ.

ડાહ્યું માણસ હંમેશાં પોતાના કામમાં મશગુલ રહે છે, જ્યારે ગાંડુ માણસ અહીં તહીં ભચકાયા કરે છે.

➩ **ડાચીને કાંમ ને ઘેલીન ગાંમતરુ.**

- ડાહીને કામ ને ઘેલીને ગામતરું.

,,

➩ **ડાયો દીકરો દેશાવર ભોગવે ન ડાચી વવ ચૂલો ફૂંકે.**

- ડાહ્યો દીકરો દેશાવર ભોગવે અને ડાહી વહુ ચૂલો ફૂંકે.
- ડાહ્યો દિકરો દેશાવર ભોગવે ન ડાચી વવ રોધણિયામ પેહે.

ગુણ, ચતુરાઈ, પ્રમાણે સ્થાન મળે.
-હોશિયાર પુત્ર વેપાર વણજ કરવા પરદેશ ફરે અને ગુણીયલ સ્ત્રી રસોડું શોભાવે.
-બીજો અર્થ એ પણ કરાય છે કે સ્ત્રી ગમે તેવી હોંશિયાર ચાલાક અને લાયક હોય તો પણ તેનું સ્થાન રસોડામાં જ હોય છે.

➩ **ડીંગ મારવામાં હૂરો પૂરો.**

- ડીંગ મારવામાં સૂરો-પૂરો.

ગપ્પાં મારવામાં એક નંબરનાં પાવરધો.

➩ **ડુંગરીમ એલચીના હવાદ ચ્યાંથી લાવ્વા ?**

- ડુંગરીમ એલચીનનો હવાદ ચ્યોહી આવે ?
- ડુંગળીમાં ઈલાયચીનો સ્વાદ ન આવે.
- મહાંણિયા લાડવામાં એલચી ના ઓય.
- દારૂ પીધે કપૂરની ગંધ નાંવે.

➩ **ડૂંટી પરના વાર નૈ તોડ્યામાં ક નૈ બોડ્યામાં.**

- ડૂંટી પરના વાળ નહીં તોડયામાં કે નહીં મૂડવામાં.

જેનું કોઈ મહત્વ નથી.
- જે જગ્યાનું કોઈ મહત્વ નથી.
- વિચિત્ર જગ્યા, કામ વગરની જગ્યા.

➩ **ડોટીમાંનો આરે ન આંટીમાંનો જીતે.**

- ડોટીમાંનો આરે ન મુઠ્ઠીમાંનો જીતે.
- ડોટીમાંનો હારે ને મુઠ્ઠીમાંનો જીતે.

સજાગ માણસ જીતે.
ઝડપથી કામ આવે, એજ જીતે.
- દોટી એટલે ધોતિયામાં કેડે કે છેડે બાંધીને મૂકેલા પૈસા. જયારે આંટી એટલે કેડે ખોશી રાખેલ, જે ઝડપી જરૂર પડે ત્યારે કાઢી શકાય.



➩ **ડોશીએ ડાટ વાર્યો અરખ ઐયાનો ટાર્યો.**

- ડોશીએ દાટ વાળ્યો હરખ હૈયાન ટાળ્યો.
- ડોશી મરે એનો ધોખો નૈ પણ જમ પેધ્યા ન ભોં.
- ડોશી મરે એન ધાંખો નૈ પણ જમ પેધા પડે એન ભોં.
- ડોશી મરે એની ચિંતા નથી પણ જમ પેધા પડે એની ચિંતા.
- ડોશી મરે એને ધાંખો નૈ પણ જમ ઘર ભારી જાય એનો ભોં.

ડોશી છેક મરતાં સુધી પજવતી રહી.
- ડોશીએ અણછાજતું કામ કરી નીચા જોણું કર્યું.
- ચીલો પડી જવાનો ડર.
- મોટો ચીલો પડી જ્યો.

➩ **ડોશીન ઘરમાં વાઘ પેઠો ન તારા ઘરમાં હાપ પેઠો.**

- ડોશીના ઘરમાં વાઘ પેઠો અને તારા ઘરમાં સાપ પેઠો.

ના થવાનું થવું, ના બનવાનું બનવું

➩ **ડોરે દીઠું ગમે નઈન છૂટા પડવું ફાવે નઈ.**

- કાંણિયો દીઠો ગમે નઈન, કાંણિયા વગર ચાલે નહીં.
- આંખે દીઠું ગમે જ નહીં અને છૂટા પડવું ફાવે નઈ.

આંખે જોવાનું ગમે નહીં અને છૂટા પડવું જ ફાવે નહીં.
- અવઢવની સ્થિતિ.

➩ **ડંકો વાગે એ છાંનું ના'રે.**

- ડંકો વાગે ત્યારે છાનું ન રહે.

અમુક છાનાં કરેલા કામ જાહેર થઇ જતાં હોય છે.
દા.ત. સ્ત્રીનું ભારે પગે થવું.

## ઢ

⇨ **ઢાકો-ઢૂબો કરીને બેહવું.**

- ઢાકો-ઢૂંબો કરીને બેસવું.

ગામડામાં સાંજે વાળુપાણી પતાવીને ઠામ-વાસણ અજવાળી, પથારી કરીને, ચૂલો હોલવીને બેસવું.

⇨ **ઢારે પાંણી ઉતરે.**

- ઢાળે પાણી ઉતરે.
- ભૂવો ધૂણે તોય નારિયેર ઘર ભણી જ નાંખે.

વગ વગર કામ ન થાય.
- વગ વચીલાથી જ કામ થાય.

⇨ **ઢાલ્ય ઓય ત આડી ધરાય, જાત્ય નૈ.**

- ઢાલ હોય તો આડી ધરાય, જાત નૈ.
- ઢાલ્ય ઓય ત આડી ધરાય.

હોય તેનો ઉપયોગ થાય, ન હોય તો એના માટે નુકશાન ન વેઠાય.
- હોય તો ઉપયોગ થાય, ન હોય તો ઉપયોગ ન જ થાય.

⇨ **ઢેડ ફજેતા છોડી દે.**

- ઢેડ ફજેતા ના કરશો.
- ઢેડ ફજેતા રે'વા દે.
- ઢેડ ફજેતા ન કરવા.
- જાણી જોઇને ફંદ કરવા.

જાણી જોઇને ફંદ કરવા.
- જાણી જોઇને કાંગા બનવું.
- જાણી જોઇને ત્રાગું કરવું.
- જાણી જોઇને કાલા ન થવું.
- જાણી જોઇને નખરા ન કરવાં.

⇨ **ઢેડનાં છાપરાં ઝાંપે ઓય.**

- ઢેડાંન છાપરાં ગાંમના ઝાંપે ઓય.
- ઢેડના છાપરાં છેવાડે હોય.

હલકી નાત ગામની મધ્યમાં ન વસે.
- ગામના છેવાડે એમને વસવાટ હોય.
- ગરીબનું સ્થાન છેવાડે હોય.

⇨ **ઢેડની છોડીનો કોય ધણી નૈ.**

- ઢેડની છોકરીનો કોઇ ધણી ન હોય.
- ગરીબની જોરું સૌની ગુલામ.
- ગરીબની વહુ સૌની ભાભી.

હલકી સ્ત્રી, કૂળ વગરની સ્ત્રી કે ગરીબ સ્ત્રીની સમાજમાં કોઇ ગણના થતી નથી. એને ભદ્ર સમાજ ઉપભોગનું સાધન ગણે છે.



⇨ **ઢેડના ઘરનું પાંણી લોટો પીવો કે ના'વ, વટલયા એટલે વટલયા.**

- ઢેડના ઘરનું પાંણી, લોટો પીઓ કે ન્હાય, વટલાયા એટલે વટલાયા.

ખરાબ કામ નાનું કરો કે મોટું, કલંક નાનું કે મોટું હોતું નથી. કલંક એ કલંક જ કહેવાય છે.

⇨ **ઢેડવાડે આંમલી ખાટી ઓય કે મેઠી શું ફેર પડે?**

- ઢેડવાડે આંમલી ખાટી હોય કે મીઠી શું ફરક પડે ?

ગરીબ કે હલકા જણને ઘેર રતન પાકે પણ તેની કિંમત થતી નથી.
- આપણી સમાજ રચનામાં હલકા, અસ્પૃશ્ય કે તુચ્છ માણસની ગણતરી થતી નથી.

⇨ **ઢેડવાડે જવુંન આડકાંન ઘરવ કર્યા વગર પાછ ફરવું.**

- ઢેડવાડે જવું અને હાડકાંનો ઘરવ કર્યા વિના પાછા ફરવું.
- નદીએ ગયાને તરસ્યા પાછા ફરવું.
- દરિયે જઇને અલુણા ખાવું.
- લંકામાં વહવું ન અડવા ફરવું.

નીચી પાયરીએ ઉતર્યા પછી પૂરો લાભ ન લેવો.
- મનમાં વસવસો રહી જવો.
- ઇચ્છા પૂર્ણ ન કરવી.

⇨ **ઢેડવાડે તુલસી ઓય એ શું કાંમની.**

- ઢેડવાડે તુલસી હોય તે શા કામની ?

હલકી વર્ણને ત્યાં પવિત્ર ચીજ હોવા છતાં અપવિત્ર ગણાય છે.
- વેશ્યાની દીકરી સતી હોય તો પણ પવિત્ર ગણાતી નથી.

⇨ **ઢેડ મૂવાન આભડ છેટ ટરી.**

- ઢેડ મર્યોને તે આભડછેટ ટળી.

હલકા વર્ણના માણસના મરવાથી કશોય ફરક પડતો નથી.

⇨ **ઢેડના વિવામાં ધક્કાપાટું.**

- ઢેડના વિવાહમાં ધક્કાપાટું.

ઢેડના લગ્નમાં મહાલવાનું ન હોય.

⇨ **ઢેડાં ઢેખલાટે રાગે'રે.**

- ઢેડાં ઢેખલો મારાથી રાગે રહે.
- ઢેડાં ઢેખલાટે હારાં.

હલકા માણસો માર મારવાથી જ કાબૂમાં રહે.

⇨ **ઢેડાં પાણીથી પલ્લે, મૂતરે નઈ.**

પાકી સમજણ વગરના માણસ માટે.

⇨ **ઢેફાં ભાજીન ધૂર કરવાની લૂગડાં ફાડીન ચેથરાં કરવાનાં, ને દાંણા ખૈન દા'ડા કાડવાના.**

- લૂગડાં ફાડીને ચીંથરાં કરવાનાં અને દાણા ખાઇને દિવસો કાઢવાના ઢેફાં ભાગીને ધૂળ કરવાની.

જેમ તેમ જીવી જવાનું.
-કપરી સ્થિતિમાં જીવન ગુજારવું.

⇨ **ઢોર ને ચોરના વશ્વાસ ના કરાય.**

- ઢોર અને ચોરનો વિશ્વાસ ન કરાય.

ગમે તેવા આલતું-ફાલતું માણસનો વિશ્વાસ ન કરાય.

⇨ **ઢોરાં ન છોરાં ઓછાં હારાં.**

- ઢોરાં અને છોકરાં ઓછાં સારાં.
- ઝાઝાં મલ્યા ન ખાવા ટર્યા.
- ઝાઝી ખેતીએ ખેડૂ લથડે.
- ઝાજી છોડીએ બાપ લથડે.

કશુંય ઝાઝું હોય તે સારું નહીં, વધારે વસ્તીનું પુરું કરવું અઘરું પડે.

⇨ **ઢાંકણીમ પાંણી લેયન ડૂબી મરો.**

- ઢાંકણીમાં પાણી લઇને ડૂબી મરો.
- ઢાંકણીમ પાંણી લેય ડૂબી ના મરાય.
- ઢાંકણીમાં પાણી લઇ ડૂબી ન જવાય.
- ઢાંકણીમ પાંણી લેય ડૂબી મરવા જેવું થયું.
- ઢાંકણીમાં પાણી લઇ ડૂબી મરવા જેવું થયું.

એવું નીચ કામ કર્યું હોય જેનાથી મોં ન બતાવાય.
- હલકું કામ કરવું/આબરું જાય તેવું કામ કરવું.
- ડૂબવા માટે ઊંડું પાણી જોઇએ.
- ખોટો ફંદ ન કરવો.
- શરમાવા જેવું થયું.
- સાવ સહેલા કામમાં નિષ્ફળતા મળવી.

⇨ **ઢંગ ધડા વગરનો.**

કોઇપણ જાતની સમજણ કે અક્કલ વગરનો.
- સમજ કે વિવેક વગરનો.



# ત

⇨ **તકદીર પાંહે કોયનુંય ના ચાલે.**

- તકદીર પાસે કોઇનુંય ન ચાલે.

લખ્યા લેખ મિથ્યા ન થાય.
- નશીબમાં હોય તેટલું જ મળે
- ભાગ્ય રેખા બદલાય નહિ

⇨ **તગતી તાપણ્યે હૌ તાપે.**

- સળગતી તાપણીએ સૌ તાપે
- તગતી તાપણ્યે હૌ બેહવા આવે.
- સળગતી તાપણીએ સૌ બેસવા આવે.
- સંપત હોય તો સાળા થવા સૌ આવે ને પડતી આવે તાર બનેવી થવા કોઇ ના આવે.

ઊગતા સૂરજને સૌ પૂજે
- સુખ વૈભવ કે સત્તા હોય તો સૌ કોઇ મિત્રતા કરે, સગા બનવા આવે.

⇨ **તલ મારાન મગ તારા.**

- તલ મારા અને મગ તારા.
- મારું મારું આગવું અને તારું-મારું સહિયારું.
- મુંગ મેરા તો ડાંખલી તેરી, ને ડાંખલી તેરી તો મુંગસ મેરા.

સારું એ મારું. નઠારું એ તારું.
- સ્વાર્થી-પ્રપંચી માણસ.

⇨ **તલ ખાધા ભેરી ગાંડ ચેંકણી ના થાય.**

- તલ ખાધા ભેરી ગાંડ ચીકણી ના થાય.
- તલ ખાતાં જ ગાંડ ચીકણી ન થાય.

આપણી ઉતાવળે કશું જ ન થાય.
- ઘોડું લાવ્યા એટલે તુરત જ વરઘોડો ન નીકળે.

⇨ **તલમાં તેલ નહીં.**

- તલમાં તેલ નહીં.

એ વાતમાં કંઇ દમ નથી.
- એ માણસ હવે ઉપયોગી નથી.
- એનાથી કંઇ વળે તેમ નથી.

⇨ **તરકડી સતી થઇ.**

સો ઉંદર ખાઇને બિલાડી પાટે બેઠી.
- વેશ્યા સતી બનવા ગઇ.
- ચોર શાહુકાર થવા બેઠો.
- નકામો માણસ આગેવાન બનવા ગયો.

⇨ **તરકડી સતી ના થાય.**

નીચ માણસ મહાન ન બની શકે.
- વેશ્યા સતી ન બની શકે.

⇨ **તરકડીના પેટનો.**

તદ્દન હલકા કૂળનો.
- જેના બાપનું ઠેકાણું ન હોય.

⇨ **તરિયા ઝાટક થઇ જવું.**
- તળિયા ઝાટક થઇ જવું.

જે હોય તે બધું વપરાઇ જવું.
- ખૂબ ગરીબ થઇ જવું.

⇨ **તલનું ઘરાક ગાંચી, ને ચાંમડાનો મોચી.**
- તલનો ઘરાક ઘાંચી, ને ચાંમડાનો મોચી.

જેને જરૂર છે એજ તેનો ગ્રાહક બને, બીજો નહીં.

⇨ **તમને અશેક આટલાં વરહાં અમે ખહલું તોડ્યું છે ?**
- તમને હશે કે આટલાં વરસો અમે ઘાસ તોડ્યું છે ?
- તમને એમ અશેક આટલાં વરહાં ધૂરમાં નાંછ્યાં છ ?
- તમને એમ હશે કે આટલાં વરસો અમે ધૂળમાં નાખ્યાં છે ?

અમે આટલાં વરસો વેડફ્યાં નથી.
- અમે આટલાં વરસો ફોગટમાં કાઢ્યાં નથી, ઘણું શીખ્યા છીએ.

⇨ **તમને એમ અશેક આ ઘોરાં તડકામ ઊભા રે'વાથી થયાં છે ?**
- તમને એમ હશે કે આ ધોળાં તડકામાં ઊભા રહેવાથી થયાં છે ?

આ સફેદ બાલ અમારી પરિપક્વતાની નિર્શાની છે.

⇨ **તમારી માટીએ કૂવો નહીં પૂર્યો.**
- તમારી માટીએ કૂવો નથી પૂર્યો.

જે કઇ કમાયા, તે અમારી આવડત અનુભવ અને ધીરજનું પરિણામ છે.

⇨ **તમાર મન શીશીન ફટ્ટાક.**
- તમારે મન શીશી અને ફટ્ટાક.

વાત કે ઘટનાની ગંભીરતા ન સમજે તેવા ન ફિકરા અને અલ્લડ માણસ માટે વડીલો ગુસ્સે થઇને કહે.



⇨ **તમારેત છીલ[૧] છીલ મંકોડીઓ, પણ અમારુંત મન જાંણે છ.**
- તમારે તો છીલ છીલ મંકોડીઓ, પણ અમારું તો મન જાણે છે.

સામેનાની વાતને કે ઘટનાને સામાન્ય માની, ગંભીર ન ગણી, હસી કાઢવામાં કે રમતમાં કાઢી નાખે ત્યારે આ કહેવત વપરાય છે.

⇨ **તમાહાન તેડુ નઈ.**
- તમાસાને તેડુ ન હોય.
- તમાહાન તેડુ ના ઓય.

ગમે ત્યાં, ગમે ત્યારે ઝઘડો થાય કે લોક પલકારમાં ભેગું થઇને ઝઘડો માણે.

⇨ **તરત દાંન ને મા' પૂન.**
- ચટ મંગની પટ શાદી.
- લાય ઘોડો, કાડ્ય વરઘોડો.
- તરત દાન ને મહાપુણ્ય.

ઝડપથી કામ પતાવી દેવું.
- કોઇપણ વાતનો ઝટ ફેંસલો લાવી દેવા.
- ઢૂંઢામાં ઠેલવું નહીં, ત્વરિત નિર્ણય લેવો.

⇨ **તાજા ઘાયે મલમ પટ્ટો થાય.**
- તાજા ઘાવ પર મલમ પટ્ટો થાય.

કશાયનો ઉપચાર, કે કોઇ કામનો ઉકેલ, કે ઝઘડાની પતાવટ તુરત જ કરવામાં ફાયદો થાય. વિલંબ કરવાથી એની આકરી કિંમત ચૂકવવી પડતી હોય છે.

⇨ **તારા પેટમાંત કાતર છે.**
- તારા પેટમાં તો કાતર છે.
- મુખમેં રામ બગલમાં છૂરી.
- હાથીના ચાવવાનાય જુદા ને બતાવાનાય જુદા.

તું ભરોસાપાત્ર નથી.
- તું કપટી, દગાબાજ છે.
- તું બેવડાં ધોરણવાળો છે.

⇨ **તાાલ્યા પાંહે કાંસકો ના ઓય.**
- તાલિયા પાસે કાંસકો ન હોય.
- તાલ્યા પાંહે કાંસકો હોધવા નૅકર્યા છ !

જેની પાસે ન હોય એની માગણી કરવી.
- વ્યર્થ વાત કરવી.

---

૧. છીલ છીલ મંકોડીઓ : આજથી ત્રીસ ચાલીસ વરસો પહેલાં, ગામડામાં છોકરાં છીલ છીલ મંકોડીનો દાવ રમતાં હતાં. આ રમતમાં કોઇ ઠીકરા પર, ઇંટ પર કે ન દેખાઇ જાય તેવી જગ્યા પર કોલસાથી નાના નાના ઊભા લીટા કરવામાં આવતા. ક્યારેક આ લીટા નેજવાં પર, પગથિયે પણ કરતા પછી બૂમ પાડે છીલ છીલ મંકોડીઓ :
દાવ આપનાર ભીથ્યું એ તે શોધી કાઢવાની. જો ન શોધાય તો દાવ લેનાર એ બતાવે અને જેટલા લીટા હોય એટલી એના પર ટીક ચઢી જે દાવ દેનારે ઉતારવી પડે અને જો દાવ દેનાર શોધી કાઢી તો એટલી ટીક લેનાર પર ચઢે. જયાં સુધી એકબીજાનું દેવું ન પતે ત્યાં સુધી આ નિર્દોષ રમત ચાલુ રહેતી.

- તાલિયા પાસે કાંસકો શોધવા નીકળ્યા છે.
- નાગાન ગામમાં ધોબીન ધંધો ના થાય.

➩ **તાબોટા પાડીન ઊભો રે' એવાન હંગાથ શુ કાંમનો ?**
નમાલા કે બાયલાની દોસ્તી શું કામની ?
- તાલીઓ પાડીને ઊભો રહે એવા (હીજડા) નો સથવારો શા કામનો ?

➩ **તાબોટા પાડીને ઊભો રે' એવો એ શું ઘાડ મારવાનો અતો ?**
નમાલા કે હીજડાનો સંગાથ શું કામનો ?

➩ **તાલેવાનનાં હૌ હારા થાય પણ ગરીબનો બનેવી કોય ના થાય.**
ધનવાન કે વગવાળાની સૌ દોસ્તી કે સગપણ કરવા પડાપડી કરે, પણ ગરીબનું સગુ કોઈ ન થાય.
- તાલેવાનના સૌ સાળા થાય પણ ગરીબનો બનેવી કોઈ ન થાય.
- ઉગતા સૂરજને સૌ પૂંજે.
- તગતી તાપણીએ હૌ તાપવા જાય.

➩ **તાલી દેયન ગયો.**
વિશ્વાસ આપીને છેતરી ગયો.
- વિશ્વાસ આપીને, વાયદો કરીને ગયો પાછો ન આવ્યો.
- ખોટો દિલાસો આપવો.
- તાલી આપીને જતો રહ્યો.

➩ **તાવ આથીનાંય આડ ભાગી નાંખે.**
બિમારી ભલભલાને કમજોર બનાવી દે છે.
- તાવ તો હાથીનાંય હાડ ભાંગી નાખે.

➩ **તાવડીનો તારો, થારીનો મારો.**
સારું એ મારું બાકીનું તારું.
- સ્વાર્થી માણસ.
- તાવડીનો તારો, થાળીનો મારો.
- તાવડીનો તારો, કલાડીનો મારો.



➩ **તાવને તેડવા ના જવો પડે.**
તાવ, બિમારી કે અકસ્માત અણધાર્યાં આવી પડે, એને તેડું કરવાનું ન હોય.
- નકામી વસ્તુને, નુકશાન કરનાર કે દુશ્મનને બોલાવવા જવું ન પડે.
- ખરાબ ચીજ, રોગ, બિમારી કે દુશ્મનને નિમંત્રણ ન અપાય એ તો આવી જ જાય.
- તાવને તેડું નૈ.
- તાવને તેડવા જવો ન પડે
- તાવને તેડવા કોણ જાય ?

➩ **તારી મોયન મારો દા.**
તક-સાધુ, પોતાના ફાયદાનું કામ પ્રથમ કરાવી લેવું
- તારી મોઇ ને મારો દાવ.

➩ **તારે ઘેર આવીએ તાર વાડીયે કપાસ્યો દેજે.**
જા તારા ઘરે આવું ત્યારે મારું સરખું સ્વાગત ન કરીશ, જમાડીશ નહીં. પહેલાંના જમાનામાં મહેમાનને જમાડતા ત્યારે કંસાર પિરસાય અને વાઢીથી ઘીની ધાર કરાતી. (આ માટીનું કીટલી જેવું વાસણ જેના નાળચામાં કપાસિયો ભરાવી દેતા. પિરસાતું ઘી ધાર પડવાના બદલે ટીપે ટીપે પડે અર્થાત ઓછું વપરાય.)
- તારા ઘેર આવીએ ત્યારે વાઢીયે કપાસિયા દેજે.

➩ **તીજને તેરશ ભેગાં ના'વે.**
થતું હોય તે પ્રમાણે જ થાય, આપણું ધાર્યું ન થાય.
- અશક્ય બાબત.
- ત્રીજને તેરશ ભેગાં ન આવે.

➩ **તેવડ તીજો ભાગ.**
કરકસર કરે તે જ જીતે.
- હંચકીને વાપરીએ તોજ જીવાય.
- આવક પ્રમાણે આયોજન કરે તેજ જીવે.
- કરેલી કમાણી ગમે તેમ ન વેડફવી.
- ત્રેવડ ત્રીજો ભાગ.

➩ **તેજી ચમકે ચાબુકે, ન ટકોરે રજપૂત.**
પ્રાણવાન, જાતવાન ઘોડો હોય કે માણસ એક ટકોર કે ઈશારો બહું થઈ ગયો ને જાનવરને ચાબુક જ ધાર્યું કામ કઢાવી લે.
- તેજી ચમકે ચાબુકે, અને ટકોરે રાજપૂત.
- ગધાડાના ડફણાં ન ઘોડાન ઈશારત.
- તેજીન ટકોરો ન ગધાડાન ડફણાં.

⇨ **તૂંટી એની નઇ બૂંટી.**

- તૂંટી એની નહીં બૂંટી.
- મરતાને ભગવાનેય ના બચાઇ હકે.

આવરદા ખૂટી ગઇ એને કોઇ બચાવી ન શકે.

⇨ **તૂરીથી અલકો માગણ.**

- તૂરીથી માગણ હેઠ.
- તૂરીથી માગણ હલકો.

વર્ણાશ્રમ પ્રમાણે નક્કી કરેલ સ્થાન. - તૂરી જ્ઞાતિ, માગણ કરતાં ઊંચી ગણાય.

⇨ **તું મારા મોંમાં આગરી ઘાલું ત અું તારી આંછ્યમાં.**

- તું મારા મોંઢામાં આંગળી ઘાલું તો હું તારી આંખમાં.
- જેવા સાથે તેવા.
- શેરના માથે સવાશેર.

જેવા સાથે તેવા.
- એકબીજાના મોંમાં થૂંકે એવા.

⇨ **તાંબાની તોલડી તેર વાંનાં માગે.**

- ટકાની આંલ્લી તેર વાંના માગે.
- તાંબાની તોલડી તેર વાનાં માગે.

જુદું ઘર માંડો ત્યારે ખબર કે કેટલી વસ્તુઓની જરૂર પડે છે.



# થ

⇨ **થઇન રઇએ ન પોતાનાં કરીએ.**

- થઇને રઇએ ને પોતાના કરીએ.

પારકાને પોતાનાં કરીએ અને પોતે પારકાંના થઇને રહીએ તો જ વહાલા લાગીએ.

⇨ **થડિયાં વગર ડારખાં ના ઓય.**

- થડ વિના ડાળખાં ન હોય.
- કૂવામાં હોય તો હવાડામાં આવે.

કશુંય બન્યું હોય તો જ અફવા ફેલાય.
- આગ હોય તો જ ધુમાડો નીકળે.

⇨ **થાક પૅડીઓમાં ચડ ઉતર કરે છ.**

- થાક પેડીઓમાં ચઢ ઉતર કરે છે.

ખૂબ થાક લાગવો.

⇨ **થાક વગર પાક ના ઉતરે.**

- થાક વના પાક ના ઉતરે.
- થાક વના પાક ના મલે.
- આથ બગડેત મોં બગડે.
- થાક વિના પાક ન ઉતરે.

અથાગ મહેનત વગર ફળ ન મળે.

⇨ **થાચ્યો ઢેડ ધૂર અઘે.**

- થાકેલો ઢેડ ધૂળ અઘે.

થાકી ગયેલ માણસ ફતવા કરે.
- થાકેલ માણસ કાંગાં કાઢે, નખરાં કરે.

⇨ **થાય એવા થઇએ તારે ગાંમ વચ્ચે રઇએ.**

- થાય તેવા થઇએ ત્યારે ગામ વચ્ચે રઇએ.
- જેવા સાથે તેવા.

જેવા સાથે તેવા બનો તોજ એમની વચ્ચે રહી શકો, બાકી ન રહેવાય.

⇨ **થોડામ બોડું.**

- થોડામાં બહોળું.
- બેમાં ભળ્યા બાર, દે દામોદર દાળમાં પાણી.
- માગ્યામાંથી માગે એનું તરભાંણું લાજે.

જમવાનું થોડું હતું એમાં ખાનાર વધ્યા.
- સીંધી લોકોની રીત. સીંધી મોટો નફો આવા ન રહે, પૈસો મળે તોય વેચી દે.

⇨ **થોડે નફે બોરો વેપાર.**

- થોડે નફે લાંબો વેપાર.

ઓછો નફો લઈને વધારે વેપાર કરવાથી કમાણી વધે છે.

⇨ **થોડું રાંધ્ય ને મને ધરવ.**

- થોડું રાંધ અને મને ધરવ.

ગમે તે કર, મને રાજી કર.
- માત્ર પોતાનો જ સ્વાર્થ જોવો.

⇨ **થૂંકે પૂડા ના થાય.**

- ગધાડાન લેડાંએ પાપડ ના થાય.
- થૂંકે પૂડા ન થાય.
- ગાંડ્ય ધોયન કડી ના થાય.

ખોટી કરકસર કે નકામી કંજુસાઈ ન કરાય.
- જે ચીજની જરૂર પડે એના વિના ન ચાલે.

⇨ **થૂંકની આયપત ને થૂંકનો વરો.**

- થૂંકની આવક ને થૂંકનો વરો.
- થૂંકની આવકને થૂંકનો વાપર.
- રોડાં ઓય તાં પાંણી બતાવવું.

ખોટા ફડાકા મારવા.
- ખોટા ફૂલારા મારવા.
- ખોટા બૈંગણાં ફૂંકવા.
- રૂપિયાની આવકને દહનો વરો.
- વાતોનાં વડાં કરવાં.



# દ

⇨ **દખનું ઓહડ દા’ડા.**

- દુઃખનું ઓષડ દહાડા.

દુઃખ કે માથે આવેલી આફત ક્ષણમાં દૂર થતી નથી, સમય જતાં સરખું થઈ જાય છે. શોક કે ગમના ઘા લાંબા સમયે જ રુઝાય છે.

⇨ **દકારમાં મેંડિયા કોદરાય હારા લાગે.**

- દુકાળમાં મિડિયા કોદરાય સારા લાગે.

જ્યારે ખાવાનું કંઈ ન મળતું હોય ત્યારે જે કંઈ મળે, જેનાથી ભૂખ ભંગાય તે સારું લાગે.

⇨ **દકાર પડે તાર કોદરાય મોંઘા થાય.**

- દુકાળ પડે ત્યારે કોદરાય મોંઘા થાય.

જરૂર પડે ત્યારે વસ્તુ ન મળે
- જરૂર પડે ત્યારે નકામી વસ્તુનોય ભાવ બોલાય.

⇨ **દીવામાં દિવેલ ઓય તાં લગી જ બરે.**

- પારકાં તેલે દીવા ના બળે.
- દીવામાં દિવેલ હોય ત્યાં લગી જ બળે.

આપ શક્તિ જ કામ આવે.
- પોતાના બળે જીતાય, બીજાના બળે ન જીતાય.

⇨ **દમડી હારું દહ ફેરા ખાય.**

- દમડી હારું દશ ધક્કા ખાય.
- દમડી માટે દશ આંટા ખાય.

સ્વાર્થ હોય ત્યારે લાખશે આંટા ખાય.
- સ્વાર્થ હોય ત્યારે ટાઢ, તડકો કે વરસાદ ન જોવાય.

⇨ **દયા છોડે એન દેવ કોપે.**

- દયા છોડે એને દેવ કોપે.

દયાભાવ છોડી ક્રૂર બનનારને ઈશ્વરેય માફ નથી કરતો.

⇨ **દર્યાનું દળાંમણ આલે એમાં પાડ શેનો ?**

- દર્યાનું દરોમણ આપે તેમાં ઉપકાર શેનો ?
- દળ્યાનું દળાંમણ આપે તેમાં ઉપકાર શેનો ?
- માસી હાટે માહો.
- ખરી વાતમાં ખાર શેનો ?

કામ કરીને વળતર માંગવું, એમાં ઉપકાર ન ગણાય.
- હક્કનું લેવામાં નાનમ ન ગણાય.

⇨ **દરની માટી દરમાંન દરમાં.**
- બલાડીન ગૂ બલાડી ઢાંકે.
- દરની માટી દરમાં ને દરમાં.

પોતે પોતાનું કામ કરે, એમાં નવાઇ નથી. બીજાને મદદરૂપ ન થવું.
- પોતાનો સ્વાર્થ પ્રથમ જોવો.

⇨ **દરદર ગયું ન દાથરી આયી.**
- ભૂત કાઢ્યું ન પલીત પેઠું.
- મર્યાત નઈ, માંદા પડ્યા.
- દરદર ગયું ને દાથરી આવી.

એક દુઃખ ગયું, ત્યાં બીજું આવ્યું.
- ગરીબી તો ગઇ, પણ ભીખ માગવાનો વારો આવ્યો.

⇨ **દરિયામ રે'વુંન મગરથી વેર બાંધવું !**
- ગાંમ્માં રે'વુંન પટેલથી વેર !
- બતરી દાંત વચ્ચે જીભને દાંતથી વેર.
- દરિયામાં રહેવું અને મગરથી વેર બાંધવું ?

જેમની વચ્ચે રહીએ તેમની સાથે વેર ન બંધાય, સહકારથી રહેવામાં ફાયદો હોય છે.

⇨ **દરિયામ રે'વુંન મગરથી ડરવું ના પોહાય.**
- દરિયામાં રહેવું અને મગરથી ડરવું ના પોષાય.

ડરી ડરીને રહેવું નહીં.
- જેમની વચ્ચે રહીએ એમનાથી ડરીને ન જીવાય.

⇨ **દરદ ને દશ્માંન બેયન ઉગતાં જ દાબી દેવાં હારાં.**
- દર્દ અને દુશ્મન બંનેને ઉગતાં જ દાબી દેવા સારાં.

દર્દ અને દુશ્મનને ઝડપથી કાબૂમાં લેવાં સારાં, લંબાય તો નુકશાન કરે, ભારે પડે.

⇨ **દા'ડે ડોબાં ના પારખે ન રાતે ઈરા પારખે.**
- દિવસે ઢોરાં ન પારખે ને, રાતે હીરા પારખે.

અશક્ય વાત, ગપ્પું, મજાક.
- ડફોળ દાધારંગો.
- માન્યામાં ન આવે તેવી વાત.

⇨ **દાટે એન ડાકણ ચાટે ?**
- દાટે એન કોણ ચાટે ?
- દાટે એને કોણ ચાટે ?

જમીનમાં દાટેલું ધન કોણ વાપરી શકે. કંજુસ માણસની કમાઇ કોઇનેય કામ ન આવે.



⇨ **દાડીની દાડીન હાવૈણીન હાવૈણી.**
- દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી.

જે સમયે જે કામ આવે તે ઉપયોગમાં લેવાનું.
- એક જણ અધિકારીની ફરજ બજાવે ને જરૂર પડે પટાવાળોય થઇ જાય.

⇨ **દાડી-મૂછ દીકરાન આવે.**
- દાડી-મૂછ દીચરાન આવે.
- દાડી-મૂછ દીકરાને આવે, દીકરીને નૈ.

સમય પ્રમાણે કામ કરી લેવું.
- જેનાં કામ જે કરે.
- દીકરાની જગ્યા દીકરી ન લે.

⇨ **દાતણ વરથે દરદર ના ફીટે.**
- દાતણ વેચવાથી ગરીબી ન હટે.
- દાર ચોખા ભેગા થાય તાર તૈડિયો તેડે રઇ જાય.
- દાળ ચોખા ભેગા થાય ત્યારે તૈડિયો કોરે રહી જાય.
- દાર ચોખા ભેગા મલે તાર ગાંગડું પાહવે રઇ જાય.
- દાળ ચોખા ભેગા મળે ત્યારે ગાગડું બાજુએ રહી જાય.

નાની ખેતી કે થોડો વેપાર કરવાથી પૈસાદાર ન થવાય.

⇨ **જેના તે તેનાન વગર પાંણીએ ભેના.**

ઉલટ પોતાના પર ઉપજે, પારકાં કે અજાણ્યાં પર નહીં.
- તકલીફમાં પોતાના જ કામ આવે.

⇨ **દીકરી કાં હાહરે હારી કાં મહાંડે હારી.**
- દીકરી કા તો સાસરે શોભે, કાં મસાણે.

દીકરીનું સ્થાન કાં સાસરામાં કાં તો મસાણમાં. કારણ કે પિયરમાં રહે ને પગ લપસે તો કલંક લાગી જાય.

⇨ **દીકરી આલી દીકરો લીધો.**
- દીકરી આપી દીકરો લીધો.

સાત જનમના સંબંધ બાંધ્યા.

⇨ **દીકરીન ગાય દોરે તાં જાય.**
- દીકરીને ગાય દોરે ત્યાં જાય.

દીકરી-કહ્યાગરી ગણાય, મા-બાપ કહે ત્યાં પરણીને જીવન વીતાવે.

⇨ **દીકરીન માગાં નંખાય, વવનાં નઇ.**

જેની માગણી થતી હોય તેની જ થાય. અજૂગતી માગણી ન થાય.

- નેવાંના પાણી મોભારે ના ચડે.
- દીકરનું માગુ નંખાય, વહુંનું નહીં.

⇨ **દીકરો થઇને ખવાય, બાપ થઇને નઇ !**

વ્હાલથી માથું આપી દેવાય.
- પ્રેમથી બધાં કામ થાય, દાદાગીરીથી ફરજ ન પડાય.

- દીકરો થઇને ખવાય, બાપ થઇને નહીં !

⇨ **દીઠા દેવ ન પો'ચી જાતરા.**

જેમને કામ સોંપ્યું હતું તેમનાથી ન થયું. કામ ન થવું

⇨ **દિશાએ જવું થોડું ન પપકાર ઝાઝો.**

હોય તેના કરતાં દેખાડો ઝાઝો કરવો.

- દિશાએ જવું થોડું ને પાદવું ઝાઝું.

⇨ **દીવા રાંણા કરીન બેહવું.**

સામાન્ય અર્થ થાય કામ પરવારીને બેસવું પણ ઘરની સ્ત્રી રીસાઇ હોય ત્યારે પણ દીવા હોલવીને નારાજગી વ્યક્ત કરે છે.

- દીવા રાણા કરીને બેસવું.
- દીવા હોલવીને બેસવું.

⇨ **દિ-વારે એ દીચરા ન, છો વારે એ છોકરા.**

બાપનું દુઃખ ફેડી, સુખ-સમૃદ્ધિ લાવે તેનું નામ દીકરો, પણ બાપનું નામ બોળે તે છોકરો.

- દિ-વાળે તે દીકરા ને, છો વાળે તે છોકરા.

⇨ **દુઃખી ન દિવાંનાં બેય બરાબર.**

દુઃખી અને ગરીબ માણસની ગણના ગાંડામાં થાય છે. અર્થાત્ ગરીબની કિંમત હોતી નથી.

- દુઃખી અને દિવાના બેઉં બરાબર.

⇨ **દુઃખે માથું ન કૂટે પેટ.**

કારણ જાણ્યા વિના કકળાટ કરે.
- તકલીફ બીજી હોય, ને વાંક બીજો કાઢે.

- દુઃખે માથું ને કૂટે પેટ.

⇨ **દૂધના દૂધમાં ન પાંણીના પાંણીમાં.**

ખોટા રસ્તે કરેલી કમાણી રહે નહીં.
- જે રસ્તે કમાણી કરી હોય એવી રીતે જતી રહે.
- સાચી મહેનતની કમાણી ટકે, ખોટા રસ્તેથી કરેલી કમાણી ન ટકે.

- બચકારે આવે એ ડચકારે જાય.
- અટવનો માલ બટવ ખાય.



⇨ **દૂઝણી ભેંસનું પાટુંય હારું લાગે.**

કમાણી કરનારની તુમાખીય સહન કરવી પડે, સારી લાગે.

- દૂઝણી ભેંસની લાતેય ગમે.

⇨ **દૂઝણી ભેંસ ને કમઉ દીકરો વા'લા લાગે.**

કમાણી કરનાર સૌ વહાલાં લાગે.
- કમાણી કરનાર સૌને ગમે.

- દૂઝણી ભેંસ ને કમાઉ દીકરો વહાલા લાગે.

⇨ **દુબરું ઢોરને કુશકે રરિયાત.**

જેવી હેસિયત તેવું સ્થાન.
- જેવી જરૂરિયાત એવું તેને માનપાન.

- દુબળા ઢોરને કુશકીએ રળિયાત.

⇨ **દુબળા ઢોરને કુશકી જ મલે.**

ન કામના માણસને કે પ્રાણીને એના જેવી જ આગતા-સ્વાગતા થાય.

- દુબળા ઢોરને કુશકી જ મળે.

⇨ **દૂધનો ઊભરો ઘડીક જ ઓય.**

ઉપર ઉપરનો ગુસ્સો તુરત સમી જાય.
- ક્ષણિક ગુસ્સો કરનાર માણસ.
- નાનો ઝઘડો તુરત જ સમી જાય.

- દૂધનો ઊભરો ઘડીક જ હોય.

⇨ **દૂધ પઇન હાપ ઉછેરવા.**

જાણી જોઇને દુશ્મનને પાલવવો.
- દુશ્મન કે નીચ માણસને જાણી જોઇને આશરો આપવો.

- દૂધ પાઇન સાપ ઉછેરવા.

⇨ **દૂધ પઇન હાપ ના ઉછેરાય.**

જાણી જોઇને દુશ્મનને મદદ ન કરાય.
- દુશ્મનને ખાઇ પીને તાજો ન કરાય.

- દૂધ પાઇને સાપ ના ઉછેરાય.
- હાથ-પગ ધોઇને કોઢ ન મંગાય.

⇨ **દૂધી હૂંકઇ ગવારસેંગ થઇ ગઇ.**

સાવ દુબળા પડી જવું.
- મફતિયું ખાઇને જાડા પાડા થનાર.
- મફતિયું ખાવાનું બંધ થઇ જાય ત્યારે વલખાં મારે ત્યારે પણ આ કહેવત વપરાય છે.

- દૂધી સૂંકાઇ ગવારસસીંગ થઇ ગઇ.

⇨ **દેખતા ડોરે ઓછ્યોમાં આંગરિયો નાંખવા ના દેવાય.**

જાણતા હોવાં છતાં અન્યાય સહન ન કરાય.
- જાણતા હોવા છતાં બીજાને મનમાની ન કરવા દેવાય.

- છતી આંખે કૂવામાં ના પડાય.
- દેખતા ડોળે આંખોમાં આંગળિયો ઘાલવા ન દેવાય.
- જાણી જોઇને કોઇ કૂવામાં નાખે તો ન પડાય.

⇨ **દેખતી આંછ્યે આંધરા થઇ કૂવામ ના પડાય.**

- દેખતી આંખે આંધળા બની કૂવામાં ન પડાય.

જાણી જોઇને નુકશાન ન વેઠાય.
- જાણી જોઇને આફત ન વહોરાય.
- જાણી જોઇને નુકશાનીનો ધંધો ન થાય.

⇨ **દેખવુંય નઇન દાઝવુંય નઇ.**

- જોવુંય નઇન રોવું'ય નઇ.
- દીઠાનું ઝેર.
- દેખવુંય નહીંને દાઝવુંય નહીં.

જરૂર ન હોય ત્યાં એમાં કૂદી ન પડાય.
- સળગતી આગમાં કૂદકો ન મરાય.
- પારકી પંચાતમાં ન પડાય.

⇨ **દેખાય દેડકુંન મઇથી નેકરે નાગ.**

- દેખાય દેડકો ને અંદરથી નીકળે નાગ.
- હાપ જેવો હુંવારો.

જેટલું બહારથી સહેલું લાગે તેટલું સહેલું ન પણ હોય.
- બહારથી સરળ લાગતો માણસ એટલો અંદરથી સરળ ન પણ હોય.

⇨ **દેડચી કૂલીન આથી ના થાય.**

- દેડકી કૂલીને હાથી ન બને.
- વાગરણ નાગરણ ના થાય.

જેટલી તાકાત હોય એટલું જ ગાતર કરાય, વધારે કરવા જાય તો તૂટી જાય.
- જે હોય એજ રહે.

⇨ **દેખાડે દેડકો ન કાડે હાપ.**

- દેખાડે દેડકો ને કાઢે સાપ.

જેવો છે તેવો દેખાતો નથી.
- બદમાશ છે પણ દેખાતો નથી.
- કેટલાય દેખાય સરળ પણ અંદરથી કાતિલ હોય છે, જેને પારખી શકાતા નથી.

⇨ **દેડકાંની પાંચ્છેરી.**

- દેડકાંની પાંચશેરી.

સંપ વગરના લોકો.
- ગમે તેમ કરો તો પણ એક સાથે ન રહે.

⇨ **દેડકાંની પાંચ્છેરી જેવા લોક.**

- દેડકાંની પાંચશેરી જેવા લોક.

સંપ વગરના લોકો.
- આપસમાં મનમેળ ન હોય તેવા લોકોનો સમૂહ.

⇨ **દેવની ગત ન્યારી.**

- ઇશ્વરની ગત ન્યારી.
- ઇશ્વરની અકર ગતિ.

ઇશ્વરની ઇચ્છા એજ થશે.
- ઇશ્વરની ગતિ ન્યારી છે.



⇨ **દેવરનો ઘંટ જે આવે એ વગાડે.**

- દેવરનો ઘંટ મન ફાવે એ વગાડે.
- દેવરનો ઘંટ હૌ વગાડે.
- દેવરનો ઘંટ સૌ વગાડે.
- વેશ્યાનું આખું ગાંમ ધણી.

જાહેર જગ્યાનો સૌ ઉપભોગ કરે.
- વેશ્યાનું ધણી આખું ગામ.

⇨ **દેયનાં દખ હૌને ભોગવવાં પડે.**

- દેહનાં દુઃખ સૌને ભોગવવા પડે.
- દેયનો દંડ ભોગવવો પડે.
- દેહનો દંડ ભોગવવો પડે.

ભાગ્યમાં હોય તે ભોગવવું પડે.
- ભાગ્યમાં લખી પીડા ભોગવવી પડે.

⇨ **દેરાહરમાં દીવા ન અપાહરે અંધારું.**

- દેરાસરમાં દીવા ને અપાસરે અંધારું.

થતું હોય તેમ થાય.
- થતું હોય તેમ થવા દે.

⇨ **દોરો તૂટે એટલે પતંગ પડે.**

- દોર તૂટે એટલે પતંગ પડે.
- ખીલાના બળે વાછડું કૂદે.

થાય તે જોયા કર.
- કોઇના બળે કૂદવું.

⇨ **દોડ વાંક વગર ટંટો થાય ના.**

- દોઢ વાંક વિના ટંટો ન થાય.
- એકલા હાથે તાલી ન પડે.

બે જણના વાંક વગર ઝઘડો ન થાય.
- એકલા એક જણના વાંકે ઝઘડો ન થાય.

⇨ **દોયડી બરે પણ આંમરો ના જાય.**

- દોરડી બળે પણ આંમળો ન જાય.
- દોયડી બરે પણ વર ના જાય.
- દોરડી બળે પણ વળ ન જાય.
- કૂતરાની પૂછડી ભોંયમાં ઘાલો તોય વાંકીન વાંકી.
- મિયાં પડ્યા, પણ તંગડી ઊંચીન ઊંચી.

ગમે તેવી સ્થિતિમાંય વટ ન છોડે.
- નબળી સ્થિતિમાંય વટ ન છોડે.

⇨ **દૌં'ણી લેનારો મલે તાર મડદું ઉપડે.**

- દૌં'ણી ઉપાડનાર મળે તો મડદું ઉપડે.

કોઇ જવાબદારી લેતો કામ આગળ વધે.
- કોઇ હાથો બને તો કામ થાય.

⇨ **દો'ણીન[1] ઘેર ગાડું છોડી આયા પછી ના'વે.**

- દો'ણીને ઘેર ગાડું છોડી આવ્યા પછી ના આવે.
- દલાલને ઘેર ગયા પછી માલ પાછો ના આવે.

સામે ચાલીને મરવા જનારને કોણ રોકે.
- વાઘના મોંમાં માથું ઘાલ્યા પછી બથાય ખરું.

⇨ **દાંત ખોતરવા હારું હોય[2] વપરાય, તરવાર નઇ !**

- દાંત ખોતરવા માટે સોય કામ આવે, તલવાર નહીં.

જે વસ્તુનો જ્યાં ઉપયોગ થતો હોય ત્યાં જ થાય, બીજે નહીં.
- જોડા પગમાં પહેરાય માથે નહીં.

⇨ **દાંત દોયડી કરીન થાચી જ્યા.**

- દાંત દોયડી કરીને થાકી ગયા.

કામ પતાવવા ખૂબ માથાકૂટ થવી.
- વગર કારણે ખોટી માથાકૂટ થવી.

⇨ **દાંન કરનારો દાંન કરે ને ભંડારીનું પેટ બરે.**

- દાન કરનારો દાન કરે અને ભંડાળીનું પેટ બળે.

સારું થતું ખમી ન શકે તેવો.
- હલકા પેટનો, જે સારું થતું જોઇ ન શકે.
- ઈર્ષાળુ.

⇨ **દાંન કરતાં દયા હારી.**

- દાન કરતાં દયા સારી.

દાન કરીને મફતિયા ખવરાવવાની ટેવ કરતાં દયા ખાવી સારી.

---
૧. દાણાનો વેપારી, અનાજનો વેપારી
૨. સોય



# ઘ

⇨ **ઘક્કો ખાધે મરી ના જવાય.**

- ઘક્કો ખાવાથી મરી ના જવાય.

કોઇનું કામ કરવાથી ઘસાઇ ન જવાય.
- બીજાને ઉપયોગી થવામાં નાનમ ન રખાય.

⇨ **ઘગતા કોયલા આથ બારે, ને બરેલા આથ કારા કરે.**

- સળગતા કોલસા હાથ બાળે, ને બળેલા કોયલા હાથ કાળા કરે.

નીચ માણસ બધી રીતે નડે.
- હલકું કામ કે ખોટું કામ કરેલું હંમેશા નડે.
- ખોટું કામ બદનામી અપાવે.

⇨ **ઘણીની માંનીતી ઢેચડી, બાર ગાંમ ઉજ્જડ કરે.**

- ઘણીની માનીતી ઢેચડી, બાર ગામ ઉજ્જડ કરે.
- પાળેલું કૂતરું મોં ચાટે ને ખીજાય ત્યારે ઉપર મૂતરે.

મોંઢે ચઢાવેલ, હલકું જણ નુકશાન કરે જ.
- હલકા પાત્રને મોંઢે ન ચઢાવાય.

⇨ **ઘણીની માંનીતી ઢેચડી, ગાંમ અભડાવે.**

- ઘણીની માનીતી ઢેચડી ગામ અભડાવે.
- ઘણીની માંનીતી બાયડી, બાર ગઉ ઉજ્જડ ભારે.

⇨ **ઘણી જાંણે ન ઢેડ ઘરાકાં વેચે.**

- ઘણી જાણે નહીંને ઢેડ ગ્રાહક વહેંચે.

લાગતા વળગતાને, જેને નિસ્બત હોય, તેમને ખબરેય ન હોય અને એની પંચાત બીજા કરે.
- ગામડામાં ઉચ્ચ જ્ઞાતિનું કામ કરવા વસવાયા જ્ઞાતિને અમુક ભાગ કે ઘરાં આપી દીધાં હોય છે. તેઓ પોતાના ગ્રાહકને બીજાને ત્યાં ગીરે પણ મુકે અથવા એના વતી બીજો કામ કરે તો તેની આવક તે ખાય જેમાંથી અમુક ટકા મૂળ જણને આપે.

⇨ **ધણીનો રોટલો બાપની પાલખી કરતાં હારો.**

લૂખ્ખું-સૂખ્ખું હક્કનું મળે તે સારું પણ પારકી ગુમાલીનો લાડું મળે તે નકામો.

- ધણીનો રોટલો બાપની પાલખી કરતાં સારો.
- શેઠ બની વાંણીત્તર ના થવાય.

⇨ **ધણી વગરનું ઘરોડ હુનું.**

મૂળ ધણી વિના બધું જ નકામું.
- મૂળ ધણી ન હોય તો કોઇ શરમ ભરતું નથી.

- ધણી વિના ઘરોડ સૂનાં.
- રાજા વગર નગરી સૂની.
- સરદાર વગરનું સૈન્ય બારેવાટ.

⇨ **ધણી વગરનાં ઢોર ને માવતર વગરનાં છોકરાં હૂંનાં.**

મા બાપ વિનાનાં છોકરાંનો કોઈ ઘડો કરતું નથી.

- ધણી વિનાના ઢોર ને માવતર વિના છોકરાં સૂના.

⇨ **ધણીન હુજે ઢાંકણીમાં ન પડોશીન હુજે આરસીમાં.**

પોતાને લાગે તેવું જ કરવું. પડોશીની શિખામણ ન જ લેવી.
- અક્કલવાળા પડોશીની સલાહ ધણી માનતો નથી.

- ધણીને સૂઝે ઢાંકણીમાં ને પડોશીને સૂઝે આરસીમાં.

⇨ **ધન, જોબન ને ઠકરઈ, સદાય કોયની રઇ નહીં.**

સુખ, સંપત્તિ, સત્તા અને યુવાની સદાય ટકતાં નથી જ.

- ધન, જોબન ને ઠાકરી, સદાય ટકતાં નથી.

⇨ **ધન તો ઢેચડીન ઘેરેય ઓય.**

હોય તેનો ગર્વ ન કરવો.
- ધન તો ગમે તેની પાસે ય હોય, તેના ગર્વ ન કરવો.

- ધન તો ઢેચડીના ઘેરેય હોય.
- ધન તો વેશ્યાન ઘેરેય ઓય.

⇨ **ધરમ કરતાં ધાડ પાડી.**

સારું કરવા જતાં ખોટું થઇ ગયું.
- કોઇને મદદ કરવા જતાં પોતે લૂંટાઇ ગયા.
- બીજાને મદદ કરવા જતાં પોતાને નુકશાન થવું.

- કરવા ગયા કંસારને થઇ ગઇ થૂલી.

⇨ **ધરમાદાનો ગૉર લૂંટાય એમ લૂંટો.**

મફતિયું મળે એને ઉડાવવું.
- મફતની વસ્તુની લૂંટ ન ચલાવાય.
- દરેક વાતે સંયમ રાખવો.

- ધરમાદાનો ગૉર લૂંટાય એમ લૂંટો.
- ધર્માદાનો ગૉળ લૂંટાય તેમ લૂંટો.
- મફતિયા ચંદન ઘસ્ય બેવાર લાલિયા.
- મફત્યું મલે એનાથી ઘર ના ભરાય.



⇨ **ધૂર ઉપણ્યે કોઠીઓ ના ભરાય.**

નકામી પળોજણ કરવી.
- અર્થ વગરનું કામ કરવું.
- જેમાંથી કશું જ નીબજે નહીં, તેની પાછળ મથવું.

- ઢુંણહાંની પાંણ ના મેલાય.
- કોઠી ધોયે કાદવ નીકળે.
- ધૂળ ઉપણે કોઠી ન ભરાય.

⇨ **ધૂર કરતાં કાંકરા હારા.**

કશીય વાતે સમાધાન કરવું.
- જે મળે તેમાં સંતોષ માનવો.

- ના માંમા કરતાં કે'ણા માંમાં હારા.
- ધૂળ કરતાં કાંકરા સારા.

⇨ **ધૂર જેવી આબરુના કાંકરા થઇ જ્યા.**

રહી સહી આબરું જાય તેવું કામ કરવું - આ અર્થમાં વપરાય છે.
- જેને આબરું નહોતી એને જવાનો શું ડર, આબરું હોય તો જાય ને.

- ધૂળ જેવી આબરુના કાંકરા થઇ ગયા.

⇨ **ધૂરમાં રે'વું ન ધૂપેલના હવાદ.**

ખોટાં અભરખા રાખવા.
- જેવો દેશ તેવો વેશ.
- જેવી પરિસ્થિતિ તે પ્રમાણે સમાધાન કરવું.

- ધૂળમાં રહેવું ને ધૂપેલના સ્વાદ શા.

⇨ **ધૂરમાં રે'વું ન ધૂપેલના હવાદ શે'ના ?**

ખોટા અભરખા ન રાખવા.
- ખોટી મમત ન રાખવી.

- ધૂળમાં રહેવું ને ધૂપેલના સ્વાદ શેનો ?

⇨ **ધોબીન ઘરમાં ધાડ્ય પડે ત ઘરાકનું જાય.**

કશીય ફિકર ચિંતા વગરનો
- એવો ધંધા કરવા જેમાં નુકશાન થાય તોય ભોગવવું બીજાને પડે, પોતાને નહીં.

- ધોબીના ઘરમાં ધાડ પડે તો ગ્રાહકનું જાય.

⇨ **ધોબીનાં પૉંચેય પારકાં.**

ધોબીના ધંધામાં પોતાના ઘરનું કશું જ ન હોય, બધું જ પારકું વાપરવાનું.

- ધોબીનાં પાંચેય પારકાં.

⇨ **ધોરે દા'ડે તારા દેખાડ્યા.**

- માથાનો મળ્યો.
- ધોળે દિવસે તારા દેખાડ્યા.

પાઠ ભણાવવો.
- માથાનો મળવો.

⇨ **ધોલ મારીન પાઘડી ના બંધાય.**

- માંથુ વાઢીને પાઘડી ના બંધાય.

પ્રથમ અપમાન કરવું, પછી સન્માન કરવું - સારું ન ગણાય.

⇨ **ધાંન ખાવું ધણીનું ન ગીત ગાવાં ભઈનાં.**

- ધાન ખાવું ધણીનું ન ગીત ગાવાં વીરાનાં.

રહેવું સાસરે ને વફાદારી પિયરની.
- સ્વાર્થ પરાયણ, તક સાધુ.
- નફ્ફટ થઇ પોતાનું જ ભલુ તાકે.

⇨ **ધાંન ધરપતે ન ઘી સંપત્તે.**

- ધાંન ધરપતે'ન ઘી સંપત્ત પ્રમાણે.
- ઘર બાળીને તિરથ ન થાય.

જેવી સ્થિતિ હોય તેમાં જ સંતોષ માનવો.
- વિવેક વાપરીને જીવવું.
- જે મળે તેમાં જ સંતોષ માનવો.

⇨ **ધાંનનો માર્યો નેંચું ઘાલે ન, ડાંગનો માર્યો ઊંચું જુએ.**

- ધાનનો માર્યો નીચું જુએ, ને ડાંગનો માર્યો ઊંચું જુએ.
- રોટલો નાંખતાં કૂતરુય પૂછડી પટપટાવે, ને લાકડી મારો તો દાંતિયાં કરે.
- વનો વેરીને વશ કરે.

જેવું વર્તન તેવો વ્યવહાર.
- કોઇનું ભલું કર્યું હોય તો તે અહેસાનમંદ રહે, પણ દુશ્મની કરી હોય તો સામો જ થાય.



# ન

⇨ **નકટા જોગીન જમાત.**

- નકટા જોગીની જમાત.

નાગાનું ટોળું.
લબાડ લોકોનું ટોળું.

⇨ **નકટાન નાક કપાય નઈ ન નફ્ફટને શાંન નઈ.**

- નકટા ને નાક કપાય નહીં, ને નફ્ફટને શાન નહીં.

જેને આબરૂની પડી નથી એવો નાગો કે નફ્ફટ માણસ.

⇨ **નકલમાં અકલ નઈ.**

- નકલમાં અક્કલ ન જોઇએ.

નકલ કરવામાં અક્કલની જરૂર પડતી નથી.

⇨ **નઠોર નૅહારિયાન વતૈણાં ઝાઝાં.**

- હોઠ નૅહારિયાન વતૈણાં ઝાઝાં.
- નઠોર નિશાળિયાને વતૈણાં ઝાઝાં.

વેતા ન હોય એ ઠઠારો ખૂબ કરે.

⇨ **નબરી રાંડને નખરાં ઝાઝાં.**

- નબરી રાંડને નખરાં બહું.

પોતાનામાં કઇ વેતા હોય નહીં તે દેખાડા ઝાઝો કરે.

⇨ **નકટીનું નાક કાપે એવી છરી છે.**

- નાક વગરનીનું નાક કાપે એવી છરી છે.

કામમાં ન આવે તેવી વસ્તુ.
- નકામી વસ્તુ.

⇨ **નબરા ઢોરને બગયો ઝાઝી.**

- નબળા ઢોરને બગાઇઓ ઝાઝી.

દુઃખી કે નબળા માણસના જીવનમાં આફતો બહું આવે.

⇨ **નબરાન નવ ગજના નમન.**

- નબરાને નવ ગજના નમસ્કાર.
- નબરાથી છેટા રે'વું હારું.
- નબરાન લટકતી સલાંમ.
- નબરાને નવ ગજના નમન.

નબળા, કપાતર કે હલકટ માણસથી હંમેશા દૂર રહેવું.

⇨ **નબરો ધણી બૈયર પર હૂરો.**

- નબળો ધણી બૈરી પર સૂરો.

નિર્બળ માણસનું બહાર કંઇ ઉપજે નહીં એટલે પત્ની પર જોહૂકમી / દાદાગીરી કરે.

| | |
|---|---|
| ⇨ **નબરા માંટીએ રાંડ હૂરી.**<br>• નબરા માંટીએ રાંડ સૂરી. | નિર્બળ ધણી પર પત્ની હંમેશા દાદાગીરી કરે. |
| ⇨ **નબરી છરી આર્યા પર હૂરી.**<br>• નબળી છરી આર્યા પર સૂરી. | ધાર વગરની કે પાણી વગરની છરી, આર્યુ જ કાપી શકે.<br>- નબળું માણસ એનાથી નબળા માણસ પર રોફ જમાવવા કોશિશ કરે. |
| ⇨ **નબરો હબરા પણ ગુણ કરે'ત આટાલૂણમાં જાય.**<br>• નબળો સબળા પર ગુણ કરે તો આટાલૂણમાં જાય. | નબળો હલકો કે ગરીબ માણસ, શક્તિશાળી પર ઉપકાર કરે તો તેની ગણના થતી નથી. |
| ⇨ **નદી પાંહે ગાંડ ના ધોવરાવાય.**<br>• નદી પાસે ગાંડ ના ધોવડાવાય.<br>• પટલ પાંહે પાડાં ના વરાવાય. | આપણાં કામ આપણે જ કરવાં પડે.<br>- બીજા પાસે ન કરાવાય. |
| ⇨ **નદીનું મૂર ને સાધુનું ફૂર ના પૂછાય.**<br>• નદીનું મૂળ ને સાધુનું કૂળ ન પૂછાય. | મોટા કે ઉપરી માણસ વિશે કે એના ભૂતકાળ વિશે પૂછાય નહીં. |
| ⇨ **નવરોં ઘાંચી આખલાને ટીપે.**<br>• નવરો ઘાંચી બળદને મારે. | નવરો નખ્ખોદ વાળે. |
| ⇨ **નવરો બાંમણ પાટલા મૂંડે.**<br>• નવરો બ્રાહ્મણ પાટલા ભાગે. | કામ વગરના ખોટા ડખા કરે. |
| ⇨ **નવરો વાંણિયો કાટલાં જોખે.**<br>• નવરો વાણિયો કાટલાં જોખે. | નવરા માણસને ખોટા વિચારોજ આવે. |
| ⇨ **નવરું મન શે'તાનનું ઘર.**<br>• નવરું મન શેતાનનું ઘર. | ,, |
| ⇨ **નવો નાણાંવટીન જૂનો ગાંધી વખણાય.**<br>• નવો નાણાંવટી અને જૂનો ગાંધી વખણાય. | ધીરધાર કરનાર નવો સારો, ને જૂના વેપારીનો વિશ્વાસ કરાય એની શાખ વધારે હોય. |



| | |
|---|---|
| ⇨ **નવું નવ દા'ડા ન જૂનું જન્મારો.**<br>• નવું નવ દિવસ ને જૂનું જન્મારો. | નવી વસ્તુ થોડા દિવસ નવી રહે, પણ જૂની જ લાંબી ચાલે.<br>- ભભકાથી અંજાઇ ન જવાય. |
| ⇨ **નવું લુગડુંય ધોયા પછી પનો ટૂંકાવે.**<br>• નવું કપડુંય ધોયા પછી પનો ટૂંકાવે. | સ્વભાવ પ્રમાણે વર્તે.<br>- હલકો માણસ ગમે ત્યારે જાત બતાવે.<br>- જાત પર જાય. |
| ⇨ **નવો જોડો ડંખેજ.**<br>• નવો જોડો નડે જ. | કોઈપણ નવા ધંધામાં તકલીફો આવે જ.<br>- અનુભવે જ માણસ ઘડાય.<br>- અનુભવો કરો તો જ તકલીફો ખબર પડે. |
| ⇨ **નવો મુસલમાંન નવ વાર નમાજ પડે.**<br>• નવો મુસલમાન નવ વખત નમાજ અદા કરે. | કોઈપણ નવા ધંધા માટે ઘણો ઉમંગ ને ઘેલછા હોય. |
| ⇨ **નવી વવ નવ વાર લૂંગડા બદલે.**<br>• નવી વહું નવ વખત કપડાં બદલે. | ,, |
| ⇨ **નવો ગાંયજો નવ નવ અસ્ત્રા રાખે.**<br>• નવો હજામ નવ નવ અસ્ત્રા રાખે. | ,, |
| ⇨ **નવો ગાંયજો અસ્ત્રો નવ વાર ઘહે.**<br>• નવો હજામ અસ્ત્રો વારંવાર ઘસે. | ,, |
| ⇨ **નય નાંખો એના નાંમનું.**<br>• નાહી નાખો એના નામનું. | કોઇને વ્યાજે કે ઉછીની આપેલ રકમ, જણસ કે ચીજ પરત ન જ આપવાની હોય તો કાયમની ભૂલી જવી પડે.<br>- છોકરો, છોકરી, વહું કે સગુ નાતો તોડીને જાય ત્યારે પણ કહેવાય છે કે એના નામનું નાહી લ્યો.<br>- સંબંધનો કાયમી વિચ્છેદ થયો.<br>- કાયમી સંબંધો પૂરા થઇ જવા. |

⇨ **નશીબ કોયનાં વેચી નહીં ખાધાં.**
- નશીબ કોઈનું વેચી નથી ખાધું.

નશીબ પર કોઈનો હક્ક નથી.

⇨ **નશીબ કોયન ઘેર ગીરે નહીં મેલ્યું.**
- નશીબ કોઈને ત્યાં ગીરે નથી મૂક્યું.

,,

⇨ **નશીબ કોયની આંટયમાં નહીં મેલ્યું.**
- નશીબ કોઈની આંટમાં નથી મૂક્યું.

,,

⇨ **નશીબ આડે પાંદડું ત ગાંડ મારે વાંદરું.**
- નશીબ આડે પાંદડું તો ગાંડ મારે વાંદરું.

નશીબ ખરાબ હોય તો હાલી મુવાલી પણ તમને પજવણી કરવાની હિંમત કરે.

⇨ **ના આવડે ઘેસ તો રાંધવા બેસ.**
- ના આવડે ઘેસ તો કહે રાંધવા બેસ.

જેની પાસે આવડત નથી તેને કામ સોંપવું, મૂર્ખામી ભરી ચાલ/રીત.

⇨ **ના ખાય એન તાંણ્ય કરે ન, ભૂછ્યા ન આલે નૈ.**
- ના ખાય તેને તાણ કરે, અને ભૂખ્યાને આપે નહીં !

માગનારને મળતું નથી અને ન માગનારને મળે, આ નશીબના ખેલ છે.
- જમાનાનો ધારો છે કે ધરઈલાને સૌ આગ્રહ કરે અને ભૂખ્યાની ઉપેક્ષા કરે.

⇨ **નાક વગરનો.**
- નાક વિનાનો.
- નકટો.
- જેણે મૂકી લાજ એને નાનું સરખું રાજ.

લાજ શરમ નેવે મૂકીને ફરનાર દાંડ, ગુંડો, દાદો.

⇨ **નાક ઓય એન કે'વાય.**
- નક્ટાને શું કે'વાય.
- નાક હોય તેને કહેવાય.
- નક્ટાને શું કહેવાય.

જેને પોતાની આબરું કે સ્વમાન હોય એને કહેવાથી અસર થાય, પણ નાગોડ, નફ્ફટ કે દાંડ માસણ કોઈનું સાંભળતો નથી.



⇨ **નાક લેંટી કરાચી.**
- નાક લીટી કરાવી.
- નાકે દમ આવ્યો.

ખૂબ હેરાન કર્યા.
- ખૂબ સતાવ્યા.
- કામ પતાવતાં પતાવતાં થાકી ગયા.
- પ્રસંગ પતાવતાં નાકે દમ આવ્યો.

⇨ **નાક વાડીન અપશકન કરાયા.**
- નાક કાપી ન અપશુકન કરાવ્યા.
- હું મરું તો મરું પણ તને રાંડ કરું.

જીદ કરીને પજવવું.
- જાણી જોઈને ખોટી સતામણી કરવી.
- જાણી જોઈને નાશીપાસ કરવા.

⇨ **નાગરની કન્યા છ, નાગી કરીન જુઓ.**
- નાગરની કન્યા છે નાગી કરીને જુઓ.
- નાગરની કન્યા ઉઘાડી.
- પાટીદારનો છોકરો પિસ્તોલ જેવો, છોડી વેંટેલી છે.

નાગરની છોકરીમાં કહેવાપણું ન હોય.
- નાગરની કન્યા સંસ્કારી, ચાલાક અને ગુણીયલ હોય.
- નાગરની કન્યા વિશે પૂછપરછ કરવાની હોય જ નહીં.

⇨ **નાગો એ હૌથી આઘો.**
- નાગો એ સૌથી આઘો.
- નાગાને નવગજના નમન.

નાગો માણસ દૂર રહે, એ જ ઉત્તમ.

⇨ **નાગાન ગાંમ વચ્ચે ના વહાવાય.**
- નાગાનો ગામ વચ્ચે વસવાટ ન હોય.
- નાગો એ પાદશાહથી આઘો.

નાગાને ગામ વચ્ચે ન વસાવાય.
- નાગો આઘો સારો.

⇨ **નાક વેંધાવા ગઈન કાંન વેંધાચી ન આઈ.**
- નાક વિંધાવા ગઈ અને કાન વિંધાવીને આવી.
- આલીન જગ્યાએ વાલી.

શું કરવા ગયા હતા, શું કરીને આવ્યા.
- વેતા વગરનું કામ કરવું.
- જે કામે મોકલ્યા હોય તે ન કરતાં બીજુ નકામું કામ પતાવીને આવવું.

⇨ **નાચનારીન પગ ના રે'ન ગાનારીની જીભ ના રે'.**
- નાચનારીન પગ (સ્થિર) ન રહે અને ગાનારીની જીભ.

જેમાં રસ રુચિ હોય જેવો સ્વભાવ હોય તે ઝળકી ઉઠે.
- પોતાની કુટેવ કે આદત ઢાંકી ન રહે.

| | |
|---|---|
| ⇨ **નાચવું નૈ, તાર કે' આંગણું આંકું.**<br>• નાચવું ન હોય તો કહે આંગણું વાંકું. | સાંપેલું કામ ન કરવા બહાનાં બતાવવાં.<br>- સાંપેલું કામ ન કરવા નખરાં કરવાં. |
| ⇨ **નાગાન નાવુંય શું, ન નૅચોવુંય શું ?**<br>• નાગાને ન્હાવુંય શું ને નીચોવવુંય શું ? | નાગા માણસને કશુંય ગુમાવવાનું ન હોય. |
| ⇨ **નાગે ફૂલે ફતેખાં.** | જેને કશુંય ગુમાવવાનું નથી તેવો. |
| ⇨ **નાગાના ફૂલે બાવરિયો ઊગ્યો, તાર કે' છાંયડો થયો.**<br>• નાગાના ફૂલે બાવળિયો ઊગ્યો, ત્યારે કહે છાંયડો થયો.<br>• આગર બેઠે ઉલાર નૈ ન પાછ્ર બેઠે ધરાર નઈ.<br>• આગળ બેઠે ધરાર નૈ ન પાછર બેઠે ઉલાર નઈ. | ન ફિકરો જેને કશાયની પડી નથી તેવો.<br>- બે શરમી, નાગોડ, નફ્ફટ. |
| ⇨ **નાડે નરો ઓય ત વૈદ્ય શું કરે ?**<br>• નાડે નળો હોય તો વૈદ્ય શું કરે ? | કાબૂમાં ન આવે તેવો રોગ. |
| ⇨ **નાતરાની જાંનમાં વાજાં ના ઓય.**<br>• નાતરાની જાંનમાં વાજાં ના વાગે. | હલકા કામને મહત્વ ન દેવાય. |
| ⇨ **નાતરાની જાંનને જાંની વાંહો ના ઓય.**<br>• નાતરાની જાંનને ઉતારા ના ઓય. | જ્યાં ગમે તેમ કરી કામ પાર પાડવાનું હોય, એમાં દેખાડો ન કરવાનો હોય. |
| ⇨ **નાતરાની જાંનમાં ફૂલેકું ના ઓય.**<br>• નાતરાની જાંનમાં વાજાં ન વગાડાય. | આનંદના પ્રસંગે ઉજવણી થાય ગમે ત્યારે નહીં. |



| | |
|---|---|
| ⇨ **નાતરામાં ગોર નૈન ખીચડીમાં ગોર નઈ.**<br>• નાતરામાં બાંમણ નૈન ખીચડીમ ગોર નઈ. | આનંદના પ્રસંગે ઉજવણી થાય ગમે ત્યારે નહીં. |
| ⇨ **નાતરે જવું ન દા'ડા ભાગવા ?**<br>• નાતરે જવું દિવસો ભાગવા. | જે કામ ઝડપથી, અગ્રતા આપીને પુરું કરવાનું હોય એમાં સમય ના બગાડાય. |
| ⇨ **નાતરે જવું ન દા'ડા ના ભંગાય.**<br>• નાતરે જવું ને દિવસો ના બગાડાય.<br>• મરવા હારું મૂરત ના જોવાય.<br>• મરવામાં મૂરત શું જોવાનું ? | ,, |
| ⇨ **નાતરિયા નાતને ઍબ શું ન આબરું શી ?**<br>• નાતરિયા ન્યાતને ઍબ શું કે આબરું શી ? | હલકી વર્ણના કે ગરીબ વર્ગના લોકોને એબ આબરું જેવું ન હોય તેમ સૌ માને છે.<br>- તુચ્છકારભરી વાણી.<br>- કોઈને ઉતારી પાડવા થતો કટાક્ષ. |
| ⇨ **ના'તાં મૂતરે એન કદી પકડાય ના.**<br>• નહાતી વખતે મૂતરે એને કદી પકડી ન શકાય. | કાચીંડાની જેમ વારે વારે રંગ બદલે એને પરખાય નહીં.<br>- તક સાધુ, સ્વાર્થી, ઢોંગી, બનાવટી. |
| ⇨ **નાદાંનની દોસ્તીમાં જીવનું જોખમ.**<br>• નાદાનની દોસ્તીમાં જીવનું જોખમ.<br>• કૂતરું વ્હાલ કરે તો મોં ચાટે ને ખીજાય તો ઉપર મૂતરે. | જડ કે મૂરખની દોસ્તી નકામી.<br>- જડ કે મૂરખની દોસ્તી જોખમી ગણાય. |
| ⇨ **ના માંમા કરતાં કે'ણો મોંમો હારો.**<br>• ના મામા કરતાં કહેણો મામો સારો. | જે મળે તેનાથી સંતોષ માનવો. |
| ⇨ **ના બોલ્યામ નવ ગુણ/ગણ.**<br>• ના બોલ્યામાં નવ ગુણ. | બોલવાથી કોક વખત બાજી બગડી જાય છે. |

- બોલ્યું બાર્ય પડે ન રાંધ્યું વરે પડે.
- બોલ પરથી તોલ બંધાય.
- સબસે બડી ચૂપ.

- ન બોલવાથી વાત વણસતી અટકી જાય છે.
- જરૂર જણાય ત્યાં ચૂપ રહેવું ઉત્તમ ગણાય છે.

⇨ **ના રયા ઘરના કે ના રયા ઘાટના.**
- ના રહ્યા ઘરના કે ન રહ્યા ઘાટના.
- બાવાના બેય બગડ્યા.
- ધોબીનો કૂતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો.
- હિયારી હાહુની ઉકેડે માંકાણ.
- ઝાઝા ઘરનો પરોણો ભૂખે મરે.

કેટલીક વાર એવું બને કે તમારું કામ ક્યાંય ન થાય.
- આમ જાઉં કે તેમ જાઉં એવી સ્થિતિ.

⇨ **નાહતાં ભોંય ભારે પડી.**
- નાસતાં ભોંય ભારે પડી.

જેમ તેમ કરીને જીવ બચાવ્યો.
- જેમ તેમ કરીને ભાગી છૂટવું.

⇨ **નારી ધણીનું નૂર.**
- નારી નરનું નૂર.

પતિ, પત્ની વડે શોભે.
- પત્નીના કારણે જ પતિની કિંમત થાય.

⇨ **નાંની નાચણ ન મોટી છૅનાર્ય.**
- નાની નાચનારી અને મોટી છિનાળ.

ઊખડેલા કુટુંબની.
- લાજ શરમ વગરની.
- સંસ્કાર વગરના.

⇨ **નાંનો પણ રઈનૉ દાંણો.**
- નાનો પણ રાઈનો દાણો.
- નાનો પણ સાપનો કણો.
- વાંકો પણ મૂંછનો વાળ.
- નાનું પણ સિંહનું બાળ.

કદ ઉપરથી એનું બળ ન અંકાય.

⇨ **નાંમ અશ્વપાલ ને પગમાં ખાહડાંય ના મલે.**
- નામ અશ્વપાલ ને પગમાં જૂતાંય ન મળે.

નામ તેવા ગુણ હોતા નથી.

⇨ **નાંમ લાખો ન માગે ભીખ.**
- નામ લાખો અને માગે ભીખ.

નામ ને દેખાવ પરથી કોઈને ભરોસો ન કરાય.



⇨ **નાંના મૉંડે મોટી વાત.**
- નાના મોંઢે મોટી વાત.

નાના કે સામાન્ય માણસો પણ ક્યારેક અક્કોવાળી વાત કરતા હોય છે.
- નાનો માણસ કે સામાન્ય માણસ ઉપયોગી કે અક્કલવાળી વાત કરે તે વ્યાજબી ન ગણાય અથવા લોકો ન સ્વીકારે.

⇨ **નૅર્યનાં ગાડાં નૅર્યના ના રે'.**
- નેળનાં ગાડાં નૅળમાં ન રહે.

આફત આવે ખરી પણ ઉકલીજાય.
- તકલીફ આવે પણ એનો ઉકેલ જડે.

⇨ **નૅવાંનાં પાણી મોભારે ના ચડે.**
- નૅવાંનાં પાણી મોભારે ના ચઢે.

અવળી વાત કરવી.

⇨ **નેવાંનાં પાણી મોભારે ચડતાં અશે ?**
- નેવાંનાં પાણી મોભારે ના ચઢતાં હશે ?

જેમ થતું હોય તેમ થાય, ઊંધુ ન થાય.

⇨ **નોંતરું આવે તાર સીધુંય આવે.**
- નોતરું આવે ત્યારે સીધુંય આવે.
- નશીબદારને ભૂતાં રળે.

નશીબ સારું હોય ત્યારે બધા પાસા સવળા પડે.
- સારું નશીબ હોય ત્યારે ચારેય તરફથી સુખ મળે.

⇨ **નોંતરાની વાટ જોય ચૂલામ પાંણી ના નંખાય.**
- નોતરાની વાટ જોઈ ચૂલો હોલવી ન નખાય.

ભવિષ્યમાં આવશે એ આશાયે જે હોય તે વેડફી ન નંખાય.
- જાગૃત માણસ હંમેશા જીતે.
- પેટમાં ગર્ભ હોય એની આશાએ જણેલાને ફજેટી ન દેવાય.

# પ

⇨ **પકડે કાંન એન આવે શાંન.**
- પકડે કાન, એને આવે શાન.
- નાથ ઘાલે એને અક્કલ આવે.

ભૂલની સજા કરે તો જ અક્કલ આવે.
- જવાબદારીનું જેને ભાન કરાવે તે જ સમજદારીથી વર્તે.

⇨ **પગલે પગલે હૅંડે એ ભૂલો ના પડે.**
- પગલે પગલે હૅંડે તે ભૂલો ન પડે.

બધા જતા હોય તે જ રસ્તે જવું.
- મોટાને અનુસરવાથી તકલીફ ન થાય.

⇨ **પગલે પગલે હૅંડીએ ત ભૂલા ના પડીએ.**
- પગલે પગલે ચાલીએ તો ભૂલા ન પડીએ.
- મહાજનો એન ગતઃ સ પંથા.
- ચીલે ચીલે ચાલે ઢોર, ચીલે ચાલે સપૂત.

⇨ **પગે પદમ છે.**

એના જીવનમાં ક્યારેય નિરાંત ન આવે.
- એને સતત ચાલવાથી જીવનગુજારો થાય.

⇨ **પગે પાંણી આવી જ્યું.**
- પગે પાણી આવી ગયું

થાકી ગયા.
- અથાગ પ્રયત્નો કર્યા પછી માંડ રસ્તો જડ્યો.

⇨ **પગે માંછલાં મારેન મોંએ રાંમ પોકારે.**
- પગે માંછલાં મારે'ને મોંએ રામ બોલે.

વિશ્વાસઘાતી.
- બોલવાનું જુદું ને કરવાનું જુદું.

⇨ **પગ મોરા પડી જ્યા છ.**
- પગ મોળા પડી ગયા છે.
- ટાંટિયા ભાગી ગયા છે.
- હરેરી જવું.

થાકી જવું, હારી જવું, ઢૂંકી જવું.
- હામ ન રહેવી.



⇨ **પડતાન પાટું ના મરાય.**
- પડતાને પાટું ન મરાય.
- મરેલાન ના મરાય.
- દુઃખતામાં ડાંમ ના દેવાય

નબળાને વધારે સતામણી ન થાય.
- મુશ્કેલીમાં હોય તેનામાં વધારો ન થાય.
- ક્રૂર ન થવાય.

⇨ **પડ્ય તાર હઘાવડી પડ્ય.**
- પડ્ય તાર સાગમટે પડ્ય.

આફત આવતી હોય તો ભલે ચારેકોરથી આવે.
- આફતથી ડરવું નહીં.
- ભલે ગમે તેટલી આફતો આવે, મેદાન છોડી ભાગવું નહીં.

⇨ **પટલ પારહો[1] મેલ ત કાંમ થાય.**
- પટેલ પારહો મેલે તો કામ થાય.

પટેલ હા પાડે તો આગળ વધાય.
- કશાય કામના સહિયારો લેવો.
- કામ થતાં પહેલાં સંમતિ કે હકાર પડાવવો.

⇨ **પટલ પાંહે પાડાં ના વરાવાય.**
- પટેલ પાસે પાડાં ના વળાવાય.

આપણાથી મોટા કે સન્માનનીય વ્યક્તિને કામ ન ચીંધાય.

⇨ **પટેલ પાંહ પાડાં ના બંધાવાય.**
- પટેલ(જમાઇ) પાસે પાડું ન બંધાવાય.

⇨ **પટલે ઢેચડીને કાચી કઇ, તે ઢેચડી અરખ પંદૂડી થઇ.**
- પટેલે ઢેચડીને કાકી કહી, તે ઢેચડી હરખ પદુડી થઇ.

હલકા માણસને વધારે પડતું માન આપતાં ફૂલીને ફાળકો થઇ જાય છે.

⇨ **પટલે ઢેચડીને કાચી કંઇ તે, ઢેચડી બાર ગવ હુંધી નાઠી.**
- પટેલે ઢેચડીને કાકી કહી, ઢેચડી બાર ગાઉ સુધી દોડી ગઇ.
- માંનીતાં ઢેચડી ગાંમ અભડાવે.

⇨ **પથરાં માંથે પાંણી.**
- પથરા માથે પાણી.
- પથ્થર માથે પાણી.

કશી અસર ન થવી.
- જડ માણસ.
- જડ માણસ પાસે શું આશા રાખવી.

૧.ભેંસને દોવા બેસતાં પહેલાં આચળ ધોઇ, પાડીને ધવરાવામાં આવે, પછી જ દૂધની ધારા મેલે. ભેંસને દૂધ આપવા તૈયાર કરવાની વિધિ.

⇨ **પથરા કરતાં એટચ પોચી.**

- પથ્થર કરતાં ઈંટ પોચી હોય.

દરેકને પોત પોતાનો ગુણધર્મ હોય છે.

⇨ **પથરાન બચકું ભરીચેત દાંત તૂંટી જાચ.**

- પથ્થરને બચકું ભરીએ તો હાંમે દાંત તૂટી જાય.
- કૂતરાને બચકું ના ભરાય.

જેવા સાથે તેવા ન થવાય.
- નીચ સામે નીચ બની બદલો ન લેવાય.

⇨ **પછેડી પરમાંણે ટાંટિયા પોરા થાચ.**

- પછેડી પ્રમાણે જ સોડ તણાય.

જેવી સંપત્તિ હોય તેવો જ ખર્ચ થાય.
- જેવી ત્રેવડ એવો વાપર.

⇨ **પડિયાંણ ભોંચની દાંણ ના ભરાચ.**

- જે રસ્તે જવું ન હોય તેની પડપૂછ ન થાય.
- વાડેથી વડવાડ ના વો'રાય.

મતલબ વગરનું કામ કરવાનો કોઈ અર્થ નહીં.
- કામકાજ વગરની વાતમાં ન પડાય.

⇨ **પડ્યો પોદરો ધૂર લીધા વગર ના ઉખડે.**

- પડ્યો પોદળો ધૂળ લીધા વગર ન ઉખડે.
- જમ આવ્યા છે તો જીવ લીધા વગર ન જાય.
- લાકડાં બાળો તોજ તાપણું થાય.

કશાયમાં સંડોવાયા હોય એટલે એમાં લબદાયા વિના બહાર ન નીકળાય.

⇨ **પડ્યો છ મરવા ન વાત કરે છ પૈણવાની.**

- પડ્યો છે મરવા તોય વાત કરે છે પરણવાની.

ઢંગધડા વગરની વાત કરવી.
- મોં માથા વગરની વાત કરવી.
- નેવાંના પાણી મોભારે ચઢાવવા જેવી અશક્ય વાત કરવી.

⇨ **પલાર્યું છ એ તો મૂડવું પડશેન.**

- પલાળ્યું છે તે મૂડવું પડશેને.
- આદરેલું અધૂરું ના છોડાય.

હાથમાં લીધેલું કાર્ય પૂર્ણ કરવું જ પડે.



⇨ **પરવારીન કોય મરતું નથી.**

- પરવારીને કોઈ મરતું નથી.
- મોત ને મે'માન કૈન નહીં આવતા.
- મૃત્યુ, મહેમાન અને વરસાદ ગમે ત્યારે આવે.

મૃત્યુ આપણી ફુરસદ પ્રમાણે ન આવે. મૃત્યુ, મહેમાન અને વરસાદ ગમે ત્યારે આવે.

⇨ **પરાંણા પાંહે હાપ ઝલાવવો.**

- પરોણા પાસે સાપ ઝલાવવો.

આવેલા મહેમાનને કામ સોંપાવું.
- જમાઈ પાસે ફાલતું કામ કરાવવું.

⇨ **પરાંણા પાંહે હાપ ના ઝલાવાચ.**

- પરોણા પાસે સાપ ન ઝલાવાય.

સામે મળે ને નવરો હોય તેને જવાબદારી ન સોંપી દેવાય.

⇨ **પરોણીન નાતરે દેવી.**

- પરોણીને નાતરે દેવી.

મરજીના સોદા થાય.
- મન હોય તો જ માળવે જવાય.
- બાંધી રૂંધીને કશી ફરજ ન પડાય.

⇨ **પરોણીન નાતરે ના દેવાચ.**

- પરોણીને નાતરે ન દેવાય.
- મહેમાન આવ્યા મળવા ને બેસાડી દીધા દળવા.

,,

⇨ **પટલ પાંહે પાડાં ના વરાવાચ.**

- જમાઈ પાસે પાડાં ન વળાવાય.
- બેઠાં બાઈ, તો કરો સગાઈ.
- પરાંણે પ્રિત ના થાય.
- પરાંણે પ્રિત ન થાય.
- મારીને મુસલમાન ન બનાવાય.
- બાંધ્યા કણબીએ ગાંમ ના વહે

પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં.
- કોઈની પાસે પરાણે કામ ન કરાવાય.
- સન્માનનીય વ્યક્તિને કામ ન સોંપાય.

⇨ **પાકા કાંઠે કાંના ના ચડે.**

- પાકા કાંઠે કાના ન ચઢે.

જે સંસ્કાર કે ટેવ-કુટેવ નાનપણથી પડી હોય તે મોટાપણે ન બદલાય.

⇨ **પાકા ઘડે કાંના ના ચડે.**

- પાકા ઘડે કાના ન ચઢે.

,,

⇨ **પાઘડીની શરમ હૌને, ઘાઘરીની શરમ કોચને નઈ.**

- પાઘડીની શરમ સૌને, ઘાઘરીની શરમ કોઈનેય નઈ.

પુરૂષનો પ્રભાવ પડે, સ્ત્રીનો પ્રભાવ ન પડે એવી માન્યતા છે.
- મોટા કે મોભી માણસનો પ્રભાવ પડે, નાના કે હલકાનો પ્રભાવ ન પડે.

⇨ **પાઘડીન વર છેડે.**

- પાઘડીનો વળ છેડે.

જે કોઈ પોલ હશે તે અંતે પકડાશે.
- જે કંઈ હશે, તેનો ફેંસલો અંતે આવશે જ.

⇨ **પાડા પાડી કર્યા વગર ભસી મર્યને !**

- પાડા પાડી કર્યા વગર બોલી નાખને !
- વાતમાં મોણ નાંખ્યા વગર કૈ દેન.
- વાતમાં મોણ નાખ્યા વિના સ્પષ્ટ કહી દે.
- છાશ લેવા આયો ન દાંણી ના હંતાડ.

ગોળ ગોળ વાત કર્યા વિના સ્પષ્ટ કહી દેને.

⇨ **પાડે પાડા વડેન ઝાડનો ખોડો વરે.**

- પાડે પાડા લડે ને ઝાડનો ખોડો વળે.
- પાડે પાડા વડેન ઝાડનો ખોડો નૅકરે.
- પાડે પાડા લડે ને ઝાડનો ખોડો નીકળે.
- મોટાંની વડવાડમાં નાંનાં મરે.
- બે રજડાવાડાં લડે ન સિપઈડાં મરે.

મોટા બે જણની લડાઈમાં નાના માણસોનો મરો થાય.

⇨ **પાડાન દરદ ને ડાંમ પખાલીન.**

- પાડાને દરદ થાય ને ડામ પખાલીને.
- પાડાન દરદ ને પખાલીન ડાંમ.
- પાડાને દરદ ને પખાલીને ડામ.
- લોય પીવે માંકણ ને માર ખાય ખાટલો.

ગુનો કરે કોઈ, ને સજા ભોગવે કોઈ.



- ખાઈ જાય ખૉડી ન માર પડે હરેડી[૧] ને.

⇨ **પાડા ની ખાંધ જેવી ભોંય છે.**

- પાડાના ખાંધ જેવી જમીન છે.

અતિ ફળદ્રુપ જમીન.
- અતિ ઉપજાઉ જમીન.
- અતિ કસવાળી જમીન.

⇨ **પાડા-પાડીન કાંમ કે બરી ખાધા આર્યે મતલબ ?**

- પાડા-પાડીનું કામ કે બળી[૨] ખાધા સાથે મતલબ.
- ટપટપ આર્યે કામ કે મમ મમ આર્યે ?

કામ પત્યા સાથે મતલબ છે કે કોણે કર્યું, કોના દ્વારા પત્યું તેના સાથે.

⇨ **પાડાની ઉતાવરે ભેંસ જણે નહીં.**

- પાડાની ઉતાવળે ભેંસ વિયાય નહીં.
- ઉતાવળે આંબા પાકે નઈ.

કોઈની ઉતાવળે કશું થાય નહીં.
- દરેક વસ્તુ પોતાનો સમય માંગી લે.

⇨ **પાડોશી પે'લો હગો.**

- પડોશી પહેલો સગો.

અધરાત-મધરાત કે કટોકટીમાં પડોશી જ મદદરૂપ થાય. દૂર રહેતા સગાં-સંબંધી તાત્કાલિક કામ ન લાગે.

⇨ **પાડોશી પૈસાદાર હારો, મૂવો ઉછીના નઈ આલે, પણ માગવા તો નઈ આવેન !**

- પડોશી પૈસાદાર સારો, ભલે ઉછીના ન આપે, પણ માગવા તો નહીં આવે ને.

પડોશી પૈસાદાર સારો, ભલે મદદ ન કરે, પણ ઉછીના માગવા ન આવે અને પૈસાદાર હોવાથી એના ઘરમાં કકળાટ કે કંકાશ ન થાય તેની નિરાંત.

⇨ **પાપનાં બડબડિયાં બોલ્યા વગર રે'નઈ.**

- પાપનાં બડબડિયાં બોલ્યા વિના ન રહે.

છાનું કરેલું પાપ ઉઘાડું પડી જાય છે.
- ગમે ત્યાં છાનું કરેલું પાપ ખુલ્લું પડી જાય છે.

---

૧. હરેડી ઢોર - હરાયું ઢોર
૨. બળી - તાજી વિયાયેલી ભેંસનું પ્રથમ વખત દોહેલ દૂધ જેને કરાંટુ કહેવાય છે. તેને જરા ખાંડ નાંખી ઉકાળી બનાવેલી ખાવાની ચીજ

➩ **પાપ છાપરે ચઢીને પોકારે.**

છાનું કરેલું પાપ ઉઘાડું પડી જાય છે.

➩ **પાપના ઘડો ફુટ્યા વગર ના'રે.**

''

➩ **પાપનો બાપ લોભ-અતિ લોભ તે પાપનું મૂળ.**

પાપનો જન્મ અસક્તિ કે લોભમાંથી થાય છે.

➩ **પાદવાવારી હૂંઠખાય ને, જણનારી જણ્યા કરે.**

- પાદવાવારી સૂંઠ ખાય ને, જણનારી (સુવાવડી) જોયા કરે.

જેને જરૂર છે તેને ન મળે અને જેને જરૂર નથી તે ભોગવે.
- દેખાડો કરનાર પૂજાય, માન પામે ને અસલી હક્કદારને કોઇ પૂછે નહીં.

➩ **પાદવાની પો'ચ નઇન તોપખાંનામાં નાંમ લખાવે.**

- પાદવાની પો'ચ નહીંન તોપ ખાનામાં નાંમ નંધાવે.

જેની જાણકારી હોય તેજ કામ થાય.
- ગજા બહારનું કામ ન થાય.

➩ **પાદવાની પો'ચ ના ઓય તાર તોપખાંનામાં નાંમ ના નંધાવાય.**

- પાદવાની પહોંચ ન હોય તો તોપખાનામાં નામ ન નંધાવાય.
- શક્તિ હોય તેવી ભક્તિ થાય.

''

➩ **પાદયા વગર ના ગંધાય.**

- પાદ્યા વિના ન ગંધાય.
- અગ્નિ વગર ધુમાડો ન થાય.

કાર્ય કારણનો સંબંધ.
- લોજિકનો નિયમ.

➩ **પાદયે પાદયે ગાંડ ધોવા ના જવાય.**

- પાદયે પાદયે ગાંડ ધોવા ન જવાય.

કોય વાતમાં વેવલાવેડા ન થાય.
- વાતે વાતે ખોટો દંભ ન કરાય.
- બધી વાતમાં અતિરેક ન થાય, વ્યવહારું બનવું પડે.

➩ **પાદયે પાદયે ગાંડ ધોવા જઇએ ત તલાય ખાલી થઇ જાય.**

- પાદયે પાદયે ગાંડ ધોવા જઇએ તો તળાવ ખાલી થઇ જાય.

''



➩ **પારકા ધણી પાછળ સતી ના થવાય.**

- પારખા ધણી પાછળ સતી ન થવાય.
- હાથપગ ધોઇ કોઢ ન મંગાય.

બીજાના નામે કૂદી ન પડાય.
- હરખપદુડી થઇ બીજાની તકરાર વહોરી ન લેવાય.

➩ **પારકા ભાંણે મોટો લાડવો.**

- પારકા ભાણે મોટું લાડું.

બીજાના કામમાં હંમેશા સલાહ અપાય.
- બીજાને ખર્ચમાં નાખવામાં વાંધો નહીં.

➩ **પારકા બાપનું હરાદ કોય ના કરે.**

- પારકા બાપનું શ્રાદ્ધ કોઇ ન કરે.

લેવાદેવા વગર કોઇનું કામ કોઇ ન કરે અથવા શા માટે કરે ?

➩ **પારકા બાપનું હરાદ કોણ કરે ?**

- પારકા બાપનું શ્રાદ્ધ કોણ કરે ?

''

➩ **પારકી છેડીયે અઘવા બેહવું ન પાછા જોરથી કરાંજવાનું.**

- પારકી છીંડીયે હઘવા બેસવાનું અને પાછા જોરથી કરાંજવાનું ?
- નાગે ફૂલે ફતેખાં.

બીજાનું બગડે એમાં પોતે રાજી થાય.
- બીજાનું ખરાબ કરી, વટ મારી ખાનાર.

➩ **પારકી મા જ કાંન વેંધે.**

- પારકી મા જ કાન વિંધે.

પારકો માણસ જ સાચું જ્ઞાન અપાવે.
- સાચી વાત કહેવાતાં સેહ-શરમ કે સંકોચ ન રખાય.
- ખોટા ફૂલારા મારવા.
- બીજાના નામે દેખાડા કરે.
- ખોટી રીતે પોતાનું મહત્વ બતાવવું.

➩ **પારકે ઘેર પરુણા ન કહો કાંનજી તોડે.**

- પારકે ઘેર પરોણા ને કસો કાનજી તોડે.
- પારકે ઘેર પરુણાન નાથી નાશાનાશ કરે.
- મારે મિયાં ન પેંજારા ફૂલાય.
- પારકે ઘેર પરોણા ન ઘાઇ ઘાઇન મલે.

પારકે ઘેર પરુણાને દોડી દોડીને મથવું.
- પારકો માણસ કઠોર થઇ સાચું જ્ઞાન આપે.
- પારકો માણસ જ ખરી જવાબદારીનું ભાન કરાવે.

⇨ **પારકે ઘેર પો'રા ન પોતાન તાં હાંકડા.**

- પારકે ઘેર પહોળા ને પોતાને ત્યાં સાંકડા.

સ્વાર્થી માણસ.
- પોતાને ત્યાં આવે ત્યારે કંઇ ન આપે અને બીજાને ત્યાં સુખ સાહ્યબી માગે તેવા.
- ધાવેડું.

⇨ **પારકે પાદર પો'રા.**

- પારકે પાદર પહોરા.

,,

⇨ **પારકાં છોકરાંન જતિ કરવા હૌ તિયાર.**

- પારકાં છોકરાંને જતિ કરવા સૌ તૈયાર.

પારકાં છોકરાંનો ભોગ દેવાય, પોતાનાંનો નહીં.
- સ્વાર્થી, ચાલબાજ, કાવસિયા કે ધાવેડું માણસ.

⇨ **પારકાં મરે તાર વોય વોય ન ઘરનાં મરે તાર બબ્બે આથે કૂટે.**

- પારકાં મરે ત્યારે વોય વોય અને ઘરનાં મરે ત્યારે બબ્બે હાથે કૂટે.

પારકા પર આફત આવે એને તાયફો ગણે અને પોતાને ત્યાં આવે ત્યારે મહા દુઃખ ગણે તેવા સ્વાર્થી લોકો.

⇨ **પાંચ વસાનું આદમી ન વીહ વસાનું લૂંગડું.**

- પાંચ વસાનું આદમી ને વીસ વસાનું કપડું.
- એક નૂર આદમી હજાર નૂર કપડાં.

માણસની કિંમત કપડાંથી થાય છે.
- બાહ્ય ટાપટીપથી માણસની કિંમત વધતી જાય છે.
- લોકો બહારની ટાપટીપને વધારે મહત્વ આપે છે. આદમીને નહીં.

⇨ **પીત્તર માંણહથી હાચવજો.**

- પિત્તળ માણસથી સાચવવું.

નકલી, બનાવટી જૂઠ્ઠા કે વિશ્વાસઘાતી માણસથી સાચવવું.

⇨ **પિયર ઢૂકડું એની બૈરી ઘર માંડે નઈ.**

- પિયર નજીક હોય એ સ્ત્રી ઘર માંડે નહીં.

નજીક પિયરવાળી સ્ત્રી ઘર ન માંડે.

⇨ **પીરનાં સત ફકીર વધારે.**

- પીરની ખ્યાતિ, ફકીર વધારે.
- શેઠની આબરું ગુમાસ્તો વધારે.
- મા બાપની આબરું દીકરો વધારે.
- ઘરની આબરું ઘરવાળી વધારે.

દેવનું મહાત્મ્ય પૂજારી વધારે.



⇨ **પેટ ઉઘાડીન કોય જોતું નહીં.**

- પેટ ઉઘાડીને કોઇ જોતું નથી.
- પેટમાં પેશી નીકળ્યા નથી.
- પેટમાં કોય પેહી નહીં નેંહર્યા ?

કોઇના દિલમાં શું હોય તેની ખબર ન પડે.

⇨ **પેટનો ખાડો પૂરાય નૈ ન, પાડોશીન ઘેર ઉજાંણી.**

- પેટથી હૌ એઠ.
- પેટથી સૌ હેઠ.
- ભૂખ સોથી ભૂંડી.
- ભૂખ ના જૂવે ભાખરોન ઊંઘ ના જુવે ઉકેડો.

પોતાના ઘરમાં અનાજ નથી પણ પડોશી ઉજાણી કરે છે અર્થાત્ જેવા જેના નશીબ.
- પારકાની વાદે તૂટી ના મરાય.
- પેટની ભૂખ આગળ સગપણ પણ કામ ન લાગે.
- ભૂખ સગપણ પણ જોતું નથી.
- ભૂખ સૌથી ભૂંડાં કામ કરાવે.
- સો મણની કોઠી ભરાય પણ સવાશેરની કોઠી ન ભરાય.

⇨ **પેટને ના પોંચાય.**

- પેટને ન પહોંચાય.

,,

⇨ **પેટ ચોરીન હૂર ઊભું ના કરાવાય.**

- પેટ ચોળીને સૂળ ઊભું ન કરાવાય.
- હાંમે ચાલીન કૂવામાં ના પડાય.
- વગર ગાંડ્યે રેચ ના લેવાય.
- આથે કરીન હરગતામ ના પડાય.

હાથે કરીને આફત ના વ્હોરાય.
- જ્યાં જરૂર ન હોય ત્યાં સમસ્યા પેદા ન કરાય.

⇨ **પેટ છૂટી વાત કરવી.**

દિલ ખોલીને, કશુંય છુપાવ્યા વિના, સાચી હકીકત કહી દેવી.

⇨ **પેટ તો કૂતરાંય ભરે છ.**

- પેટ તો કૂતરાંય ભરે છે.

સ્વમાન મૂકીને ન જીવાય.
- સ્વમાન મૂકી, ભીખ માગી, ચાપલૂશી કરી, કૂતરા જેવું જીવન ન જીવાય.
- કશુંય મેળવવા સમાધાન ન કરાય.

⇨ **પેટ પાંકે તાર કાંને કે'વું ?**

- પેટ પાકે ત્યારે કાંને કહેવું.
- દોસ્ત દુશ્મન બને તો કોને કહેવું ?
- ઘરમાં ઘો પડે તાર શો ઉપાય ?

સગા દીકરા સામે થાય.
- ખાસ અંગત દોસ્ત વિશ્વાસઘાત કરે તો કોને કહેવું.

⇨ **પેટમાં આશાશ ને મોંચે થૂં થૂં.**

- પેટમાં હાશ ને મોંચ ઘૂં ઘૂં.

કહેવું કઇ ને કરવું કઇ
- વાણી ને વર્તનમાં આસમાન જમીનનો ફરક.

⇨ **પેટમાં ખાંડચ કચર્ય થાચ છ.**

- પેટમાં ખાંડ કચર થાય છે.

પેટમાં ખૂબ દર્દ થાય છે.

⇨ **પેટમાં પેહીન પગ પો'રા કરવા.**

- પેટમાં પેશીને પગ પહોળા કર્યા.

દગો દેવો, વિશ્વાસઘાત કરવો, છેતરપિંડી કરવી.
- દગો કે વિશ્વાતઘાત કરવો.
- ભરોસો રાખનાર સાથે દગો કરવો.

⇨ **પેટમાં પેહીન પગ પો'રા ન કરાચ.**

- પેટમાં પેશીન પગ પહોળા ન કરાય.

દગો કે વિશ્વાસઘાત ન કરાય.

⇨ **પારકાની વાદચે તૂટી ના મરાચ.**

- પારકાની વાદે તૂંટી ન મરાય.
- ચોરની વાદ્યે ચણા ના ઉપાડાય.
- કરતા ઓય અબ કિજીયે, ઓર ન કિજીયો કબ, માથું રહે જમીનમાં ને ઊંચા રહે પગ.

બીજો કરે તેવું ના કરાય.

⇨ **પેટનો બર્યો ગાંમ બારે.**

- પેટનો બળ્યો ગામ બાળે.
- પેટનો બળ્યો આખું ગામ બાળે.

જેનું અંતર બળેલું છે એ બીજાને સુખી જોઇ ન શકે, બીજાને નુકશાન કરે જ.

⇨ **પેટને વાચદો ના થાચ, શેઠને વાચદો થાચ.**

- પેટને વાયદો ન થાય, શેઠને વાયદો થાય.
- ભૂખને ઉધારી ના ઓય.

ભૂખ લાગે ત્યારે, પેટને વાયદો ન થાય, ગમે તેમ કરીને ખાડો પૂરવો પડે.
- ભૂખ લાગે ત્યારે ખાઇ લેવું પડે, તેમ જરૂરી કાર્ય નિપટાવી લેવું ઉત્તમ.



⇨ **પ્રેમની પીડ્યામાં વૈદ્યુ કાંમ ના'વે.**

- પ્રેમની વેદનામાં વૈદ્યુ કામ ન લાગે.

પ્રેમરોગની કોઇ દવા નથી હોતી.
- પ્રેમમાં પડેલાને પ્રેમ સિવાય કઇ દેખાતું જ નથી.

⇨ **પેલા ભવનું માગતું અશે, તે આ ભવમાં વારવું પડશે.**

- પેલા ભવનું માગતુ હશે તે આ ભવમાં વાળવું પડશે.

પૂર્વ જન્મમાં કરેલાં ખોટાં કામ, આ જનમમાં સારું કામ કરવું પડશે.
- અર્થાત્ આ જનમમાં પાપ કે ખોટાં કામ ન કરવાં.
- આગલ્યા ભવનું લેણું ચૂકવવું પડે.

⇨ **પેલો પાડોશી પછી હગો.**

- પહેલો પાડોશી ને પછી સગો વહાલો.
- પાડોશી પે'લો હગો.

પડોશી પહેલો સગો ગણાય.
- પડોશી જ સૌથી પહેલો કામ લાગે એટલે પડોશીને સગા કરતાં અદકો ગણવો.

⇨ **પે'લી જીભ આચી'તી પછી દાંત.**

- પહેલી જીભ આવી'તી, પછી દાંત.
- હાહું વવને લાચી'તી, વવ હાહુન નઈ.

નવો સંબંધ થતાં, જુનું સગપણ ભૂલી ન જવાય.
- નવા સંબંધોના કારણ જૂનાને ભૂલી ન જવાય.

⇨ **પૈણા પે'લાં અઘૈણી.**

- પરણા પહેલાં અઘરણી.
- ગાડા પે'લાં હમોલ.
- ઘોડી પે'લાં લગાંમ.

સમય પહેલાં કશુંય ન થાય.
- ખોટી ઉતાવળ કરી ન કામનું આગોતરું આયોજન ન થાય.

⇨ **પૈણેતરને પાંનેતર નૈન, અઘૈણીને ચીર.**

- પરણેતરને પાનેતર ન મળે ને અઘરણીને ચીર.

ખોટા ફૂલારા મારવા.
- ડંફાસમાંથી હાથ ન કાઢવો.
- કોઇપણ વ્યવસ્થા વિનાનું આયોજન.

⇨ **પૈણાની બાઘાન નાતરાની છૂટ.**

- પરણ્યાની બાધા ને નાતરાની છૂટ.

સધવડિયો ધર્મ પાળવો.
- પોતાના સ્વાર્થ માટે, પોતાના કાયદા બનાવી કામ કાઢી લેવું.

⇨ **પૈસા ઓય એ ગાંમ ગજવામાં ઘાલીન ફરે.**

- પૈસા હોય એ ગામ ગજવામાં ઘાલીન ફરે.

પૈસાથી બધું થાય.
- પૈસાથી બધું ખરીદાય.
- પૈસાથી ધારો તે કામ થાય.

⇨ **પૈસે જીવાતું ઓત તો તાલેવંતનાં મરે નૈ.**

- પૈસાથી જવાતું હોય તો ધનિકનાં મરે નૈ.

પૈસાથી મરણ રોકાતું નથી.

⇨ **પાંચ પોલીસ ને પંદર ફોજદાર.**

- પાંચ પોલીસ અને પંદર ફોજદાર.

સાવ અણગડ વ્યવસ્થા.
- વ્યવસ્થા કે આયોજન વગરનું કાર્ય.
- રેઢિયાળ તંત્ર.

⇨ **પાંણી પીધા પછી ઘર પૂછવું.**

- પાણી પીધા પછી ઘર વિશે પૂછવું.

જે થવાનું હતું એ થઇ ગયું, પછી વસવસો કરવાનો અર્થ ખરો ?

⇨ **પાંણી પીધા પછી ઘર ના પૂછાય.**

- પાણી પીધા પછી ઘર ન પૂછાય.
- વતું કર્યા પછી પછી વાર પૂછવાથી શું થાય.

અગમચેતી વાપરવી પડે, પણ કશુંય થઇ ગયા પછી કે ખોટું કાર્ય થઇ ગયા પછી પસ્તાવાથી શું ફાયદો ?
- અમુકવારે દા.ત. શનિવારે દાઢી-વાળ ગામડાંમાં કપાવે નહીં પણ હજામત થઇ ગયા પછી વાર કયો હતો તેની તપાસ કરવાથી શું વળે ?

⇨ **પાંણી પે'લાં પાર બાંધવી.**

- પાણી પહેલાં પાળ બાંધવી.
- ચેતતા નર સદા સુખી.

અગમચેતી વાપરવી.
- કોઇપણ કાર્ય કરતાં પહેલાં એના સારા-નડતા પાસાની ચકાસણી કરી લેવી.
- ભવિષ્યનો વિચાર કરી આયોજન કરવું.

⇨ **પાંણીના મૂલે વેચાવું.**

- પાણીના મૂલે વેચાવું.

નાખી દેવાના ભાવે વેચવું.
- નુકશાની જવી, ખોટ ખાવી.

⇨ **પાંણી માગતાં દૂધ મલે.**

- પાણી માગતાં દૂધ મલે.
- પાણી માગતાં દૂધ હાજર કરે.

ખૂબ લાડકોડથી ઉછેર થવો.
- ધાર્યા કરતાં ઉત્તમ સગવડ આપવી.



⇨ **પાંણીમ રે'વુંન મગરથી બીવું ના પાલવે.**

- પાણીમાં રહેવું ને મગરથી બીવું ન પાલવે.

જયાં રહેતા હોય ત્યાંના લોકોથી ડરીને રહેવાથી જીવાય નહીં.

⇨ **પાંણીમ રે'વુંન મગરથી વેર બાંધવું ના પાલવે.**

- પાણીમાં રહેવું ને મગરથી વેર ન કરાય.
- દાંત વચ્ચે રે'વું ન દાંતથી ડરવું જીભડીન ના ફાવે.

જયાં રહેતા હોઇએ, ત્યાંના લોકો સાથે વેર બાંધીને જીવી ન શકાય.
- સંપ અને સહકારથી રહેવું સારું.

⇨ **પાંણી વલોવે માંખણ ના ઉતરે.**

- પાણી વલોવવાથી માખણ ન નીકળે.

અર્થ વગર કામ કરવું.
- જાણી જોઇને વ્યર્થ મજૂરી કરવી.
- ગાંડાને શીખામણ ન અપાય.

⇨ **પોત્યાં ઢીલાં થઇ જવાં.**

- પોતિયું ઢીલું થઇ જવું.

બીકના માર્યા ડરી જવું.
- ખબર પડી જવી.
- સોંપેલું કામ નહીં થવાની બીકે ડરી જવું.

⇨ **પૂઠ પાદણીયાનીન મોં વાઘનું.**

- પૂઠ બીકણની ને મોં વાઘનું.

અંદરથી ડરપોક ને મોંએ શૂરવીરતા બતાવવી.

⇨ **પૈણેલી તો જેવી તેવી લેવાય, પણ નાતરાની તો જોયને લેવી.**

- પરણેલી તો જેવી તેવી લેવાય, પણ નાતરાની તો ચકાસીને લેવી.

પરણેલી ગમે તેવી લવાય પણ નાતરાની તો જોઇને, ચકાસીને લેવી પડે. કારણ કે છૂટાછેડા વાંક વગર ન થયા હોત. એ સ્ત્રીમાં કોક અવગુણ તો હશે જ.

⇨ **પૈણ્યા તો નહીં પણ જાંનમાંય નહીં જયાં ?**

- પરણ્યા તો નથી પણ જાનમાંય નથી ગયા ?

જીવનમાં કશોય અનુભવ નથી ?
- કામ કર્યું નથી પણ અનુભવ છે જ.

⇨ **પૈણ્યા તો નહીં પણ જાંનમાં ગયા છીએ.**

- પરણ્યા તો નથી પણ જાનમાં ગયા છીએ.

ભલે કામ કર્યું નથી, પણ અનુભવ છે એટલે ચિંતા ન કરવી.

## ફ

**➩ ફજેતીનો ફારકો થયો ન ધૂર જેવી આબરુંના કાંકરા થયા.**

- ફજેતીનો ફાળકો થયો અને ધૂળ જેવી આબરુંના કાંકરા થયા.

જેવી તેવી આબરું હતી એ પણ જતી રહી.
- એવાં નકામાં કામ ક્યાં કે આબરું ગયાનું ઢોલ વાગ્યું.

**➩ ફના ફાત્યા ન મશીદે દીવા.**

- ફના ફાતિયા અને મસ્જિદે દીવા.
- કરવા ગયા કંહાર ને થઇ ગઇ થૂલી.

હતું નહોતું થઇ ગયું.
- ધાર્યું નહોતું ને જબરી બબાલ થઇ ગઇ.
- ધાર્યા કરતાં ઊંધું થઇ ગયું.

**➩ ફાટ્યું હંધાય નૈ.**

- ફાટ્યું સંધાય નઇ.

પસ્તાવાથી શું ફાયદો, થવાનું હતું તે થઇ ગયું.
- એવું કામ ન કરવું કે જેથી પસ્તાવા વારો આવે.
- ગઇ ગુજરી ભૂલી જા.

**➩ ફાયો એ ડાયો.**

- ફાવ્યો તે ડાહ્યો ગણાય.

સફળતા મળી એ ડાહ્યો ગણાય ને અક્કલવાળાને નિષ્ફળતા મળે તો પણ તે ગાંડો ગણાય.

**➩ ફુટલા આંલ્લામ ઘી ના ભરાય, તૂટલા ઠામમાં ઘી ન ભરાય.**

- ફૂટલા આંલ્લામાં રાંધવા ના મેલાય, તૂટલા ઠામમાં રાંધવા ન મૂકાય.
- ચારણીમાં પાણી ન ભરાય.

ડફોળવેડા ન થાય.
- અક્કલ ગીરે મૂકી કામ ન થાય.

**➩ ફૂલે એ ફાટેન, ચડે એ પડે.**

- ફૂલે તે ફાટે ને ચડે એ પડે.

જન્મ તેનું મરણ.
- ચઢે એ પડે.

**➩ ફૂલે એ કરમાય.**

- ખેલી એ કરમાય.
- ગરવ કર્યો સો નર ગયો.
- ગરવ કર્યો એ મર્યો.

જગતનો નિયમ છે કે અભિમાન કરે તેનું પતન થાય.
- છતમાં છકી ન જવાય.
- હોય એનો ગર્વ ન કરાય.

**➩ ફૂવેડનો મેલ ફાગણ મૈને ઉતરે.**

- ફૂવડનો મેલ ફાગણ મહિને ઉતરે.

આળસુ માણસ.
- આળસુ કે દાધારંગો માણસ.



**➩ ફૂવેડ રાંડના માંટલે કરશી સેવાર.**

- ફૂવડ રાંડના માટલામાં કળશી સેવાળ હોય.

આળસુ કે દાધારંગા સ્ત્રી પુરૂષના કામમાં કશાંય વેતા ન હોય - એને સારા-નરસા કશાંયની ચિંતા ન હોય.

**➩ ફોયને મૂછો ઓત તો કાકા ના કે'ત.**

- ફોયને મૂછો હોત તો કાકા ન કહેત.

નથી એનું દુઃખ.
- જે શક્ય ન હોય એનો વસવસો ન કરવો.

**➩ ફોદદારનો કૂતરો મરે તાર આખું ગાંમ બેહવા આવે, ફોદ્દાર મરે તાર કોય ના'વે.**

- ફોજદારનો કૂતરો મરે ત્યારે આખું ગામ બેસવા આવે, ફોજદાર મરે ત્યારે કોઇ ન આવે.
- તગતી તાપણીએ હૌ તાપે ઠરી જાય એટલે હૌ ભાગે.
- ઉતર્યા અમલદાર કોડીના.
- ઉતર્યા અમલ કોડીના.
- ઉગતા સૂરજને હૌ પૂજે, આથમતાને નૈ.
- ગોળને મંકોડા વળગે, કાંકરાને નઇ.

સત્તાને સૌ પૂજે
- ફાયદો હોય ત્યાં સૌ દોડે.
- ભવિષ્યમાં ઉપયોગી થવાનો હોય એની સૌ પરશી કરે.

**➩ ફાંહ કાડતાં હાલ પેઠું.**

- ફાંહ કાડતાં પેઠું હાલ.
- ફાંસ કાઢતાં સાલ પેઠું.
- ભૂત કાઢતાં પલીત પેઠું.
- બાયડી આર્યે હાહું આચી.
- છોકરો લેવા જતાં ધણી ખોયો.
- લેને ગઇ પૂત, ખો આઇ ખસમ.
- હાપ કાઢતાં ઘો પેઠી.

એક કામ કરવા જતાં બે કામ વધ્યાં.
- એક લેવા જતાં બે ખોયાં.
- ફાયદા કરતાં નુકશાન વધારે થવું.
- કંકઇ સારું કરવા જતાં કાયમની તકલીફ ઊભી થાય.

⇨ **ફાંહ કાડવા જતાં હાલ પેહી ના જાય એ જોજે.**

- ફાંસ કાઢવા જતાં સાલ પેસી ન જાય એ જોજો.

કંઈક સારું કરવા જતાં કાયમની ભાંજગડ પેદા ન થાય તે જોવું.

⇨ **ફાંજ હાંમે ના થવાય.**

- ફોજ સામે ન થવાય.
- બળિયા આર્યે બાથ ના ભીડાય.

સભધા સામે ન લડાય.
- સત્તા સામે ન પડાય.
- બળિયા સામે બાથ ન ભરાય.
- સત્તા આગળ શાણપણ ન ચાલે.



# બ

⇨ **બકરાની માંનતા હૌ રાખે, વાઘની નૈ.**

- બકરાની માનતા સૌ રાખે, વાઘની નઈ.
- નબરાને હૌ નડે ન, ડાંડના પગ પડે.

સહેલું કામ સૌ કરે, અઘરું નહીં
- નબળાને સૌ પજવે, દાંડ કે ખમતીધરની પરશી કરે.

⇨ **બકરાની મા ચેટલા દા'ડા ખેર મનાવશે.**

- બકરાની મા કેટલા દિવસ ખેર મનાવશે.

જે થવાનું છે એ થવાનું, જેને ટાળવાથી શું વળે.

⇨ **બકરી આદું ખાતાં શીખી ગઈ.**

- માંકણને પાંખો આવી.
- મેરી બિલ્લી મુજસે મ્યાઉં ?
- દેડકી ફાટીન હાથી બની.

ગરીબ પ્રકૃતિનો માણસ સામે થયો.
- જેનો ભરોસો રાખેલ તેજ સામે થવો.
- નબળા ગણાતા લોકો સમય જતાં સામે પડ્યા.

⇨ **બકરી/રું કાડતાં ઊંટ પેઠું.**

- બકરી/રું કાઢતાં ઘો પેઠી.
- હાપ કાડતાં ઘો પેઠી.
- ભૂત કાડતાં પલીત પેઠું.
- ફાંહ કાડતાં હાલ પેઠું.

એક દુઃખ કાઢતાં, બીજાં બે નવાં પેઠાં.
- કંઈક સારું કરવા જતાં, કાયમની તકલીફ ઊભી થઇ.

⇨ **બકરી બે થઇ ગઇ.**

બીકના માર્યા ચૂપ થઈ જવું.

⇨ **બચકાર આવે એ ડચકારે જાય.**

- બચકારે આવે એ ડચકારે જાય.

કરો તેવું પામો.
- બંધો વખત તમારો નથી હોતો.
- બધી વખત તમારું કહ્યું બધા ન પણ માને.
- કાયમની કોઇની આણ ચાલતી નથી.

⇨ **બધાય દીકરા પેટેના, કોય ઉપરવાડેથી નહીં આયો.**

- બધાય દીકરા પેટે જણ્યા છે કોઇ ઉપરવાડેથી આવ્યો નથી.

સૌને સરખા ગણવા.
- વ્હાલાં-દવલાં ન ગણવા.
- સૌના માટે સમાન દ્રષ્ટિ રાખવી,
- કોઇની સાથે વેરો-આંતરો ન રખાય.

- પાંચેય આંગળીઓ સરખી, કઇમાંથી લોહી ન નીકળે ?

⇨ **બધા ટાંટિયા મેરવતાં નવ નેજા થાય.**

- બધા ટાંટિયા મેળવતાં નવ નેજા થાય.

ઘર ચલાવતાં ખૂબ તકલીફ પડે છે.
- ઘર વહેવાર ચલાવવો સહેલો નથી.

⇨ **બધાંયન ઘેર રાવણ પેદા ના થાય.**

- બધાયને ઘેર રાવણ પેદા ન થાય.

બધાના ઘરે નકામો વંશજ પેદા ન થાય.

⇨ **બધાંયન ઘેર શરવણ પેદા ના થાય.**

- બધાયને ઘેર શ્રવણ પેદા ન થાય.

બધાય જન્મેલા બાળકો શ્રવણ જેવા પેદા ન થાય.

⇨ **બરતામાં ઘી ઓમવું.**

- બળતામાં ઘી હોમવું.

સમી જવા આવેલ ઝઘડો ફરી વધારે કરાવવો.
- કોઇની ચઢવણી કરી ઝઘડો ફરી કરાવવો.

⇨ **બરથી ના થાય એ કાંમ કરથી થાય.**

- બળથી ના થાય એ કામ કળથી થાય.

જે કામ બુદ્ધિથી, કળથી થાય તે કામ બળ વાપરવાથી ન જ થાય.

⇨ **બરિયાના બે ભાગ.**

- બળિયાના બે ભાગ.
- નાગાની પાંચ્છેરી ભારે.
- મારે એની તલવાર.

બળવાન કે નાગા માણસને સૌ નમે અથવા માગે તે આપે.
- પોતાના બળથી હક્ક કરતાં વધારે પડાવી જાય તોય બીજાથી બોલાય નહીં.

⇨ **બરતામાંથી બચ્યું તે ખરું.**

- બળતામાંથી બચ્યું એટલું આપણું.
- ભાગતા ભૂતની ચોટલી હાથમાં આવી એટલી ખરી.

જે હાથમાં આવ્યું તે ખરું.
- ન આવ્યું તેનો વસવસો ન થાય.
- કુદરતી આફતમાં આપણાથી કશું ન થાય.
- કુદરત બચાવે તેટલું સાચું.



⇨ **બરોર્ત્યાની બરેલી છે.**

- બળોત્યાંની બળેલી છે.
- બળોત્યાનો બળેલો છે.

જન્મથી જ મહા દુઃખી.

⇨ **બલાડી બચોરિયાંન હાત ઘેર ફેરવે.**

- બલાડી બચ્ચાંને સાત ઘેર ફેરવે ત્યારે એ ઠરે.
- બલાડીન પેટમાં ખીર રે'ત એના પેટમાં વાત રે.

જે ઠરીને ઘર ન માંડે તેવી સ્ત્રી.
- વારે વારે ધંધો રોજગાર બદલી સ્થિર ન થાય તેવો.

⇨ **બંદા પો'રાન શેરી હાંકડી.**

- બદા પહોળા અને શેરી સાંકડી.
- ગધાડી ફૂલેકે ચડી.
- નાગી છાપરે ચડીન બેઠી.

હલકાં પેટનો.
- ફુલારા મારનાર.
- શેખીખોર, શેખીચલ્લી, ફૂલણજી
- પોતાની જાતને મહાન માનવી.

⇨ **બાજરીનો બશેર વેચાય એવો.**

- બાજરીનો બશેર વેચાય તેવો.

જેની સમાજમાં કોઇ કિંમત નથી તેવો.
- જેની ગામમાં કોઇ ગણના નથી તેવો.

⇨ **બાપ કરતાં બેટા વધે.**

- બાપ કરતાં બેટા વધે.

શેરના માથે સવાશેર પાકે.
- આપણે એકલા જ હોંશિયાર છીએ એમ માની નહીં ચાલવાનું.

⇨ **બાપ કરતાં બેટા વધે ન, હાહું કરતાં વવ ચડે.**

- બાપ કરતાં બેટા વધે અને સાસું કરતાં વહું ચઢે.

બીજા પણ આપણા કરતાં સવાયા છે એમ જાણવાનું.

⇨ **બાપ કરતાં બેટા વધે ન, ગુરૂ કરતાં ચેલા ચડે.**

- બાપ કરતાં બેટા વધે અને ગુરૂ કરતાં ચેલા ચઢે.

,,

⇨ **બાપ એવા બેટા ન વડ એવા ટેટા.**

- બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.
- જૂ ના પેટમાં લીખ જ પાકે.
- વાવો બાવરિયો તો આંબા ના ઉગે.

કૂળના સંસ્કાર ઉતરે.
- જેવાં બાપ હોય એવાં જ બેટા પાકે.

| | |
|---|---|
| ⇨ **બાપજી નમો નારણ, તાર કે' તાર તાંજ ધાંમા.**<br>• બાપજી નમો નારણ, ત્યારે કહે તારે ત્યાંજ ધામા.<br>• પોંકનારને પરણે તેવો.<br>• અલ્યા કહેતાં મસ્જિદ કોટે વળગે. | ગળે પડે તેવો સ્વભાવ.<br>- આંગળી આપો તો પાંચો પકડે તેવો માણસ. |
| ⇨ **બાપના કૂવામાં ડૂબી ના મરાય.**<br>• સોનાની કટારી પેટમાં ન મરાય. | જેનો જેવો ઉપયોગ થતો હોય તેવો કરવા વિવેક બુદ્ધિ વાપરવી પડે.<br>- ખોટો ઉપયોગ ન થાય. |
| ⇨ **બાપના પૈસે તાગડધિન્ના કરવા.**<br>• બાપના પૈસે રંગરેલીયો ના થાય.<br>• બાપના પૈસે રંગરેલીઓ ન થાય. | બાપે આપેલા પૈસા સંચકીને વપરાય, ઉડાડી ન મૂકાય. |
| ⇨ **બાયડી નાતરે જાય ન ધણી વરાવા જાય.**<br>• બૈરી નાતરે જાય અને ધણી વળાવા જાય. | પત્ની ઘેલો માણસ.<br>- રાંડવારોગો માણસ.<br>- ગેલ હાગરો પુરૂષ.<br>- આબરું જાય, લોકો મજાક કરે તેવાં કામ ન થાય. |
| ⇨ **બાયડી ન, ઘંઘો પારકાં હારાં લાગે.**<br>• બૈરી અને ધંધો હંમેશા બીજાનાં જ સારાં લાગે. | દરેક જણને બીજાનું સુખ ઉત્તમ લાગે.<br>- માણસની વૃત્તિ જ એવી હોય છે કે બીજાની સ્ત્રી કે નોકરી ધંધા સારાં લાગે. પોતાના નહીં. |
| ⇨ **બાર આથનું ચીભડું ન તેર આથનું બી.**<br>• બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી. | ઢંગઘડા વગરની વાત. |
| ⇨ **બાર આથનું છાપરું ન તેર આથનો મોભ.**<br>• બાર હાથનું છાપરું ને તેર હાથનો મોભ. | ,, |
| ⇨ **બાર કારભારીન તેર મુખી.**<br>• બાર કારભારી અને તેર મુખી.<br>• પાંચ પોલીસને પંદર ફોજદાર. | વ્યવસ્થા વગરની ગોઠવણી.<br>- અણગઢ આયોજન. |



| | |
|---|---|
| ⇨ **બાવાજીના બગલમાં લંગોટી.**<br>• બાવાજીન બગલમાં લંગોટી.<br>• આપણાં તો ખૂટિયે પોતિયાં. | સ્થિર થઈને એક જગ્યાએ ન રહે એવો ચંચળ માણસ.<br>- જેને કશીય જવાબદારી નિભાવવી નથી તેવો... ભમતો ભૈડો માણસ. |
| ⇨ **બાર ભઈ ન તેર ચોકા.**<br>• બાર ભાઈ અને તેર ચોકા. | એકબીજામાં સંપ ન હોય તેવું કુટુંબ.<br>- કાયમ ઝઘડતું રહે તેવું માણસ. |
| ⇨ **બાવો બની જ્યો.**<br>• બાવો બની ગયો. | બધુ ગુમાવી દીધું.<br>- ભીખારી બની ગયો. |
| ⇨ **બાવાના બેય બગડ્યા.**<br>• બાવાના બેઉ બગડ્યા.<br>• ધોબીન કૂતરો નઈ ઘરનો કે નઈ ઘાટનો. | અદબદ સ્થિતિ.<br>- ક્યાંય એક ધંધામાં ઠરીને સ્થિર ન થવું.<br>- કશાયમાં ફાવટ ન આવવી. |
| ⇨ **બાંડિયા ગાંમ્માં બા બારસો.**<br>• ગાંડિયા ગામમાં બાર બોલે ને તેર તોલે.<br>• બાંડિયા ગામમાં બાર બારસો. | જયાં એક મત થઈ કામ ન કરે તેવું સ્થળ.<br>- સૌ સૌની ઈચ્છા પ્રમાણે કામ કરે તેવો સમાજ કે ગામ. |
| ⇨ **બાંડિયા હાપનો બેય પાહનો મરો.**<br>• બાંડિયા સાપનો બેય બાજુનો મરો. | નબળા માણસને સૌ હેરાન કરે. |
| ⇨ **બુદ્ધિ આગર બર પાંણી ભરે.**<br>• બુદ્ધિ આગળ બળ પાણી ભરે.<br>• કળથી જે કામ થાય ત્યાં બળથી ન થાય. | બુદ્ધિ જે કામ કરે ત્યાં આગળ બળની જરૂર ન પડે. |
| ⇨ **બૂડ્યા તાર કે, બે વાંહ વધારે.**<br>• બૂડ્યા (ડૂબ્યા) ત્યારે બે વાંસ વધારે.<br>• ઓઘા ભેગી ઉડળ.<br>• આટલા ભેગું આટલું વધારે. | સામાજીક કે વ્યવહારિક પ્રસંગે ધાર્યા કરતાં ખર્ચ વધારે થઈ જાય, ત્યારે લોકો આ કહેવત વાપરે. |

⇨ **બેડા પર બેડું તે પાંણિયારાન ભાર્થ.**
- બેડા પર બેડું તો પાંણિયારાન જોર.
- બેડા પર બેડું તે પાણિયારીને ભાર.

જે કામ હાથ લીધું તે જ પતાવવું.
- પારકી પંચાત કર્યા વિના સોંપેલી જવાબદારી અદા કરવી.

⇨ **બેડા પર બેડું એ તો પાંણિયારાન ભાર.**
- બેડા પર બેડું એ તો પાંણિયારાન ભાર.

જેનું કામ સોંપ્યું તેની જવાબદારી છે એમાં બીજાએ ચિંતા ન કરવી.

⇨ **બે કુકા થયા એટલે પટલઇ ચડી.**
- બે કુકા થયા એટલે પટલાઇ ચઢી.

પૈસાદાર થયા એટલે આગેવાન થવાના કોડ જાગ્યા.

⇨ **બે ઘોડે ચડાય નઇ.**
- બે ઘોડે સવારી થાય નહીં.
- બે ઘોડે ચડાય નહીં.

એક સાથે બે કામ ન થાય.
- બે કામ એક સાથે કરવામાં સરખાઇ ન આવે.

⇨ **બે બાયડીન ધણી ભૂખે મરે.**
- હિયારી હાહુની ઉકેડે માંકાણ.
- ઝાઝા ઘરના પરોણો ભૂખે મરે.
- હસવું ને લોટ ફાકવો બે કામ સાથે ન થાય.

બે સ્ત્રીઓનો ધણી ક્યારેય સુખ ન પામે.

⇨ **બે મલ્યા એટલે બાવીન ભોં ટર્યો.**
- બે મળ્યા એટલે બાવીસનો ભય ટળ્યો.

બે જણનો સાથ મળે તો બાવીસ જણનીય બીક ન લાગે.
- બીજાના સાથથી હિંમત વધી જાય.

⇨ **બેઠક વગરના લોટા જેવો.**
- બેઠક વિનાના લોટા જેવો.
- બેઠક વગરના ઘાડવા જેવો.
- બેઠક વિનાના ઘડા જેવો.
- બેઠક વગરનો કરશ્યો.

બેઉં બાજુની ઢોલકી વગાડનાર.
- દૂધ અને દહીંમાં પગ રાખનાર.
- જેની વિશ્વાસ ન કરી શકાય તેવો
- બિનવિશ્વાસપાત્ર



⇨ **બૈરી વેચીન ડોશી લાયા, અઠવાડિયામાં મરી ગઈ તાર રોટલા વગરના રયા.**
- બૈરી વેચીને ડોશી લાવ્યા, અઠવાડિયામાં મરી ગઇ ત્યારે રોટલા વગર ના રહ્યા.

ઊંધુ કામ કર્યું.
- અક્કલ વગરનું કામ કરવું.
- જાણી જોઇને જફા વ્હોરી લેવી.
- વગર વિચાર્યું કામ કરતાં માઠું પરિણામ આવે.

⇨ **બોલ્યે બંધ નઇ.**
- બોલ્યે બંધાય નઇ.
- બોલે બંધાય નહીં.
- શીંગડે ઝાલો ત્યારે ખાંડો ને પૂછડે ઝાલો ત્યારે બાંડો.
- ગાંડ વગરના ઢોળવા જેવો.

ગમે તે રીતે છટકી જનાર.
- કોઇપણ રીતે બોલ્યે બંધાય નહીં તેવો.
- અતિ ચાલાક.

⇨ **બાવો નાચ્યો તાર બોદલીય નાચી.**
- બાવો નાચ્યો ત્યારે બોદલીય નાચી.
- ચોરની વાદે ચણા ઉપાડ્યા.

બીજાનું જોઇને નખરાં કરવા.
- બીજાનું નકામુ અનુકરણ કરવું.
- સંગની અસર થાય.

⇨ **બાંમણ પૈણાયી આલે, ઘર ના માંડી આલે.**
- બ્રાહ્મણ પરણાવી આપે, ઘર ન માંડી આપે.

કોક રસ્તો બતાવી આપે,
- બાકીનું કામ જાતે કરવું પડે.
- કોઇ રસ્તો ચીંધે, જવું તો જાતે જ પડે.

⇨ **બાંમણને કરસ્યો આલ્યો પછી એન પૂંજામાં વાપરે કે ગાંડ ધોવે.**
- બ્રાહ્મણને લોટો આપ્યો પછી તે પૂજામાં વાપરે કે ગમે તે કરે.

દાનમાં આપેલી વસ્તુનો શું ઉપયોગ કરે છે તે દાન આપનાર જોતો નથી.
- દાન આપ્યા પછી ભૂલી જવાનું.

⇨ **બાંમણ લાડવા જોય કૂવે પડે.**
- બ્રાહ્મણ લાડવા જોઇ કૂવે પડે.

બ્રાહ્મણને લાડું અતિ પ્રિય, એને જોયા પછી મન પર કાબૂ ન રહે.
- એમ કોઇ પણ વસ્તુના ભોગીને એ જોયા પછી મન પરના કાબૂ ગૂમાવી બેસે છે.

,,

⇨ **બાંમણ લાડવા જોય ભૂરાંટો થાય.**
- બ્રાહ્મણ લાડવા જોઇ ગાંડો થઇ જાય.

⇨ **બોર આલી કલ્લી કડાઇ લેવી.**

- બોર આપી કલ્લી કાઢી લેવી.

નાની વસ્તુની લાલચ આપી મોટી કાઢી લેવી.
- લાલચ આપી પોતાનો સ્વાર્થ સાધી લેવો.

⇨ **બોડી બાંમણીનું છેતર છે.**

- બોડી બ્રાહ્મણીનું ખેતર છે.
- રાંડી રાંડનું ખેતર.

ધણી ધોરી વગરની વસ્તુ.
- એવી જગ્યાએ વસ્તુ હોય કે જેનો ઉપયોગ સૌ કોઇ કરી શકે.

⇨ **બોડી બાંમણીનું ખેતર ના હમજીશ.**

- બોડી (રાંડેલી) બ્રાહ્મણીનું ખેતર ના સમજીશ.
- રાંડી રાંડનું ખેતર ના હમજીશ.

ધર્માદાની કે ધણીધોરી વગરની વસ્તુ ન સમજવી.
- જેનો માલિક હોય તેવી વસ્તુ.

⇨ **બોખલા દાંતે હોપારી ના ખવાય.**

- બોખલા દાંતે સોપારી ના ખવાય.
- આંધરાએ ચશ્માંના અભરખા ના રખાય.

હેસિયત વગરનું કામ ન થાય.
- અશક્ય કામની જવાબદારી માથે ન લેવાય.
- ઉંમર વીતી ગયા પછી અમુક અભરખા ન રખાય.

⇨ **બોલે એનાં જ બોર વેચાય.**

- બોલે તેનાં જ બોર વેચાય.
- છોકરું રડે તો જ મા ધવરાવે.
- માગ્યા વગર તો માય ના પિરસે.

જમાનો દેખાડો કરવાનો છે.
- જમાનો બોલવાનો છે, હક્ક કરવાનો છે, ન બોલો તો કોઇ ન પૂછે.

⇨ **બોલે નઇ એ બોરી વારે.**

- બોલે નહીં એ બોળી વાળે.

બોલે નહીં એ રહી જાય.
- બોલે નહીં એનું કામ ન થાય.
- બોલે નહીં એ લટકી જાય.

⇨ **બોલેલું ન થૂકેલું મોંમાં પાછું ના ઘલાય.**

- બોલેલું અને થૂકેલું મોંમાં પાછું ન જાય.

બોલતાં પહેલાં સો વાર વિચાર કરવો.



⇨ **બોલ્યું બાર્ય પડે ન રાંધ્યું વરે પડે.**

- બોલેલું બહાર આવે, ને રાંધેલું વળે પડે.
- ભાથામાંથી નીકળેલું તીર પાછું ના વળે.

વગર વિચાર્યું કરે તે પાછળથી પસ્તાય.
- કોઇપણ કામ વિચારીને જ કરવું.
- ખોટું કામ કર્યા પછી જીવનભર પસતાવું પડે છે.

# ભ

⇨ **ભગતડાન પોંચાય નૈ.**

- ભગતડાને પહોંચાય નઈ.

ટીલાં ટપકાંવાળાને પહોંચાય નહીં.
- ભગત જેવા ઠગ ગમે તેવા ખેલ કરે.

⇨ **ભગત એટલે ખોટો રૂપ્યો.**

- ભગત એટલે ખોટો રૂપિયો.

જેને સંસારની માયા વળગી નથી એને પહોંચી ન વળાય.
- ભગત જેવાને જવાબદારીનું કામ ન સોંપાય. એટલે એમને ખોટા રૂપિયા જેવા ગણવામાં આવે છે. જે કશાય કામમાં ન આવે.

⇨ **ભટજી ભણે છે કે ટીપણાં ફાડે છે.**

- ભટ્ટજી ભણે છે કે ટીપણાં ફાડે છે.

ઠોઠ નિશાળિયો.

⇨ **ભણે એની વિદ્યા.**

- ભણે તેની વિદ્યા.

જે ધ્યાન દઈ ભણે, એને જ વિદ્યા મળે.

⇨ **ભણે એનું ભણતર.**

- ભણે તેનું ભણતર.

જે ધ્યાન દઈ ભણે તેને જ વિદ્યા મળે.

⇨ **ભણે એ કલદાર ગણે.**

- ભણે તે જ કલદાર ગણે.
- વિદ્યા કોઈના બાપની નથી.

વિદ્યા મળે, ભણે તે જ ધનિક બને.
- ઠોઠ મજૂરી કરે.

⇨ **ભણી ભણીન ઊંધા પડ્યા.**

- ભણી ભણીન ઊંધા પડી ગયા.
- અક્કલનેન એને બારમાં ચંદરમા.

કશુંય ભણ્યા નહીં.
- ડફોળ, ઠોઠ રહ્યા.

⇨ **ભણી ગણીન પોપટ થઈ જ્યા.**

- ભણી ગણીને પોપટ થઈ ગયા.

ભણી ગણીને પોપટ જેવા હોંશિયાર થવું. (કટાક્ષમાં કહેવું.)

⇨ **ભણેલાન ચાર આંછ્ય ને અભણ આંધરો.**

- ભણેલાને ચાર આંખો, ને અભણ આંધળો.

ભણેલ ગણેલ-જ્ઞાનને કારણે કોઠીસૂંઝ, કાબેલિયત અને પારંગતતા આવે, જ્યારે અભણને સૂઝ ન પડે એટલે આંધળા જેવો કહેવાય.



⇨ **ભણે એ ભૂલે ન,ચડે એ પડે.**

- ભણે એ ભૂલે અને ચઢે એ પડે.

ભણેલો ભૂલે પણ ખરો અને ચઢે તે પડે.
- વિદ્યા વપરાય તો જ વધે, યાદ રહે, ન વપરાય તો ભૂલી જવાય.
- કશાય પ્રયત્નો કરતાં - તકલીફો આવે પણ ખરી.

⇨ **ભણ્યા પણ ગણ્યા નહીં.**

- ભણ્યા પરંતુ ગણ્યા નહીં.

માત્ર પુસ્તકિયું જ્ઞાન કામ ન આવે.
- એકલું ભણતર ન ચાલે.
- એના પર ગણતરી કરીને ચાલે તે જ જીતે.
- પોપટિયું જ્ઞાન કામ ન આવે.
- પ્રાયોગિક કામ જ કામ આવે.

⇨ **ભણ્યો ગણ્યો ખુરશીએ બેહે ન અભણ દીવો ધરે.**

- ભણ્યો ગણ્યો ખુરશીપર બેસે અને અભણ દીવો ધરે.

ભણેલો સાહેબ બને, સત્તા ભોગવે ને અભણ જી હજૂરી કરે.

⇨ **ભણેલો ગણેલો શેઠઈ કરે ને અભણ બચારો ગુલાંમી કરે.**

- ભણેલો ગણેલો શેઠઈ કરે ને અભણ બિચારો ગુલામી કરે.

ભણતરની કિંમત અભણની નહીં

⇨ **ભપકા ભારીન ખીસ્સાં ખાલી.**

- ભપકા ભારી ને ખીસ્સાં ખાલી.
- ઠાલો ચણો વાગે ઘણો.
- મૂછે ચોપડવા તેલ નૈન ડેલીએ દીવા કરે.
- શેખઈ શા'જાદાની ન, કસબ ભાડ ભૂંજાનો.
- દરનારીન દીકરા ન, નાંમ સિકંદર.
- ઢમ ઢોલ ને ઘરમાં પોલ્લમપોલ.
- ખાલી વાહણ ખખડે બવ.
- અધૂરો ઘડો બહું છલકાય.
- નાંમ મોટાંન દર્શન ખોટાં.

ખાલી ખોટો દેખાડો કરવો.
- બહારનો માત્ર દેખાવ, અંદર કંઈ ન મળે.
- હોય નહીં તો પણ ખોટો દંભ કરવો.

- પાદવાની પો'ચ નૈન તોપ ખાતામાં નાંમ લખાવે.
- મોં વાઘનું ન પૂઠ શિયાળની.

⇨ **ભાભો ભારમાં ન વવ લાડમાં.**
- ભાભો ભારમાં અને વહું લાડમાં.

ભાભો એટલે વૃદ્ધ મર્યાદાથી રાજી રહે અને વહું વારું ને લાડ કરવાથી રાજી રહે.
- જેને જેવી જરૂરિયાત તેની સાથે તેવી રીતે વાત કરવી, જરૂર પડે આદર આપવો ને જરૂર પડે લાડ લડાવવાં.

⇨ **ભમે એ ભૂછ્યો ના મરે.**
- ભમે એ ભૂખ્યો ના મરે.
- ફરે એ ચરે ન બાંધ્યું ભૂખે મરે.

ભ્રમણ કરે, દેશાટન કરે, કે કામ શોધે એ ક્યારેય ભૂખ્યો ન મરે.
- આળસું ભૂખે મરે અને ઉદ્યમી કમાઇ કરે.

⇨ **ભલાની દુન્યાં નઇ.**
- ભલાની દુનિયા નઇ.
- ખૂબી પર ખાસડાંને નેકી પર પૈંજાર.
- મેંઠા ઝાડનાં મૂરિયાં હૌ ખોદે.
- ફળાઉ ઝાડને સૌ ઢેખાળા મારે.
- ધર્મીને ઘેર ધાડ ને કસાઇને ઘેર કંસાર.
- નમે તેને સૌ દમે.

આ જગતમાં ભલા, દયાળું કે સરળ માણસને કોઇ જીવવા ન દે.
- ભલાને સૌ પજવે.

⇨ **ભલે ઓય ભૂંડો, તોય આપડો ભઇ.**
- ભલે હોય ભૂંડો, તો પણ આપણો ભાઇ છેને.
- પેટનાનું બળે, પારકાનું નઇ.

ગમે તેવો સગો હોય, સંબંધી હોય કે કુટુંબી હોય પણ પોતાને ગમે, પારકો ન ગમે.
- ગમે તેવા ભૂંડાનો કુટુંબમાં સમાવેશ થઇ જાય.

⇨ **ભઇન વેચોત બશેર બાજરી ના ઉપજે.**
- ભાઇને વેચો તો બશેર બાજરી ન આવે.

તદ્દન નકામો માણસ
- જેની કશાયમાં ગણના ન થાય તેવો માણસ.
- અક્કલ વગરનો, બુડથલ, નકામો, ડફોળ, ગમાર, ગાંડિયો.



⇨ **ભર્યું ઠલવાય, ખાલી ના ઠલવાય.**
- ભરેલું ઠલવાય, ખાલી ન ઠલવાય.

સુખી પૈસાદાર કામમાં આવે એ ઘસાય. પણ ખાખી બંગાળી કે ગરીબ શા કામમાં આવે.

⇨ **ભવાડા કરવા.**
- આંખો મૂતરાવી લોકોને ડરાવવા.
- ખોટા ખોટા ઝઘડા કરી દેખાડો કરવો.

નીત ખોટા તાયફા કરવા.
- કશાય કારણ વગર ઝઘડો કરીને લોકોને તમાશો દેખાડવો. બીજાને ડરાવવા ખોટાં ત્રાગાં કરવાં.

⇨ **ભરોહાની ભેંસ પાડો જણે.**
- ભરોસાની ભેંસ પાડો જણે.

ભરોસો આપનાર દગો કરે.
- વિશ્વાસપાત્ર માણસ ફક્કુસ નીકળે.

⇨ **ભરોહાની ભેંસે પાડો જણ્યો.**
- ભરોસાની ભેંસે પાડો જણ્યો.

ભરોસો આપનારે દગો કર્યો.

⇨ **ભાગલું આંલ્લું ચૂલે ના ચડે.**
- ભાગલું હાલ્લું ચૂલે ન ચઢે.

બોદો માણસ કશાય કામનો નહીં.

⇨ **ભાગલું આંલ્લું ચૂલાન નડે.**
- ભાગલું હાલ્લું ચૂલાને નડે.

નકામો માણસ બધાને નડે.

⇨ **ભવાંની ભોરી નહીં કે ભૂતાં ભેરી રમ્વા જાય.**
- ભવાની ભોળી નથી કે ભૂતાં ભેગી રમવા જાય .

એ એટલો ભોળો નથી કે છેતરાઇ જાય.
- એ ચાલાક માણસ છે એની ચિંતા કરવાની ન હોય.
- કોઇ એને છેતરી જાય એટલો ભોળો નથી.

⇨ **ભાગતા ભૂતાની ચોટલી જેટલી આથ આવે એટલી ખરી.**
- ભાગતા ભૂતની ચોટલી જેટલી હાથમાં આવી એટલી ખરી.

જે મળે એનાથી સંતોષ માનવો.
- જ્યાં કશુંય મળવાની આશા નહોતી ત્યાં જે કંઇ મળ્યું એનાથી સંતોષ મનાવવો.

⇨ **ભાગશારીન ભૂતાં રરે.**
- ભાગ્યશાળીને ભૂતાં રળે.
- નશીબ હારું ઓય તો ઠોકર વાગતાં ચરું જડે.

સારું નશીબ હોય ત્યારે અવળું કરો તો સવળું થાય.
- ભાગ્ય સારું હોય તો ન ધારી મદદ મળે.

⇨ **ભાજ્યું ભાજ્યું તોય ભરુચ.**
- ભાગ્યું ભાગ્યું તોય ભરુચ.

વચનની કિંમત.
- વચન પાળે તેવો માણસ.
- સિંહ ભૂખ્યો હોય તો પણ ઘાસ ન ખાય.

- વાંકો પણ મૂંછનો વાળ.
- નાંનો પણ સાપનો કણો.
- નાનું પણ સિંહનું બાળ.

- કૂળવાન નાનો હોય કે મોટો એની કિંમત હોય છે.

**⇨ ભાવતુ'તુ ન વૈદ્યે કર્યું**
- ભાવતું હતું ને વૈદ્યે કહ્યું.
- રડતી'તીન પિયરિયાં મલ્યાં.
- દોડવું'તુ ને ઢાળ મળ્યો.
- નખરાળીને નાચવાનું મળ્યું.
- બળદ ગળિયો, ને બુચકાર કર્યો તે બેસી ગયો.

મન ગમતું થવું.
- મન ગમતું કામ મળવું.

**⇨ ભાવી આગર કોચ ડાયું નઇ.**
- ભાવી પાસે કોઇ ડાહ્યું નહીં.
- ભાવી પાસે કોઇનું ડહાપણ ન ચાલે.
- વાઢ્યાં દાવલસા પીરથીય ના ચોંટે.
- લેખ પર કોયથી મેખ ના વાગે.
- લખ્યા લેખ મીથ્યા થાય નહીં.
- તૂટી એની કોઇ બૂટી નહીં.

જે ભાગ્યમાં લખ્યું હોય તે બનીને રહે.
- વિધાતાએ લખેલા લેખમાં માણસ કશું જ ન કરી શકે.
- બનવા કાળ બનીને જ રહે.
- રાજા પણ કઇ ના કરી શકે.

**⇨ ભીખ એને ભૂખ શી.**
- ભીખ તેને ભૂખ શી.
- માગણને દાતા ઘણા.

ભીખ માગનાર ક્યારેય ભૂખ્યો ન મરે. આબરું નેવે મૂકનારને જીવવાની ચિંતા રહેતી નથી.

**⇨ ભીખ, ભારો ન ભણતર હવારમાં હારા.**
- ભીખ, ભારો અને ભણતર સવારમાં સારાં.

આવાં બધાં કામ સવારે કરો, તો ફાયદો થાય છે. ઉત્તમ રહે.
- ભીખ માગવી કે મજૂરી કરવી તો ટાઢે પહોર, સવારે જ કરવી.
- વહેલી સવારે વાંચેલું યાદ રહે.

**⇨ ભીખની ચાંલ્લી શેંકે ના ચડે.**
- ભીખની હાંલ્લી શીકે ન ચઢે.

માગી ભીખીને ખાવાથી સુખી ન થવાય.

**⇨ ભીખે ભંડાર ભરાય નૈ.**
- ભીખે ભંડાળ ભરાય નહીં.

ભીખ માગવાથી પૈસાદાર ન થવાય.



**⇨ ભીખ માગ્યે દરદર ના ફીટે.**
- ભીખ માગ્યે દળદર ના ફીટે.

ભીખ માગીને જીવવાથી દુઃખ ને દેવું ના વળે.
- હલકું, નીચાજોડું કામ ન કરવું. ઉદ્યમ કરવો.

**⇨ ભીખારો નાત ના જમાડે.**
- ભીખારી ન્યાત ના જમાડી શકે.

પોતે ભીખ માગતો હોય એ બીજાનું ભલું ન કરી શકે.

**⇨ ભીખારો નાત જમાડેત થઇ રયું.**
- ભીખારી નાત જમાડે તો થઇ રહ્યું.

ગરીબ બીજાને મદદ ન કરી શકે.

**⇨ ભૂખ ચોરી કરાવે.**

ભૂખ ભલભલાં નીચાં કામ કરાવે.

**⇨ ભૂખ મંગાવે ભીખ.**

ભૂખ ભલભલાં હલકાં કામ કરાવે.

**⇨ ભૂખ ના જુવે ભાખરો ન, ઊંઘ ના જુવે હાથરો.**
- પેટ કરાવે વેઠ.
- ભૂખ બધા પાપનું મૂળ.

,,

**⇨ ભૂખે ભગવાંનેય ના ભજાય.**
- ભૂખે ભગવાન પણ ન ભજાય.

ભૂખ લાગી હોય ત્યારે ભગવાનેય ભજવા ન ગમે.

**⇨ ભૂખ નચાવે નાચ.**
- ભૂખ ના જુવે એંઠો ભાત ને, તરસ ના જુવે ધોબીઘાટ.

ભૂખનું દુઃખ હોય ત્યારે કોઇપણ સારું કામ ન સૂઝે.

**⇨ ભૂખને દુઃખ છોરાં વેચાવે.**
- ભૂખ ભવ બગાડે.

,,

**⇨ ભૂખ ભાંન ભૂલાવે.**
- ભૂખ ભાન ભૂલાવે.

,,

**⇨ ભૂખ્યે મરે એવ્વોએ ચોરી કરે.**
- ભૂખ્યે મરે એ ચોરી કરે.
- ભૂખે મરે એ ચોરી શીખે.

,,

**⇨ ભૂખ ભૂંડાં કાંમ કરાવે.**

,,

**⇨ ભૂખ સૌથી ભૂંડી.**

,,

⇨ **ભૂછ્યો બાંમણ ને ઘરચલા વાંણિયાન છેડવો નઈ.**

- ભૂખ્યા બ્રાહ્મણને અને ઘરાયલા વાણિયાને છેડવો નહીં.

આવા માણસોને છેડવાથી કાં ઝઘડો થાય કાં નુકશાન જાય.

⇨ **ભૂછ્યાં ભરાંમણ દેવ વેચે.**

- ભૂખ્યો બ્રાહ્મણ દેવ વેચે.

ભૂખ હલકાં કામ કરાવે.

⇨ **ભૂખ વેઠે ઢોર ને દઃખ વેઠે માંણહ.**

- ભૂખ વેઠે ઢોર જે દુઃખ વેઠે માણસ.

ઢોર કે જાનવર ભૂખ વેઠી શકે પણ માણસ નહીં.
- જ્યારે માણસને ગમે તેટલું દુઃખ આવે તો વેઠી શકે છે.

⇨ **ભૂખ્યાનું ભાત માંડું આવે.**

- થાક્યાના ગાઉં લાંબા થાય.

નશીબ વાંકું હોય ત્યારે મોંમાં આવેલ કોળિયો ઝુંટવાઇ જાય.
- દુઃખીયારાને દુઃખ વધારે આવે.
- નશીબ વાંકું હોય ત્યારે બધા પાસા અવળા પડે.

⇨ **ભૂત કાઢતાં પલીત પેઠું.**

- ભૂત કાઢી પલીત પેંહાડ્યું.
- ભૂત કાઢીને પલીત પેંસાડ્યું.
- હાપ કાઢતાં ઘો પેઠી.
- ફાંહ કાડતાં હાલ પેઠું.

નાની આફત કાઢવા જતાં મોટી આફત આવી.
- હાથે કરીને પ્રશ્નો ઊભા કરવા.

⇨ **ભૂલચૂક આલવી મેલવી.**

- ભૂલચૂક લેવી દેવી.
- હિસાબ કોડીનો બક્ષીસ લાખની.

હિસાબમાં ભૂલચૂક હોય તો ગમે ત્યારે મજરે આપવી પડે.
- સમજણ ભરી ઉદારતા રાખવી.

⇨ **ભૂત પલીત માંણહને વરગે, ઢોરને નઈ.**

- ભૂત પલીત માણસને જ વળગે ઢોરને નહીં.

જડ માણસને ભૂતેય ન વળગે.
- સજ્જન માણસને ગમે તે પજવે, પણ દાંડ કે જડને કોઇ ન પજવે.

⇨ **ભૂતનો વાહ પેંપરે.**

- ભૂતનો વાસ પીપળે.

દરેક માણસની બેઠક નક્કી હોય, તે ગમે ત્યારે ત્યાં જ મળે. એવા કટાક્ષમાં કહેવાય છે.

⇨ **ભૂંડા માંણહથી ભૂતેય તરાહે.**

- ભૂંડા માણસથી ભૂતેય ત્રાસે.

ભૂંડા માણસનું નામ ભૂતેય લેતું નથી.



⇨ **ભૂંડા માંણહથી તો ભૂતેય તરાહે.**

- ભૂંડા માણસથી તો ભૂતેય ત્રાસે.

ભૂંડો માણસ ભૂતને ત્રાસ આપે તો સામાન્ય માણસનું શું ગજુ.

⇨ **ભૂંડામાં ભૂંડી ચાકરી.**

- ચાકરી સબસે આકરી.
- ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, નફ્ફટ નોકરી.
- નોકર ખાય ઠોકર ને દાસ સદા ઉદાસ.
- માગજે ભીખ પણ ના કરીશ ચાકરી.

નોકરી ન કરવી.
- નોકરી કરતાં ભીખ માગવી સારી.
- નોકરી કરનારનું વારે વારે શેઠ અપમાન કરે છે. ગમે ત્યારે ગાળ બોલે.
- નોકરી કરનારનું સ્વમાન જળવાતું નથી.

⇨ **ભૂંડો ભૂંડાનો ભાગ ભજવે.**

નીચ માણસ નીચતા ક્યારેય ન છોડે.

⇨ **ભૂંડી રાંડ ભવ બગાડે.**

- ભૂંડી બાયડી ભવ બગાડે.
- ભૂંડી પત્ની ભવ બગાડે.

ભૂંડી સ્ત્રી પતિનું જીવન નર્કાગાર બનાવી દે.

⇨ **ભૂંડી રાંડે બમણો વરો.**

- ભૂંડી રાડે બમણો વળો.

ભૂંડી સ્ત્રી જાણી જોઇને ઘરમાં બગાડ બહું કરે.
- ભૂંડી સ્ત્રી એને પતિના ઘરમાં નુકશાન કરે એનો રાજીપો થાય.

⇨ **ભૂવા જાગરિયા મૈંના મૈં ન બાર્યના બાર્ય.**

- ભૂવા જાગરિયા મહીંના મહીં અને બહારના બહાર.
- વૈદ્ય-ગાંધીનું હિયારું.

ભૂવા-જાગરિયાનો ક્યારેય ભરોસો ન કરાય. ભૂત કાઢે ને પલીત ઘાલતા જાય.
- તેઓ અંદરો અંદર એક જ હોય અને એક બીજાનું ભલું ઇચ્છે.

⇨ **ભૂવો ઘૂણે તોય નારિયેર તો ઘર ભણી જ નાંખે.**

- ભૂવો ઘૂણે તો પણ નાળિયેર તો ઘર તરફ જ નાખે.

આવા બદમાશ લોકો સ્વાર્થને પ્રથમ સાધે.
- એમની ભલાઇનું જ વિચારતાં હોય છે.

⇨ **ભેંસ છીલાના બરે જ કૂદે.**

- ભેંસ ખીલાના બળે જ કૂદે.

કોઇ મોટા માણસની ઓથ કે છાના સાથ વગર નાનો માણસ તોફાને ન ચઢે, વકરી ન જાય.

| | |
|---|---|
| ⇨ **ભેંસ કૂદે તે ખીલાના બરે જ કૂદે.**<br>• ભેંસ કૂદે એ ખીલાના બળે જ કૂદે. | કોઇ મોટા માણસની ઓથ કે છાના સાથ વગર નાનો માણસ તોફાને ન ચઢે, વકરી ન જાય. |
| ⇨ **ભેંસનાં શેંગડાં ભેંસને ભાર્યે.**<br>• ભેંસનાં શીંગડાં ભેંસને ભારે.<br>• કરશો તેવું પામશો.<br>• વાવે એવું લણે. | જેવાં કર્મ કરશો એવું ફળ મળશે.<br>- તમારાં કુકર્મો તમને જ નડશે. |
| ⇨ **ભેંસ ભાગોરે, છાશ છાગોરે ન ઘેર ધમાધમ.**<br>• ભેંસ ભાગોળે, છાશ છાગોળે અને ઘેર ધમાધમ.<br>• વિવા પે'લા અઘૈણી.<br>• ગાડા પે'લા હમોલ.<br>• ઘોડી પે'લા લગામ.<br>• ગાય પે'લા ખીલો. | ખોટી બડાશો મારવી.<br>- ખોટો દેખાડો કરવા માટે ભવિષ્યવની વાતનું આજે આયોજન કરવું.<br>- કશાય અર્થ વગરનું આગોતરું આયોજન કરવું. |
| ⇨ **ભોંય ખોતરવી પડે એના કરતાં ચૂપ રે'વું હારું.**<br>• ભોંય ખોતરવી પડે એના કરતાં ચૂપ મરવું હારું.<br>• ભોંય ખોતરવી પડે એના કરતાં ચૂપ મરવું સારું. | લાચારી ભરી સ્થિતિ આવે તેવું કામ ન કરવું.<br>- કામ કરીને પસ્તાવા વારો આવે એવું કામ ન જ કરાય. |
| ⇨ **ભોંયરામાં નાગી થઇન નાચી એય છાંનું ના રયું.**<br>• ભોંયરામાં નાગી થઇને નાચી એ પણ છાનું ના રહ્યું. | પાપ છાપરે ચઢીને પોકારે.<br>- ગમે ત્યાં સંતાઇને કરેલું નીચ કામ છતું થઇ જાય છે. |



# મ

| | |
|---|---|
| ⇨ **મકર કૂદયો કરવી.**<br>• મકર કૂદીઓ કરવી. | કશીય ચિંતા વગર વાંદરાની માફક તોફાન કરવું.<br>- કૂદાકૂદ કરી મૂકવું. |
| ⇨ **મખમલની મોજડી ઓય એટલે માંથે ના મેલાય.**<br>• મખમલની મોજડી હોય એટલે માથે ન મૂકાય. | જેનું સ્થાન જયાં હોય ત્યાં જ તે શોભા આપે, ખોટા સ્થાને જાય તો મશ્કરીરૂપ બને અથવા નુકશાન જાય. |
| ⇨ **મખમલની મોજડી ઓય એટલે માંથે ના પે'રાય.**<br>• મખમલની મોજડી હોય એટલે માથે ન પહેરાય.<br>• સોનાની કટારી પેટમાં ન મરાય.<br>• બાપના કૂવામાં ડુબી ના મરાય. | ,, |
| ⇨ **મગર, મંકોડો ન મેંશ વરજયાં ના છૂટે.**<br>• મગર, મંકોડા અને મેંશ વળગ્યાં ન છૂટે. | જીદ્દી લોકો - તૂંટી જાય પણ ઝાલ્યો તંત છોડે નહીં. |
| ⇨ **મગર, મંકોડો ન મેશ વરગ્યા તૂંટે પણ છૂટે નૈ.**<br>• મગર, મંકોડા અને મેંશ વળગ્યા પછી તૂંટે પણ છૂટે નૈ. | ,, |
| ⇨ **મગર, મંકોડો ન મેશ વરજયાં વગર ના'રે.**<br>• મગર, મંકોડા ને મેંશ વળગ્યા વગર ના રહે. | ,, |
| ⇨ **મજા મોંઘી ને ફજેતી હોંઘી.**<br>• મજા મોંઘી ને ફજેતી સોંઘી. | સારી વસ્તુ મેળવવી સહેલી નથી પણ નકામી વસ્તુ જલ્દી મળી જાય.<br>- તૂંટેલી આબરું કે શાખ બાંધતાં વરસો લાગે પણ આબરું જતાં ક્ષણો લાગે છે. |

⇨ **મડદું કાડવા હૌ ઉતાવર કરે.**

- મડદું કાઢવા સૌ ઉતાવળ કરે.

નકામી ચીજને કોઇ સંઘરતું નથી.
- આ સ્વાર્થી જગતમાં સંબંધ તૂટ્યા પછી એ માણસની કિંમત કોડીની થઇ જાય છે.
- એક અર્થ - શબની કે મડદાની સૌ આમન્યા રાખે.
- બીજો અર્થ - મરી ગયેલાને શું મારવાનો.
- ત્રીજો અર્થ - જેની કશાયમાં ગણના નથી તેની કોઇ કિંમત નથી હોતી.

⇨ **મડદા પર વીજરી ના ખાબકે.**

- મડદા પર વીજળી ન ત્રાટકે.
- મરેલાન કોણ મારે.

,,

⇨ **મડદાંનાં મકાંન મહાંણે.**

- મડદાનાં મકાન મસાણે.

ઉપયોગ પ્રમાણે સૌનું સ્થાન નક્કી થતું હોય છે.
- નકામી ચીજનું ક્યાંય સ્થાન હોતું નથી એને ફેંકી દેવામાં આવે છે.

⇨ **મડદાંનો ઉતારો મહાંણે.**

- મડદાનો ઉતારી મસાણે.
- ડોહલીનો વાહ ઉકેડે.
- ઘરડી ડોશીનો વાસ ઉકરડે.

,,

⇨ **મડદા ભેગો જનારો ના બરે.**

- મડદા ભેગો જનારો ન બળે.

ડફોળ જેવી વાત ન કરવી.

⇨ **મડદું બારવા જનારો ભેગો ના બરે.**

- મડદુંબાળવા જનારો ભેગો ન બળે.

રાંડ ગાંડી પણ રાંડનાં લૂગડાંય ગાંડાં, કે'તા ભી દિવાના ને સૂનતા ભી દિવાના.
- ન માન્યમાં આવે તેવી વાત ન કરવી.

⇨ **મડદા ભેગો ડાઘુ ના બરે.**

- મડદા ભેગો ડાઘુ ના બળે.

પાગલ જેવી વાત ન કરવી.

⇨ **મણ ભાત ને હવામણ ફૂચકી.**

- મણ ભાત ને સવામણ ફૂસકી.
- બાર આથનું ચીભડું ને તેર હાથનું બી.

ઢંગઘડા વગરની વાત.
- વેતા વગરની વાત.
- મોં માથા વગરની વાત.



⇨ **મણના તૂટ્યા શેરે ના હંઘાય.**

- મણના તૂટ્યા શેરે ના સંધાય.
- લાખોની ખોટ રૂપિયે ના પૂરાય.
- લાખના તૂટ્યા કોડીએ ના હંધાય.

મોટીમશ ખોટ નાની અમથી આવકથી ના પૂરાય.

⇨ **મન ઍંચકો ખાય છે.**

- મન હિંચકો ખાય છે.

ચિત્ત ચગડોળે ચઢી ગયું છે.

⇨ **મન તો માંકડું છ.**

- મન તો માંકડું છે.

મનઃસ્થિતિ સ્વસ્થ નથી.
- મન માંકડા જેવું ચંચળ હોય છે એ કહે એ ન કરવું.

⇨ **મન તો માંકડાં જેવું છ.**

- મન તો માંકડા જેવું છે.

મન ક્યારેય કાબૂમાં રહેતું નથી.

⇨ **મન નચાવે એમ લોક નાચે છ.**

- મન નચાવે તેમ લોક નાચે છે.

મન કાબૂમાં ન રહેવું.

⇨ **મન નચાવે એમ ના નચાય.**

મન બધાંને નચાવે છે.

⇨ **મન તો નાચણિયું છે.**

- ચિત્ત ચંચળ છે.

મન એનું ધાર્યું જ કરે છે.

⇨ **મન જીત્યો એ જગ જીત્યો.**

- મન જીત્યો તે જગ જીતી ગયો.

જેણે મન ઉપર કાબૂ મેળવ્યો એને સફળતા મળે જ.

⇨ **મરણ તરણ શીખવાડે.**

- મરણ તરણ શીખવે.

ડૂબતો માણસ તરતાં શીખી જાય.
- આફત આવે ત્યારે જ રસ્તો જડે.

⇨ **મછરાંનું મૂતર પીવું પડ્યું.**

- મચ્છરોનું મૂત્ર પીવું પડ્યું.

ઘણી બધી લાચારી ભોગવવી પડી.

⇨ **મઠના છાંચે મજા છ.**

- મઠના છાંચે મજા છે.

મઠ એ કઠોળ છે એના વેલા જમીન સરસા પથરાય એટલે છાંયો ન હોય પરંતુ મજાકમાં મજા મજા છે, ટેસડા છે, જલસા કરીએ છીએ.

⇨ **મણ માંથેન અધમણ ફાંચેટિયે.**

- મણ માંથે ને અડધો મણ ફાંજેટિયે.
- બૂડ્યા તાર એ વાંહ વધારે.
- પડ્ય તાર હધાવડી પડ્ય.

જેટલી તકલીફો આવવી હોય તેટલી ભલે આવે.
- જેટલી આફતો આવવી હોય તેટલી ભલે આવે જીરવવાની તાકાત છે.
- તકલીફથી ડરવું નહીં.

⇨ **મનમાં પૈણે ન મનમાં રાંડે.**
- એની કાંને ખબર પડે.
- શેખ ચલ્લી જેવો તરંગી.

કલ્પનાના ઘોડા પર બેસનારો.
- ખરી ખોટી કલ્પનામાં રાચનારો.
- તરંગી કે ધૂની માણસ.

⇨ **મન ઓય તો મારવે જવાય.**
- મન હોય તો માળવે જવાય.

પ્રબળ ઇચ્છાશક્તિ માર્ગ શોધી કાઢે.

⇨ **મન મંદિરમાં ન જીવ જોડાંમાં.**
- મન મંદિરમાં ને જીવ જોડામાં.

મન પર કાબૂ ન રાખી શકનાર.
- ચંચળ મનવાળો.
- મંદિરે દર્શનાર્થે ગયો, પણ બૂટ ચોરાઈ જવાના ડરે, જીવ ત્યાં જ હોવો.

⇨ **મરતાન મેર ના કે’ એવો.**
- મરતાન મર ના કહે તેવો.

તદ્દન નિરુપદ્રવી.
- સજ્જન માણસ.

⇨ **મરતા માંટીન બાપ કે’તોય ના જીવે.**
- મરતા માંટીને બાપ કહો તો પણ ન જીવે.
- તૂટી એની કાઇ બૂટી નહીં.

મૃત્યુ આગળ કોઇના કાલાવાલા ચાલતા નથી.
- બનવાકાળ બનીને જ રહે. એમાં કોઇનું ડહાપણ ચાલતું નથી.

⇨ **મરવામાં મૂરત ના જોવાય.**
- મરવામાં મૂહુર્ત ન જોવાય.
- માગ્યું મોત કોઇનું ન આવે.

મોત આપણી ઇચ્છા પ્રમાણે ન આવે.

⇨ **મરનારે ઊંચકનારની ચંત્યા નઈ કરવાની.**
- મરનારે ઊંચકનારની ચિંતા કરવાની ન હોય.

પોતાનું કામ કરો, બાકીની ચિંતા છોડો.

⇨ **મરવા પરથી મન ઊંઠી જ્યું છ ને જીવ્વું ગમતું નહીં.**
- મરવા પરથી મન ઊઠી ગયું છે અને જીવવું ગમતું નથી.

સંપૂર્ણ અનિશ્ચિતતા કે દ્વિધા વચ્ચે જીવવું.
- કશો જ નક્કર નિર્ણય ન કરી શકવાની દ્વિધાગ્રસ્ત સ્થિતિ.

⇨ **મરીન મારવો ના લેવાય.**
- મરીન માળવો ન લેવાય.
- જીવતો નર ભદ્રા પામે.

અનિશ્ચિતતા કે આવેગના ઊભરામાં નિર્ણય ન લેવાય, પરિણામ આવવાનું હોયતો જ સાહસ કરવાનું.



⇨ **મલ્યાની મકરકૂદીઓ છે.**
- મળ્યાની મકરકૂદીઓ છે.

સહેલાઈથી જોઈતી વસ્તુઓ મળે એના નખરાં છે.
- વગર પ્રયત્ને જોઈતી વસ્તુઓ મળે તો તેનું મૂલ્ય નથી હોતું.

⇨ **મરતાને હૌ મારે.**
- મરતાને સૌ મારે.
- દાઝ્યા પર ડામ, પડતાને પાટું.

નશીબ ખરાબ હોય ત્યારે સૌ હેરાન કરે.

⇨ **મરતોય નહીં ન માંચો મેલતોય નહીં.**
- મરતોય નથી ને માંચો છોડતોય નથી.

કશીય તકલીફમાંથી છૂટકારો ન થવો.
- ગુચવાયેલા કોકડાથી છૂટકારો મળતોય નથી કે ઉકેલેય જડતો નથી.

⇨ **મરદના શમશાંને જવું હારું પણ ઈજડાની જાંનમાં ના જવું.**
- મરદના સ્મશાને જવું સારું પણ હીજડાની જાનમાં ન જવું.
- ધણી ધારવો તો ધીંગો ધારવો.

નમાલા કે નૂર વગરના માણસનો સથવારો કે દોસ્તી ન કરવી.
- નમાલાના ભરોસે ન રહેવું.

⇨ **મરવાની આરહે જીવવું.**
- મરવાની આળસે જીવવું.

નકામો માણસ, આળસું માણસ.

⇨ **મરવાના પારખાં ના લેવાય.**
- મરવાનાં પારખાં ન લેવાય.
- ઝેરના પારખાં ન હોય.
- જાંણી જોઈને કૂવામાં ના પડાય.

જાણી બૂઝીને આફત વોરવી નહીં.
- સળગતામાં પગ ન નખાય.

⇨ **મરવું કોયન ગમતું નહીં.**
- મરવું કોઈને ગમતું નથી.

માયા છૂટતી નથી.
- અળખામણા થવું કોઈને ગમતું નથી.
- દુઃખ, દર્દ કે આફત કોઈ આવકારવાનું નથી.

⇨ **મરશે માલ વારા, રોશે રૂવારા ન પૈંજારાને ફૂલે પૂંજારાં.**
- મરશે માલવાળા, રોશે રૂ-વાળા, પિંજારાને ફૂલે પૂંજારાં.
- કિસીકા બેલ, કીસીકી ગાડી બંદેકા ડચકારા.

જેને કશુંય ગુમાવવાનું નથી તેવો.
- તમાસો જોનાર.
- બીજાની વસ્તુએ આનંદ મેળવનાર.

**⇨ મલે ત મીર નૅંકર ફકીર.**

- મલે તો મીર નહીંતર ફકીર.
- હોય તાર તને મને, ના હોય ત્યારે છાંનેમને.
- મળે તો ઇદ, નહીં તો રોજા.
- વાપરીને વાંણિયા થઇ જવું.

જયારે કંઇ વસ્તુ કે પૈસા હાથમાં આવે ત્યારે, ગમે તેમ ઉડાડી મારવા, પછી વલખાં મારવાં.
- કરકસર વગરનું આયોજન.
- આડેધડનું આયોજન.
- ભવિષ્ય માટે બચત ન કરનાર ઉડાઉ જીવ.

**⇨ મવડાં બેહે તાર ઝાડ નાગું થાય.**

- મહુડાં બેસે ત્યારે ઝાડ નાગું થાય.

મહુડાને ફૂલ આવે ત્યારે એને એક પણ પાન ન હોય તેમ કેટલાક માણસોનો સ્વભાવ નીચ કક્ષાનો હોય તે જાત પર જાય.
- પોતાનું અને એની સાથે બીજાનું પતન કરાવે તેવો માણસ.

**⇨ મહાંણિયા લાડવામાં એલચીનો હવાદ ચ્યાંથી લાવવો ?**

- મસાંણના લાડવામાં ઈલાયચીનો સ્વાદ ક્યાંથી લાવવો ?

મફતની વસ્તુ મળતી હોય તે ઉત્તમ ન હોય.

**⇨ મહાંણિયા લાડવા ગરે ભરાય.**

- મસાણિયા લાડવા ગળે ભરાય.

,,

**⇨ મન કે'શે મારવે જા...ન નૅંકર કે'શે કોઠીમ પેશ.**

- મન કહેશે માળવે જા, નહીંતર કહેશે કોઠીમાં પેશ.

કશોય ઉકેલ લાવવો.
- અદબદ સ્થિતિમાં ન રહેવું.
- અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ ન ચાલે.
- કશોક પરોગ લાવવો.
- આ પાર્ય કે પેલે પાર.
- આમ નહીં તો તેમ.

**⇨ મા કુંવારી ન દીકરી સેવાસણ.**

- મા કુંવારી અને દીકરી સેવાસણ.

કૂળ કે સંસ્કાર વગરનું કુટુંબ.

**⇨ માગે કણ ના આલે, પણ માર્યે મણ આલે.**

- માગે કણ ન આપે પણ માર્યે મણ આપે.
- સીધી આંગળીયે ઘી ન નીકળે.
- વાર્યા ન વરે, આર્યા વરે.

માગવાથી કશુંય ન મળે, પણ ધાકથી માગો તેટલું આપે.



**⇨ માગ્યા મે વરહે નઇન, માગ્યાં આવે નઇ મોત.**

- માગ્યા મેઘ વરસે નહીં ને માગ્યાં આવે ના મોત.

માગવાથી કશુંય ન મળે.
- આપણી ઇચ્છા પ્રમાણે કશુંય ન થાય.

**⇨ માતા માદેવેય ઘર પૂછીને આવે.**

- માતા મહાદેવ પણ ઘર પૂછીને આવે.

નશીબ સારું હોય તો સૌ મદદ કરે અને ગ્રહો ખરાબ હોય તો દેવ ઘર પૂછીને નડવા આવે.

**⇨ માજ્યા વગર તો માયેય ના પીરહે.**

- માગ્યા વિના મા પણ ન પીરશે.
- છોકરું રડે તાર મા ધવરાવે.

માગ્યા વિના કશું જ ન મળે.

**⇨ માદેવના ગણ પુજારી જાંણે.**

- મહાદેવના ગુણ પૂજારી જાણે.
- પતિના ગુણ બૈરી જાણે.

સૌથી નજીકનાં માણસને એના ગુણ-અવગુણની બરાબર ખબર હોય છે.

**⇨ મા મૂઇ એટલે બાપ વેચ્યો.**

- મા મરી એટલે બાપ વેચ્યો.

મા મરે એટલે બાપની કોઇ કિંમત રહેતી નથી.

**⇨ મા તે માયો ને બાપ તો ખાટલાનો પાયો.**

- મા તે માખોને બાપ તો ખાટલાનો પાયો.

માની સરખામણી કોઇની સાથે ન થાય.
- માની મમતાની કિંમત હોય છે, બાપની કિંમત હોતી નથી.

**⇨ મા મૂરો ન, બાપ ગાજર, દીકરા એના સુલામાંન.**

- મા મૂળો ને બાપ ગાજર, દીકરા એના સુલામાન.

વર્ણશંકરની પ્રજાને તુમાખી બહું હોય.
- વર્ણશંકર મા બાપથી પેદા થયેલ વંશજો તૃતિયમ હોય.

**⇨ માર્યા કરતાં ઢહૈડી ઘણી.**

- માર્યા કરતાં ઢસરડી ઘણી.

જરૂર કરતાં વધારે સતામણી થવી.

**⇨ મારાં છોકરાં ધરમરાજા ને પારકાંનાં દુર્યોધન.**

- મારાં છોકરાં ધર્મરાજા ને બીજાનાં દુર્યોધન.

પોતાના સગાં વહાલાં સૌ ઉત્તમ બાકીનાનાં નીચ.

**⇨ માલ માટીન પૈસા કલદાર.**

- માલ માટી અને પૈસા કલદાર.
- આપ્યું લીધું ભૂલી ગયા.

આપ્યું લીધું ભૂલી ગયા.
- જે છે તે જોઇને લેવું.

⇨ **માલ પર જકાત છેન !**

- માલ પર જકાત છે ને.
- કન્યાની કેડો પર ભાર.

આવક થતી હોય તો ખર્ચ કરાય.

⇨ **મારે એની તલવાર.**

- મારે તેની તલવાર.
- ઉપયોગ કરે તેનું હથિયાર.
- જેના હાથમાં ડંડો એની ભેંસ.

ઉપયોગ કરે તેને હથિયાર કામનું.
- પહેલો વાર કરે તે જીતે.

⇨ **મારું મારું આગવું ન, તારું મારું હિયારું.**

- મારું મારું આગવું ને, તારું મારું સહિયારું.

પોતાનો જ સ્વાર્થ જોનાર.
- તદ્દન સ્વાર્થી માણસ.

⇨ **મારવો તો મીર, મગતરાં મારીવાથી શું વરે ?**

- મારવો તો મીર, મગતરાં મારવાથી શું વળે ?
- મારવો તો મીર, શું મારવો ફકીર ?

મારવો તો ખમતીધરને, મરેલાને શું મારવો ?
- ખમતીધર સાથે લડાઇ થાય, મડદાલ સાથે લડાઇ શું કામની ?
- હાથ મારવો તો મોટી રકમનો મારવો, નાની રકમનો નહીં.

⇨ **મા ને માસી બેય હરખાં.**

- મા અને માસી બેઉં સરખાં.
- સાપ લાંબો ને ઘો પહોળી.

કશોય તફાવત ન હોય તેવું.
- કોયનોય પક્ષ લેવા જેવો નથી.

⇨ **માંણહ નામે મેંડુંવરી જ્યું.**

- માણસ નામે મીંડું વળી ગયું.

એ જગ્યાએ સારો માણસ શોધતાંય ન જડે તેવી જગ્યા.

⇨ **માંનીતી બાયડીએ દીકરો જણ્યો.**

- માનીતી પત્નીએ દીકરો જણ્યો.

માનીતો હોય ને ઉત્તમ કામ કરે તો ઓર માન વધી જાય.

⇨ **માંનીતી રાંડે દીચરો જણ્યો.**

- માનીતી પત્નીએ દીકરો જણ્યો.
- સોનામાં સુગંધ ભળી.

હલકા પાત્રને વધારે ચઢાવી મારો તો નુકશાન કરે.
- સૌને એની હેસિયત પ્રમાણે મર્યાદામાં રાખવાં.

⇨ **માંનીતી ઢેચડી ગાંમ અભડાવે.**

- માનીતી ઢેડી ગામ અભડાવે.
- માનીતું કૂતરું મોં ચાટે.

હલકા પાત્રને ચઢાવી ન મરાય; તે પજવે.



⇨ **માંનીતો બાંમણ વધારે ઘી ઓમે.**

- માંનીતો બ્રાહ્મણ (હવનમાં) વધારે ઘી હોમે.

જાણીતો, માનીતો માણસ વધારે બગાડ કરે.

⇨ **માંનીતો હુંથાર બે ટચકા વધારે મારે.**

- માંનીતો સુથાર લાકડું વધારે બગાડે.

,,

⇨ **મિયાં ભઇન વા ને પાણી.**

- મિયાંભાઇને વા અને પાણી.

જેને કશાયની પડી નથી તેવો.

⇨ **મુશાભૈનાં વા ન પાંણી.**

- મુશાભાઇનાં વા અને પાણી.

એનું પોતાનું કશું જ જવાનું નથી તેવો.

⇨ **મિયાં મજુર હોધે ન બીબી બાચકે જાય.**

- મિયાં મજુર શોધે ને બીબી બાચકે જાય.

ખોટો વટ પાડવો.
- બનાવટી દમામ કરવો.
- ખોટો ડોળ કરવો.

⇨ **મિયાં મા'દેવને મેર નૈ.**

- મિયાં મહાદેવને મેળ નહીં.

એક બીજાને બને નહીં તેવા.
- એકબીજાના વિચારોને મેળ બેસે નહીં તેવા.

⇨ **મિયાં મા'દેવને બને નઇ.**

- મિયાં મહાદેવને બને નહીં.

,,

⇨ **મિયાં મા'દેવને મેર ના પડે.**

- મિયાં મહાદેવને મેળ ન બેસે.
- બેયને છત્રીસના આંકડા.
- બેયને ઉત્તર-દક્ષિણ.

વિરોધાભાષી વિચારસરણીવાળા.

⇨ **મિયાંની ભેંસને ડોબું ના કે'વાય.**

- મિયાંની ભેંસને ડોબું ન કહેવાય.
- છે કરતાં છેંડું પડે એવો.

તુમાખીવાળા સ્વભાવનો માણસ.
- સાવ અવળચંડો માણસ.
- અતિશય અહંમવાળો જીદ્દી માણસ.

⇨ **મેંઠાની તાંણનો.**

અક્કલ વગરનો.
- જેનામાં સામાન્ય સૂઝબૂઝ ન મળે તેવો.
- ભેજા વગરનો.

- મેંઠે મારો છ.
- મીઠે માંળો છે.

⇨ **મૂઈ ભેંસના મોટા ડોરા.**

મર્યા પછી સૌની કિંમત વધી જાય.
- મર્યા પછી નકામા માણસનાંય વધારે વખાણ થાય.

- મૂઈ ભેંસના મોટા ડોળા.
- જીવતા ધક્કે ચડાવે ન મૂયે મહાંણામાં ગાય.
- હાથી જીવતો લાખનો ને મરે ત્યારે સવા લાખનો.

⇨ **મૂઈ ભેંસનું ઘી ઘણું.**

મરેલા સૌનાં વધારી ચઢાવીને વખાણ કરવાં / કરાય.

- મૂઈ ભેંસનું ઘી વધારે.

⇨ **મૂઈ પાદી એ લાભમાં.**

બધી વાતે ફાયદો શોધવો.

- મૂઈ પાદી એ ફાયદામાં.

⇨ **મૂઈ માને ધાવવામાં શું માલ ?**

વાતનો મમત છોડી દેવો.
- હવે એ વાતમાં ફાયદો નથી.
- ઘટના ભૂલી જવી.

- મૂઈ માને ધાવવામાં શું મળે.

⇨ **મૂઈ માનાં છેનારવાં હોધવાં.**

ગઈ ગુજરી ભૂલી જવાની.
- અક્કલ વગરની વાત ન કરવી.
- હવે એ વાત કરવાથી ફાયદો નથી.

- મૂઈ માનાં છિનારવાં હોધવાં.

⇨ **મૂઈ માનાં છેનારવાં ના હોધાય.**

અક્કલ ઠેકાણે આવી ગઈ.

- મૂઈ માનાં છિનાળવાં ન શોધાય.
- ચકલાં ના ચૂંથાય.

⇨ **મૂછનું પાણી ઉતરી જવું.**

બરાબરનો પાઠ ભણાવવો.
- હારી જવું.
- વટ પાડવો.
- પોતે કંઈક છે એવો વટ મારવો.
- પોતાના જેવો બળવાન, તાકાતવાન, ખમતીધર, બીજો કોઈ નથી તેવી શેખી મારતા ફરવું.
- પોતે જ મરદનું ફાડિયું છે એવો વટ પાડતા ફરવું.

- મૂછનું પાણી ઉતરી જયું.
- મૂછ પર તાવ દેવો.
- મૂછ પર લેંબુ લટકાવીને ફરવું.



⇨ **મૂછે ચોપડવા તેલ નૈન ડેલ્લીએ દીવા કરે.**

ખોટો દંભ કરવો.
- ખોટો દેખાડો કરવો.

- મૂછે ચોપડવા તેલ ન મળે ને ડેલીએ દીવા કરે.
- ઘર બાળીને તીરથ કરવું.

⇨ **મૂઠ મારતાંય આવડવી જોયે ને વારતાંય આવડવી જોય.**

કોઈપણ કળાની સંપૂર્ણ જાણકારી હોવીજોઈએ. અડધી પડધી કે અધૂરી જાણકારી ક્યારેક મુશ્કેલીમાં મૂકી દે અથવા અધૂરી જાણકારી કામની નહીં.

- મૂઠ મારતાંય આવડવી જોઈએ, વાળતાંય આવડવી જોઈએ.

⇨ **મૂરમાં ડોહો અતો ન પાછું ઉઘાંન થયું.**

મુશ્કેલીમાં હો અને એમાં વધારો થવો.

- મૂળમાં ડોસો હતો અને ઉપરથી ઉઘાંન થયું.
- નબળા ઢોરને બગયો ઝાઝી.

⇨ **મૂરમાં માંટી નૈન હાહરે હંદેહા મોકલે.**

ડફોળવેડા, અક્કલ કે સમજણ વગરનું પગલું.

- મૂળમાં માંટી (ધણી) નહીં ને સાસરે સંદેશા મોકલે.

⇨ **મૂરમાં મિયાં ગાંડા ને ઉપરથી પાછી ભાંગ પીધી.**

હલકા માણસને સત્તા મળે તો તે છકી જાય.
- હલકો માણસ વાયડો થઈ જાય ત્યારે એની આ રીતે ઠેકડી ઉડાડવી.

- મૂળમાં મિયાં ગાંડા ને ઉપરથી વળી ભાંગ પીધી

⇨ **મૂરમાં વાઘરણ અતીન પાછી વગડે લૂંટઈ.**

મુશ્કેલીમાં વધારો થવો.
- મૂળમાં હલકી હતી ને પાછી હાંસીને પાત્ર બને તેથી ઘટના બની.
- સ્થિતિ નબળી હોય અને દુકાળ પડે, તેના જેવું થવું.

- મૂળમાં વાઘરણ હતી ને વળી વગડે લૂંટાઈ ગઈ.

⇨ **મૂરાના ચોરને મુચ્ચીનો માર ઓય, કારા પાંણીની સજા ના થાય.**

ગુનો કર્યો હોય તેટલી જ સજા કરાય. વધારે નહીં.
- ગુના પ્રમાણે સજા થાય.

- મૂળાના ચોરને મુચ્ચીનો માર હોય, કાળા પાણીની સજા ન થાય.
- મછરાન હૂરીએ ના ચડાવાય.

⇨ **મૂરા હુંવારી થઇ જ્યા.**

- મૂળા હુંવારી થઇ ગયા.
- વાતવાતમાં લલ્લુકાકાએ ભરુચ ખોયું.

ગફલતમાં રહેવાથી ઘણું બધું ગુમાવવું પડ્યું.

⇨ **મૂવા નૈન ભૂત થયા.**

- મર્યા નૈન માંદા પડ્યા.
- મર્યા નહીંને ભૂત થયા.

ન થવાનું બની જવું.
- કંઇક ને કંઇ વિચિત્ર ઘટના બની જવી.
- તકલીફમાંથી છૂટકારો ન થવો.

⇨ **મૂવા પે'લાં માંકણ.**

- મૂવા (મરતાં) પહેલ મોંકાણ.

ધારણા કરતાં વધારે ખરાબ થવું.
- ધારણા કરતાં વહેલું ખરાબ થવું.

⇨ **મૂવાં મડદાં જીવે ના.**

- મરેલાં (મડદાં) જીવે ના.

ખોટી/પોકળ આશા રાખી ન જીવાય.
- ગયો સમય કે તક પાછાં ન આવે.
- વ્યર્થ વસવસો કરવો.

⇨ **મૂઇ મા પાછી ના'વે.**

- મરેલી મા પાછી ન આવે.

''

⇨ **મેલ કરવત્યા મોચીના મોચી.**

- મૂક કરવત્યા મોચીના મોચી.

હતી એ સ્થિતિમાં સુધારો ન થવો.
- હતી એ સ્થિતિમાં ફેરફાર ન થવો.
- થાકી જવું, સ્થિતિથી હારી જવું.

⇨ **મોટા કરે એ રાંમલીલાન નેના કરે એ છેનારવાં.**

- મોટા કરે તે રામલીલા અને નાના કરે એ છિનાળવાં.

મોટા માણસ, આગેવાન કે ખમતીધર ગુનો કરે તે ગુનો ન ગણાય, પરંતુ નાનો માણસ ગુનો કરે તો હોબાળો મચી જાય.

⇨ **મોટાનો ઉતાર એ નાંનાંનો શણગાર.**

- મોટાનું ઉતરેલું, નાનાનો શણગાર.

પૈસાદાર કે ધનિક માણસનાં ઉતરેલાં (નકામા) કપડાં કે ચીજ નાનાને (ગરીબનો) શણગાર બની જાય.

⇨ **મોટાના ખાહડામાં કોણ પગ ઘાલે ?**

- મોટાના ખાસડાંમાં કોણ પગ ઘાલે ?

ખોટી હિંમત ન કરાય.
- હેસિયત ન હોય એવું કામ ન કરાય.



⇨ **મોટાંની ગાંડમાં પેશ્યેત ચબદઇ મરીએ.**

- મોટાની ગાંડમાં પેશીયે તો ચબદઇ મરીએ.
- હભધાની હોંડ્યમાં પેશ્યેત ભીડઇ મરીએ.

મોટા માણસની વાદે ન ચઢાય.
- મોટા માણસની ઓથ લઇએ તો ક્યારે ભરાઇ પડવું પડે.

⇨ **મોંડાની લાપશી પીરહીયે તાર હવામણ ઘી શું કામ ના નાંછીયે ?**

- મોંઢાની લાપશી પીરસીએ ત્યારે સવામણ ઘી શું કરવા ન નાખવું ?
- આભના ફૂલા તોડવા.

ગપ્પું મારવું તો નાનું શા માટે મારવું.
- ફડાકા મારવા તો કોકને આંજી નાખે તેવા મારવા.
- જ્યાં પોતાનું વપરાતું ન હોય ત્યાં મોટી જ વાત કરવી.

⇨ **મોત બગડ્યું.**

- મોત બગાડ્યું.

મરતાં પહેલાં કલંક લાગે તેવું કામ કર્યું.
- મરતાં મરતાં આબરું ખોઇ.

⇨ **મોર કરા કરે પણ પાછર નાગો દેખાય.**

- મોર કળા કરે પણ પાછળ નાગો દેખાય.
- ઉપર વાઘા અને અંદર નાગા.

બાહ્ય દેખાવથી ખરાબ ચરિત્ર ઢંકાતું નથી.
- બહારના સૌંદર્યથી અંદરના અસંસ્કાર ઢંકાતા નથી.

⇨ **મોરું દઇ દાંત પાડે.**

- મોળું દહીં દાંત પાડે.
- વખાણી ખીચડી દાંત ચોંટે.

બહારથી દેખાતા સરસ માણસો અંદરથી કપટી, ચાલબાજ કે ખંધા પણ હોય.
- બહારી દેખાવથી કોઇના પર ભરોસો ન કરાય.

⇨ **મોં વાઘનુંન ગાંડ શિયારની.**

- મોઢું વાઘનું ને ગાંડ શિયાળની.

મોંએ ફૂંફાડા મારે, પણ અંદરથી ખૂબ જ બીકણ હોય છે તેવા.

⇨ **મોં એવો તમાચો.**

- મોં તેવો તમાચો.
- મોં જોયન ટીલું થાય.
- મોઢું જોઇને ટીલું કરાય.

નબળાને હલકી સજા, જોરાવરની ભારે.
- જેવો ગુનો તેવી સજા.
- લાયકાત પ્રમાણે માન-પાન અપાય.

⇨ **મોં પરથી માંછ્ય ઉડતી નહીં.**

- મોં પરથી માંખ ઉડતી નથી.

સાબ નબળો, પોચકો - ને સરલ માણસ.

⇨ **માંકડને આંછ્યો આચી ને ચાંચડને પાંખો.**
- માંકડને આંખો આવી ને ચાંચડને પાંખો.

સાવ સીધો સાદો, સાલસ લાગતો માણસ વાંકો નીકળ્યો.
- પાળેલો માણસ સામે થવો.

⇨ **માંથા કરતાં મનોહર મોટું.**
- માથા કરતાં મનોહર (પાઘડી) મોટું.
- ચકલી નાની ફૈડકો બવ.

અજૂગતું કે અસાધારણ લાગે તેવું.

⇨ **માંથા પરમાણે ટોપી ઓચ ટોપી પરમાણે માંથુ નઈ.**
- માથા પ્રમાણે ટોપી હોય ટોપી પ્રમાણે માથુ નહીં.

જેમ થતું હોય તેમ જ થાય. અવળું ન થાય.

⇨ **માંથાનો મલવો.**
- માથાનો મળવો.
- ઈંટનો જવાબ પથ્થરથી આપવો.
- શેરના માથે સવાશેર.

બરાબર પાઠ ભણાવે તેવો મળવો.
- જડબાતોડ જવાબ આપે તેવો.

⇨ **માંથુ મેલું ન અસ્ત્રા બૂઠા.**
- માંથુ મેલું ને અસ્ત્રા બૂઠા.
- આંધરી ઘોડીન પોચા ચણા.

મનસ્વીપણે કામ કરવું.
- મનગમતું મળવું.
- પડશે એમ દેવાશે એ અર્થમાં પણ લોક વાપરે છે.

⇨ **મોંથે દખનાં ઝાડવાં ઊગ્યાં.**
- માથે દુઃખનાં ઝાડવા ઊગ્યાં.

ધાર્યા કરતાં વધારે વિપત પડવી.
- ધાર્યા કરતાં નશીબે ખૂબ જ (મુશ્કેલીઓ) કપરી કસોટી કરી.

⇨ **મોંથે છાંણાં થાપવાં.**
- માંથે છાણાં થાપવાં.

સામે થવું, ઉપરવટ જવું જાણી જોઇને પરેશાન કરવા.

⇨ **માંથે ધાંરાં તડકા ઊભા રે'વાથી નહીં થયાં.**
- માથે ધોળાં તાપે ઊભા રહેવાથી નથી થયાં.
- ઘણું ગબડ્યો તાર પથરો ગોળ થયો છે.

ઘણા અનુભવ પછી પરિપકવતા આવી છે.



⇨ **માંથે ટાલ પડી જશે.**
- માંથે તાલ પડી જશે.

શાન ઠેકાણે આવી જશે
- સરળ કામ નથી
- ધોળે દિવસે તારા દેખાડશે.

⇨ **મોંમા મટીન ભોંણિયા થવું.**
- મોંમા મટીને ભોંણિયા થવું.
- કાકા મટીન ભત્રીજા થવું.
- શેઠ મટીન વાંણોતર થવું.
- બાપ મટીન દીકરા થવું.

સમાધાન કરવું.
- પરિસ્થિતિ પ્રમાણે વર્તવું.
- લાચારી ભરી સ્થિતિ આવવી.

⇨ **મોંમાં ખાહડું ઘાલીન જવું.**
- મોંમાં ખાસડું ઘાલીને જવું.

કોઇને કાલાવાલા કે આજીજી કરવી.

⇨ **મંતર કરતાં તંતર વધે.**
- મંત્ર કરતાં તંત્ર વધે.
- બર કરતાં બુદ્ધિ તાકાતવાંન ગણાય.
- બળ કરતાં બુદ્ધિ તાકાતવાન ગણાય.

બાહુબળ કરતાં ચાલાકી આગળ રહે.
- બળ કરતાં બુદ્ધિ તાકાતવાન ગણાય.

⇨ **મંછા ડાકણ ને શંકા ભૂત.**
- મનશા ડાકણ ને શંકા ભૂત.

શંકાનો કોઇ ઉપાય નહીં અને વધારે પડતી મહત્વાકાંક્ષા, મહેચ્છા ડાકણની જેમ વળગીને માણસને પાયમાલ કરે છે.

⇨ **મૂલ્લાં મરે ન મશીદે દીવા થાય.**
- મૂલ્લાં મરે ને મસ્જિદે દીવા થાય.
- ધણી વગર ઘરોડ હૂંનું.

કોઇપણ મિલકત, સ્થળ, ઘર કે વસ્તુનો માલિક જાય એટલે લોકો એનો મન ફાવે તેમ ઉપભોગ કરે.

| | |
|---|---|
| ⇨ **યથા રાજા તથા પરજા.**<br>• યથા રાજા તથા પ્રજા.<br>• જેવી કોદાળી તેવો દસ્તો.<br>• જેવો રાજા એવી રૈયત. | જેવો રાજા તેવી રૈયત.<br>- જેવો હોય, તેવાને તેવો જ સાથ મળે. |





| | |
|---|---|
| ⇨ **રખડતા રાજા, જૈ બેઠા તૈ મુકાંમ.**<br>• રખડતા રાજા, જ્યાં બેઠા ત્યાં મુકામ. | નફકરા માણસને જ્યાં બેઠા ત્યાં ઘર. |
| ⇨ **રડતો જાય એ મૂવાની ખબર લેચન આવે.**<br>• રડતો જાય તે મૂવાની ખબર લઇને આવે. | ઇચ્છાકે મરજી વિના કોઇપણ કામ કરે એમાં ક્યારેય ભલીવાર ન આવે.<br>- પરાણે સોંપેલ કામ પાર ન પડે. |
| ⇨ **રડતાં આવડે નઈન કૂટવા ગઈ.**<br>• રડતાં આવડે નહીં ને કૂટવા ગઇ. | દોઢડાહી, આપડાહી. |
| ⇨ **રડતાં નઈ આવડે.**<br>• રડતાં નહીં આવડે. | પસ્તાવાનો પાર નહીં રહે.<br>- એવો પાઠ ભણાવીશ કે કાયમની ખો ભૂલી જાય. |
| ⇨ **રજનું ગજ કરવું.**<br>• વાતનું વતેસર કરવું.<br>• કાગનો વાઘ કરવો. | કશું જ બન્યું ન હોય અને મોટી ઘટના બન્યાનો હાઉં ઊભો કરવો. |
| ⇨ **રઈનો પરવત કરવો.**<br>• રાઈનો પરવત બનાવવો. | ,, |
| ⇨ **રજા ન સજા જાતે જ ભોગવવી પડે.**<br>• રજા અને સજા જાતે જ ભોગવવી પડે.<br>• આપ મૂવા વગર સ્વર્ગે ન જવાય.<br>• નોકર કમઇન શેઠને ના આલે. | પોતાનું કામ પોતે જ કરે તોજ ધાર્યું પરિણામ આવે.<br>- તમારા વતી બીજો કોઇ કામ કરે તો ભલીવાર ન પણ આવે.<br>- પરાયો કમાઈ આપે નહીં. |
| ⇨ **રંગમાં ભંગ પડ્યો (પડવો)** | આનંદના અવસરમાં વિઘ્ન આવવું.<br>- વિઘ્ન આવતાં બાજી બગડી જવી. |
| ⇨ **રંડીન રાંડ કરવામાંય કકડો.**<br>• રંડીને પત્ની કરવામાંય કંજુસ. | કોઇને સારા રસ્તે લઇ જવામાં પણ કંજુસાઇ કરવી.<br>- કોઇપણ સારા કે ભલાઇના કામ કરવામાં પોતાનો સ્વાર્થ સાધવો. |

⇨ **રંડીન રાંડ કરવામાંય કડદો.**
- રંડીને પત્ની કરવામાં પણ કડદો.

પોતાના ભલાઇના કામમાંય કટકી કરવી.

⇨ **રાંક પર રીહ ના કરાય.**
- રાંક પર રીસ ન કરાય.

નબળા કે ગરીબ-લાચાર પર રીષ ન રખાય.
- નબળા કે ગરીબ-લાચારને સતાવવો નહીં.

⇨ **રાંકને શું રીબાવવો ?**
- રાંકને શું રીબાવવો ?

રાંક, ગરીબ કે લાચાર કરતાં શક્તિશાળી વાંકો માણસ સારો જે ક્યારેક જરૂર પડે મદદરૂપ થાય.

⇨ **રાંકા કરતાં વાંકો હારો.**
- રાંક કરતાં વાંકો સારો.

,,

⇨ **રાંકા પર રોદો શો ?**
- રાંક પર રીષ-રોદો શું ?

ગરીબ-લાચાર પર રિસ ન રખાય.

⇨ **રાંકો રૂઢ્યો રહોડું અભડાવે.**
- રાંકો રૂઢે તો રસોડું અભડાવે.

ગરીબ-લાચારને છેડવાથી રિસે ભરાઇ, નુકશાન કરે.

⇨ **રાંકાન કેડે બોહાડીયે ત છેરી મરે.**
- રાંકને કેડે બેસાડીએ તો હગી વળે.

હલકા કે હેસિયત વગરનાને ઉચ્ચ સ્થાન આપીએ તો જીરવી ન શકે અને આપનારને જ નુકશાન કરે.

⇨ **રાંડ ગાંડને ગાડું, અઘવચ બોલે આડું.**

ગમે તેવી સ્ત્રી, ગાંડ કે ગાડું ગમે ત્યારે વાંકું બોલે, ગાડું ખડી પડે. અણીની વેળાએ તાયફો કરે.

⇨ **રાંડને ગાંડ કોયનીય નઇ.**
- રાંડને ગાંડ કોઇનીય નહીં.

કોઇપણ સ્ત્રીનો ભરોસો ન કરાય, એ કોઇનીય થતી નથી. એમ ગાંડ ગમે ત્યારે વાછૂટ કરી, હાંસીપાત્ર બનાવે.

⇨ **રાંડી એ પરભુન ખોરે બેઠી.**
- રાંડી તે પ્રભુના ખોળે બેઠી.

કોઇપણ સ્ત્રીને રંડાપો આવે પછી એનું તન-મન સંસારમાંથી ઉઠી જાય છે અને પ્રભુ ભક્તિમાં લીન થઇ શેષ જીવન ગાળે છે. એવી માન્યતા છે.

⇨ **રાંડી રુંવે, માંડી રુંવે, ન હાત છોરાંની મા ઢાંચીન રુંવે.**
- રોડી રડે, માંડી રડે ને સાત છોકરાંની માં ઢાંકીને રડે.

રંડાપો આવ્યા પછી, એ સ્ત્રીને ખૂણે સંતાઇને રોવા સિવાય રહેતું નથી વળી પરણેલીને (સેવાસણ) દુઃખ હોય તો તે પણ રડે ને સાત છોકરાંની માને છોકરાં



પજવે કે દુઃખ આવે તો રોવું પડે છે. આમ સૌને જીવનમાં દુઃખ આવે છે જ.

⇨ **રાંડ મારો રોટલો ન, ઘડતાં ભાજી કોર.**
- રાંડ મારો રોટલો, ને ઘડતાં ભાગી કોર.

વાતે વાતે ગમે તેમ ખાંચા કાઢી આડું બોલવાની ટેવ.
- બહાના બાજ, સાસુપણું કરવાની ટેવ.

⇨ **રોડાં ઓય તાં પાંણી બતાવવા.**
- રોડાં હોય ત્યાં પાણી બતાવવું.

મહા ગપ્પીદાસ.

⇨ **રૂપ્યાના તૈણ અડઘા હોધે, એમાં બે તો ખોટા જ આવે.**
- રૂપિયાના ત્રણ અડધા શોધે, એમાં બે તો ખોટા જ આવે.
- લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે ના મરે.

બીજાને છેતરવા જતાં પોતે જ છેતરાઇ જાય છે.
- લોભ કે લાલચ કરનાર હંમેશા છેતરાય છે જ.

⇨ **રાંમનું બાંણ પાછું ના ફરે.**
- રામનું બાણ પાછું ન ફરે.

એક વચની, અટલ, અફર, બોલેલું પાછું જ ગળે.

⇨ **રાંમ વનવાસ જ્યા તાર સીતાનું અરણ થયુંન !**
- રામ વનવાસ ગયા ત્યારે સીતાનું અપહરણ થયું !

થવાનું હતું તે થઇ ગયું.
- થવા માટે કોઇ નિમિત્ત જોઇએ એના કારણે થયું, તેના કારણે થયું. એ તો માત્ર આશ્વાસન લેવા માટે જ હોય છે.

⇨ **રાંધ્યું ફરી રંઘાય નઇન, હાંધ્યું ફરી હંઘાય નઇ.**
- રાંધ્યુ ફરી રંધાય નહીં, ને સાંધ્યું ફરી સંધાય નહીં.

કેટલાંક કામ એવાં હોય છે કે ફક્ત એક જ વખત થાય. એમ વચનની કિંમત એક જ વખત હોય, ન પાળે તો એ નકામું.

⇨ **રેવડી દાંણાદાંણ્ય થઇ જઇ.**
- રેવડી દાણા દાણ થઇ ગઇ.

ડરના માર્યા ફફડી જવું.
- ડરના માર્યા ગભરાઇ જવું.
- (ક્યારેક) બરાબર પાઠ ભણાવવો.

⇨ **રૈયત રાજા રાંમનીય નહી થઇ.**
- રૈયત રાજ રામનીય નથી થઇ.

પ્રજાની નાડ પારખવી ખૂબ અઘરી છે એટલે એ ક્યારે રીઝશે કે ક્યારે ખીજાશે તે કહેવાય નહીં.
- પ્રજા ભલભલાને ભૂ ચાટતા કરી દે.

# લ

⇨ **લક્કડના લાડવા ખાય એય પસ્તાયન, ના ખાય એય પસ્તાય.**

- લાકડાના લાડુ ખાય તેય પસ્તાય અને ન ખાય તેય પસ્તાય.
- રાંડી રુંવે, માંડી રુંવે, હાત દીકરાની મા મોંઢું ઉઘાડે નઈ.
- કુંવારો કોડે મરે ન પૈણેલો પીડાએ મરે.
- આયા છો કોડે પણ જશો માંથા બાંડે.
- મેં તો દુનિયાં દુઃખી ભાળી, પરણી નારી તે પિયર મૂકી વાળી.

પરણેલા પસ્તાય છે તોય કુંવારા એ જાણવા છતાં લગ્ન કરવાના અભરખા રાખે છે.
- કેટલાં ન કરવામાં જ સાર છે પણ મમતના માર્યા કરીને જ ઝંપે છે.

⇨ **લકુંબો લેવા જ્યા'તા.**

- લકુંબો લેવા ગયા'તા.

લકુંબાનો અર્થ થાય છે. કોળિયો કે ખાવું.
- ઝાપટવા ગયા હતા.
- દલ્લો લેવા ગયા હતા પણ મેળ ન પડ્યો.
- અર્થાત્ કામ ન થવું.

⇨ **લખમી ચાંલ્લો કરવા આવે તાર કપાર ધોવા ના જવાય.**

- લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા ન જવાય.
- આચી તક ચૂકે એન કોય ના પૂછે.
- તક ચૂકે એની ગાંડમાં હૌ થૂંકે.

સામે આવેલી તકને જવા ન દેવાય.
- આવેલી તક ચૂકનારને જીવનભર પસ્તાવું પડે.

⇨ **લખણ લખેશરીનાં, ન કરમ ભિખારીનાં.**

- લક્ષણ લખપતિનાં ને કરતૂત ભિખારીનાં.

લક્ષણ ઉચ્ચ કોટીનાં દેખાય છે પણ કામ નીચાં (હલકાં, અયોગ્ય) કરે.



⇨ **લખો દીચરા ખાત યૈ.**

- લખો દીકરા ખાતાવહી.
- ઓયડોય ગયો ન પરહોરય ગઈ.

બધું ગુમાવી દેવું.

⇨ **લગન વેરાએજ ફટાંણાં ગવાય.**

- લગ્ન વેળાએ જ લગ્નગીત ગવાય.
- લગન વેરાએ ફટાંણાં ગવાય.
- મહાંણામ ઘોર (ઘોળ) ન ગવાય.
- પલનાં વાજાં પલે વાગે.

જે કામ જયારે થતું હોય ત્યારે જ અને ત્યાં જ થાય.
- વાજાં લગ્ન ટાણે શોભે.

⇨ **લડ્ય ને લડનારી લાય.**

- લડ ને લડનારી લાવ.
- વડ્ય ને વડનારી લાય.
- વડ ને વઢનારી લાવ.

વાતે વાતે ઝઘડવાની ટેવવાળી કે ટેવવાળો.

⇨ **લડવા બેહો એટલે કોય રાંડેય ખરું ન કોય ભાંડેય ખરું.**

- લડવા બેસો એટલે કોઈ રાંડેય ખરું અને કોઈ ભાંડેય ખરું.

લડવા-ઝઘડવા બેસો ત્યારે ગમે તે પરિણામ આવે તેની તૈયારી રાખવી પડે.

⇨ **લડતાં કોય લાપસી ના પીરહે.**

- લડવા-ઝઘડવા બેસો ત્યારે કોઈ લાપસી ન પીરસે.

ઝઘડો થાય ત્યારે કાં મારામારી થાય કે ગાળાગાળી થાય.
- ખરાબ વસ્તુનું પરિણામ ખરાબ આવે. સારું ન આવે.

⇨ **લડઈમાં ઘા ને રમતમાં દાવ ચુકવો નઈ/ ચૂકાય નઈ.**

- લડાઈમાં પહેલો વાર કરવાનો ને રમતમાં દાવ ચૂકાય નહીં.
- પહેલો ઘા રાણાનો.

ઝઘડો થાય ત્યારે પહેલા ઘા કરવો પડે એ ચૂકે તે હારે. તેમ રમતમાં પણ દાવ ચૂકે તો હારે.
- તક ચૂકવી જોઈએ નહીં.
- દાવ કે ઘા ચૂકે તે હારી જાય.

⇨ **લડી છૂટીએ પણ મરી ના છૂટીએ.**

- લડી છૂટીએ પણ મરી ન છૂટીએ.

લડાઈ-ઝઘડો થાય તો છેલ્લે પાટલે ન બેસાય.

**⇨ લછ્યા લેખ લલાટે મિથ્યા થાય નૈ.**

- લખ્યા લેખ લલાટે મિથ્યા થાય નહીં.

ભાગ્યમાં લખ્યું હોય તે જ થાય.
- લેખ પર મેખ ન વાગે.

**⇨ લપ ગઇ.**

માથું ખાધો મટ્યો, બલા ગઇ.

**⇨ લપસી પડ્યા તાર કે' હરી ગંગા.**

- લપસી પડ્યા ત્યારે કહે હરી ગંગા.
- હોજા આયા તાર કે' જાડા થયા.
- નોતરું આવશે તાર જમ્મા જઇશું બાકી વટલેલાન ઘેર કોણ જાય ?
- રાંધ્યા તાર કે' આથે પગે અરવા થાય, ને ધણીના ઓશિયારા મટ્યા.

પોતાનો હાથ ઉપર રાખવા.
- ઘટના બને એને ફેરવીને પોતાનો વટ રાખવો.
- પોતાને ગમતું થયું એવો દેખાડો કરવો.

**⇨ લવાંરવાડે હોય ના વેચાય.**

- લુહારવાડે સોય ન વેચાય.
- ટાલિયાના ગામમાં કાસકો ના વેચાય.
- નાગાના ગામમાં લૂગડાંનો ધંધો ન થાય.

અસ્થાને વાત ન કરવી.
- જ્યાં જેવી વાત થતી હોય તેવી જ કરવી.

**⇨ લશકરમાં કાંણિયો બદનાંમ.**

- લશ્કરમાં કાણો બદનામ.
- કટકમાં કાણો બદનામ.

દરેક સ્થળે લાયકાતવાળો માન પામે. નકામો માણસ બદનામ થાય.

**⇨ લંકાંની લાડીન ઘોઘાંન વર.**

- લંકાની લાડી'ને ઘોઘાનો વર.

વિચિત્ર ઘટના બનવી.
મોં-માથા વિનાની વાત કરવી.
અશક્ય વાત શક્ય કરવાના પેતરા કરવા.

**⇨ લંકા લૂંટાણી તાર ડોશી'કે હાય મારી પૂણિયો.**

- લંકા લૂંટાતી'તી ત્યારે ડોશી કહે હાય મારી પૂણીઓ.

સૌ પોતાના સ્વાર્થને રડે.
- સૌ પોતાના સ્વાર્થની ચિંતા કરે, બીજાના મોટા નુકશાનની એમને ગણના ન હોય.



**⇨ લાકડાની પૂતરીથી ઘર ના હેડે.**

- લાકડાની પૂતળીથી ઘર ન ચાલે.

જેની જ્યાં જરૂર હોય ત્યાં એ જ કામ આવે, ખોટી કે અજૂગતી અવેજીથી ન ચાલે.

**⇨ લાકડાની પૂતરી આર્યે ઘર ના મંડાય.**

- લાકડાની ઢેગલી આર્યે લગન ના થાય.
- લાકડાની ઢીંગલી સાથે લગ્ન ન કરાય.
- વા ભરખી ન ના જીવાય.

ઘર સંસાર માંડવા સ્ત્રી જોઇએ, લાકડાની ઢીંગલી સાથે લગ્ન ન કરાય.

**⇨ લાકડાની તલવારે વરહ કાડવાનું.**

- લાકડાની તલવારે વરસ કાઢવાનું.

ગમે તેમ કરીને આવેલ મુશીબતને પાર કરી જવાની.

**⇨ લાકડાની તલવારે સમરાંગણ જીતવાનું.**

- લાકડાની તલવારે યુદ્ધ જીતવાનું.

કસોટીમાંથી ગમેતેમ કરી હેમખેમ પાર ઉતરી જવાનું.

**⇨ લાકડુંય વરે ચિરાય.**

- લાકડુંય વળે ચિરાય.

કળથી કામ થાય બળથી નહીં
- લાકડું એના વળ પ્રમાણે ચીરો તો ઝડપથી ચીરાઇ જાય છે.

**⇨ લાખના ટૂંટ્યા કોડીયે ના હંધાય.**

- લાખના તૂંટ્યા કોડીએ ન સંધાય.
- મણના તૂટ્યા શેરે ન સંધાય.

ખોટા ફાંફા ન મરાય
- મોટી ખોટ ગઇ હોય તો બહોળો વેપાર કરવો પડે.
- વગદયાં ના મરાય.
- ચકલાં ના ચૂંથાય.

**⇨ લાખ મલ્યા નહીં ન લખેશરી થવાના નહીં.**

- લાખ મળ્યા નથી ને લખપતિ થવાના નથી.

પડશે તેમ દેવાશે ચિંતા ના કરવી.

**⇨ લાખે લેખાં.**

બહોળો વેપાર, લખલૂટ કમાણી.

⇨ **લાડ મોંઘા ન ફજેતી હોંઘી.**

- લાડ મોઘા અને ફજેતી સોંઘી.

લાડ કે પ્રેમ મેળવવા, લાયકાત કેળવવી પડે પણ ઝઘડો કરવો, ફજેતી કરવા, કશુંજ ન જોઇએ. ઝઘડો કરવા લાયકાત ન જોઇએ.

⇨ **લાગ વગર લાકડુંય ના ભાગે.**

- લગા વગર લાકડુંય ન ભાગે.

કામ કરવામાં કે કામ કઢાવવામાં આવડત, બુદ્ધિ અને કળ જોઇએ.

⇨ **લાગણીન મંદવાડ જીવ લે.**

- લાગણીનો મંદવાડ જીવ લે.

લાગણીની બિમારીની કોઇ દવા ન મળે.

⇨ **લાડી ન પાડીનાં નેંબજ્યે હાટાં.**

- લાડી અને પાડીનાં નીબજે સાટાં.

લાડી અને પાડી કેવાં નીકળશે એતો મોટાં થયે જ ખબર પડે.

⇨ **લાત મારો ત લાત ખાવી પડે.**

- લાત મારો તો લાત ખાવી પડે.
- તમે કોયનું ધોત્યું ઉતારો તો કોક તમારો લંગોટ કાઢી લેશે.

અમુક માણસોને જોઇને અનુમાન ન કરી શકાય - એમની સાથેના અનુભવ પછી નિર્ણય લેવાય.
- જેવું વર્તન કરો એવો પ્રતિસાદ મળે એના માટે તૈયાર રહેવું.
- ઈંટનો જવાબ પથ્થરથી મળે.

⇨ **લોડાના ચણા ચાવ્યા.**

- લોઢાના ચણા ચાવવા.
- નાકે ફીણ આવવું.

અતિ મુશ્કેલ કામ.
- કામ પાર પાડતાં પાડતાં નવનેજા થવા.

⇨ **લોડું તપેલું ઓય તારે જ ઘા થાય.**

- લોઢું તપેલું હોય ત્યારે જ ઘા થાય.

સમય પારખીને જ વાત મૂકાય.
- તક આવે ત્યારે જ ઘા કરાય.
- તો જ ધાર્યુ પરિણામ આવે.

⇨ **લૂંટ્યા ત લૂંટ્યા પણ ચોર જોવાના મલ્યા.**

- લૂંટ્યા તો લૂંટ્યા પણ ચોર જોવાના મળ્યા.
- લૂંટાયા તો લૂંટાયા, પણ ચોર જોવાના મળ્યા.

નુકશાન તો થયું પણ ચોર લૂંટારાને નજરોનજર જોવાની તક મળી.
- એક ખરાબ અનુભવે બીજા પ્રકારનો અનુભવ આપ્યો.

⇨ **લોભ્યા ઓય તાં ધૂતારા ભછે ના મરે.**

- લોભિયા હોય ત્યાં ભૂતારા ભૂખે ના મરે.

લોભિયો, લાલચું માણસ હંમેશા છેતરાય.



⇨ **લોભે લખ્ખણ જાય.**

- લાલચ બૂરી ચીજ છે.

લોભિયો, લાલચું માણસ હંમેશા છેતરાય.

⇨ **લોભ્યાને અક્કલ ના ઓય.**

- લોભીને અક્કલ ન હોય.

લાલચું કે લોભી માણસને અક્કલ ન હોય.

⇨ **લાય લાગે તાર કૂવો ના ખોદાય.**

- આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય.
- વાવાની થાય તાર મારો ના કરાય.
- ઈંડાં મૂકવાની થાય ત્યારે માળો ન કરાય.

ભવિષ્યનો વિચાર કરી હંમેશા આગોતરું આયોજન થાય.
- છેલ્લે ઘડીએ ગોઠવણ ન થાય.

⇨ **લાય ઘોડોન ઝટ કાડ્ય વરઘોડો.**

- લાવ ઘોડો અને ઝટ કાઢ વરઘોડો.
- ચડ ચૂલા ખવ.
- ચટ મંગની પટ શાદી.
- પોંકનારીને પૈણે એવા.

વધારે પડતી ઉતાવર બાજી બગાડે.
- વધારે પડતી ઉતાવળ કરતાં આડું વેતરાઇ જાય.
- ધીરજથી કરેલું કામ સારું થાય.
- આપણી ઉતાવળથી કશુંજ ન બને.
- વધારે પડતી ઉતાવળ કરવી.
- ધીરજ ન ધરવી.

⇨ **લાલીન જગ્યાએ વાલી પૈણાયી.**

- લાલીની જગ્યાએ વાલી પરણાવી.

ભરોસો ન રખાય તેવો સ્વાર્થી માણસ.
- ભરોસો ન કરાય તેવો ડફોળ માણસ.

⇨ **લે લાલો ન ભરે અરદાસ.**

- લે લાલો તે ભર હરદાસ.
- ખાય ભીમ ને ઝાડે ફરે માંમો શકુની.
- કરે કોઇ ને ભોગવે કોઇ.
- ખોદે ઉંદરને ભોગવે ભોરિંગ.
- લોય પીવે માંકણ ને માર ખાય ખાટલો.

કરે કોઇ ને ભોગવે કોઇ.
- શક્તિશાળી કે દાંડ બીજાની કમાણી પર તાગડધીન્ના કરે.
- મહેનત કોઇ કરે ને ફળ બીજા કાવસિયા ભોગવે.

**⇨ લવાર ને લોઢું છાં ટીપાતાં.**

- લુહાર ને લોઢું છો ટીપાતાં.
- વાડ્યે જતી વડવાડ ના ઓરાય.
- જેની ચાદર જશે એને ટાઢ વાગશે, આપણે શું ?

બે જણા લડતા હોય તો એમને લડવા દેવા, ત્રીજાએ વચ્ચે ન પડવું જોઇએ.
- જેને જે કરવું હોય તે ભલે કરે, આપણે ભલાને આપણું કામ ભલું.
- કોઇની વાતમાં નક્કામો ચંચૂપાત ન કરવો.

**⇨ લીલા ઝાડ તરે ભૂખે મરે એવો છે.**

- લીલા ઝાડ તળે ભૂખે મરે એવો છે.

કોઠાસૂઝ વગરનો, જેને હાથમાં આવેલી તક ઝૂટવી લેતાં ન આવડે તેવો ડફોળ.

**⇨ લીલા તોરણે પાછા કાઢ્યા.**

- લીલા તોરણે પાછા કાઢ્યા.

કશું આપ્યા વિના પાછો કાઢવો.
- આવ્યા તેવા પાછા વળાવ્યા.

**⇨ લીલો ઘડો ટપલા ખમે હૂકો નઇ !**

- લીલો ઘડો ટપલા ખમે સૂકો નહીં.

નાનપણમાં કે કુમળી વયે સંસ્કાર ઘડતર થાય, પાકટ વયે ન થાય.

**⇨ લૂંટેલો માલ ચેટલા દા'ડા ટકશે.**

- લૂંટેલો માલ કેટલા દિવસ ટકશે.
- દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં.
- વેશ્યાનું રળેલું ભાંડ ખાય.

મફતનું કે અણહકનું મળેલું લાંબું ન ટકે.
- અનૂતની આવક ન જ રહે.

**⇨ લૂંલી વાસીદું વારે ન હાત જણ જોડે જાય.**

- લૂંલી વાસીદું વાળે અને સાત જણ જોડે જાય.

કામ કર્યાનો દેખાડો કરવો.
- અયોગ્ય માણસને કામ ન સોંપાય.

**⇨ લૂણ અરાંમી.**

- લૂણ હરામી.

નમક હરામ, ગુણપાડ વગરનો.
- ગુણ ભૂલી જાય તેવો.
- ગુણ પર અવગુણ કરે તેવો.

**⇨ લેવા જ્યો બકરી ન ખોય આયો ઊંટ.**

- લેવા ગયો બકરી ને ખોઇ આવ્યો ઊંટ.

લોભ કરવા જતાં લૂંટાઇ જવું.
- ડફોળ કે મુરખ માણસ.



**⇨ લેવા દેવાનાં કાટલાં જુદાં.**

- હાથીના ચાવ્વાનાય જુદા ને બતાવવાનાય જુદા.
- આલવા-મેલવાનાં કાટલાં જુદા.

ગમે તે રીતે પોતાનો જ સ્વાર્થ સાધવો.
- ગમે તે રીતે પોતાનો જ ફાયદો થાય તેવી છેતરપીંડી કરવી, તરકીબ રચવી.

**⇨ લેશે લાલો ન આલશે કીકો.**

- લેશે લાલો ને આપશે કીકો.
- લેશે લાલો ન ભરશે હરદાસ.

દાંડાઇ કરવી, મફતિયું ખાવું.
- પોતે ભોગવે, ને ભરે બીજો કોઇ, એવી નાગાઇ કરનાર.

**⇨ લાંબાં પગલાં ભરે એ વે'લો બેહે.**

- લાંબાં પગલાં ભરે એ વહેલો બેસે.

ઝડપથી ચાલે એ જલ્દી થાકી જાય.
- ખોટી ઉતાવળ કરે - જલ્દી પાછો પડે.
- ધીરજનાં ફળ મીઠાં.

,,

**⇨ લાંબે પગલે હેડે એ વે'લો બેહે.**

- લાંબે પગલે ચાલે એ વહેલો બેસે.
- ઉતાવળા સો બાવળા, ધીરા સો ગંભીર.

# વ

⇨ **વકર્યો ઉંદર કોર થાય.**

માણસને ચરબી ચઢે એટલે દાદાગીરી કરતો થાય અને પછી દાદો બની જાય.

⇨ **વકરો ભૂંડ હુવેર.**

''

⇨ **વકરો વાંઝ્યો ના ઓય.**

- વકરો વાંઝિયો ન હોય.

કોઇપણ પ્રકારનો ઉધ્યમ કરે તે કમાય જ નુકશાન ન જાય.

⇨ **વેપાર વાંઝિયો ના ઓય.**

- વેપાર વાંઝિયો ન હોય.

ધંધો કરનારને ભાગ્યે જ ખોટ ન જાય.
- ધંધો કરનાર સરવાળે કમાય.

⇨ **વકરી બાયડી ધણીન ગાંઠે નઇ.**

- વકરી બાયડી ધણીને ગાંઠે નહીં.

માથાભારે કે ધણીના કહ્યામાં ન રહેતી સ્ત્રી, પતિને નાચ નચાવે, પજવે, હેરાન કરે, ગાંઠે નહીં અને આવી સ્ત્રી પતિને ગમે નહીં.

⇨ **વકરેલી રાંડ ધણીન વેચે.**

- વકરેલી રાંડ ધણીને વેચે.

''

⇨ **વકરી બાયડી ધણીન નચાડે.**

- વકરી બાયડી ધણીન નચાવે.
- વકરી બાયડી ધણીન ગમે નૈ.

''

⇨ **વખ ઘોરવાનો વારો આયો.**

- વખ ઘોળવાનો વારો આવ્યો.

મોં બતાવવા જેવું ન રહ્યું.
- એવું હીણપત ભર્યું પગલું ભરાયું કે ઝેર ખાઇ મરવા વારો આવ્યો.

⇨ **વખડીમાં હૌ આથ નાંખે, કંથારમાં નૈ.**

- વખડીમાં સૌ હાથ નાખે, કંથારમાં નહીં.

રાંકને સૌ સતાવે, જોરાવરને નહીં.

⇨ **વખનો માર્યો.**

મજબૂર આદમી, લાચાર સ્થિતિ.
- આફતમાં અટવાઇ પડેલો માણસ.

⇨ **વખનાં પારખાં ના કરાય.**

- ઝેરનાં પારખાં ના કરાય.
- જાંણી જોઇને દેવતામાં હાથ ના ઘલાય.
- જાંણીન કૂવામાં ના પડાય.
- આથ પગ ધોયન કોડ ના મંગાય.

ખબર હોય કે આમ કરવાથી નુકશાન થશે, તો પૂછી તે કામ ન થાય.
- જાણી જોઇને આફત ન વ્હોરાય.



⇨ **વખાંણી ખીચડી દાંતે ચોંટે.**

- વખાણી ખીચડી દાતે ચોંટે.

જેના વખાણ કરીએ એ માટીપગો, નકામો કે મુફલીસ નીકળે.
- પસ્તાવા વારો આવવો.

⇨ **વગર ગાંડે રેચ ના લેવાય.**

- વગર ગાંડે રેચ ન લેવાય.
- વગર જણ્યે હુવાવડ ના થાય.

ગજા બહારનું કામ ન કરાય.

⇨ **વગ વગર વાત ના બને.**

- વગ વિના વાત ન બને.
- ટેકા વગર વેલોય ના ચઢે.

કોઇપણ કામ, લાગવગ કે વગ વિના ન થાય.
- વગ કે લાગવગ હોય તો કામ સરળતાથી થઇ જાય છે.
- આવડત કરતાં વગ ચઢે.

⇨ **વઘાસીન ભાગોર જેવું ડાચું.**

- વઘાસીની ભાગોળ જેવું મોં.

આણંદ જીલ્લામાં વઘાસી નામનું ગામ છે. એની ભાગોળ ઢંગધડા વગરની હશે એટલે. કોઇપણ સ્ત્રી કે પુરૂષની મોં કળા સરખી ન હોય નમણી કે આકર્ષક ન હોય, ત્યારે આ કહેવત વપરાય છે.

⇨ **વટના માર્યા ગાજરાં ના ખવાય.**

- વટના માર્યા ગાજર ન ખવાય.

ચડશા ચડશીમાં કે વટના માર્યા અવળુ કે પસ્તાવાવારો આવે તેવું કામ ન થાય.

⇨ **વટના માર્યા કૂવે ના પડાય.**

- વટના માર્યા કૂંદી ન પડાય.

''

⇨ **વટલ્યો વટલાવે, ને ડૂબતો ડૂબાડે.**

- વટલાયેલો વટલાવે, ને ડૂબતો ડૂબાડે.

પોતાને નુકશાન થયું છે તે બીજાને કરાવવા પ્રયત્ન કરે ને ડૂબતો ડૂબાડે.

⇨ **વઢ્ય કે વડનારી લાચ.**

- વઢ્ય કે વઢનારી લાવ.

ખૂબ ઝઘડાળું સ્ત્રી (કે ક્યારેક પુરૂષ)

⇨ **વનો વેરીન વશ કરે.**

ઉપકાર કે વિનય દુશ્મનને પણ પલાળી દે.

**⇨ વર અશે ત વે'લું માંડું ઘર થશે.**

- વર હશે તો વહેલું મોડું ઘર થશે.

પરણેલી સ્ત્રી હશે તો ઘર તો ગમે ત્યારે બનશે.
- પહેલાં પરણી જવું, પછી ઘરવાળા થવું.

**⇨ વર અશે ત ઘર થશે.**

- વર હશે તો ઘર થશે.
- વરમાંથી ઘર થાય.

,,

**⇨ વરને પૈણ્યાનો લોભ ને જાંનૈયાન જમ્માનો.**

- વરને પરણ્યાનો લોભ ને જાનૈયાને જમવાનો.

સૌ પોત પોતાના સ્વાર્થમાં રાચે.

**⇨ વરની મા જ છેનાર તાં જાંનડીઓન શું કહેવાનું.**

- વરની મા જ છિનાળ હોય તો જાનડીઓને શું કહેવાનું.

કુળનો વડો, ગામધણી કે મુખ્ય માણસ લાંચિયા કે હલકટ હોય તો હાથ નીચેના એથીય બદતર પાકવાના.

**⇨ વરની મા જ વરને વખાંણે એમાં શું.**

- વરની મા જ વરને વખાણે તેથી શું.

પોતાનાં કે પોતાનાં સ્વજનોના વખાણ પોતે કરે એથી ઉત્તમ સાબિત ન થાય, પરંતુ પારકા કે બીજા બધા વખાણે તે જ ખરું મૂલ્ય કર્યું કહેવાય.

**⇨ વરને વરની મા વખાણે.**

,,

**⇨ વર વગરની જાંન ના શોભે.**

- વર વિનાની જાન ન શોભે.

કશાય કામમાં કે પ્રસંગમાં મુખ્ય માણસની જરૂર પડે. એના વિના બધું નકામું.

**⇨ વર વગરની જાંન ના ઓય.**

- વર વિનાની જાન ન હોય.
- સેનાપતિ વગરનું લશ્કર નૈ.
- મુગટ વગરનો રાજા નૈ.

વરરાજા હોય તો જ જાનનો મહિમા, નહીં તો નહીં.

**⇨ વરહ વરહને ખાતું આવે.**

- વરસ વરસને ખાતું આવે.
- ગયું વરહ વખણાય.

જૂનું સૌ વખણાય, નવાને સૌ અવખોડે. જૂના સગા, જૂનો જમાનો, જૂની ચીજો, જૂના રિવાજોને સૌ વખાણે.

**⇨ વરહ વંઠે તાર વેતર જાય.**

- વરસ વંઠે ત્યારે વેતર જાય.
- દકાર પડે તાર કોદરા મોંઘા થાય.

નશીબ વાકું હોય ત્યારે કુષ્કાળેય પડે. જાનવર ગાભણ ન રહે. અર્થાત્ બધા પ્રકારની મુશ્કેલીઓ આવે.



**⇨ વવચા કે વટલચા.**

- વવાયા કે વટલાયા.

એક વાર ફસાયા એટલે ફસાયા.
- મર્યા નહી ને માંદા પડ્યા.

**⇨ વવચા કે વટલચા બેહ હરખા.**

- વવાયા કે વટલાયા બંને સરખું.

ગમે તે રીતે હેરાન થવાનું થાય.

**⇨ વલાંણામ મૂતરવાની ટેવ.**

- વલાંણામાં મૂતરવાની ટેવ.

સારા પ્રસંગે ન રાંટું પાડે તેવો.
- સારા પ્રસંગે રિસાય તેવો, ઝઘડો કરે તેવો, વિઘ્નો નાખે તેવા હલકટ.

**⇨ વલાંણામ મૂતર્યો.**

- વલાંણામાં મૂતર્યો.

,,

**⇨ વલાંણામ મૂતરે એવો છ.**

- વલાંણામાં મૂતરે તેવો છે.

,,

**⇨ વહણનો ફોસી.**

સાવ ડરપોક, સાવ બીકણ.

**⇨ વાઘનું મોં લોચાળું.**

- વાઘનું મોં લોહીવાળું.

ખમતીધર, નેતા કે ન્યાતવડો ગમે તેવો નીચ હોય તો પણ એને કોઇ મોંએ કહી શકે નહીં.

**⇨ વાઘના મોંમાં ગચા પછી પાછું ના'વે.**

- વાઘના મોંમાં ગયા પછી પાછું ન આવે.
- દાંણીના ઘરે ગાડું છોડી આવ્યા પછી પાછું ન આવે.

નાગા માણસના હાથમાં ગયેલ વસ્તુ પાછી ન મળે.

**⇨ વાડ્ય વગર વેલો ના ચડે.**

- વાડ વિના વેલો ન ચઢે.
- વગ વગર પગ ના મૂકાય.
- વગે પીરહણું વગે ન્યાય, વગ ના ઓય એ પાછો જાય.

કોઈપણ ઊંચી પદવી, નોકરી કે ઓળખ વગ વિના ન મળે.

**⇨ વાડ્યમાં આથ ઘાલે એ દારમાં આથ ઘાલ.**

- વાડમાં હાથ ઘાલે એ દાળમાં હાથ ઘાલે.
- વાડ્યમાં આથ ઘાલવો ન દારમાં, બેય બરાબર.

કેટલાક માણસોને મિષ્ઠાન સિવાય રસ પડતો નથી.
- મુખ્ય ચીજ કે મલીદામાં જ રસ રાખવો, ફાલતું ચીજમાં નહીં.

⇨ **વાડ્યમાંથી કાડીન માર્યા.**

- વાડમાંથી કાઢીને માર્યા.

મુશીબત હોય ત્યારે શોધી શોધીને સજા કરાય.
- ખરાબ સમય ત્યારે બધા પરેશાન કરે.

⇨ **વાડ્યાં દાવલશા પીરથીય ચોંટતાં નહીં.**

- વાઢ્યાં દાવલશા પીરથીય ચોંટતાં નથી.

જે બનવાનું હોય તે બનીનેજ રહે છે.
- થવા કાળ આગળ કોઈનું ડહાપણ ચાલતું નથી.

⇨ **વાડ્યે જતી વડવાડ ના ઓરાય.**

- વાડે જતી વડવાડ ન વહોળાય.

બીજાના ઝઘડામાં ન પડાય.
- બીજાનો ઝઘડો માથે ન લઈ લેવાય.

⇨ **વાત વાતમાં ઉની પૂનીએ રતન્યો.**

- વાત વાતમાં ઉની પૂનીએ રતનિયો.
- મારી તારીને મંગાવાળી વાત કરનાર.
- હું બાવો ને મંગળદાસવાળી વાત કરનાર.

વાતે વાતે પોતાનો, ને પોતાના મળતિયાનો દાખલો આપનાર.
- પોતાના ને પોતાનાનાં વખાણ કરનાર.

⇨ **વાતે વાતે કડદો ના કરાય.**

- વાતે વાતે કડદો ન કરાય.

દરેક વાતમાં તોડ ન મૂકાય.
- ક્યાંક ને ક્યાંક બાંધછોડ કરવી પડે.

⇨ **વાતે વાતે વડકાં ભરે એન ના પોંચાય.**

- વાતે વાતે વડકાં ભરે એને ન પહોંચાય.

વાતે વાતે લડવા જોઈએ એનાથી દૂર રહેવું.

⇨ **વા'લામાં વાલું પેટ.**

- વહાલામાં વહાલું પેટ.

સૌથી વહાલું પેટ હોય, પોતાનાં જ વહાલાં હોય, પારકાં નહીં.

⇨ **વા'લામાં વટાર શ્યો ?**

- વહાલામાં વટાળ શ્યો ?

પ્રેમ કે દોસ્તીમાં ગમે તેને સ્વીકારાય, એમાં છોછ ન રખાય.

⇨ **વા'લામાં વટાર ના ઓય.**

- વહાલામાં વટાળ ન હોય.

,,



⇨ **વા'લામાં વિરોધ નૈ.**

- વહાલામાં વિરોધ નહીં.

પ્રેમ કે દોસ્તીમાં ગમે તેને સ્વીકારાય, એમાં છોછ ન રખાય.

⇨ **વાંકા ચૂકા તોય ઘવના રોટલા.**

- વાંકા ચૂકા તોય ઘઉંના રોટલા.

પોતાના કૂળ કે જાતની કિંમત ન હોય.
- ઉત્તમ ચીજનું મૂલ્ય થાય, હલકીનું નહીં.

⇨ **વાંણિયાને રીઝવતાં ન, વાઘને ખિજવતાં વાર નઈ.**

- વાણિયાને રીઝવતાં અને વાઘને ખિજવતાં વાર નહીં.

કેટલાક માણસો એવા હોય કે તેને રીઝવતાં કે ખિજવતાં વાર ન લાગે.

⇨ **વેતર વંઠે એમાં દાયણ શું કરે ?**

- વેતર વંઠે તેમાં દાયણ શું કરે ?

પોતાનો દોષ કે કમનશીબીનું આળ બીજા પર ન ઢોળાય, બીજાનો વાંક ન કઢાય.

⇨ **વાંણિયો તો ભેંત્યે ચીતરોય હારો નઈ.**

- વાણિયોય ભીંતે ચિતરેલોય સારો નહીં.

કેટલાક માણસો હંમેશા નડે - ફસાવે, પજવે, દુઃખી કરે.

⇨ **વાંણોતરનો વેચ્યો શેઠ વેચાય.**

- વાણોતરનો વેચ્યો શેઠ વેચાય.

ભરોસાથી ગમે તેવું કામ થાય.

⇨ **વાંણિયો રીઝે તો તાલી આલે, ને ઈજડો રીઝે તો તાલી પાડે.**

- વાણિયો રીઝે તો તાલી આપે, ને હીજડો રીઝે તો તાબોટા પાડે.

કંજુસ માણસ રીઝે તોય તાળી સિવાય કશુંય ન આપે અને નીચ રીઝે તો તાયફો કરે.

⇨ **વાંદરો ઘૈડો થાય પણ ગુલાંટ મારવાનું ના ચૂકે.**

- વાદરો ઘરડો થાય તો પણ ગુલાંટ મારવાનું ન ચૂકે.
- દોયડી બળે પણ વળ ના જાય.
- પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં.
- કૂતરાની પૂછડી ભોંયમાં ઘાલો તોય વાંકી ને વાંકી રહે.

પડી ટેવ, કુટેવ કે લક્ષણ મરવા પડે તો પણ ન બદલાય.

⇨ **વેઠ્ય ઉતારવી.**

- વેઠ ઉતારવી.

ના મરજીથી કામ કરવું.

⇨ **વેઠ્યાવાડ કરવી.**

- વેઠિયાવાડ કરવી.

ન ગમતું કામ પરાણે કરવું કે જેમાં ક્યારેક ભલીવાર ન આવે.

⇨ **વેઠ્યાવાડ્ય કર્ય તાર કે' વાયરો આવશેન ઊંડી જશે.**

- વેઠિયાવાડ કર ત્યારે કહે કે વાયરો આવશે અને ઊંડી જશે.

,,

⇨ **વાંદરાની ગાંડમાં હરી કરવી.**

- વાંદરાની ગાંડમાં સળી કરવી.

સૌથી હરામ ખોર, ખેપાની, અવળચંડો માણસ આવું કરે.

⇨ **વાંદરાન દારૂ પયોન ઉપરથી વેછીં કરડ્યો.**

- વાંદરાને દારૂ પાયો ને ઉપરથી વીછીં કરડ્યો.
- મૂળમાં વાઘરણ ને પાછી વગડે લૂંટઇ.
- મૂર કારેલી ન પાછી લેમડે ચડી.

મૂળમાં અટકચાળો ને દોઢડાહ્યો હોય અને ઉપરથી સદ્ધર માણસનો ટેકો મળે
- પછી શું થાય.
- મૂળમાં અટકચાળો ને ઉપરથી નશો કરે, પછી તોફાને ચઢે

⇨ **વાંહો ન વાંક દેખાય નૈ.**

- વાસો ને વાંક દેખાય નહીં.
- પોતે ધર્મરાજા ને બીજા દુર્યોધન.

પોતાના ગમે તેટલા દોષો હોય તે ન દેખાય, પરંતુ બીજાના નાના અગગુણો દેખાય જ.
- પોતે સજજન - સર્વગુણ સંપન્ન, બીજા બધા નકામા.

⇨ **વૈદ્યને તેડવા જ્યોન મૂવાનો સરસાંમાંન લેતો આયો.**

- વૈદ્યને તેડવા ગયોને મરણનો સાજ લેતો આવ્યો.

અક્કલ વગરનો, ડફોળ, સમજદારી વગરનો, બડફો, દોઢ ડાહ્યો.

⇨ **વૈણાજીમાં વારછા ન ઘરેણાંમ ઘડિયાર.**

- વરણાજીમાં વાળછા ને ઘરેણાંમાં ઘડિયાળ.
- ખીસ્સાં ખાલી ભભકા ભારી.

ખાલી શો બાજી, બાકી અંદર પોલમ પોલ.
- દેખાવ ધનવાનનો, પણ અંદરથી ખાખી બંગાળી.



# શ

⇨ **શમણાંમ રાજ મલે એ શું કાંમનું ?**

- શમણામાં રાજ મળે એ શું કામનું ?

સ્વપ્નમાં મળેલું સુખ ભ્રમ હોય છે.
- ભ્રમને સાચો ન મનાય.

⇨ **શણગાર્યોંત બાવરિયોય હારો લાગે.**

- શણગારેલો તો બારળિયોય સારો લાગે.

શણગારવાથી કદરૂપોય સારો લાગે.
- બાહ્ય ટાપટીપથી વ્યક્તિત્વમાં વધારો થાય છે, પણ અંદરના ગુણની જ કિંમત હોય છે.

⇨ **શાક વઘારવાનાં ફાંફાં ન માંનતા માંની.**

- શાક વઘારવાનાં ફાંફાં અને માનતા માનવી.
- રૂપ્યાનાં ફાંફાં ન લાખોના દાંનની વાતો કરવી.
- હેડવાનાં ફાંફાં ન દોડવાની શરત મારવા બેઠા.

ખોટો દેખાડો કરવો.
- ગજા બહારનો ખર્ચ કરી દેખાડો કરવો.

⇨ **શાંણાન શાંન ન ગધાડાને ડફણાં**

- શાણાને શાન અને ગધેડાને ડફણાં.

ચકોર માણસને માત્ર ઈશારો જ કાફી હોય છે પણ ગધેડા જેવા ડફોળને ડફણાં મારો તો પણ ખબર ન પડે.

⇨ **શિરા હારું શાવક ના થવાય.**

- શિરા માટે શ્રાવક ન થવાય.

નજીવા સ્વાર્થ માટે જાત ન વટલાવાય, નિયમ ન તોડાય.

⇨ **શેઠ કરતાં વાંણોતર ચડે**

- શેઠ કરતાં વાણોતર ચઢે.
- બાપ કરતાં દીકરા સવાયા.

ચેલો કે શિષ્ય -ગુરુ કરતાં સવાયો નીકળે, તો અચરજ ન પામવું.

⇨ **શેઠની શિખાંમણ ઝાંપા હુંધી.**

- શેઠની શિખામણ ઝાપા સુધી.

બીજાની શિખામણથી કોઇ સુધરી જતુ નથી.
- બીજાની શિખામણ કોઇ અમલમાં મૂકતું નથી.

⇨ **શેઠની ગાંડે ફોલ્લી થઇ, તે પંપારીન મોટી કરી.**

- શેઠની ગાંડે ફોડકી થઇ તે પંપાળીને મોટી કરી.

મોટા માણસના નાના અમથા દુઃખને મોટું કરવાની ટેવ.
- ચોળીને ચીકણું કરવું.

⇨ **શેઠની આગર ને ગધાડાની પાછર ઊભા ના રે'વું.**

- શેઠની આગળ ને ગધેડાની પાછળ ઊભા ન રહેવું.

મોટા માણસની આંખે ન ચડવું અને હલકાની પાછળ ન ફરવું. એમ કરવા જતાં માર ખાવા વારો આવે.

⇨ **શેઠની જીભ ને ગુલાંમના ટાંટિયા.**

- શેઠની જીભ ને ગુલામના ટાંટિયા.

શેઠ સત્તાવન હુકમ કરે ને ગરીબ તેનો અમલ કરે

⇨ **શેરના માંથે હવાશેર.**

- શેરના માથે સવાશેર.
- એકબીજાને ઑંટી જાય તેવા.
- એકબીજાની ચોટલી લઇ જાય તેવા.
- ઇંટનો જવાબ પથ્થરથી.

માથાનો મળવો.
- એકબીજાને વટલાવે તેવો મળવો.
- ગર્વ કોઇનો રહેતો નથી.

⇨ **શેચ્યો પાપડ ભાગે નઇ !**

- શેક્યો પાપડ ભાગે નઇ.

સાવ નમાલો માણસ.
- સાવ કામ વગરનો, હરવડ વગરનો માણસ.

⇨ **શેચડીન હાંઠો પૂછડી હુંધી ગર્યો ના ઓચ.**

- શેરડીનો સાંઠો પૂછડી સુધી ગળ્યો ન હોય.

દરેકને પોતાની મર્યાદા હોય.
- બધાયને વિશિષ્ટતા હોય તો નબળાઇ પણ હોય જ.



# સ

⇨ **સત્તા આગર શાંણપણ નકાંમુ.**

- સત્તા આગળ શાણપણ નકામુ.
- સો તારી દલીલ, એક મારો હુકમ.
- બેઠા આગળ ઊભાનું શું જોર.

સત્તાધારી નેતા, વડા કે ધનવાન પાસે ગરીબ, લાચાર કે નાના માણસની બુદ્ધિશાળી દલીલ કે સલાહ નકામી ગણાય.

⇨ **સતી શરાપ દે નૈ ન શંખણીનો લાગે નઇ.**

- સતી શ્રાપ આપે નહીં અને શંખણીનો લાગે નહીં.

કુળવાન સ્ત્રી મલાજો કે મર્યાદા ચૂકે નહીં
- જ્યારે નકટી કે શંખણીની બકબકની કોઇ કિંમત ન હોય.

⇨ **સમતાન ફર મૈંઠાં.**

- સમતાનાં ફળ મીઠાં.
- ધીરજનાં ફળ મીઠાં.
- સબુરીનું ભાડું ખુદા આલે.
- ઉતાવરો બે વાર ભૂલે, ન તૈણવાર ગણે.

ધીરજથી કરેલ કાર્ય સફળ થાય.
- ઉતાવળ કરવા જતાં ભૂલો થાય.

⇨ **સીધો તે એવો કે હૂતરના ફેલા જેવો.**

- સીધો તે એવો કે સૂતરના ફેલા જેવો.

બહારથી તદ્દન સીધો કે સાલસ લાગતો માણસ... અંદરથી વિચિત્ર પણ નીકળે.
- બહારના દેખાવ પરથી રાજી ન થવું. વિશ્વાસ ન મૂકવો.

⇨ **સંપત એવો વરો.**

- સંપત તેવો વરો.

સગવડ હોય તેટલો જ ખર્ચ કરાય.
- સમજી વિચારીને જ પગલું ભરાય જોઇએ.
- બીજાનું જોઇ આંધળુંકિયું ન થાય.

⇨ **સંપતિ ઓચ એવો વરો કરાય.**

- સંપત્તિ હોય તેવો વરો કરાય.
- પછેડી પ્રમાણે સોડ તાણવી.

,,

⇨ **હાપનો કૈડ્યો છછૂંદરાથી ભડકે.**

- સાપનો કરડેલો છછૂંદરથી ભડકે.

એકવાર કડવો અનુભવ થયો હોય તે હંમેશા ચેતીને ચાલે.

⇨ **હાપનો કૈડ્યો છછૂંદરાથી નાહે.**

- સાપનો કરડેલો છછૂંદરથી નાશે.
- દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકી ને પીવે.

એકવાર કડવો અનુભવ થયો હોય તે હંમેશા ચેતીને ચાલે.

⇨ **હાહરે જનારીન છૈનાર કોણ કે'!**

- સાસરે જનારીને છિનાળ કોણ કહે!

દરેકને મોભાનો, પરિસ્થિતિનો લાભ મળે.

⇨ **હાહુના જણ્યા હૌ હરખા.**

- સાસુના જણ્યા સૌ સરખા.

વેરો-આંતરો ન કરવો. સૌ સરખા છે.
- બધાય એક જ માળાના મણકા.

⇨ **હાંમાનું મન ચોર તાર આપડુંય ચોર.**

- સામાનું મન ચોર તો આપણુંય ચોર.

સૌ સરખા સ્વભાવના.
- જેવા સાથે તેવા થવું.

⇨ **હાંનમાં હમજે ત હારું.**

- સાનમાં સમજે તો સારું.

ઈશારાથી સમજી જાય તો સારું નહીં તો માર ખાધાવારો આવશે.

⇨ **હેહલી મરવાની થાય તાર ગારે ભરાય.**

- સસલું મરવાનું થાય ત્યારે ગાળામાં ભરાય.
- ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય.

જેનો ખરાબ સમય આવે તેને અવળી મતિ સૂઝે.

⇨ **હોનાનો સૂરજ ઊજયો.**

- સોનાનો સૂરજ ઊગ્યો.

બધી રીતે ઉત્તમ દિવસ.
- સારો લાભદાયી દિવસ.
- શુકનિયાળ દિવસ જેથી ચારેતરફથી સારા કે લાભના સમાચાર મળે અથવા ઉત્તમ કામ થાય.

⇨ **હોનાના ચૂંડાવારી, દાતણવારીનું ખાય.**

- સોનાનાન ચૂંડાવાળી દાતણવાળીનું ખાય.

ધનવાન કે સુખી માણસ, નાના કે ગરીબ કે લાચાર માણસનું હડપ કરી જવાની વૃત્તિ ધરાવતો હોય તેવા માટે.



⇨ **હૂંકા ભેરું લીલું બરે.**

- સૂકા ભેગું લીલું બળે.
- પાપડી ભેળી ઈયળ બળે.
- ઘોના પાપે પીપળો બળે.

ખરાબ કે નઠારાના સંગથી સારા માણસને શોષવાનો વારો આવે.

⇨ **હુંથારનું મન બાવરિયે.**

- સુથારનું મન બાવળિયે.
- ઘોંચીનું મન ખોળમાં.
- અઘાંણીને ગૂનાં સમણાં આવે.

જેનો જેવો ધંધો, તેને તેવાં જ સ્વપ્ન આવે.
- જેનો જેવો ધંધો, તેને તેના જ વિચારો આવે.

⇨ **હૂંયાંણી પાંહે પેટ ના હંતાડાય.**

વૈદ્ય, વકીલ ને દાક્તર પાસે સાચું જ બોલવું પડે.

# હ

➪ **હક્કરમીની જીભ ને અક્કરમીના ટાંટિયા.**
- શેઠિયાની જીભ ને ગુલાંમના ટાંટિયા.
- શેઠની જીભ ને ગુલામના ટાંટિયા.

નશીબદાર કે સત્તાવાન હુકમ કરે અને ગરીબ તેનો અમલ કરે.
- શેઠની જીભ ચાલે ને ગુલામના પગ.

➪ **હમજુ માંણહથી બલાય ભાગે.**
- સમજુ માણસથી બલયા ભાગે.

સમજદારથી તકલીફો કે નડતરેય દૂર રહે.

➪ **હરેલા ઘવ દરેલા હારા.**
- સળેલા ઘઉં દળેલા સારા.

જે તે વસ્તુને નાખી દેવા કરતાં સમયસર વાપરીને કામમાં લઇ લેવી.
- જે તે વસ્તુનો સમયસર ઉપયોગ કરી લેવો.

➪ **હત્તર પાંચ પંચાંણું, બે મેલ્યા છુટ્યના, લાવો પુરા હતાંણુ.**
- સત્તર પાંચ પંચાણું, બે મૂક્યા છુટના, લાવો પુરા સત્તાણું.

હિસાબમાં ગોટાળા કરી છેતરી લેવાનો કસબ.
- વાણિયાવેડા કરી છેતરવું.

➪ **હમજે નઈન હરખો ભાગ માગે.**
- સમજે નહીંને સરખો ભાગ માગે.
- ખબર પડે નહીં ને મૂલ કરવા બેસી જવું.

વાતને જાણ્યા વગર વચ્ચે કૂદી પડવું.

➪ **હાચાબોલાન હગી માય મારે.**
- સાચાબોલાને સગી માય મારે.

સાચું બોલનારને ખૂબ જ સહન કરવું પડે. આજે તો જૂઠ્ઠો જ જીતે.

➪ **હાત બાંમણ મારીન એક પાટીદાર ઘડ્યો છે.**
- સાત બ્રાહ્મણ મારીને એક પાટીદાર ઘડ્યો છે.

પુરો ખાઉધરો - પૂરો કાજી, પૂરેપૂરો બનેલો.

➪ **હાત આંણિયા મારીન એક પાટીદાર ઘડ્યો છે.**
- સાત વાંણિયા મારીને એક પાટીદાર ઘડ્યો છે.

પૂરેપૂરો કંજુસ, ચીકડો ને હોંશિયાર કાવસિયો,પૂરેપૂરો બનેલો.
- વાણિયાનેય ચઢે તેવો.



➪ **હાહું ભાગે એ કલાડ્યાં ન વવ ભાગે એ ઠેકરાં.**
- સાસું ભાગે એ કલેડાં ને વહુ ભાગે એ ઠીકરાં.
- મોટા કરે એ રામલીલા ને નાના કરે તે છેનાળવું.

મોટા, મોભી કે આગેવાન ખોટું કરે તો પણ યોગ્ય જ કહેવાય અને નાના યોગ્ય કરે તો પણ નકામું કહેવાય.

➪ **હાપ લાંબો ન ઘો પો'રી.**
- સાપ લાંબો ને ઘો પહોળી.
- જેમના હૂવો એમના ખાટલા વચ્ચેના વચ્ચે.
- મૂવા નૈન ભૂત થયા.

જે થવાનું હોય તે થઇને જ રહે.
- કશો જ ફરક ન પડવો.

➪ **હૈની (દરજીની) હાંજ ને મોચીન હવાર ના થાય.**
- સૈની સાંજ અને મોચીની સવાર ન થાય.

આ બધી કારીગર જાત ક્યારેય વાયદો ન પાળે, વારંવાર ધક્કા ખવરાવે.
- કારીગર જાતના વાયદા પર વિશ્વાસ ન કરાય.
- વારંવાર વાયદા કરનારો.

➪ **હાં હૂવાવડ હારી પણ એક કહૂવાવડ નઠારી.**
- સો સૂવાવડ સારી પણ એક કસૂવાવડ નઠારી.

સો સીધાં કામ સારાં પણ અઘરું કે નઠારું કામ ભારે પડી જાય.

➪ **હાં હૂવાવડ હારી પણ એક કહૂવાવડ ખોટી.**
- સો સૂવાવડ સારી પરંતુ એક કસૂવાવડ ખોટી.

"

➪ **હૌ હવનું કરશે, આપડે શું ?**
- સૌ સૌનું કરશે, આપણે શું ?

દરેક પોતાનું ફોડે, આપણે માથું ન મારવું.
- દરેકે પોતાનું સંભાળવું, બીજાએ માથું ન મારવું.

➪ **હૌ હવનું ફૂટશે, આપડે શું ?**
- સૌ સૌનું ફૂટશે, આપણે શું ?

"

# પ્રકરણ - ૨

# ઉપમા - અલંકાર

**⇨ અવરચંડી રાંડ જેવો.**
- અવળચંડી રાંડ જેવો.

ઉંધી ખોપરીનો. હંમેશા કહે તેનાથી વિરૂદ્ધ વર્તન કરનારો.

**⇨ અછો અછો વાંનાં કરવાં.**
- અછો અછો વાનાં કરવાં.

ખૂબ લાડ કરવા.
- ખૂબ કાળજી લેવી સારસંભાળ લેવી.

**⇨ અથેરીમાં ચાંદ દેખાડવો.**
- હથેળીમાં ચાંદ દેખાડવો.

ખૂબ મોટી લાલચ આપવી.
- ખોટી છેતરામણી લાલચ આપવી.

**⇨ આદર્યા અધુરાં રઇ જવાં.**
- આદર્યા અધુરાં રહી જવાં.

નિર્ધારીત સંકલ્પ પૂરો ન થવો.
- શરૂ કરેલું કાર્ય પૂર્ણ ન થવું.

**⇨ આદુ ખઇન પાછર પડી જવું.**
- આદુ ખાઇને પાછળ પડી જવું.

વગર કારણે કોઇ માણસને હેરાન પરેશાન કરી મૂકવો.

**⇨ અઇ તો બાપ મટી દીકરા થવાનું થયું.**
- અહીં તો બાપ મટી દીકરા થવાનું થયું.

પરિસ્થિતિના કારણે લાચાર કે મજબૂર જવું પડે.

**⇨ અઇ તો કાકા મટી ભત્રીજા થવાનું થયું.**
- અહીં તો કાકા મટી ભત્રીજા થવાનું થયું.

,,

**⇨ ઉંદર-બલાડી જેવો મેર.**
- ઉંદર-બિલાડી જેવો મેળ.

પાકી દુશ્મની, બેઉંની આખો લડે.
- આંખના પાટા જેવું વહાલ.

**⇨ એકડા વગરનાં મેંડાં.**
- એકડા વગરનાં મીંડાં.
- વર વગરની જાન.
- સરદાર વગરની ફોજ.

જેની કશી જ કિંમત નથી તેવા.

**⇨ એકથી ભલા બે.**

એકલા કરતાં બે જણા બધી રીતે ઉત્તમ સાબિત થાય.

**⇨ એ તો લલવો છ.**
- એ તો લલવો છે.

ડફોળ, બુદ્ધિ વગરનો, ગતાગમ વગરનો.



**⇨ એ તો ભમતો ભૈડો છ.**
- એ તો ભમતો ભેડો છે.

જેને ઘર-કુટુંબની પડી નથી તેવો નફિકરો ને રખડું માણસ.

**⇨ એ તો હાવ પિત્તર છે.**
- એ તો સાવ પિત્તળ છે.

વિશ્વાસ ન મૂકી શકાય તેવો નકામો માણસ.

**⇨ કાગનું બેહવું ન ડારનું પડવું.**
- કાગનું બેહવું ન ડારનું ભાગવું.
- કાગનું બેસવું અને ડાળનું ભાગવું.

આકસ્મિક બની જવું.
- તાકડે બની જવું.
- જોગાનું જોગ બનવું.

**⇨ કાગનો વાઘ કરવો.**
- વાતનું વતેસર કરવું.
- રજનું ગજ કરવું.
- રઈનો પરવત કરવો.
- પીછાનો કાગ કરવો.
- વાતનું વરેડું કરવું.
- વાતનું વતેસર ને કાંટાનું કટેસર કરવું.

નાની વાતને જબ્બર મોટું રૂપ આપવું.

**⇨ કાગરની આંલ્લી ચૂલે ચડે નઇ.**
- કાગરની હાંલ્લી ચૂલે ચઢે નહીં.

બુદ્ધિ વગરનું, સમજણ વગરનું કામ ન કરાય.

**⇨ કુંભાર ભાગલા આંલ્લામ ખાય.**
- ઓઝું ભાગલા આંલ્લામ ખાય.
- કુંભાર ભાગલા હાંલ્લામાં ખાય.
- વાડીવાળો હરેલું શાક ખાય.

જેની પાસે બધું જ હોય તે ભોગવી ન શકે.
- જેની પાસે જે હોય તેનો ઉપયોગ કરી ન શકે.

**⇨ કુલ્લી ખહી જવી.**
- કુલ્લી ખસી જવી.

કામ પતાવતાં પતાવતાં હાંફી જવું.
- નાકે દમ આવી જવો.

**⇨ કૂતરાની પૂછડી વાંકી એ વાંકી.**
- કૂતરાની પૂછડી વાંકી તે વાંકી.

પડી ટેવ કે કુટેવ ન બદલાય
- સૌ પોતાના મૂળભૂત સ્વભાવ પર જાય જ. મૂળ સ્વભાવ ન છૂટે.

**⇨ કૂતરાંન સંઘ કાશીએ ના જાય.**
- કૂતરાંનો સંઘ કાશીએ ન પહોંચે.
- દેડકાંની પાંચ્છેરી.

એકબીજા સાથે સંપ ન હોય, તેવા માણસો સાથે રહી કામ ન જ કરી શકે.

| | |
|---|---|
| ⇨ **કૂતરું તાંણે ગાંમ ભણીન શિયાર તાંણે શેમ ભણી.** | અંદરો અંદરની ખેંચતાણ કે મૈંએ મહીના ડખા... ક્યારેય કામ પાર ન જ પડવા દે. |
| ⇨ **કૈણી એવી પાર ઉતૈણી.**<br>• કરણી તેવી પાર ઉતરણી.<br>• કૈણી એવી ભૈણી.<br>• કરણી તેવી ઉતરણી/ભરણી.<br>• કરે એવું પામે. | કરો તેવું પામો. |
| ⇨ **કોકના પેટ પર પાટુ ના મરાય.**<br>• કોકના પેટ પર પાટુ ન મરાય. | કોઇની રોજીરોટી છીનવી ન લેવા.<br>- બીજાના હક્ક છીનવી ન લેવાય.<br>- કોઇની મળતી રોજી છીનવી ન લેવાય. |
| ⇨ **કોકના પેટ પર પગ મૂકવો.**<br>• કોઇના પેટ પર પગ મૂકવો. | ,, |
| ⇨ **કોઇના પેટ પર પાટુ ન મરાય.** | ,, |
| ⇨ **કોગરે દવ ના ઓલવાય.**<br>• કોગળે દવ ના હોલવાય. | ખોટી મજૂરી ન કરાય.<br>- અક્કલ વગરની મહેનત ન કરાય.<br>- હાંસીપાત્ર કામ ન થાય. |
| ⇨ **કાંણીન કોણો વા'લો ન રાંણીન રાજા.**<br>• કાંણીને કાંણો વહાલો, રાણીને રાજા.<br>• મિયાં બીવી રાજી તો ક્યા કરે કાજી ? | જેને જે પાત્ર ગમ્યું એ એના માટે ઉત્તમ. |
| ⇨ **કોલી કાકડીયે રાજી.**<br>• કોરી કાકડીયે રાજી.<br>• કોળી કાકડીએ રાજી. | જે પાણીએ મગ ચઢતા હોય એણ ચઢવા દેવા.<br>- જે વસ્તુએ રાજી થતો હોય એને તે આપવી. |
| ⇨ **કાંણું ઘોડું કૈડકણું બવ.**<br>• કાણું ઘોડું કૈડકણું બહું. | નબળું પ્રાણી અળવીતરું હોય.<br>- નબળો માણસ નખરા બહું કરે. |



| | |
|---|---|
| ⇨ **ખાખરાની ખિસકોલીન હાકરના હવાદની શી ખબર પડે ?**<br>• ખાખરાની ખિસકોલીને સાકરના સ્વાદની શી ખબર પડે ? | સામાન્ય માણસને ઉચ્ચ કૂળના સંસ્કાર કે રીતિરિવાજની ખબર શી રીતે પડે ? |
| ⇨ **ખાખા વેંછી પડી જવા.**<br>• ખાખા વીંછી પડી જવા. | ખૂબ જ તકલીફ પડવી. |
| ⇨ **ખાતર પાછર દિવેલ.**<br>• ખાતર પાછળ દિવેલ. | ફાયદો થવાનો નથી એ જાણવા છતાં એની પાછળ વ્યર્થ ખર્ચ કરવો. |
| ⇨ **ખાપરા કોડિયા જેવો.** | પાવાગઢ પ્રદેશની આસપાસ બે ચોર-લૂંટારા થઇ ગયા. બંને પાકા દોસ્ત હતા. જેમને એકબીજા વિના જીવવું શક્ય ન હતું એવા જીગરજાન દોસ્ત. એકબીજા વગર ન જીવી શકે તેવી દોસ્તી. |
| ⇨ **ખારે ડૂંચા ન બાચણાં ઉઘાડાં.**<br>• ખાળે ડૂચા અને બારણાં ખુલ્લાં.<br>• છાશનો લોભ ને ઘીની છૂટ.<br>• પૈણાની બાધા ન નાતરાની છૂટ. | દીર્ઘદ્રષ્ટિ વગરનું આયોજન. |
| ⇨ **ખીલાન બરે વાછડું કૂંદે છ.**<br>• ખીલાના બળે વાછરડું કૂંદે છે. | કોઇ આગેવાન, નેતા કે વગદાર માણસનું પીઠબળ હોવું. |
| ⇨ **ગજ વાગતો નહીં.**<br>• ગજ વાગતો નથી. | જેની પાસે કામ કઢાવવું છે એના સુધી પહોંચી શકાય તેવી વગ નથી. |
| ⇨ **ગધાડી ફૂલેકે ચડી છ.**<br>• ગધેડી ફૂલેકે ચઢી છે. | હલકું માણસ તાનમાં આવી નાચ નખરાં કરે.<br>- છાપરે ચઢી નાચ કરવાનો, દેખાડો કરવો. |
| ⇨ **ગબલા ચોંથ્ય કરવી.**<br>• ગબલા ચોથ કરવી. | નકામી ભાંજગડ ન કરવી.<br>- વાતવાતમાં વગર કારણે ખોટો ડખો ઊભો કરવો. |
| ⇨ **ગધાડાન લેંડાન પાપડ ના થાય.**<br>• ગધાડાના લીંડાના પાપડ ન થાય.<br>• થૂંકે પૂડા ના કરાય. | ખોટી કરકસર ન કરવી.<br>- જેના માટે જે જરૂરી હોય તેનો જ ઉપયોગ થાય. એની અવેજી ન મળે. |

⇨ **ગરજે ગધાડાન બાપ કે'વો પડે.**

ગરજ હોય ત્યારે ગમે તેવાને કાલા કરવા પડે, પગે પણ પડવું પડે.

- ગરજે ગધેડાનેય બાપ કહેવો પડે.
- ગરજ બચારી બાપડી, ગરજે ગોદા ખાય.
- ગરજ સાકરથીય ગળી.
- ગરજવાનને અક્કલ ન હોય.

⇨ **ગરજ ગાંઠે ન વિદ્યા પાઠે.**

પોતાનો સ્વાર્થ સાચવવો.
- ગરથ એટલે નાણું - સાચવીને મૂકાય
- ને મુખપાઠ કરો તો જ વિદ્યા આવે.

- ગરજ ગાંઠે ને વિદ્યા પાઠે.
- ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે.

⇨ **ગરજ મટી ને વૈદ્ય વેરી.**

સ્વાર્થ પત્યા પછી સામેવાળો દુશ્મન.

- ગરજ મટી અને વૈદ્ય વેરી.
- ગરજ મટી એટલે વૈદ્ય વેરી.

⇨ **ગરજ હરી એટલે મતિ ફરી.**

,,

- ગરજ હરી અમારી, પછી શી પડી તમારી.

⇨ **ગરજ હાકરથીય ગરી.**

ગરજ હોય એટલે સામેવાળો ખૂબ વહાલો લાગે, મીઠો લાગે.

- ગરજ સાકર કરતાંય ગળી.

⇨ **ગરજુ કુસ્કીથીય હુંઘો.**

ગરજવાનની કોઇ કિંમત કરતું નથી.
- ગરજવાનનું કોઇ મૂલ્ય ન હોય.

- ગરજું કુસ્કીથીય સોંઘો.

⇨ **ગાડા પે'લાં હમોલ શું કરવાની ?**

જે વસ્તુની જરૂર ન હોય એ લાવીને દેખાડો કરવાની વૃત્તિવાળા.

- ગાડા પહેલાં હમોલ શું કરવાની ?
- ઘોડી પે'લાં લગામ લાયા.

⇨ **ગાંગા પારસી કરવી.**

કોઇને છેતરવા, લીધેલ વસ્તુ પાછી ન આપવા. - બનાવટ કરવી, ત્રાગુ કરવું.

⇨ **ગોરે મરતો ઓય એન વખે ના મરાય.**

મીઠી વાણીથી કામ નીકળી જતું હોય તો દુશ્મની ન કરાય.

- ગોળે મરતો હોય તેને વખે ન મરાય.



⇨ **ઘઉં ભેગા કાંકરા વેચાય.**

સારા ભેગું હલકું, ભેળસેળ કરતાં વેચાઇ જવું.
- સારાની સાથે હલકું આવે.

- ઘઉં સાથે (ભેળા) કાંકરા વેચાય.

⇨ **ઘરમાં આલ્લાં તડાકા મારે.**

ઘરમાં સમ ખાવાનો દાણલ ન હોવો.
- ભયાનક ગરીબી હોવી.

- ઘરમાં હાંલ્લાં તડાકા મારે.
- ઘરમાં આલ્લાં કુસ્તી કરે.

⇨ **ઘાઘરિયો વસ્તાર.**

ઘરમાં છોકરીઓની વસ્તી વધારે હોય તેવું કુટુંબ.

⇨ **ઘા પર મેંઠું ભભરાવવું.**

મદદ કરવાના બદલે, એના દુઃખમાં વધારો કરવો.

- ઘા પર મીઠું ભભરાવવું.

⇨ **ઘેલીનાં ઘેર ઘેર હાહરાં.**

દાઘારંગી સ્ત્રી.
- અક્કલ વગરની સ્ત્રી.

- ઘેલીનાં ઘેર ઘેર સાસરાં.

⇨ **ઘેર ઘેર માટીનાં ચૂલા.**

સંસારમાં રહ્યા એટલે દરેક ઘરમાં કજીયો-કંકાશ થાય.

- ઘરમાં (બે) વાહણ હોય તો ખખડે.

⇨ **ઘૈડી ગાયને કોટે ડેરો.**

અર્થ વગરની પરોજણ.
- જેને જરૂર ન હોય એની પર જાપ્તો રાખવો.

- ઘરડી ગાયના કોટે ડેરો.

⇨ **ઘોડી પાછર વછેરું.**

કેટલીય વસ્તુઓ, એકબીજા સાથે જોડાયેલી હોય છે.

- ઘોડી પાછળ વછેરું.
- ગાય પાછળ વાછડું.

⇨ **ઘો મરનારી થાય તાર વાઘરીવાડે જાય.**

ખરાબ બનવાનું હોય ત્યારે કુમતિ સૂઝે.
- નશીબ વાંકું હોય ત્યારે આફત આવે જ.

- ઘો મરનારી થાય ત્યારે વાઘરીવાડે જાય.

⇨ **ચકૈડી ભમૈડી રમાડવી.**

ગોળ ગોળ ફેરવવો, દાદ ન આપવી.
- કાઠું ન આપવું, ઘડું ન ધીરવું.

- ચકરડી ભમરડી રમાડવી.

⇨ **ચણિયારે ઉંદૈડા વટાય છે.**

ઘરમાં ખૂબ ગરીબી હોવી.

- ચણિયારે ઉંદરડા વટાય છે.

⇨ **ચમડી ટૂંટે પણ દમડી ના ટૂંટે.**

ખૂબ કંજૂસ માણસ.

⇨ **ચા કરતાં કીટલી વધારે ગરમ.**

- ચ્હા કરતાં કીટલી વધારે ગરમ હોય.
- ગોલાં કરતાં ગધાડાં ડાયાં.
- શેઠ કરતાં વાંણોતર ડાયા.

હલકા માણસો પતરાજી ઝાઝી કરે.
- શેઠ ન બોલે પણ વાણોતર વધારે ડહાપણ કરે.

⇨ **ચીલો ચીતરવો.**

બળવો કરવો, નવો રસ્તો પાડવો.
- સમાજ સામે થવું, રૂઢિ તોડવી.

⇨ **ચેકણો લાટ છે.**

- ચીકણો લાટ છે.

અતિશય કંજૂસ.
- કોઇ વાતે ન માને તેવો.

⇨ **ચાંદો અથેરીમાં દેખાડવો.**

- ચાંદ હથેળીમાં દેખાડવો.
- ચાંદો અથેરીમાં દેખાડે એવો.
- ચાંદ હથેળીમાં દેખાડે તેવો.

ભલભલા કાબાને છેતરી જાય તેવો.
- ભલભલાને બાટલીમાં ઉતારે તેવો કાબો.

⇨ **ચોરની મા કોઠીમ પેહીન રડે.**

- ચોરની મા કોઠીમાં પેસીને રડે.

ખોટાં કામ કરનાર પોતે અને એનાં કુટુંબીજનો સમાજમાં મોં ન બતાવી શકે.

⇨ **છાશ બાકરા થઇ જવું.**

હક્કા બક્કા થઇ જવું.
- ખૂબ અઘરું કામ હોવું.

⇨ **છોકરાંના ખેલ નહીં.**

- છોકરાંના ખેલ નથી.

સહેલું કામ નથી.

⇨ **છોકરો પિસ્તોલ જેવો છ.**

- છોકરો પિસ્તોલ જેવો છે.

છોકરો બધી રીતે, ચાલાક, બળુકો અને દેખાવડો છે.

⇨ **જબાંન આર્યો એ ભવ આર્યો.**

- જુબાન હાર્યો તે ભવ હાર્યો.

વચન ચૂકે તેનું જીવતર ધૂળ જેવું ગણાય.

⇨ **જીવતો જન ભદ્રા પાંમે.**

- જીવતો નર ભદ્રા પાંમે.
- જીવતો નર ભદ્રા પામે.

જીવતા હોઉશું તો કશોક ઉદ્યમ થશે. મરીને માળવો ન લેવાય.

⇨ **ટાડા પાંણીએ ખાંહ ગઇ.**

- ટાઢા પાણીએ ખસ ગઇ.

વગર વિઘ્ને આફત ટળી.
- વગર વિઘ્ને બલા ટળી.



⇨ **ટાંટિયાની કડી થઇ ગઇ.**

- ટાંટિયાનું તોરણ થઇ જવું.
- ટાંગા ફરી જ્યા.
- ટૂટિયો વલ્લો આવવો.

એક કામ પાર પાડતાં પાડતાં ખૂબ દોડધામ કરવી પડી.
- કોઇને શોધવા જતાં, વારંવાર ધક્કા ખાવા છતાં ન મળે ત્યારે આ કહેવત વપરાય છે.
- જ્યારે કોઇની પાસે માગવા જઇએ ત્યારે પેલો કઇ જ ન બોલે, જવાબ ન આપે ત્યારે આ કહેવત વપરાય છે.

⇨ **ઠરીન ઠાંમ થઇ.**

- ઠરીને ઠામ થઇ.

કોઇ સ્ત્રી પરણ્યા પછી વારંવાર પિયર આવે, જેને સાસરે ન ગમે, પણ વરસો પછી સાસરે ગોઠવાઇ જાય, ને ઘર મોંડે તેના માટે.

⇨ **ડુંગરા દૂરથી રરિયામણાં**

- ડુંગરા દૂરથી. રળિયામણાં

છેટેથી બધું જ સારું લાગે.
- જ્યાં સુધી અંગત પરિચય ન થાય ત્યાં સુધી તે જણ કે કુટુંબ સારું લાગે, પણ ગાઢ પરિચય પછી જ ખબર પડે કે કુટુંબ કેવું છે.

⇨ **ડૂબતો તખલું પકડે .**

- ડૂબતો માણસ તખલું પકડે.
- ડૂબતો માણસ તણખલું પકડે.

ડૂબતો માણસ બચવા માટે ગમે તેનો સહારો લઇ લે.

⇨ **ડાંગે માર્યા પાંણી છૂટાં ના પડે.**

- ડાંગે માર્યા પાણી છૂટાં ન પડે.

કુટુંબમાં લડાઇ, ઝઘડા થવા છતાં એમ કંઇ સહેલાઇથી સંબંધ તૂટતા નથી.

⇨ **ઢોલ વાગે એ છાંનું ના રે'.**

- ઢોલ વાગે ત્યારે છાનું ન રહે.

ખરાબ કામ છાનું રહેતું નથી, તેમજ સારું કામ પણ જગજાહેર થઇ જાય છે.

⇨ **ઢાંકણીમ પાંણી લેયન ડૂબી મરવા જેવું થયું.**

- ઢાંકણીમાં પાણી લઇને ડૂબી મરવા જેવું થયું.

સાવ સહેલું કાર્ય પણ પાર પાડી ન શક્યા.
- ખૂબ શરમાવા જેવું થયું.

⇨ **તલ પાપડ થવું.**

ખૂબ જ અધિરા થઇ જવું.
- મનચાહી વસ્તુ મેળવવા કે મળવાથી અણી પર ખૂબ બેચેન થઇ જવું.

| | |
|---|---|
| ⇨ **તારા જેવા ત મારા ગજવામાં પડ્યા છ.** | સામા માણસની કોઇ જ વિસાત નથી એવી બડાશો મારવી અથવા તું તુચ્છ છે એમ કહી ઉતારી પાડવો. |
| ⇨ **તારા જેવા ત મારે મન ભાજી મૂરા.** | ,, |
| ⇨ **તારા જેવા ત મારા પેટમાં કરમિયા પડ્યા છ.** | ,, |
| ⇨ **તારા જેવાન પૂછેછ મારો ભૂતો ભૈ.** | ,, |
| ⇨ **હાહું તું તો મારે મન ભૂમશી બરાબર.** | ,, |
| ⇨ **તારું ત મગજ છેક અથાંણું ભરવાન બૈણી ?**<br>• તારું તો મગજ છે કે અથાણુ ભરવાન બરણી ? | અક્કલ વગરનો, વિવેક બુદ્ધિ વગરનો ડફોળ માણસ છે. એવું કહી ઉતારી પાડવો.<br>- આટલી સાદી વાત સમજણ નથી પડતી તું તો મગજ વગરનો છે... એવો ટોંણો મારવો. |
| ⇨ **તૈણા ઓથે ડુંગર.**<br>• તરણા ઓંથે ડુંગર. | તક ન મળવી-વાંકુ નસીબ. |
| ⇨ **થાચ્યાના ગવ છેટા.**<br>• થાક્યાના ગાઉં છેટા. | થાક લાગે ત્યારે મંજિલ ખૂબ દૂર લાગે. |
| ⇨ **થેંગડા મારવાં.**<br>• થિંગડા મારવાં. | કામ પાર પાડવા, ગમે તેવા લોચા મારી પતાવવું.<br>- કામ પાર પડ્યું પણ મજા ન પડી, કારણ કે જ્યાં ને ત્યાં સમાધાન કરવું પડ્યું. |
| ⇨ **દયા ડાકાણને ખાય.**<br>• દયા ડાકણને ખાય. | દયા કરીને છોડી દીધા પછી એ જ સામે થાય.<br>- માટે ખોટી દયા ન જ ખાવી, નહીં તો પસ્તાવું પડે. |
| ⇨ **દશેરાન દા’ડે જ ઘોડું ના દોડ્યું.**<br>• દશેરાન દા’ડે જ ઘોડું ના દોડ્યું. | અણીના સમયેન નશીબે સાથ ન આપ્યો.<br>- અણીના સમયેય વિઘ્ન આવી પડ્યું. |



| | |
|---|---|
| • દશેરાના દિવસે જ ઘોડું ન દોડ્યું. | - હાથવેંતમાં આવેલ બાજી હારી ગયા.<br>- મોંમાં આવેલ કોળિયો ઝુટવાઇ ગયો. |
| ⇨ **દાઝ્યા પર ડાંમ.**<br>• દાઝ્યા ઉપર ડામ.<br>• જશના માથે જૂતિયાં.<br>• ગુણ પર અવગુણ.<br>• કાંમેય કરવાનું ન મારેય ખાવાનો ? | એક તો નુકશાન થયું હોય અને એના માટે વગર વાંકે ઠપકો સાંભળવાનો. |
| ⇨ **દીવા તરે અંધારું.**<br>• દીવા તળે અંધારું.<br>• દીવા નીચે અંધારું.<br>• મોર કળા કરે તાર પાછળ નાગો દેખાય. | સુપાત્ર, બળવાન કે આગેવાનના વંશજો નમાલા પાકે. |
| ⇨ **દુખતી રગ દાબવી.**<br>• દુખતી રગ દબાવવી. | બીજાની જાણીતી નબળાઇનો જાણીજોઇને દૂર ઉપયોગ કરવો. |
| ⇨ **દૂધનો દાઝેલો છાશેય ફૂંચી ફૂંચીન પીવે.**<br>• દૂધનો દાઝેલો છાશેય ફૂંકી ફૂંકીન પીવે. | એકવાર ઠોકર ખાધા પછી, છેતરાયા પછી વધારે પડતા સચેત થઇ જવું. |
| ⇨ **ધરમ ધક્કો થયો.**<br>• ધરમ ધક્કો પડ્યો. | ફોગટ ફેરો પડવો, કામ ન થવું. |
| ⇨ **ધરમની ગાયના દાંત ના જોવાય.**<br>• ધરમાદાની ગાયના દાંત ન જોવાય. | મફતમાં કે દાનમાં મળેલ ચીજની ગુણવત્તા ન જોવાય. |
| ⇨ **ધૂર ઉપણ્યે ત કાંકરા જ મલે.**<br>• ધૂળ ઉપણ્યે તો કાંકરા જ મળે. | જેવું વાવો તેવું લણો. |
| ⇨ **ધૂરનોય ખપ પડે.**<br>• ધૂળનોય ખપ પડે. | સમય આવે તણખલાનોય ખપ પડે, માટે બધા સાથે સારપ રાખવી. |
| ⇨ **ધૂમાડામ બાચકા ભરવા.**<br>• ધૂમાડામાં બાચકા ભરવા.<br>• અંધારામાં હવાતિયા મારવું. | ખોટાં હવાતિયાં મારવા.<br>- ભ્રમણામાં જીવવું.<br>- હવાઇ કલ્પનામાં રાચવું. |

| | |
|---|---|
| ⇨ **ધોબીન કૂતરો નઈ ઘરનોકે નઈ ઘાટનો.** | બેઉ ભવ બગડે તેવું કામ ન કરવું. |
| • ધોબીન કૂતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો. | - એવી સ્થિતિમાં ન આવવું કે નિર્ણય ન લઈ શકાય. |
| • બાવાના બેય બગડે. | |
| • હિચારી હાહુંની ઉંકેડે માંકણ. | |
| • ઝાઝા ઘરનો પરોણો ભૂખે મરે. | |
| ⇨ **નક્ટીનો વર જોગી.** | જેવાને તેવું જ મળે. |
| • તલનું ઘરાક ઘાંચી. | - જૂગતે જોડી મળવી. |
| • વર બાડો ન કન્યા આંધરી. | - લાયકાત પ્રમાણે જ મળે. |
| • મિયાં ખોડા ને બીબી જગડું બોખી. | |
| ⇨ **નકલમાં અકલ નઈ.** | નકલ કરવામાં અક્કલની જરૂર ન પડે. |
| • નકલમાં અક્કલ નહીં. | |
| ⇨ **નાગાન ગામ્માં ધોબીન ધંધો ના થાય.** | દરેક વાતે વિવેક બુદ્ધિ વાપરવી ખૂબ જ જરૂરી છે. |
| • નાગાના ગામમાં ધોબીનો ધંધો ન થાય. | |
| ⇨ **નાગાની પાંચ્છેરી ભારે ઓય.** | નાગા પાસે કોઈનું કશું ન ચાલે. |
| • નાગાની પાંચશેરી ભારે હોય. | - નાગો ફાવે તે કરે. |
| • નાગાની પાંચશેરી હાતહાત શેરની. | |
| ⇨ **નાગાન નખરાં, ન ઉઘાડાન ધખારો.** | વગર કામનાં નખરાં કરવાં |
| • નાગાને નખરાં ને ઉઘાડાને ધખારો. | - વગર કામનાં ચાંપલાવેડા કરવા. |
| ⇨ **નાથ માંચડી વગરનો.** | ગમે તેવું વર્તન કરનાર. |
| • નાથ માંચડી વિનાનો. | - કોઈને ગાંઠે નહીં તેવો. |
| ⇨ **પગે પાંણી આઈ જ્યું.** | કોઈની રાહ જોતાં જોતાં થાકી જવું. |
| • પગે પાણી આવી ગયું. | - ખૂબ થાકી જવું. |



| | |
|---|---|
| ⇨ **પાડાન વાંકે પખાલીન ડાંમ.** | ગુનો કરે કોઈ ન સજા ભોગવે કોઈ. |
| • પાડાના વાંકે પખાલને ડામ. | |
| • કરડે માંકણ ને માર ખાય ખાટલો. | |
| • કરે કોઈ ને ભોગવે કોય. | |
| • ખાઈ જાય ખોડી ને માર ખાય હરેડી. | |
| ⇨ **પીરું એટલું હોનું નઈ.** | દેખાવ પરથી કોઈના વિશે એના સારા-ખોટાં ગુણનું અનુમાન ન કરવું. |
| • પીળું એટલું સોનું નહીં. | |
| ⇨ **પોત પરકાસવું.** | જાત પર જવું. |
| • પોત પ્રકાશવું. | |
| ⇨ **બાંધ છોડ્ય કરવી પડે.** | સંજોગો પ્રમાણે સમાધાન કરીને જ જીવવું પડે. |
| • બાંધ છોડ કરવી પડે. | |
| ⇨ **બાંધી મુઠ્ઠી લાખની ઉઘાડી વાખાય.** | ભેદ ખુલી ન જાય ત્યાં સુધી જ તેની કિંમત. એકવાર ભેદ ખુલી જાય, પછી કિંમત કોડીની થઈ જાય. |
| ⇨ **રૂપરૂપનો અંબાર.** | અતિ સ્વરૂપવાન અપ્સરા જેવી. |
| ⇨ **નાક વનાનો.** | જેને લાજ શરમ નથી તેવો. નફ્ફટ, નકટો. |
| • નાક વગરનો. | |
| • નાક વિનાનો. | |
| ⇨ **હાંનમાં હમજે ત હારું.** | ઈશારાથી સમજે તો સારું નહીં તો માર ખાવા વારો આવે. |
| • શાનમાં સમજે તો સારું. | |

## પ્રકરણ - ૩ દુહા-સાખી-સોરઠા

➡ **અણ અક્કનું ખાય એનો દારોવાટો જાય, અક્કનું ખાય એનું અભરે ભરાય.**

અણ હક્કનું ખાય, કોઇનું પડાવી લે, તે હંમેશા દુઃખી થાય.

- દૂધના દૂધમાં ને પાંણીના પાંણીમાં.

➡ **દોહરો : (કચ્છી)**

અંધે મેં કાણો રાજિયો,
ફિરાઇ જગ હુંડી[1],
જડે[2] આવો બો અખવારો,
તંડે[3] તેલમેં મખ બૂંડી.

ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
- જ્યાં કોઇ ન હોય ત્યાં કાણો પૂંજાય.

➡ **ઉપકારનો બદલો અપકાર.**

જશના માથે જૂતિયા.

- દયા ડાકણને ખાય.
- ખાઇને ખાહડાં મારે.
- પાએલો સાપ કરડે.
- ગુણ પર અવગુણ કરે.

➡ **દોહરો :**

(૧)
આણંદ કહે પરમાણંદ,
ગુણ કર્યો કાં જાય,
સાવજે[4] પડ્યો અંજાડીએ[5],
કાઢે તેને ખાય.

(૨)
ગુણ પર ગુણ કરે, એ વહેવારાં વટ,
ગુણ પર અવગુણ કરે, તેને તો ફટ.

(૩)
પાળી પોષી મોટો કર્યો, જાત ન પૂછી જોઇ,
ગુણ પર અવગુણ કરે, રખે કાડી હોઇ.

૧. હુંડી - બહુ ફૂલાયો, ૨. જડે - જ્યારે બે આખવાળો આવે, ૩. તંડે - ત્યારે કાણિયો તેલમાં માખ બૂડે એમ શરમાઈ જાય, ૪. સાવજ - સિંહ, ૫. અંજાડીએ - હવડ કૂવામાં



➡ **ઊલટો ચોર કોટવારને દંડે.**

ચોરી કરીને કોટવાળને માથે પાડવી.
- ચોરી કરીને શાહુકાર જેવો રોફ કરવો.

- ઊલટો ચોર કોટવાળને દંડે.

**કુંડળિયો :**

કલજુગકે રાજમેં ભયો અંધેરો ઘોર.

(૧)
ભીડ પડે કોતવાલકું, ઊલટા દંડે ચોર,
ઊલટા દંડે ચોર, મેર કોતવાલ ન ચલ્લે.

(૨)
શાહુકાર કા વજીર,
લાંચ લે અન્યાય બોલે.

(૩)
કહે દીન દરવેશ, ન રહે ઘરણ કે પાયે.

➡ **એકથી ભલે બે.**

એક કરતાં બે સારા, દુઃખ આપત્તિમાં મદદ કરે.

**દોહરો :**

કશું ન નીપજે એકથી,
ફોકટ મન ફૂલાય,
કમાડ ને તાળું મળી,
ઘરનું રક્ષણ થાય.
જોઇએ તેમાં એક પણ,
ઓછો નહીં નિભાય,
પાયા, ઇંસો, ઉપરાં,
મળી ખાટલો થાય.

➡ **આંધરી ઘોડી ને પોચા ચણા, લાગ્યા મેઠા ને ખાધા ઘણા.**

મફતિયું મળે તો ખાવા કે પચાવી પાડવાનું માપ નથી રહેતું.
- મફતિયું મળે તો લૂંટી ન લેવાય.

➡ **અલકું પાતર અદકું ભણ્યો, વઢકણી વવે દીકરો જણ્યો.**

હલકાં માણસને સત્તા મળે ત્યારે ઇતરાજી બહું કરે.

- ઢેડને હવાલદધારી મળી.
- મિયાં હતા ને ભાંગ પીધી.
- ગધેડી ફૂલેકે ચઢી.
- માંકડાને વીંછી કરડ્યો.
- ઊંટ ને પાછું ઉકરડે ચઢ્યું.
- ઉંદરડે દારૂ પીધો.

**દોહરો :**
ધન જોબન ને ઠાકરી, તે ઉપર અવિવેક,
એ ચારે ભેગાં હુંઆં, અનર્થ કરે અનેક.

**છપ્પો :**
ઓદ્દકું પાત્રને અદકું ભણ્યો,
વઢકણી વહુંએ દીકરો જણ્યો.
મારકણો સાંઢ ને ચોમાસુ મહાલ્યો,
કરડકણા કૂતરાને હડકવા હાલ્યો.
મરકટને વળી મદિરા પીએ,
અખા એથી સૌ કોઇ બીવે.

⇨ **કરતા ઓય અબ કિજિયે,**
**ઓર ન કિજિયે કબ,**
**માથું રે' જમીનમાં,**
**ને ઊંચા રે' પગ.**

અર્થાત્:
જે ધંધાની જાણ હોય, અનુભવ હોય તે જ કરવો તો ફાયદો થાય. પરંતુ જેની જાણ ન હોય તે ધંધો કરવા જતાં માર ખાવા વારો આવે.

⇨ **કરવી ખેતી તો જોડ્ય ગાડું, ને કરવી વડવાડ તો બોલ્ય આડું.**

ખેતી કરવી હોય તો બળદગાડું લઇ ખેતરે જવું પડે અને ઝઘડો કરવો હોય તો વાંકું બોલવું પડે.

⇨ **કાગડાની ગાંડમાંથી ગંગાજર ના નેકરે.**

હલકા, નીચ કે નાગા માણસ પાસે સારા વ્યવહારની કે ઉત્તમ માણસાઈની અપેક્ષા ન રખાય. એ તો એના સ્વભાવ પર જાય જ.

**દોહરો :**
ઠાલાં સોગઠાં કૂટતાં,
ખુટ્યું દીપક તેલ,
તોય સાર પામ્યા નહીં,
ખટપટ આવી મેલ.

**દોહરો :**
કાબરી મૂછો ને મૂવો માંજરો,
જેની છાતીએ ન મળે વાળ.
એ શકને જો સંચરો,
તો કદી પાછા ના'વે ઘેર.

પહેલાંના જમાનામાં શુકન-અપશુકનમાં લોકો બહું માનતા ત્યારે કહેવાતું કે કાબરચીતરી મૂછો હોય, જેની છાતીએ વાળ ઊગ્યા ન હોય, આંખો માંજરી હોય, એવા માણસના શુકને બહારગામ જનાર મૃત્યુને ભેટે છે. ભારે અકસ્માત કે અપમૃત્યુ થાય છે.



**દોહરો :**
કાગર, નાગર, ને કૂકડું,
એ તૈણ જાત સજાત,
કાછડ, પૂછડ, ને કૂતરું,
એ તૈણ જાત કજાત.

⇨ **અતિશયમાં સાર નઈ.**

- અતિ સર્વત્ર વર્જયતે.

અતિશયનો સર્વથા ત્યાગ કરવો.
- અતિશય ઘસવાથી ચંદનમાં પણ આગ નીકળે.

**દોહરો :**
અતિ ઘણું ના તાણીએ,
તાણ્યે તૂટી જાય.
તૂટ્યા પછી જો બાંધીએ,
ગાંણ પડે વચમાંય.

⇨ **કૂકડો આંય તાંજ વાંણું વાય એમ ના હમજવું.**

- કૂકડો હોય ત્યાં જ સવાર થાય એમ ના સમજવું.

કોઇના કહ્યે કશું જ થતું નથી.
- હું જ કરું, મારા વિના ન થાય તેવું મિથ્યાભિમાન ન રાખવું.

⇨ **ડોશીના કૂકડે હવાર થતી ઓય તો,**

- ડોશીન કો'કે કૂકડો લેય નાહી જાય.

**સાખી :**
હું કરું હું કરું એજ અજ્ઞાનતા,
સકટનો ભાર જેમ શ્વાન તાણે.

⇨ **ખેતી ખસડપસડ,**
**ને વેપારમાં વીતે,**
**નોકરી નક્કી ને,**
**ભીખ ભાગે એ જીતે.**

અર્થાત્:
આજકાલ ભીખ માગવી એ જ ઉત્તમ ધંધો છે અથવા મફતિયું મળે તેમાં આનંદ લેવો.
જેમકે આજકાલ ખેતીવાડીમાં ફાયદો નથી થતો, વેપાર કરવામાં ખૂબ હરિફાઇ થાય છે, ખૂબ મોટી મૂડીની જરૂર પડે છે. જ્યારે નોકરીની આવક બાંધી છે. નક્કી કરેલી જ રકમ મળે. પરંતુ ભીખ માગવી

ઉત્તમ છે. જેમાં નથી મૂડી જોઈતી, નથી દુષ્કાળ પડતો કે કોઈ ભય પણ નથી.આમાં તો વકરો એટલો જ નફો છે.

### ⇨ ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ.

બીજા મહેનત કરે ને નશીબદારને રળી આપે.
- ભાગ્યશાળી માણસ.

- વાલે કલજી ને લણે લવજી.
- આંધળી દળે ને કૂતરાં ખાય.
- લડે સિપાઈ ને જશ જમાદારને.
- કમાય ટોપીવાળો, ને ઉડાવે ધોતિયાંવાળો.
- પાદનારી હૂઠ ખાય, ને જણનારી જોયા કરે.

**દોહરો :**

ખાય ન ખરચ્યે સાધુજન,
ચોર સકલ લે જાય,
જેસે મધુ મક્ષિકા,
હાલ મિલા પસ્તાય.

**સોરઠો :**

ચાકરી કરે લાખ, લેણા દેણી લકશે[1]
જેસે મધુમક્ષિકા, હાલ મિલા પસ્તાય.

### ⇨ ગરજે ગધાડાન બાપ કે'વો પડે.

ગરજ હોય ત્યારે ગમે તેને નમવું પડે.
- ગરજવાનની કોઈ કિંમત રહેતી નથી.

- ગરજ બિચારી બાપડી, ગરજે ગોદા ખાય.
- ગરજ હાકરથીય ગરી.
- ગરજવાનને અક્કલ ના હોય.
- ગરજુ કુસ્કીથીય હોંઘો.

**સવૈયા :**

ગરજ હી અર્જુન હીજ ભયે,
ગરજ હી ગોવિંદ ઘેન ભરાવે.
ગરજ હી દ્રૌપદી દાસી ભયી,
ગરજ હી ભીમ રસોઈ પકાવે.

[1] લકશે - ફાવરો



ગરજ બડી ઈન લોકનમેં,
ગરજ વિના કોઈ આવે ન જાય.
કવિ ગંગ કહે સૂનો શાહ અકબર,
ગરજ હી બીબી ગુલામ રીઝવે.

### ⇨ ગોરે (ગોળે) મરતો ઓય એને વખે ના મરાય.

મીઠી વાણીથી કામ પતતું હોય તો દુશ્મની કરવાની જરૂર નથી.
- સીધી રીતે કામ પતતું હોય ત્યાં દાંડાઈ ન કરવી.

- જીભમાં અમૃત પીરસવું.
- જીભ મીઠી રાખી કામ પતાવવું.
- જોડાં મારવા હોય તોય શાલમાં લપેટીને મરાય
- બાપની બૈરી કે'વા કરતાં મા કહીએ તો પાણી પાય

**સોરઠો :**

કોયલડીને કાગ વાને વરતાય નહીં,
જીભલડીમાં જવાબ, સાચું સોઠિયો ભણે.
ઉપજાવે અનુરાગ, કોયલ મન હર્ષિત કરે,
કડવો લાગે કાગ, રસનાના ગુણ રાજિયા.

### ⇨ સાખી :

**ઘરનાં ગાંજો, ઘરની ચલમ,**
**ફાવે તારે મારો દમ.**
**ફૂલી ફૂલીને બનો જાડાભમ,**
**આગર જાગશે કોક જમ.**
**તારે થશો ખાલીખમ.**

અર્થાત્:
ઘરની વસ્તુ હોય એટલે એના વાપરવામાંય સંયમ ને સાવધાનીની જરૂર પડે
- બાપનો કૂવો હોય તો ડૂબી ન મરાય
- સોનાની કટારી હોય તો પેટમાં ન ખોંસાય.

### ⇨ સાખી :

**છપ્પન વખારીને ભારો કુંચી આયમાં**
**ના મલે કંઈ પણ નજર ઊંચી.**

અર્થાત્:
બહોળો વેપાર કરનારના ઘરમાં રોકડ રકમ કદાચ ન મળે. પણ ઊંચી આબરું ને મોટો મોભો ગણાય.

### ⇨ સાખી :

**જવાહાની વાડ ફૂસ,**
**તલહરિયાંનો તાપ ફૂસ,**
**ભૈડકાની વાક ફૂસ,**
**ને રાંડવાની જાત ફૂસ.**

અર્થાત્:
દરેક વસ્તુની, જાતિની ખાસ પ્રકૃતિ કે ગુણધર્મ હોય છે એ ખાસિયત બતાવી છે.

દા.ત. : જવાહા નામના નાના થોડા કાંટાવાળા છોડ, ચીકણી જમીનમાં ઉનાળામાં થાય. તે વજનમાં ખૂબ હલકા હોય છે. તેની વાડ કરો તો પવનમાં ઊડી જાય, એમ તલના સુકા છોડ ઝડપથી બળી જાય તેથી તાપ ન લાગે, તેમ ભૈડકુ તુરત જ પચી જાય. તેવી જ રીતે રાંડેલો માણસ નકામો ગણાય.

⇨ **સાખી :**

**જર લૂંટે છે જંગલે,**
**અભણ એકલો ભીલ,**
**ભરી વસ્તીમાં લૂંટી જાય,**
**વૈદ્ય-વેશ્યા ને વકીલ.**

- વૈદ્ય, વેશ્યા ને વકીલ તેણેય રોકડિયા.

કેટલાંક ધંધામાં ઉધારી ન ચાલે, ઉઘાડે છોગ લૂંટાઈએ તો પણ ના બોલાય.

⇨ **ડુંગરીમાં એલચીન હવાદ ચ્યાંથી આવે ?**

- ડુંગળીમાં ઈલાયચીનો સ્વાદ ક્યાંથી આવે ?
- દારૂ પીધે કપુરની ગંધ ના આવે.

**સાખી :**

સારે સારું, નરસે નરસું નજરો નજર દીઠું,
સાકર નાખે દૂધમાં, છાશમાં નાખ્યું મીઠું.

નબળા પાસે સારા કામની કે સદ્‌ગુણી સંસ્કારની અપેક્ષા ન રખાય.
- જેનું જેવું સ્થાન, તેને તેવું માન.

⇨ **સાખી :**

**ડુંગા વગરનો ડાયરો,**
**મુલ્લાં વગરની મશીદ,**
**બાયડી વગરનો ભાયડો,**
**જ્યાં બેઠા ત્યાં જગદીશ.**

અર્થાત્:
હુકા વગરના ડાયરામાં મજા ન આવે, તેમ મસ્જિદમાં મુલ્લાં ન હોય તો તેની કિંમત ન ગણાય. તેવી રીતે જેને પત્ની નથી તેવા પુરૂષને જ્યાં બેઠા ત્યાં જ ઘર ગણાય.
- એકલ મુંડીયો માણસ જેને ઘર-બાર કે કશાયની પડી નથી તેવો નફિકરો જણ.



**દોહરો :**

**વિપત પડે વલખીએ નહીં,**
**વલખે વિપત ન જાય.**
**વિપત વેળા ઉદ્યમ કિજિયે,**
**ઉદ્યમ વિપતને ખાય.**

અર્થાત્:
આપતિમાં, દુઃખમાં માત્ર ચિંતા કરવાથી આપતિ ટળતી નથી, વધે છે. આવી વેળાએ ઉદ્યમ (કામકાજ) કરવાથી જ આપત્તિ ટળે છે.
- પરિસ્થિતિ ખરાબ હોય, ત્યારે સાવચેત રહી કામકાજમાં જ ધ્યાન પરોવવાથી ઝટ બહાર આવી જવાય છે.

**સાખી :**

**દર ફરે, વાદર ફરે, ફરે નદીનાં પૂર**
**શૂરા બોલ્યા ના ફરે, પચ્છમ ઉગે સૂર.**

ગમે તેવી પરિસ્થિતિમાં આપેલું વચન પાળનાર... ભડ માણસ.
- ગમે તેવી પરિસ્થિતિમાંય આપેલું વચન ન ચૂકાય. એના માટે ભલે આભ ફાટીને માથે પડે.

⇨ **ધણી જેના આથમાં નઈ એને કોય ના પૂછે.**

- ધણી જેના આથમાં નઈ એ બાયડીન હૌ ધમકાવે.

જેનો ધણી પત્નીને ન સ્વીકારે એની કોઈ કિંમત રહેતી નથી. સૌ એ સ્ત્રીની ઉપેક્ષા કરે છે.
- ધણીને કાબૂમાં રાખો... તો જ માન પાન મળે.

**દોહરો :**

કૂવા કાંઠે કેવડો,
વાયે વાંકો થાય,
જેનો પરણ્યો નહીં હાથમાં,
તેનો જનમ એળે જાય.

⇨ **સાખી :**

**ધણી રે ધણી, મારા નેંધણી**
**તું બેઠાં મારે ચિંતા ઘણી.**
**ખીચડી ખાયા પેટ ફૂટાયા,**
**તેરે રાજમેં ક્યા સુખ પાયા ?**
**કાળા દાંત ને કથીર ચૂડો,**
**તું કરતાં મારો રંડાપો રૂડો.**
**ધણી રે ધણી તારી ધમક ઘણી,**
**લાયો તાર મૂળાની પણી.**

અર્થાત્:
એવો નમાલો કે દૈવત વગરનો ધણી મળ્યો છે કે તે હોય કે ન હોય કશોજ ફરક પડતો ન પડે... આવો માણસ ધણી/પતિ તરીકે ન વ્હોરાય.

**દોહરો :**

ધણી મારો લાડકો,
પાંચ પરાયાનું ખાય,
છ મહિને માથું બોળાવે,
ને વરસે દહાડે ન્હાય.

**ચોપાઇ :**

આવો રે આવો મારા નિંઘણ ઘોરી,
તમે લાવ્યા બેંગન ચોરી,
ઘરમાં નથી તેલ એક પળી,
તમને જોઇને ઊભી બળી.

**➩ શાખી :**

**નાચવું કૂદવું ને નફ્ફટ થવું,**
**હૌથી ભૂંડુ તો ઘૂણવા જેવું.**

અર્થાત્ઃ
અગાઉના જમાનામાં, નૃત્ય કરવું, નાટક કંપનીમાં જવું, વેશ ભજવવો, એ બધાં નફ્ફટ કે લાજશરમ વગરના સ્ત્રી-પુરૂષનું કામ કહેવાતું. આબરુંદાર માણસ, આવાં કાર્ય ન કરે, પણ આ બધાય કરતાં ભૂવા બનવું એ સૌથી ઉતરતું કામ ગણાતું, એવાં કામ ન કરવાં જેનાથી પોતાનીને કૂળની આબરું જાય.

**➩ સાખી :**

**પટલ, પાડો ન પારધી**
**એ તૈણ એક સભાવ,**
**ચેટલા માર્યા ન ચેટલા મારીશું,**
**માર્યા પર બવ ભાવ.**

અર્થાત્ઃ
કેટલીક જ્ઞાતિ, ને કેટલીક જાતનાં પ્રાણીઓ સ્વભાવ વેર વૃત્તિ ધરાવતાં હોય છે, એટલે તેઓ એની જ તક કે લાગમાં ફરતા હોય છે.

**➩ સાખી :**

**પંથ વર ભાગે આડ,**
**બીજ વર લડાવે લાડ,**
**તીજ વર કલ્લી હાંકરાં,**
**ચાંથ વર મરણ લાકડાં.**

અર્થાત્ઃ
પહેલો વર પતિપણું કરે, હુકમ કરવા મારે પણ ખરો, બીજવર પત્ની ભાગી જશેના ડરથી પત્નીને ખૂબ લાડ કરે, ત્રીજીવાર બૈરી લાવનાર, એ ઠરીઠામ થાય માટે માગે તે આપે અને ચોથી વખતની સ્ત્રીનો પરણનાર પુરૂષ ઘરડો થઇ ગયો હોય છે.

**➩ પાછલી રાતનું ઊઠવું હારું ને જવાંનીમાં જણવું હારું,**

અર્થાત્ઃ
વહેલી સવારે, ઊઠવાથી તંદુરસ્તી ઉત્તમ રહે, શરીર સ્વસ્થ રહે અને



કામકાજમાં ચિત્ત ચોંટે, એવી જ રીતે યુવાન વયે, બાળકોને જન્મ આપનાર સ્ત્રીનું શરીર સ્વાસ્થ્ય જળવાઇ રહે છે. મોટી ઉંમરે સુવાવડ કરનાર સ્ત્રીને કમર દુખાવાના, શરીર ધોવવાના કે સુવાવડમાં મૃત્યુ પામવાના કિસ્સા વધારે બને છે. માટે જ વહેલા ઊઠવું, જવાનીમાં કમાઇ લીધેલું, બધાં અગત્યનાં કામો આટોપી લેવાં ઉત્તમ ગણાય.

**સાખી :**

રાતે વહેલા જે સૂવે,
વહેલા ઊઠે વીર,
બળ, બુદ્ધિ ને ધન વધે,
સુખમાં રહે શરીર.

**➩ પારકે પૈસે પરમાનંદ, ને અમારા લાલજી કરે આનંદ**

**દોહરો :**

સૂમ, શેળો ને કાચબો,
પર ઘેર પહોળા થાય,
સમય આવે આપ ઘરે,
સો સંકોચાઇ જાય.
નાહી ધોઇ પાટલે બેઠાં,
ઊભાં તાંણે ટીલાં,
પારકે ઘેર જમવાનું
ત્યારે પોતિયાં મૂકે ઢીલાં.

**સોરઠો :**

પર ઘેર પહોળા થાય,
પોતાને ત્યાં સાંકડા,
એ કાળમૂખો કે'વાય,
સાચું સોરઠિયો ભણે.
પર ઘેર પરોણા થાય,
પોતે લાકડી લે,
ધૂર પડી જીવતર માંય,
સાચું સોરઠિયો ભણે.

અર્થાત્ઃ
પારકાના ઘેર જઇ, પહોળા થઇ મહેમાનગતિ માણે, અક્કરાંતિયા બનીને જમે, પણ પોતાનો વારો આવે ત્યારે ખર્ચ ન કરવા બહાનાં કાઢે, આઘા પાછા થઇ જાય, તેવા સ્વાર્થી ને ધાવેડું માણસ.

**➩ પારકે ઘેર રાંદલ માડી વે'લા આવજો.**

**સાખી :**

બલ્લાં કૂત્તાં ને બાંમણાં,
સાંઢાં ને વરી શિયારવાં.

અર્થાત્ઃ
ઉપરની સાખીમાં વર્ણવેલાં છ એ છ જણની આંખોમાં પુષ્કળ ઝેર હોય છે. આ લોકો ક્યારેક એકબીજાને સાંખી નથી લેતા તેથી કાયમ પોતાની

વગર વડવાડે વડી મરે,
છક્કે એ ચૂનારવાં.

**સાખી :**

**બુધે જાર બાજરી, બુધે નાર પાધરી,**
**બુધે ડોબું દો'વા દે, બુધે હાંઢ-હાથરી.**

**⇨ ભલું થયું ભાગી જંજાર, સુખે ફોડીશું કોઠી જાર.**

**દોહરો :**

નાથો ભગત નચિંત થયો,
ભલે મૂઈ ગાય,
પૂરણ સુખ પામીએ,
જો વાછડા તૂંય જાય.

**⇨ ભસ્યાં કૂતરાં કૈડે નઈ ન ગાજ્યા મેઘ વરહે નઈ.**

- બહું બોલે એ કશુંય ના કરે.
- બહું બોલે એ તણખલાની તોલે.
- થૂંક ઉડાડે એ શું ધાડ મારે.



જ્ઞાતિના બીજા કોઇપણને જોતાં, ઈર્ષા કરે અને લડી ઝઘડીને કાઢી મૂકે એવો ખારવાળો સ્વભાવ ધરાવે છે.

અર્થાત્ઃ
અગાઉના જમાનામાં કેટલીક માન્યતાઓ રૂઢ કરી ગયેલી જેના પ્રમાણે લોકો વર્તતા - એ માન્યતાને આ શાખીમાં ઉજાગર કરવામાં આવી છે.
- કેટલાંક પ્રકારનાં અનાજ, કઠોળ, કણસલામાંથી કાઢવા, લાકડાના ડફણાથી કે ઝૂડિયાની જરૂર પડતી, જેનાથી ટીપતાં દાણા છૂટા પડતા. એ જ પ્રમાણે, ન ગાંઠતી સ્ત્રીને વશ કરવા, કે ન દો'વા દેતી ગાય-ભેંસને માર મારતાં મારની બીકે - ગાંઠતાં હોય છે. એ અનુભવ પરથી આ કહેવત પડી છે.
- ટૂંકમાં જેને જેવી જરૂર, તેની સાથે તેવો વહેવાર.

સંસારની માયાજાળમાંથી છૂટી જવાથી પૂરા મનથી ભગવાન ભજી શકાય છે.

અર્થાત્ઃ
કેટલીક માયાજાળ કે ખોટી લપસપથી છૂંટાય તો ધાર્યાં, કામ થાય.

બહું બોલકણાનો ભરોસો ના કરાય.

**દોહરો :**

ગાજ્યા મેહ વરસે નહીં,
ભસ્યા કૂત્તા ન ખાય,
થોડા બોલા તે રણે રહે,
બહું બોલ્યા ભાગી જાય.

**⇨ ભાવતું'તુ ન વૈદ્યે કર્યું.**

- રડતી'તી ન પિયરિયાં મલ્યાં.
- દોડવું હતું ને ઢાળ મળ્યો.
- નખરાં કરતી'તી એને નાચવાનું મળ્યું.
- બળદ ગળિયો, ને બુચકારો કર્યો તે બેસી ગયો.

**સોરઠો :**

જેની જોતા'તા વાટ,
એ શેરીએ સામા મળ્યા,
ઊઘડ્યાં હૈયાનાં કબાટ,
કૂંચી કેરું કામ નહીં.

**⇨ ભૂંડામાં ભૂંડી ચાકરી.**

- ચાકરી બહું આકરી.
- ચાકરી સબસે આકરી.
- ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી.
- નોકર ખાય ઠોકર, ને દાસ સદા ઉદાસ.

**દોહરો :**

નોકર વિચારા ક્યા કરે, પરાઈ રોટી ખાય,
બુલાયા આધી રાતકું, જીજી કરતાં જાય.

ભૂંડામાં ભૂંડી ચાકરી, તેથી ભૂંડો ભાર,
તેથી ભૂંડું માગવું, જેસૂમ કે'વો દાતાર.

ચોર શુકન ન બાવરે, માગણ કબૂ ન જાય,
ચાકર બચારા ક્યા કરે, માલ પરાયા ખાય.

અર્થાત્ઃ
બહું બોલ બોલ કરનાર, વાતોનાં વડાં કરનાર કશું જ ન કરે, પણ ઓછા બોલો માણસ સોંપેલું કાર્ય નિષ્ઠાથી પાર પાડે.

અર્થાત્ઃ
જેવી તમન્ના હતી તેવું કામ મળ્યું
- ગમતું થવું
- ફાવતું જડવું

અર્થાત્ઃ
ચાકરી કે ગુલામી કરવી, તે સૌથી દુઃખકર વાત છે, ચાકરી કરનારને માન અપમાન, ભૂખ, દુઃખ વેઠવું પડે છે.
- ચાકરી કરવાની સ્થિતિ જીવનમાં ન આવે તો સારું..

⇨ **મન વગરનું મલવું, ને ભેંત્ય જોડે ભટકાવું.**

- હેતનાં ટૂસકાં સારાં પણ કમનની કમોદ ખોટી.
- ચાહે તેના ચાકર થઇએ, પણ અણ ચાહતના બારણે ના જઇએ.

**દોહરો :**

આવ નહીં, આદર નહીં,
નહીં નૈન મેં નેહ,
વા ઘર કબૂના જઇએ,
ભલે કંચન બરસે મેહ.
આવ જહાં, આદર જહાં,
હૈ નૈનન મેં નેહ,
વા ઘર નિશદિન જાઇએ,
પથ્થર બરસે મેહ.

**સોરઠો :**

આદર કરે અપાર,
તે ભોજન ભાજી ભલી,
આણે મન અહંકાર,
કડવું એ ઘર કિસનિયા.

⇨ **સાખી :**

**મન વગર મારો નઈ, વાડ વગર વેલો નઈ,**
**ને ગુરૂ વગર ચેલો નઈ.**

**સાખી :**

**મા કલાલ, ને બાપ દલાલ,**
**એનાં છોકરાં છેલ ગલાલ.**
**મા મોચી, બાપ ઘાંચી,**
**એનાં છોકરાં સુલેમાન.**

⇨ **સાખી :**

બાર ગવે બોલી બદલે,
તરુવર બદલે શાખા,
કારાં મટીને ધોરાં થયાં,
લખણ ના બદલે લાખા.

અર્થાત્:
જ્યાં માનપાન આદર, હેતભાવ કશું ન મળે, ત્યાં સૌનાનો વરસાદ વરસતો હોય તો પણ ન જવું અને જ્યાં આદર સત્કાર પ્રેમભાવ મળે ત્યાં ભૂખ્યા રહેવું ગમે.

વગ વગર કામ ન થાય અને ગુરૂ વિના જ્ઞાન ન મળે એમ મન વગર ઘર સંસાર મંડાય નહીં.

વર્ણ શંકર પ્રજા.
- સંસ્કાર વગરનું પાત્ર.
- રખડેલ વેજા.

અર્થાત્:
દર બાર ગાઉં પછી ભાષા કે બોલીમાં ફરક આવે, પહેરવેશ બદલાય, રિવાજો બદલાય, પણ માણસમાં પડેલી ટેવ ક્યારેય બદલાતી નથી.



**સાખી :**

મરદ મૂછારો, બરદ પૂછારો,
બાયડી ફૂલારી, ને વેલ ઉલારી.

⇨ **સાખી :**

મા ખાતી આછુંપાતરું, બાપ ખાતો ડોડી,
એનાં છોકરાં ચડ્યાં ઘોડી, એ વાત થોડી !
મા દરતી દૈણાં, બાપ ફેરવતો જોરી,
એના દીકરા રથમાં બેઠા, એ વાત થોડી !

⇨ **લક્કડના લાડું ખાય એય પસ્તાય, ને ના ખાય એય પસ્તાય.**

- કુંવારા કોડે મરે, ને પરણ્ય પસ્તાય.
- મેં તો દુઃખી દુનિયા ભાળી, પરણી નાર તે પિયર મૂકી વાળી.

**સાખી :**

રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા,
મહિપતિ દુખિયા વિકારમેં,
વિના વિવેક ભેખ ભી દુખિયા,
ઓધા એક સંત સુખી સંસારમેં.

⇨ **દોહરો :**

**ભણી ગણી પણ ભાંમની,**
**અજવારી પણ રાત્ય.**
**ડાયો પણ દારૂડિયો,**
**તૈણેય જાત કજાત.**

ભણી ગણી પણ ભામની,
અજવારી પણ રાત.
ડાહ્યો પણ દારૂડિયો,
ત્રણેય જાત કજાત.

અર્થાત્:
મરદ મૂછથી શોભે, બળદ પૂછડાથી શોભે અને સ્ત્રી ફૂલફટ્ટાક ફૂલણજી હોય તો ગમે ત્યારે ધણીને મૂકીને જતી રહે. દરેકના ગુણધર્મ પ્રમાણે વર્તે.

અર્થાત્:
મા બાપ ગરીબ ભીખારી હોય અને એમાનાં છોકરાં ખૂબ પૈસાદાર બનીજાય, મોટી સત્તા મળી જાય તો એ અભિમાની બની કોઇની તમા કે દરકાર રાખતા નથી.

લગ્ન એક એવી ઘટના છે કે જ્યાં પરણેલા પસ્તાય છે, કે આના કરતાં કુંવારા હોત તો સારું અને કુંવારા વિચારે કે પરણીયે તો સ્વર્ગનું સુખ મળે.
- લગ્ન એ તો એક જુગાર છે, જીત પણ મળે ને હાર પણ મળે. લગ્નજીવનમાં સુખ જ મળે એવું ક્યારેય બનતું નથી.

અર્થાત્:
સ્ત્રી ગમે તેટલી ભણેલી હોય, રાત ગમે તેટલી અજવાળી હોય એ કોઇ દિવસની તોલે ન આવે, તેમ દારૂડિયો ગમે તેટલો ડાહ્યો હોય પણ સમાજમાં આ ત્રણેયની કોઇ કિંમત હોતી નથી.
- આમ આવા પ્રકારના માણસોની સમાજ કિંમત કરતું નથી.

⇨ **સાખી :**
ભૂખ ના જાંણે ભાવતું,
ને પ્રિત ના જાંણે નાત,
ઊંઘ ના જાંણે હાથરો,
જયાં હૂતા તાં રાત.

અર્થાત્ઃ
ઊંઘ, ભૂખ ને પ્રેમ વાળાને કશો વિવેક વિચાર આવતો નથી.

⇨ **સાખી :**
**લોભી ગુરૂને લાલચું ચેલા,**
**બેય જણા નરકમેં ઠેલ્લમ્ ઠેલ્લા.**

કોઈપણ સ્વાર્થી માણસ ભલે તે સંત કક્ષાનો હોય પણ અંતે તો દુઃખી જ થાય છે.

⇨ **અતિ લોભ તે પાપનું મૂળ.**
- લોભે લખ્ખણ જાય.
- લોભ તે પાપની જનેતા.
- લોભનેન થોભને પાર નઈ.

**સાખી :**
લોભી રીઝે દાંમે, ફૂલણજી રીઝે નાચે,
તાડીએ રીઝે ગોલો, ને ગોપી રીઝે શ્યામે.

જેની જેવી વૃત્તિ તેને તે મળે તો રાજી થઇ જાય છે.
- વૃત્તિ પારખતાં આવડે તો કામ કઢાવી શકાય છે.

⇨ **વખત વખતને માંન.**

**સાખી :**
સમય સમય બલવાન,
નહીં પુરૂષ બલવાન.
કાબે અર્જુન લૂંટિયો,
એહીં ધનુષ્ય એહીં બાણ.

સમય આગળ કોઇનું ચાલતું નથી. સમય આગળ શૂરવીર પણ હારી જાય છે. માટે તાકાતનું કે આવડતનું ગુમાન ન કરવું.

⇨ **વધે કલેશ તો વકીલને**
**પૂર્ણ હર્ષ થાય,**
**તેમજ કાળા કાગને,**
**ભલો ભાદ્રપદ માસ.**
**વેલો શોધે વાડને,**
**પૂરબિયો પૂછે કૂવો,**
**મસાણી ઊઠે મળસ્કે,**
**પૂછે કોઇ મૂવો.**
**માળી સીંચે મોગરો,**
**કણબી પૂછે કૂવો,**
**અધ્યારું નિત્ય વાટ જુએ,**
**કે મોટો કોઇ મૂવો.**

સૌ પોતાનો સ્વાર્થ વધાય એની તાકમાં હોય છે એવું થાય તો ખૂબ રાજીપો થાય છે.



⇨ **વાડ વગર વેલો ના ચડે**
- વગ વગર પગેય ના મૂકાય
- વગ કરે પગ

વગ વિના કશું કામ ન થાય.
- વગ વિના ભલભલા ચમરબંધી પણ રખડી જાય.

**દોહરો :**
વગ વિણ પગ પેસે નહીં,
ખગ ઊડે આકાશ,
વગ ન હોત જો પક્ષની,
તો ખગ થાત નિરાશ.
જંગલમાં જઇને જુઓ,
તો દ્રષ્ટે દેખાય,
વેલ ધરી વગ વૃક્ષની,
ઊંચે નભ ચડી જાય.
પાંચ પાંડવો એકલા,
સામે ખત્રી સમાજ,
વગ ન હોય ત જો કૃષ્ણની,
તો પામત નહીં રાજ.

**શાખી :**
વગે પીરસણું, વગે ન્યાય,
વગે વાવણાં, વગે કૂવો.

⇨ **વાંઢાને વલાંણું નઈ, ને રાંડેલીન ખેડ નઈ.**

વાંઢાને સ્ત્રી ન હોય એટલે ઢોર રખાય નહીં, એટલે વલાંણું ન હોય એમ રાંડેલીને ખૂણો પાળવો પડે. એટલે ખેતી કરવા જવાય નહીં.

અર્થાત્ઃ
જે અશક્ય છે ત્યાં ફાંફાં ન મારવાં.
- નકામા ચકલાં ન ચૂંથવાં.

**દુહો :**
ચોકીમાં ચોરી નહીં,
નહીં વેશ્યાને કંથ,
મડદાને નહીં વીજળી,
નહીં માંદાને પંથ,
વેશ્યા કાંઇ રાંડે નહીં,
નહીં રાજાને દંડ,
પાણીને અગ્નિ નહીં,
નહીં જીવતાને પિંડ.

**વારા પછી વારો, મારા પછી તારો,**
**વારા પછી વારો, જો કેડે ગારો.**

સુખ પછી દુઃખ, દિવસ પછી રાત. જગતના ક્રમ પ્રમાણે જ બધું ચાલે.
- સુખમાં ફૂલાઇ ન જવું ને દુઃખમાં હારી ન જવું.
- બધાનો સારો નરસો સમય આવે જ.

**સાખી :**

પીપળ પાન ખરંતા હસતી કૂપળિયાળ,
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપૂડિયાય.

**⇨ વાજ (વ્યાજ) ને તો ઘોડાંય ના પો'ચે.**

વ્યાજે પૈસા લઇ ધંધો ન કરાય.
- વ્યાજે પૈસા લઇ વિવા-બારમાં ન કરાય.
- વ્યાજ મારી નાખે.

- વ્યાજને વિસામો નઇ.
- વ્યાજમાં રાજ ડૂબે.
- વ્યાજ ઘોડા છોડાવે.
- વ્યાજ મૂકાવે ભલભલાની લાજ.

**દોહરો :**

એક રામ ચડે ગયું, રાવણ કેરું રાજ,
સો રામ ભેગા ચડે, તાં માણસનાં શાં કાજ.
(સો - રૂપિયાના નયા પૈસાના અર્થમાં)

**⇨ શરીરે હખી એ હૌં વાતે હખી.**

શરીર તંદુરસ્તી ન હોય તો બાકીનાં બધાં સુખ નકામાં.

- એક તંદુરસ્તી હજાર ન્યામત.
- નાડે નરવો, તે બધે પહોંચી વળે.
- દેહ ભૂલે એ દેવ ભૂલે.

**ચોપાઇ :**

પહેલું સુખ તે જાતે નર્યા,
બીજુ સુખ તે પેટ દીકરો,
ત્રીજુ સુખ તે કોઠીએ જાર,
ચોથું સુખ તે સુલક્ષણી નાર,
પાંચમુ સુખ તે ઘેર ઘોડલાં,
છઠ્ઠું સુખ તે બાંધવના જોડલાં,
સાતમું સુખ જો જાણીએ,
તો ઘેર દૂઝણું આણીએ.

**⇨ સમતાનાં ફર મેઠાં.**

આપણી ઉતાવળે કશું જ ન બને.
- ધીરજથી કામ કરવાથી સફળતા મળે છે.

- ધીરજના ફળ મીઠાં.
- ધીરાં કામ સારાં થાય.



- ઉતાવળે આંબા ન પાકે.
- સબુરીનું ભાડું ખુદા આપે.
- ઉતાવળી રાંડ છાજયામાં પડે.

**દોહરો :**

ધીરે ધીરે રાવતાં,
ધીરે સબકૂછ હોય,
માળી સિંચે સાં ઘણાં,
રત વિન ફળ ન હોય.

**⇨ સમય સમયને માંન, માંણહને ને નઇ,**

- સમય માણસને ઊંચો ચડાવે,
- ને સમય જ માણસને નીચો પાડે.

**જોડકણું :**

ક્યા કરે કિસ્મત કી બાત,
મુરઘી મારે ઊઠકે લાત.
પડ્યો પારધી વેચે તેલ,
દેખો એ કિસ્મતકા ખેલ.

**દોહરો :**

સમો સમો બલવાન હૈ,
નહીં પુરૂષ બલવાન,
કાબે અર્જુન લૂંટિયો,
એહી ધનું એહી બાણ.

આપણી ઉતાવળે કશું જ ન બને.
- ધીરજથી કામ કરવાથી સફળતા મળે છે.

# પ્રકરણ - ૪ હિન્દીમાં બોલાતી કહેવતો

⇨ **અતિશયમાં શાર નઈ.**
- અતિકા ભલા ન બોલના, અતિકી ભલીન ચૂપ, અતિકા ભલા ન બરસના, અતિકી ભલી ન ધૂપ.

અતિશયમાં સાર નહીં.
- બહુધામાં મજા નહીં.

⇨ **અબી બોલા અબી ફોક.**

બોલીને વારંવાર ફરી જવું.
- વચનની કિંમત ન હોય તેવો લબાડ.

⇨ **આપ ભલા તો જગ ભલા.**

આપણે સારા હોઉશું તો જગત પણ સારું દેખાશે.

⇨ **આ બલા પકડ ગલા.**
- નમાજ પડતાં મસ્જિદ કોટ પડવી.

સામે આવીને આફત ગળે વળગે.

⇨ **ઉતાવળા સો બાવળા, ધીરા સો ગંભીર.**
- લાંબાં પગલાં ભરે એ વે'લો બેહે.
- ઉતાવળી રાંડ છાજયામાં પડે.
- ઉતાવળે આંબા ન પાકે.
- ચડ ચૂલા ખવ ના ચાલે.

ઉતાવળ કરવા જતાં કામ બગડે.
- ઉતાવળો કૂવામાં પડે.
- ધીરજનાં ફળ મીઠાં.
- આપણી ઉતાવળે કશું જ ન થાય, થતું હોય તેમ જ થાય.
- ખોટી ઉતાવળ ન કરાય.

**દોહરો :**

ધીરે ધીરે રાવતાં, ધીરે સબકૂછ હોય,
માળી સીંચેસો ગણાં, રત વિન ફળ ન હોય.

⇨ **કણબી સમાન દાતા નહીં, માગ્યા બીન દેતા નહીં.**

પાટીદાર જેવો ઉદાર દાતા જગતમાં જોવા ન મળે, પણ માગ્યા વગર તે આપતો નથી.

⇨

બીબી : કોદલપલ કે રાજા
કલાડઘાટપે આચે હૈ,
મિલના હો તો ચલો નહીં તો
શીતલપલ જાતે હૈ.

અર્થ :
એક ગામમાં મિયાં બીબી રહે. મિયાં ગરીબ, પણ બેસે મોટા માણસો સાથે - એક દિવસ ઘરમાં ખાવા કોદરાના રોટલા બનાવેલ. આ રોટલો ગરમ ગરમ



મિયા : રાજા એકીલા હૈ કે સંગીલા ?
બીબી : અકીલા હૈ.
મિયાં : ઘાસન ભઈને ભેજન દો ઔર
મુલજી મે'તાંકુ બુલા લો.

હોય તો જ ગળે ઉતરે. ઠંડો પડી જા તો ડચૂરો વળે. શાક ન હોય તો મૂળા સાથે ખાવો પડે.

⇨ **દોહરો :**

**ખીચડી કહે મેં આવન જાવન,**
**રોટી કહે મેં મજલ પહેંચાન,**
**દાલભાત કા સફલા ખાના,**
**ઉસકે ભરોસે ગામ ન જાના.**

અર્થાત્ :
ખીચડી કે દાતભાત જલ્દી પચી જાય એવું હલકું ભોજન ખાઇ મજૂરી કરવાનું કે લાંબુ ચાલવાનું ન રાખવું પણ રોટલી ખાવાથી તાકાત મળે છે.

⇨ **ખેંચ પકડ મુજે જોર આતા હૈ.**
- કમજોર કો ગુસ્સા બહોત વો માર ખાનેકી નિશાની.

કમજોરને ગુસ્સો બહું આવે, એટલે ખોટી વાઇડાઇ બહું કરે તેના માટે.
- કમજોર ખૂબ ગુસ્સો કરે તો માર ખાવો પડે.

⇨ **ગધેને ખાયા ખેત નહીં પાપ કે ન પૂન.**

દાન એવાને આપવું કે પૂણ્ય મળે. કુપાત્રને દાન ન કરાય.

⇨ **ચડ જા બેટા શૂરિયે.**
- મેં મરું તો તેરી મા રાંડે, તું મરે તો કુન રાંડે ?

બીજાને બલિનો બકરો બનાવવો.

⇨ **ચાર પલકી ચાંદની ફિર અંધેરી રાત.**

સુખ તો ક્ષણિકનું જ હોય બાકી જીવનમાં દુ:ખ દુ:ખ જ છે.

⇨ **ડાક તિલક ઔર મધુરી બાની યહી દગાબાજકી નિશાની.**

દગાબાજ કે ઠગ હંમેશા નિર્મળ હોવાનો ઠઠારો કરે અને અતિમધુર વાણી બોલે તેવાથી ચેતતા રહેવું.

⇨ **તેરા તેલ ગયા, મેરા ખેલ ગયા.**

આપ્યું લીધું ભૂલી જવાનું.
- હિસાબ સરખો થઇ જવો.
- જૂનો વહેવાર ભૂલી જવાનો.

⇨ **દગા કિસીકા સગા નહીં.**
- દગાબાજ કોઇને છોડતો નથી.
- ખાડો ખોદે એ પડે.
- કરે તેવું ભરે.
- ભૂંડું તાકે એનું ભૂંડું થાય.

દગો કોઇનો સગો નથી.
- દગો કરનાર સગપણ જોતો નથી.

⇨ **જિસકી દાનત બૂરી, ઉસકે ગલેમેં છૂરી.**

જેની દાનત ખરાબ તેનું જ બુરું થાય.

**દોહરો :**

ખોદેગા વો પડેગા,
તુમ ફિકર ના રાખો ભાઈ,
ચીઠ્ઠી આપી બ્રાહ્મણને,
ગદ્ધે ચડ્યો નાઈ.
ઈચ્છે જેવું અવરનું,
તેવું આપણું થાય,
કર્યું ન હોય તો કરી જુઓ,
જેથી તુરત જણાય.

⇨ **નકટી કા વર જોગી.**

જેનો જેવો સ્વભાવ હોય તેવી તેને જોડીદાર મળે.

- તલકા ઘરાક ઘાંચી.
- ખુદાને બનાયી જોડી એક અંધા ને દૂસરી ખોડી.
- જેવી કુહાડી તેવો દસ્તો.
- જણ તેવી જોડી.

⇨ **સાખી :**

**નમન નમન મેં ફેર હૈ,**
**બહુત નમે નાદાન,**
**દગાબાજ દોઢા નમે,**
**ચિંતા ચોર કમાન.**

અર્થાત્ઃ
તમને કોઈ નમન કરે, તેમાં પણ ઘણો ફેર હોય છે. જે લોકો લળી લળીને નમે સમજી લેવું કે તે દગાબાજ ચાલબાજ છે. એવાથી ચેતતા રહેવું.

⇨ **ભગત જગતકું ઠગત.**

ભગત જેવા પાસે આખું જગત ઠગાય છે.
- જગતને ઠગવું હોય તો ભગતનો વેશ ધારણ કરવો પડે.
- બગ ભગતથી ચેતતા રહેવું.

⇨ **ભજ કલદારમ્, ભજ કલદારમ્**

લોભી, પૈસાનો ચાહક.
અર્થાત્ઃ
જેને પૈસા સિવાય, બીજું કોઈ ધ્યેય નથી તેવો, પૂરો મારવાડી.

**દોહરો :**

પૈસો મારો પરમેશ્વર,
બૈરી મારી ગુરુ,
છૈયા છોકરાં શાલીગરાંમ,
તો સેવા કાંની કરું ?



⇨ **મૂંગ મેરા તો ડાંખલી તેરી, ને ડાંખલી તેરી તો મૂંગ મેરા.**

એકલ પેટો, સ્વાર્થી.
- પોતાનો જ સ્વાર્થ જોનાર.

⇨ **મોરી પચુકલી મેરી**
**તો લાબડ જોધ્ધા તેરા,**
**લાબડ જોધ્ધા તેરા**
**તો મોરી પચુકલી મેરી.**

મહા સ્વાર્થી.
- મારું તે મારું ને તારું મારું શૈયારું.

⇨ **મુખમેં રામ બગલમે છૂરી, ભગત હુવા પણ દાનત બૂરી.**

મોંઢે સારું સારું બોલીને છેતરવાના ધંધા કરનાર.
- ભગતનો વેશ ધરી સૌને છેતરનાર.

- મોંઢે રામ પણ પગે માછલાં મારે.
- બગ ભગત કે ઠગ ભગત.
- મોંઢે મીઠાશ પણ પેટમાં પારી.
- નામ ખુદાનું ને કામ શેતાનનું.

⇨ **મુફ્ત કા ચંદન ઘસ બે લાલિયા.**

મફતનું મળે એટલે પૂરે પૂરો લાભ લેવો.
- મફતમાં મળે તો ઝેર પણ લેવું.
- મફતમાં મળે એ પચાવી પાડવું.

**દોહરો :**

રહો અમારા નગરમાં,
હુકમ બીના મત જાઓ
કરો અમારી ચાકરી,
ભીખ માગ કે ખાઓ.

- મફતનાં મરી તીખાં ન લાગે.
- મુફ્ત કા માલ લૂટો મેરે લાલ.
- મફતની મજા મીઠી લાગે.

⇨ **માંન ન માંન મેં તેરા મે'માન.**

ગળે પડવું.

- નમાજ પડવા જતાં મશીદ કોટે વળગે.
- આંગળી આપતાં પાંચો પકડે.
- આરબના ઊંટ જેવું.

⇨ **સબી ઠાકોર ને સબી શેઠ.**

બધા રાજા કે શેઠ ન બની શકે અને બને તો વહેવાર ન ચાલે.

- હું રાણી, તું રાણી, કોણ ભરે ઓ બેડે પાણી ?

- સો શેઠ બને તો આ ચોપડા કોણ લીખે ?
- સૌ રાજા થાય તો દરબારી કોણ થાય ?

⇨ **દોહરો :**

મૂંગા બહેરા બાત ચલાયે,
અંધા કુરાન બાંચે,
જબ ઠૂંઠેને મૃદંગ બજાયા,
લંગડા ક્યા ખૂબ નાચે.

અર્થાત્ઃ
અજીબોગરીબ ઘટના બનવી.
- તદ્દન અશક્ય વાત શક્ય બનવી.



# ભડલી વાક્યો

⇨ **જો વરહે મગા, તો ઘરમાં થાય ધાંનના ઢગા.**

મગા નક્ષત્રમાં સારો વરસાદ પડે તો ખેતી સોળઆની પાકે અને અઢળક અનાજ ઉત્પન્ન થાય છે.

⇨ **દા'ડે દા'ડ હુવારાં, ને રાતે રાતે તારા, એ તો નઈ વરહવના ચારા.**

દિવસ આખો આકાશમાં (ચોમાસે) આછાં પાતળાં વાદળ દેખાય અને રાત્રે આકાશ ચોખ્ખું થઈ જાય તો દુષ્કાળ પડશે એમ વર્તાળો કરાય છે.

⇨ **સાવણ મઈને સરવાડાં ને ભાદરવો ભરપૂર.**

શ્રાવણ માસમાં, જ્યાં વાદળાં ચઢે ત્યાં ઝાપટું પડી જાય છે. હેલી થતી નથી કે નથી પડતો અનરાધાર વરસાદ, પરંતુ ભાદરવા માસમાં અનરાધાર વરસાદ પડતાં હેલી થાય છે.

# જોડકણાં-ઉક્તિઓ

⇨ **અક્કલનો ઓથમીર, મંગાચી ભાજી ને લાચો કોથમીર.**

અક્કલ વિનાનો, ડફોળ.

⇨ **અતિશેલાડથી છોરાં બગડે, અતિશે લાડથી ઢોરાં બગડે.**
- અતિશયનો સર્વથી તાગ્ય કરવો.

કોઈપણ વાતમાં અતિરેક ન ચાલે પછી લાડ પ્યાર હોય કે ગુસ્સો.

⇨ **આથમાં મારા (માળા) પેટમાં લારા એ ભૂછે મરવાના ચારા.**
- હાથમાં માળા, પેટમાં લારા એ ભૂખે મરવાના ચારા.

કથની અને કરણીમાં ફેર હોય તે માણસ ક્યારે સુખી ન થાય, સફળ ન થાય, નિંદાને પાત્ર બને.

⇨ **આથમા પછી અંહુર શું ન લૂટ્યા પછી ભોં શું.**

જે થઈ ગયું એ થઈ ગયું પછી એની ચિંતા કરવી કે પસ્તાવો કરવો નકામો.
- એકવાર લૂટાઈ ગયા પછી ફરી લૂટાવાનો ડર ન રહે.

⇨ **આપડી એ રૂડી, બીજાની બાપડી.**
- આપણાં છોકરાં ધરમરાજા, પારકાંના દુર્યોધન.

આપણું બધું સારું બીજાનું બધું નકામુ.
- પોતાના દુર્ગુણી દીકરાને ધરમરાજા ગણાવે, પારકાના ગુણીયલને નકામા ગણાવવા.

⇨ **ઈશ્કની મારી નાતરે જાય ન હાલ્લો કાઢીન પાથરે.**

ઈશ્ક આંધરો છે.
- પ્રેમ દિવાનો છે.
- પ્રેમમાં ગમે તે કક્ષાએ જાય.

⇨ **કજયાનું મૂળ હાંસી ને રોગનું મૂલ ખાંસી.**
- કજિયાનું મૂળ હાંસી ને રોગનું મૂળ ખાંસી.

હાંસી-મજાક-મશ્કરી કરવાંથી જ ઝઘડો થાય અને ખાંસી થાય તો સમજવું કે બીમાર પડવાવારો આવશે જ.

⇨ **કણબી મારે કૈને ન, પાડો મારે ધૈન.**
- કણબી મારે કહીને ને પાડો મારે ધઈને.

પાટીદાર કહીને વાર કરે, ઘા કરે પણ પાડા જેવું ઝેરીલું પ્રાણી, દુશ્મનને જોતાં જ મારવા ધસી આવે છે, જે ભરોસાપાત્ર ન ગણાય.



⇨ **કરમ આચું કાંડે તાર ડોહો ઘરમાં ભોંડે.**
- કરમ આંડે પાંદડું તો ગાંડ મારે વાંદરું.
- કરમ આંડે પાંદડું ત લાત મારે વાંદરું.

કમનશીબ બેઠું હોય ત્યારે કે પડતી આવી હોય ત્યારે, સગા બાપથી માંડી હાલી મવાલી તમને રંજાડી શકે.

⇨ **દકાર પડે તાર કોદરા માંઘા, તડ પડે તાર રાંકા માંઘા.**

ખૂબ જરૂર પડે ત્યારે જ નબળો માણસ માન માગે, કિંમત માગે અને ઝઘડો થયો હોય ત્યારે નબળો માણસેય મોંઘો થઈ સાથ ન આપે.

⇨ **કાયા તાં હુંધી છાયા ન મન તાં હુંધી માયા.**

શરીર ટકે - અર્થાત જીવતા રહો ત્યાં સુધી સૌ માન મરતબો આપે - વળી મન તૂંટી ગયું હોય તો સંબંધ પણ તૂંટી જાય છે. માયા રહેતી નથી.

⇨ **કોરીભઈની કરા, ઉપર છાજ ને નેચે વરા.**

ગામડામાં રહેતા કોળી, બારૈયા, પાટણવાડિયા વગેરેનાં છાપરાં અસ્તવ્યસ્ત હોય, આછી પાતળી વળીઓને ઉપર કાગડાના માળા જેવું છાજ હોય. અર્થાત જે માણસ આળસુ હોય, અસ્તવ્યસ્ત હોય, તેના માટે વપરાય છે.

⇨ **કોરીભાઈનો કૂબો, એક મેલીન બીજો ઊભો.**

નાતરિયા નાતમાં એક ધણી છોડીને બીજે નાતરે જવામાં છોછ કે નાનમ અનુભવાતી નથી. સહજ ગણાય છે.

⇨ **કોરીભઈનાં કચ્ચાં બચ્ચાં જાર-બંટી ખાય, પિચાવાનું પાણી પીવે ન હાંજે મોટાં થાય.**

અમુક જ્ઞાતિ જેઓ ગરીબીમાં જીવે છે અને મજુરી કરી ગુજરાન ચલાવે છે. એમનાં બાળકો અથડાતાં કૂટાતાં કશીય દવાદારૂ કે વિશિષ્ટ કાળજી લીધા વિના સહજ રીતે મોટાં થઈ જાય છે.

⇨ **ખરી વાતમાં શેનો ખાર, કરજ આપે એમાં શેનો પાડ ?**

ખરી વાત કહેવામાં ઈર્ષા કે દુશ્મની કે સંકોચ ન હોય. એ જ રીતે કરજે લીધેલ રકમ પરત કરવામાં કોઈ ઉપકાર ન ગણાય. એમ સાચી વાત કહેવામાં સંકોચ રાખવો ન જોઈએ.

⇨ **ખેડૂત અરે ફરતો હારો, ને બરધ્યો ઘરે ફરતો હારો.**

• ખેડૂત હળે ફરતો સારો, ને બળદ ઘરે ફરતો સારો.

જુવાન કે કામગરો કોઇ પણ માણસ - જાનવર પછી તે બળદ હોય કે ઘોડો કામ કરે તો પલોટાય, નહીં તો આળસુ થઇ નકામો બનીજાય છે.

⇨ **ગાર એટલે ઘીની નાર.**

• ગાળ એટલે ઘીની નાળ.

ગરજુ, સ્વાર્થી કે લાલચું માણસને ગાળ કે અપમાન લાગતું નથી કારણ કે એમની ગરજ માટે એમને કામ કઢાવવા ગાળ પણ વહાલી લાગે છે. તેમ સાધુ સંતો કે ફકીરને પણ ગાળની અસર થતી નથી અથવા તેઓ એને ઉદાર મને માફ કરી દે છે.

⇨ **ગાંડા લોક ગાંમે ગામં વહે, ખાહ્ડું મારો તાર ખડખડ અહે.**

• ગાંડા લોકો ગામે ગામ વસે, ખાસડું મારો ત્યારે ખડખડ હસે.

ગાંડા લોકોનાં અલગ ગામ ન હોય, એ તો આપણી વચ્ચે વસતા હોય છે.
- એમને ગાંડપણના કારણે માન-અપમાનની ખબર નથી પડતી-એટલે માન અપમાનની પડી ન હોય તેવા ડાગળીછંદ માણસ માટે આવું વપરાય.

⇨ **ગોર વગર મોરો કંસાર, મા વગર હુંનો સંસાર.**

• ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર.
• મા તે મા, બીજા વગડાના વા.

કંસારમાં ગમે તેટલું ઘી નાખો પણ જો એમાં ગળપણ ન હોય તો તેની કોઇ કિંમત હોતી નથી. તેમ જગતમાં જનેતા વિના જીવન કે સંસાર નકામો છે.
અર્થાત્ઃ
જીવનમાં પ્રેમભાવ કે લાગણીના સંબંધ ન હોય તેવો સંસાર નકામો ગણાય.
- માની તોલે કોઈ ન આવે.

⇨ **ઘર બગડે જૂવે, શરીર બગડે હૂવે.**

• ઘર બગડે જૂવે, શરીર બગડે સૂવે.

ઘરમાં નકામાં જીવજંતુ હોય તો ઘરનું વાતાવરણ, બગડે, એ જ રીતે શરીર પણ વધારે પડતા દિવસે સૂઇ રહેવાથી પ્રમાદી બને છે.

- પહેલાંના જમાનામાં ઘર આંગણે ને ચોમાસામાં ઢોર ઘરમાં બાંધતા ત્યારે જૂવો કે ઇતડી-નામનું જીવજંતુ ઢોરને વળગીને લોહી પીવે જેથી અ ધીમે ધીમે નબળું પડતું.



⇨ **ઘરની ઊઠી વનમાં ગઇ, તાર વનમાં લાગી લાય.**

• ઘરની બળી વનમાં ગઇ, તો વનમાં લાગી આગ.

કમનશીબ કે નશીબ બે ડગલાં આગળ હોય છે. કોઇપણ માણસ, ગ્રહદશા નબળી હોય તો ઘરથી પરેશાન થઇ ભાગે ત્યારે જ્યાં જાય ત્યાં પણ એથી બદતર સ્થિતિ હોય છે.

લાભની આશાએ જવું અને હોય તે પણ ખોઇને આવવું.

⇨ **જેટી ચરવા ગઇ ને ઊન મેલીન આચી.**

• ઘેટી ચરવા ગઇ ત્યાં ઊન મૂકીને આવી.
• ગધા ભી ખોયા ને રસ્સી ભી ગઇ !

⇨ **ચતુર ચેતે ન મૂર્ખો વેઠે.**

હોંશિયાર માણસ આવતી આફતથી બચવા રસ્તો શોધી કાઢી પાર ઉતરી જાય જ્યારે મૂર્ખને રસ્તો ન જડતાં વેઠવાવારો આવે.

⇨ **ચાકર ચોરે એમાં બરકત રે' પણ શેઠ ચોરે એમાં શી હરકત !**

• નોકર ચોર્યે નફો જાય, ન શેઠ ચોર્યે મૂડી જાય.

ઘરનો નોકર ચોરે તો નફો ઓછો થાય પણ ખુદ માલિક ચોરે ત્યારે પેઢીની પડતી શરૂ થઇ જાય.
- કેટલાંક ઘર એવાં હોય છે કે એકાદ સ્વાર્થી સભ્ય જ ઘરમાં ચોરી કરવા માંડે છે.

⇨ **ચાર બેહે પાઘડી ત વાત કરે પાઘરી.**

• ચાર બેસે પાઘડી તો વાત કરે પાધરી.

ચાર ઘડાયેલા વડીલો ભેગા મળે ત્યારે પોતાના કે સમાજના ભલાની સારી જ વાત કરે. એલફેલ વાત કરી કોઇનું બૂરું ન જ ઇચ્છે.

⇨ **ચાર મલે ચોટલા ત ભાગે ઘરના ઓટલા.**

• ચાર મળે ચોટલા તો ભાગે ઘરના ઓટલા.

ચાર સ્ત્રીઓ એકઠી થાય ત્યારે હંમેશા બીજના ઘરની કુંથલી, નિંદા કે બૂરાઇ કરીને કાં'તો કોઇના ઘરમાં ઝઘડા કરાવે કાં ઘર ભગાવે.
- નારી સહજ ઇર્ષા ભાવ.

⇨ **ચંગા રોટી બીબી ખાય ન માર ખાવા દાસી જાય.**

• જશ ખાવામાં જગલોને, માર ખાવામાં મગલો.

કરે કોઇને ભોગવે કોઇ.
- ચોરી કોઇ કરે ને સજા કોઇ ભોગવે.
- ગંડુરાજા જેવો ન્યાય કે વહેવાર.

- લોચી ચૂહે માંકણ ને માર ખાય ખાટલો.

⇨ **છોકરો શોભે બાપને ઘેર ન છોડી શોભે આપ ઘેર.**

સૌ સૌના સ્થાને સૌ શોભે.
- દીકરો પોતાના ઘરે શોભે તો દીકરી એના સાસરે જ શોભે.

⇨ **જમાંનો આયો પાપનો, દીકરો નઈ હગા બાપનો.**

આજના કળિયુગના જમાનામાં સગો દીકરો, મા-બાપનો થતો નથી ત્યાં પારકાંની શું અપેક્ષા રાખવી ?

⇨ **જયાં ના પૉ'ચે રવિ,**
**તાં પૉ'ચે કવિ.**
**જયાં ના પૉ'ચે કવિ,**
**તાં પૉ'ચે અનુભવી.**

અનુભવી માણસ જગતના કોઇપણ ખૂણે પહોંચી. પોતાની જગ્યા કરી, જીવન ગોઠવી દે. તેવી રીતે જયાં સૂર્ય કિરણ ન પહોંચે ત્યાં કવિની કલ્પના પહોંચી જાય.

⇨ **જવાંન હાહુ મરે નઈન, વવનો દા'ડો વરે નઈ.**

- જુવાન સાસું મરે નહીં ને વહુંનો દા'ડો વળે નહીં.

આ કહેવત ઘણા અર્થમાં વપરાય છે. સત્તાની ફેરબદલી માટે, સ્વતંત્રપણે જીવવા માટે, વટ-વહેવારને હાથ લેવા માટે.

⇨ **જે ના કરે મા ને બાપ, એ કરે શેક ને તાપ.**

- પારકી મા જ કાન વીંધે.
- જે ન કરે મા ને બાપ તે કરે શેક ને તાપ.

મા-બાપ, વ્હાલ ને લાગણીના કારણે ક્યારેક બાળકોને જીવનમાં જરૂરી પાઠ ન ભણાવી શકે તે કળા કે જ્ઞાન, તાપ, ભયના કારણે પામી શકાય છે. પરાયા જણ, ગુરૂ કે કોઇપણ શીખવે તેવું મા બાપ ન શીખવી શકે.

⇨ **જેણે આલ્યાં નાંણાં એનાં શાં આંણાં કે પરિયાંણાં.**

- જેણે આપ્યાં નાણાં એને શાં આણાં કે પરિયાણાં.

નાણાં આપનારને પરત આપવા માટે કોઇ મુહૂર્ત જોવાની જરૂર પડતી નથી.

⇨ **જેને ઘેર કારી (ભેંસ) એને સદાય દીવાળી.**

- જેને ઘેર કાળી (ભેંસ) એને સદાય દિવાળી.

જેને ઘેર દૂઝણી ભેંસ હોય અર્થાત કાયમી બેઠી આવક હોય તેને બારે માસ દિવાળીના તહેવાર જેવું સુખ મળતું હોય છે.



⇨ **જેટલા પાઘડીના આંટા, એટલા એ જાતના રાંટા.**

- જેટલા પાઘડીના આંટા, એટલા જાતથી તે રાંટા.

આ કહેવત ચરોતરમાં, પાઘડી પહેરનાર કાઠીયાવાડી લોકો માટે પ્રચલિત છે. અર્થાત્ જેઓ પાઘડી પહેરે છે તેવો વાસ્તવમાં અંદરથી આંટીઘૂંટીવાળા હોય છે. તેથી તેની સાથે સાવચેતીપૂર્વક વહેવાર કરવો.

⇨ **જેને નઈ લાજ, એને અડઘું રાજ.**

- જેને નઈ લાજ, એને નાંનું હરખું રાજ.
- જેણે મૂકી લાજ, એને નાંનું સરખું રાજ.

જેને આબરું કે શરમ નથી તે નીચ કે હલકું કામ કરતાં નાનમ અનુભવતો નથી તેવા દાંડ કે નાગા માણસથી સૌ ડરતા હોવાથી નાનકડા ગામ ધણી જેવી જોહુકમી ચલાવે છે.

⇨ **જેણે રાખી લાજ, એનું બગડ્યું કાજ.**

- જેણે રાખી લાજ, એનું બગડ્યું કામકાજ.

જેને આબરુંની પડી હોય, જેને સમાજના વટ, વહેવાર અને નીતિનિયમોની પડી હોય તેનું કોઇપણ કામકાજ સરળતાથી પતતું નથી.

⇨ **જેના જેવાં ઢંગ, એનો એવો રંગ.**

- જેના જેવા ઢંગ, તેનો એવો રંગ.

જેને જેવી ટેવકુટેવ પડી હોય તેવી રીતે જ, તેવા રંગ રાગથી જીવતો હોય છે. સારો સંસ્કારી જીવ સારી રીતે વર્તે, નકામો હલકો એની રીતે વર્તે.

⇨ **જેવો દેશ એવો વેશ.**

- જેવો દેશ તેવો વેશ.

જેવા દેશમાં, જેવા માહોલમાં રહેતા હોય તેમના જેવા થઇને રહો તો જ એમની વચ્ચે જીવી શકાય. તો જ એમનો સાથ સહકાર મળે.

⇨ **જેવો જાલ્યો જોગી, એવી મકવાંણી માલી.**

- જેવો જાલિયો જોગી, તેવી મકવાણી માલી.
- જેવી કોદાળી એવો દસ્તો.
- જેવો ભઇનો પૂક, એવી બાંનની પાપડિયો.

જેવો સ્વભાવ હોય તેવાને તેવી જ પત્ની કે સાથીદાર મળતા હોય છે. સારા માણસને સારાનો અને દુર્જનને દુર્જનનો સંગ થાય છે.

⇨ **જો થવું ઓય બાવો તો કરાવો દાવો.**

- જો થવું હોય બાવો તો કરાવો દાવો.

જે માણસ કશાંય કારણે કોર્ટે ચઢે તે હંમેશા ખુવાર થઈ જાય તો પણ કદાચ ન્યાય મળે ખરો કે ન પણ મળે.

⇨ **ઝાઝી ખેતીએ ધણી લથડે, ઝાઝી દીકરીએ બાપ લથડે.**

લાંબી પહોળી ખેતીને, ખેડૂત પહોંચ વળતો ન હોવાથી એની ચિંતામાં તબિયત બગાડી મૂકે છે. એ જ પ્રમાણે ઝાઝી દીકરીનો બાપ એમના લગ્નો કરાવવા, આણાં-પરિયાંણા કરવામાં જ તૂટી જાય છે. માટે પહોંચી વળાય તેટલી ખેતી કરવી અને એકાદ બે દીકરીઓથી વધારે પેદા ન કરવી.

⇨ **ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં,અંધેરી નગરમાં ગંડું એક રાજા.**

જેના શાસનમાં ગોળ અને ખોળની કિંમત સરખી હોય, સોનું અને પિત્તળ સરખા ભાવે વેચાતાં હોય એવા રાજ્યનો રાજા ગાંડો જ હોય. માટે જે સમાજ કે ગામનો ધણી અક્કલ વગરનો બૂડથલ હોય તેવા સમાજ કે ગામમાં સારા માણસો જીવી ન શકે.

⇨ **ટકોરો મારીન લેવો ઘડો, જોખતાં પે'લા કરવો ઘડો.**

- ટકોરો મારીને લેવો ઘડો, જોખતાં પહેલાં કરવો ઘડો.

કોઈપણ વાત જાણી-અજાણી વિચારીને સારા નરસા તમામ પાસાનો વિચાર કરીને આગળ વધવું. વગર વિચાર્યું આંધળુંકિયું પગલું નુકશાન કરાવે.

⇨ **ટાડ ટાડ કરીએ નઈ ને ટાડના માર્યા મરીચે નઈ.**

- ટાઢ ટાઢ કરીએ નહીં, ને ટાઢના માર્યા મરીચે નહીં.

કશી વાતનું એક જ રટણ કરી એનાથી બી ન જવાય. પરિસ્થિતિને સહન કરતાં શીખવું જોઈએ.

⇨ **ડાચી બઈન તેડાવો ખીરમાં મેંઠું નંખાવો.**

- ડાહી બાઈને તેડાવો ખીરમાં મીઠું નંખાવો.

જાણી જોઈને દોઢડહાપણ કરી બગાડી મૂકવું.

- જાણી જોઈને કૂવામાં ન પડાય.



- જાણી જોઈને ઝેર ન ખવાય.
- જાણી જોઈને બેઠેલી ડાળ ન કપાય.
- જાણી જોઈને પગ ઉપર કુહાડો ન મરાય.

⇨ **ડાચો દીચરો દેશાવર ભોગવે, ને ડાચી વવ ચૂલો ફૂંકે.**

- ડાહ્યો દીકરો દેશાવર ભોગવે, ને ડાહ્યી વહું ચૂલો ફૂંકે.

ગુણ ચતુરાઈ અને સ્થાન પ્રમાણે કામ, માન, મોભો અને સ્થાન નક્કી હોય.

- ભણેલ ગણેલ દિકરો કમાવા વિદેશ જાય અને ડાહી ચતુર વહુંવારું રસોડામાં શોભે.

⇨ **ડુવારાં દેખી પાટીદાર મલકાય ને ડુવારાં દેખી કોરી ગભરાય.**

- ડુવાળાં દેખી પાટીદાર મલકાય ને ડુવાળાં દેખી કોળી ગભરાય.

આકાશમાં વાદળ દેખાય એટલે વરસાદ આવશે, તેથી ખેડૂતો-પાટીદાર ખૂબ ખુશ થાય, પણ કોળી જ્ઞાતિના લોકો મોટા ભાગે સખળડખળ છતવાળા છાપરાં કે માટીનાં ઘરમાં રહે છે. સ્વભાવે આ જ્ઞાતિના લોકો ખૂબ આળસુ હોવાથી ચોમાસું આવતા ઘરમાં વરસાદ ચૂવે નહીં તે માટે કશી કાળજી લેતાં નાથી. છેવટે વરસાદ ઘરમાં પડે એટલે એ ડરે છે.

⇨ **તપસી ગચા લપસી ન જોગી થચા ભોગી.**

- તપસી ગયા લપશી ને જોગી થયા ભોગી.

આજના કળીયુગમાં સાધુ, સંન્યાસી, જોગી બધા કામવાસનાથી ઘેરાઈ ગયેલા છે અને ભોગ વિલાસમાં સપડાઈ ગયા છે. માટે એવા ચલિત ઢોંગી સાધુ બાવાથી ભરમાઈ ન જવું.

⇨ **તૂટચાં ફૂટ્યાં હાંધે ન બે બાચડીચોનો ધણી આથે રાંધે.**

- તૂટ્યાં ફૂટ્યાં સાંધે ને બે પત્નીનો ધણી હાથે રાંધે.

જેના ઘરમાં બે પત્ની હોય તેને દશા ખૂબ બૂરી હોય. ઘંટીના પડની જેમ પિસાતા રહેવાનું, માટે સુખેથી રહેવું હોય તો બે પત્ની ન કરવી.

- ઝાઝાં ઘરનો પરાંણો ભૂખમરો.
- હિયાળી હાહુની ઉકૈડે માંકાણ.

⇨ **દા'ડા આવે વાંકા ત માર મારે રાંકા.**

કઠણાઇ બેસે ત્યારે, નશીબ સાથ ન આપે ત્યારે નાનો કે નબળો માણસ પણ રંજાડી જાય છે, સામે થઇ જાય.

- દહાડા આવે વાંકા તો માર મારે રાંકા.
- નશીબ આડે પાંદડું તો ગાંડ મારે વાંદરું.

⇨ **સમય સમય બલવાન, નહીં પુરૂષ બલવાન, કાબે અર્જુન લૂંટિયો, એહી ધનુ એહી બાણ.**

''

⇨ **દેખતે ડોરે અંધાપો, ન છતી રાંડે રંડાપો.**

લાચારીભરી સ્થિતિ.
- ન કહેવાય કે ન સહેવાય તેવી સ્થિતિ.
- પરિસ્થિતિ પર કાબૂ ન રહેવો.

- દેખતે ડોળે અંધાપો, ને છતી રાંડે રંડાપો.

⇨ **દે ટૂંકડો ત આવે ઢૂંકડો.**

''

- દે ટૂંકડો તો આવે ઢૂંકડો.

⇨ **દેવ ગયા ડુંગરે, પીર ગયા મક્કે કોંગ્રેસના રાજમાં ઢેડ મારે ધક્કે.**

આ કલિકાલમાં ન થવાનું થાય.
- ધારણા બહારનું બની જાય.
- સાવ નાનો માણસ અપમાન કરી જાય.
- કોઇના પર કોઇનો કાબૂ ન રહે.

⇨ **દાંમ કરે કાંમ ને લૂંડી કરે સલાંમ.**

આ યુગમાં શેહ કે શરમથી કામ થતું નથી. પૈસા વેરો એટલે કામ થઇ જાય.
- કોઇપણ કામ કરાવવું હોય કે કઢાવવું હોય તો એની કિંમત ચૂકવો તો સરળતાથી પતી જાય છે.

- દામ કરે કામ ને લૂંડી કરે સલામ.
- ડોંગનો માર્યો ઊંચું જુવે ન ધાંનનો માર્યો ને'ચુ જુવે.
- હાથ હોય પોલા તો કામ કરે ગોલા.

⇨ **ધણી આયો કે ધાડ્ય, ઝૂંપડું લગાડું કે વાડ્ય.**

ભયાનક ક્રોધી પતિ માટે કેટલાક પતિદેવો હંમેશા કોપાયમાન સ્થિતિમાં જ રહેતા હોય છે. હંમેશા ઝઘડવાના મૂડમાં જ હોય.

- ધણી આવ્યો કે ધાડ, ઝૂંપડું લગાડું કે વાડ.



⇨ **ધણી-ધણીયાંણી રાજી તો ક્યા કરે કાજી.**

કેટલાક ધણી-ધણિયાણી એકબીજા માટે ગમે તેવી સ્થિતિમાં પણ સાથે રહેવા માગતા હોય તો કોઇ કશું કરી શકે નહીં.
- પતિ-પત્ની દિવસે લડતાં-ઝઘડતાં રહે, પણ સાંજે ભેગા થઇ જાય.

- ધણી-ધણીયાણી રાજી તો શું કરે કાજી.
- મિયાં-બીબી રાજી તો ક્યા કરે કાજી.
- દા'ડે આવે ડાંગે ને રાતે એકનાં એક.
- પતિ-પત્નીનો ઝઘડો ખાટલા લગીન.

⇨ **ધણી જાગે ન ચોર ભાગે.**

સાવધાન કે જાગૃત માણસ હંમેશા જીતી જાય છે.
- જાગૃત માણસ મુસીબતથી બચી જાય છે.

- ધણી જાગે અને ચોર ભાગે.

⇨ **ધણીની માંનીતી બાયડી બાર ગવ ઉજ્જડ ભારે.**

પતિની માનીતી સ્ત્રી કોઇને ગાંઠતી નથી. મનફાવે તેવું કરતાં કોઇ રોકી શકતું નથી.

- ધણીની માનીતી સ્ત્રી બાર ગવ સુધી ઉજ્જડ દેખે.

⇨ **ધરમીને ઘેર ધાડ્ય ને કહઇન ઘેર કહાર.**

કળીયુગમાં, ખરાબ કે નીચ કામ કરનાર, ચોરી ચકારી કરી ધનવાન થનારને, માન-સન્માન કે સુખ સાહ્યબી મળે છે. નીતિવાનને ખૂબ જ દુઃખ વેઠવું પડે.

- ધર્મીને ઘેર ધાડ ને કસાઇના ઘેર કંસાર.

⇨ **ધૂર ધાંણી ન ધક્કાપાંણી.**

વાતમાં કઇ માલ નહીં.
- એકમાંથી છૂટી બીજામાં સપડાવું.

- ધૂળ ધાણી ને ધક્કાપાણી.
- મેલ કરવત્યા મોચીના મોચી.

⇨ **ઠેરના ઠેર ને ભૈડકા ભેર.**

ગરીબી ગઈ ને ભીખ માગવાનો વારો આવ્યો.

- દરદર ગયું ન દાયરી આયી.

⇨ **નકટાને નાક નઇ ન નફ્ફટને શાંન નઇ.**

જેને લાજશરમ નથી અને આબરુંની પડી નથી તેવાને કોઇ અસર થતી નથી અને નફ્ફટ માણસને પણ ઇશારો કે સૂચનની પડી નથી કે અસર થતી નથી.

- નકટાને નાક નહીં ને નફ્ફટને શાન નહીં.

⇨ **નબરાન હૌ નડે ન નાગાન પગે પડે.**

- નબળાને સૌ નડે ને નાગાને પગે પડે.
- જેણે મૂકી લાજ એને નાંનું સરખું રાજ.
- નાગાની પાંચ્છેરી ભારે હોય.

આજના જમાનાની તાસીર છે કે નબળાને સૌ પજવે, ને નાગા કે દાંડને સૌ પગે પડે.

- નબળાને માર પડે ને નાગો જીતે.

⇨ **નર્સ, નદીને મે'તી સદાય વે'તી.**

- નર્સ, નદીને મહેતી સદાય વહેતી.

નદી વહેતી રહે અને નર્સ અને શિક્ષિકાનું ચરિત્ર શંકાશીલ હોય છે એવી આજના સમાજમાં છાપ છે.

⇨ **નમે એ હૌને ગમે.**

- નમે તે સૌને ગમે.
- નમે એ પેટ ભરીને જમે.

માન આપે તે જ માન પામે.

- વિનયી માણસ સૌને ગમે.

- નમે એની બધી રીતે આગતા સ્વાગતા થાય છે.

⇨ **ના આવડે ભીખ, તો વૈદું શીખ.**

આજ સુધી એવી ધારણા પ્રચલિત હતી કે સૌથી સહેલો ધંધો વૈદું કરવાનો છે, ભીખ માગવા જેટલીય ત્રેવડ ન હોય તે પણ વૈદું કરી શકે.

⇨ **નાણાં વગરનો નાથ્થો, નાંણે નાથાલાલ.**

- નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ.

આજના યુગમાં બીજા કોઇ ગુણ સંસ્કાર કે આવડત કે કલાની કોઇ કિંમત નથી. માત્ર જેની પાસે પૈસા છે તેની પૂજા થાય છે. ગઇકાલે તૂકારીને, મુફલીસ સમજીને બોલાવતા, તેની પાસે કોઇપણ રીતે પૈસા આવી જાય એટલે રાતોરાત તે માનપાનનો અધિકારી બની જાય છે.

⇨ **નાંમીતો વાંણિયો રરી ખાય ન, નાંમીતો ચોર માર્યો જાય.**

- નામીતો વાણિયો રળી ખાય, ને નામીતો ચોર માર્યો જાય.

આજના યુગમાં જેનું નામ થઇ ગયું હોય તે કમાય છે. તે ગમે તેવો હોય તો પણ નામના આધારે કમાય છે. તરી જાય છે અને એકવાર બદનામ થઇ ગયલો ગમે તેટલો સારો હોય તો પણ માર ખાતો આવે છે.



⇨ **નોકર ખાય તો નફો જાય, ન શેઠ ખાય તો મૂડી જાય.**

ધંધામાં કે કુટુંબમાં નોકર ચોરી કરે તો નફામાં કે બચતમાં થોડો ફેર પડે પણ ખૂદ માલિક જ ચોર બને તો ધંધો પડી ભાગે છે.

⇨ **નોકરી કરવી તો સરકારી, પૈણવું તો નાતમાં ને બાવા બનવું તો સાંમીનારણના.**

- નોકરી કરવી તો સરકારી, પરણવું તો નાતમાં ને બાવા બનવું તો સ્વામીનારાયણના.

આજના યુગની તાસીર ને માન્યતા પ્રમાણે સરકારી નોકરી કરનાર, કામ ન કરે કે લાંચ લઇ ધનવાન બને તો પણ એને આંચ આવતી નથી તેમ ન્યાતમાં પરણવાથી ઝઘડો થાય કે તકલીફ પડે તો ન્યાતના માણસો ઉકેલ લાવે કે મદદ કરે છે અને સ્વામીનારાયણના સાધુ થવાથી વગર મહેનતે મેવા-મિષ્ટાન ખાવા મળે અને સમાજમાં પૂજન થાય.

⇨ **પકડે કાંન એન આવે શાંન.**

- પકડે કાન તેને આવે શાન.

જેની ભૂલ કોઇ પકડીને બતાવે અને સજા કરે તો ફરી ભૂલ કરતો નથી. એ તો ઝડપથી શીખીને હોંશિયાર બની જાય છે.

⇨ **પગ તરે આયો રેલો તો કે' વાત પડતી મેલો.**

- પગ તળે આવ્યો રેલો તો કહે વાત પડતી મેલો.

પોતાનો વાંક કે પોલ પકડાઇ જવાના હોઇ, પોતાની સંડોવણી પર આંગળી ચિંધાય ત્યારે એ વાતને પડતી મૂકાવવા પેંતરા કરી છટકી જાય છે બચી જવાની યુક્તિ કરે છે.

⇨ **પટલ મારે કયીને, ન પાડો મારે ઘૈયને.**

- પટેલ મારે કહીને, ને પાડો મારે ઘૈન.

પાટીદાર એ એવી જ્ઞાતિ છે કે લુચ્ચાઇ કરી પીઠ પાછળ કદી ઘા ન કરે. સામેથી કહીને સામી છાતીએ વાર કરવા આવે, તેમ પાડા નામનું પ્રાણી દુશ્મનને જ્યાં પણ જુંવે ત્યાં એના પર હુમલો કરીને એના માટે ખાર રાખે ને હુમલો કરે છે.

⇨ **પંડ્ય રરે તો પેટ ભરાય, ને ધન રે'ત ઢગલો થાય.**

- પંડ્ય રળે તો પેટ ભરાય, ને ધન રહે તો ઢગલો થાય.
- આપ મૂવા વગર સ્વર્ગે ન જવાય.
- ટીપે ટીપે સરોવર ભરાય.

જાતે રળે, જાતે કામ કરે, જાતે દેખરેખ રાખે તો જ કમાણી થાય, બચત કરે તો ધન ભેગું થાય.

**⇨ પાચલાન પાડી અરધો ચરઇ, કૂવે પડી તાર પૂણો કડઇ.**

- પાચલાની પાડી અડધો ચરાઇ, કૂવે પડી ત્યારે પોણો કડાઇ.
- ટકાની ડોશી ને ઢબૂ મૂડાંમણ.

કશીય ચીજ હોય કે પાલતું જાનવર, ભલે એની કિંમત ન હોય પણ એની રાખરખાવટ કે સાચવણી હંમેશા મોંઘી પડે છે, એવો ધંધો ન કરાય જેમાં ઘરનું ગોપીચંદન ખોવું પડે.

**⇨ પારકી આશ સદા નિરાશ.**

- આપ મર્યા વગર સ્વર્ગે ન જવાય.
- રજા અને સજા જાતે જ ભોગવવી પડે.
- હાથે તે સાથે.

પોતાનું કામ પોતે જ કરવું પડે. બીજા પર આધાર રાખનાર નિરાશ થાય છે. કામ થતું નથી અને થાય તો એમા ભલીવાર આવતો નથી.

**⇨ પારકી પંચાત કરે એનાં નૈડાં ભૂખે મરે.**

- પારકી પંચાત કરે તેનાં છોકરાં ભૂખે મરે.
- ભાંજગડિયાનાં છોકરાં ભૂખે મરે.

કામધંધો છોડી બીજાની પંચાત કરે અને તેના કુટુંબને ભૂખે મરવું પડે
- ઘરની ખીચડી ખાઇ બીજાની વકીલાત ન કરાય

**⇨ પારકી પૂંજીએ તે'વાર, લે ઉઠ્ઠ જડા પોઢીએ બે વાર.**

- પારકે પૈસે દીવાળી.
- ઘોડા ઘર આપણાં, મારે રાબ ને તારે લાક્ડાં.

ઘણા લોકોનો સ્વભાવ જ હોય કે પારકા પૈસે ઉજાણી કરવી. આવી તક શોધનાર માણસ.

**⇨ ફર ખાવું જોયને, ન ડોબું લેવું દોયને.**

- ફળ ખાવું જોઇને, ને ડોબું લેવું દોહીને.

કોઇપણ વસ્તુ લેવી હોય, માલ ખરદીવો હોય કે જાનવર લેવું હોય, તેના વિશે જાણી-ચકાસીને જ લેવું, કારણ કેટલાંક ફળ કડવાં, સડેલાં, ઉતરેલાં હોય તો ન લેવાય. તેવી રીતે ઢોર-જાનવર પણ જે કામ માટે લેવાનું હોય તેના માટે બરાબર છે કે કેમ તે જોવું જોઇએ.

**⇨ કુલારાની ફોય અથડઇ મોય.**

- કુલારાની ફોઇ અથડાઇ મોઇ.

જેને જે તે વિષયની ખબર નથી છતા એ વિશે પોતે સર્વજ્ઞ છે એમ બણગાં ફૂકે છે પણ પછી જાણકારી ન હોવાથી પસ્તાય છે.



**⇨ ફૂલી કાચીનો ફૂલો, બાર આથનું ધોત્યું ન, તેર આથનો ફૂલો.**

- ફૂલી કાકીનો ફૂલો, બાર હાથનું ધોતિયું ને, તેર હાથનો ફૂલો.

ગપોડી, જેની વાત ઉપર ભરોસો ન રખાય.
- ગપ્પીદાસ, બણગા ફૂંકનાર.

**⇨ બઇન કોય લે નઇન, ભઇન કોય દે નઇ.**

- બાઇને કોઇ લે નહીં, ને ભાઇને કોઇ દે નહીં.
- જુગતે જોડી.
- મિયાં કાંણિયા ને બીબી લંગડી.

સરખે-સરખા ભેગા થવાં.
- જુગતે જોડી.

**⇨ બધું ગાંમ ધોરે તાર ઘેલી ઘેસ ઓરે.**

- બધું ગામ ધોરે ત્યારે ઘેલી ઘેસ ઓરે.

વેતા વગરની, ગાંડી, ગાલાવેલી, પાચાડગળ સ્ત્રી.

**⇨ બાપ દીવાંનો, મા દીવાંની, બાયડી મારી તુરજા ભવાની.**

- બાપ દીવાનો, મા દીવાની, બાયડી મારી તુળજા ભવાની.

શેખચલ્લીના વિચારોમાં રાચનાર, કલ્પનાના ઘોડે સવારી કરનાર.

**⇨ બાયડી ચોટલે રાજી ને મે'માન રોટલે રાજી.**

કોઇપણ સ્ત્રીને પોતાના લાંબા વાળનો ગર્વ હોય છે. વળી ખૂબ લાંબા વાળ હોવા તે ભાગ્યવાન હોવાની નિશાની ગણાય છે. એટલે સ્ત્રી પોતાના વાળથી ખૂબ રાજી રહે છે. એવી રીતે કોઇપણ મહેમાનની ભોજનથી સરસ સરભરા થાય તો તે રાજી રહે છે. જેને જે જોઇએ તે મળે તો ખૂબ રાજી રહે છે.

**⇨ બાયડી રરે ન ભાયડો ખાય, એમાં હારું શું કે'વાય ?**

- બાયડી રળે ને ભાયડો ખાય, એમાં સારું શું કહેવાય ?

પરાપૂર્વથી ચાલી આવે છે કે ઘર ચલાવવા કમાણી પુરૂષ કરે પણ તે પડ્યો રહે અને સ્ત્રી કમાવા જાય તે સ્થિતિ અપમાનજનક ગણાય તેમ આપણા વડીલો માનતા.

⇨ **બાવા બાર ને લાડવા ચાર.**

- પાંચ પોલીસ ને પંદર ફોજદાર.
- બાંડિયા ગાંમમાં બાર બારસો.

ઢંગધડા વગરનું આયોજન.
- ગણતરી વગરનું આયોજન.

⇨ **બાંમણનો વરો ન કૂતરાંનો મરો.**

- બ્રાહ્મણનો વરો ને કૂતરાંનો મરો.
- વાંણિયાનો વરો ન કૂતરાંનો મરો.

વાણિયા બ્રાહ્મણની જ્ઞાતિ સ્વભાવે કંજુસ અને અતિ ચીકણી હોય, જેથી લગ્ન પ્રસંગે એટલી જ રસોઇ બનાવે કે કૂતરાંને ખાવા જેટલી પણ ન બચે.

⇨ **ભણેલા કરતાં ગણેલા હારો, ગણેલા કરતાં ફરેલો હારો, ફરેલા કરતાં કહ્યલો હારો.**

- ભણેલા કરતાં ગણેલો સારો, ગણેલા કરતાં ફરેલો સારો, ને ફરેલા કરતાં કસાયેલો સારો.

એકલા ભણતરના પોપટિયા જ્ઞાન-વાળા કરતાં ગણતરી કરનારો સારો, પણ તેના કરતાં જગત જોયેલો અનુભવી સારો ગણાય અને અને કરતાં બધી વાતે અનુભવી અને કસાયેલ તે સારો.

⇨ **ભવ આખું ફર્યો તોય પારકે લાકડે બર્યો.**

- ભવ આખુ ફર્યો તોય પારકે લાકડે બળ્યો.

જીવન આખું કમાણી કર્યા વિના રઝળવામાં પસાર કર્યું. તેને મરણ વેળા પારકે લાકડે બળવું પડે, તેવી સ્થિતિ ન જ લાવવી.

⇨ **ભાડાની વેલ, ઉતારી મેલ્ય.**

- ભાડાની વેલ, ઉતારી મેલ.

ભાડાની કોઇપણ ચીજનો લગાવ ન હોય, કામ પતે પછી પરત આપી દેવાની, એમાં કશો વાંધોવચકો પડે તો પણ ભાંજગડ વરગ આપી દેવાની.

⇨ **ભાયડો રરે ત રાંડ દરે.**

- ભાયડો રળે તો રાંડ દળે.

પતિ કમાય તો સ્ત્રી ઘર ચલાવે. ઘરનું અવેરણ કરે, પણ પતિ ન કમાય તો સ્ત્રી શું કરે ?

⇨ **ભાયડો રરે ત રાંડ દરે, પણ ભાયડો ફરે તો રાંડ શું કરે ?**

- ભાયડો રળે તો રાંડ દળે, પણ ભાયડો ફરે તો રાંડ શું કરે ?

,,



⇨ **ભૂખ ના જુવે એઠો ભાત, તરહ ના જુવે ધોબીઘાટ.**

- ભૂખ ન જુએ એંઠો ભાત, તરસ ન જુએ ધોબીઘાટ.
- ભૂખ છોકરાં વેચાવે.
- ભૂખ બધાં પાપ કરાવે.
- ભૂખ ભવ બગાડે.
- ભૂખ નાચ નચાવે.

ભૂખ ગમે તેવા હલકાં કામ કરાવે, જરૂરીયાત ન પોશાય તો જ માણસ ગમે તે હદે જાય.

⇨ **ભૂંડુ ભાવે નઇ, ન રૂડું તાકડે આવે નઇ.**

- ભૂંડુ ભાવે નહીં, ને રૂડું તાકડે આવે નહીં.
- હારી નડતી કરવા જતાં કુંવારા રઇ જયા.
- સારી નડતી કરવા જતાં કુંવારા રહી ગયા.

અવઢવની દશા, આવી ક્ષણે ત્વરીત નિર્ણય લેવો પડે.

⇨ **ભાણેજે ભાગ નઇ, ને જમયે લાગ નઇ.**

- ભાણેજે ભાગ નહીં, ને જમાઇએ લાગ નહીં.

ભાણેજને આપજામાંથી ભાગ ના પડાય, તેમ જમાઇ પાસેથી મદદ ન મગાય અર્થાત દાનધરમની ચીજ કે ધન ન લેવાય, જેની પાસેથી મદદ ન લેવાય તેની સામે હાથ લાંબો ન કરાય.

⇨ **ભોંય પડ્યું ભાગ્યનું, જે જડે એ બાપનું.**

જડેલામાં કોઇનો ભાગ ન હોય.
- જડે એ જડનારનું ગણાય.

⇨ **મચકો ના કર્ય મે'તરાંણી, આ ચૂડે મેં તેરમી આંણી.**

- મચકો ન કર મહેતરાણી, આ ચૂડે મેં તેરમી આણી.

તારા જેવી તો મેં ઘણી જોઇ નાખી, દાદાગીરી કે નખરા ન કર, નહીં તો કાઢી મૂકીશ. અર્થાત કેટલાકને પોતાની હેસિયતની ખબર ન હોય ને નાહકની દાદાગીરી કરે.

⇨ **મન ચંગા ત કથરોટમાં ગંગા.**

- મન ચંગા તો કથરોટમાં ગંગા.
- મન રાશી તો શું કરે ગયા કાશી ?

કશાય ઉપર પૂર્ણ આસ્થા અને જાત ઉપર વિશ્વાસ હોય તો ઘરમાં જ ચોસઠ ધામ અને ભગવાન હાજર જ હોય, તીર્થે જવાની જરૂર નથી.

⇨ **મનમાં આવે એવું બોલે એ તણખલાની તોલે.**

• મનમાં આવે તેવું બોલે તે તણખલાની તોલે.

ગમે ત્યાં સ્થળ કાળ અને સામેનો માણસ જોયા વિના લવારો કરે તેની કોઇ કિંમત રહેતી નથી.

⇨ **મન વગરનું મલવું ને ભેંત જોડે ભટકાવું.**

• મન વગરનું મળવું ને ભીંત જોડે ભટકાવું.

• હેતનાં ડૂસકાં સારાં પણ કમનની કમોદ ખોટી.

જ્યાં આદર-સત્કાર કે મન ન હોય ત્યાં ક્યારેય ન જવું.

⇨ **મા તે મા, બીજા બધા વગાડાના વા.**

• ગોળ વિના મોળો કંસાર, મા વિના સુનો સંસાર.

માંની તોલે જગતમાં કોઇ ન આવે.

⇨ **મા મૂરો ન બાપ ગાજર, દીકરા એમના સુલેમાંન.**

• મા મૂળો ને બાપ ગાજર, દીકરા એમના સુલેમાન.

વર્ણશંકર પ્રજા જેનાં મા કે બાપના કુળ, ગોત્ર નો કશોય મેળ ન બેસતો હોય.

⇨ **મૂરાના ચોરને મૂચ્ચીનો માર ઓય, કારા પાંણીની સજા ના ઓય.**

• મૂળાના ચોરને મૂચ્ચીનો માર હોય, કાળા પાણીની સજા ન હોય.

જેવો જેનો ગુનો તેવી તેની સજા થાય.

⇨ **મા પૂછે આવતો ન બાપ પૂછે લાવતો.**

માનું વ્હાલ સ્વાર્થહીન હોય છે.એને દીકરાની કમાણીમાં રસ ન હોય, જ્યારે પત્નીને પતિ કમાતો હોય તો જ વ્હાલો લાગે, માં સિવાયના સગપણમાં સ્વાર્થ ભળેલો હોય છે.

⇨ **માંણહ જાતમાં ગાંચજુ ગોલું, પંખી જાતમાં કાગડું ગોલું.**

• માણસ જાતમાં ગાંચજુ ગોલું, પંખી જાતમાં કાગડું ગોલું.

માણસની જ્ઞાતિમાં હજામની જ્ઞાતિ બદમાશ ગણાય તેમ પક્ષીમાં કાગડો લુચ્ચો ગણાય, દરેક વર્ગમાં લુચ્ચી જ્ઞાતિ હોય છે.



⇨ **મિયાં ચોરે મૂઠે, અલ્યા ચોરે ઊંટે.**

• સો સૂનારકી એક લુહારકી.

માણસ થોડે થોડે ચોરી કરી એકઠું કરે ત્યારે અલ્લા એકજ ફેરામાં આવી બધું ચોરાવી લે.
- ખોટા કામનો બદલો ઉપરવાળો અહીં જ આપે છે.

⇨ **મૂકીએ લહતી ત આવે અહતી.**

• મૂકીએ લસતી તો આવે હસતી.

કોઇપણ માણસની ઉપેક્ષા કરો એટલે એ માન મેળવવા દોડતું આવશે. બહુ માન માગનાર ને ક્યારેક આવી સજા કરવી જરૂરી હોય છે.

⇨ **રખડતા નર, જ્યાં બેઠા તાં ઘર.**

• જ્યાં મલે રોટલો એનો હાચવું ઓટલો.

નફીકરા, જવાબદારી વગરના, રઝળતા માણસને જ્યાં કોઇ બોલાવે તેને ઘર સમજી અડીંગો જમાવી દેતા હોય છે.

⇨ **રડતી જાય ન ઘર માંડતી જાય.**

• રડતી જાય અને ઘર માંડતી જાય.

કૃતવી કરવા છતાં પોતાનો સ્વાર્થ સાધવાનું ન ભૂલે તેવો માણસ, તેવી સ્ત્રી.

⇨ **રાત કારી, તલ કારા, લેં વાંણિયા તારા ન તારા.**

• રાત કાળી, તલ કાળા,લે વાણિયા તારા ને તારા.

• રાતે સાડલે રાંડ, ને પાશેર લઇ ગઇ ખાંડ.

• રાત રાણી ને વહું કાણી, વળતાં વળી લઇ ગઇ તેલની પળી.

જેનું ચોરેલું છે તેને જ અંધારાનો લાભ લઇ પાછું આપી રોકડી કરી લે  તેવો ચાલાક માણસ.
- તકનો લાભ લઇ, લોભીને છેતરવો.

⇨ **રાંમ રાખે એન કોણ ચાખે**

• રામ રાખે તેને કોણ ચાખે.

• જીસકા ખુદા મહેરબાન, ઉસકા ગધા પહેલવાન.

ઉપરવાળાની મરજી વિના પાંદડુ પણ ના હાલે.
- ઉપરવાળાની મરજી હોય તો કોઇ કાંઇ કરી શકતું નથી.

⇨ **રૂપને રડે એ કરમને કૂટે.**

• જેની રૂપારી વવ એને ભઇબંધ બવ.

રૂપાળી સ્ત્રીનો ક્યારેય ભરોસો ના રખાય.

⇨ **રંગ ગયા પણ ઢંગ ન ગયા.**

• દોરડી બળી પણ આમળો ન ગયો.

ગમે તેવી સ્થિતિમાંય પડેલી ટેવ જતી નથી. કોઇપણ પરિસ્થિતમાં મૂળગત સ્વભાવ ન જ બદલાય.

⇨ **લખણવંતી લાડી, ખરા બપોરે કાડી.**

- લખણવંતી લાડી, ખરા બપોરે કાઢી.

અપલખણી સ્ત્રી કે પુરૂષને પતિ કે માલિક ગમે ત્યારે કાઢી મૂકે છે. સંઘરતો નથી.

⇨ **લગન વેરા ઊંઘમાં ગઇ, પછી આખી રાત જાગતી રઇ.**

- લગ્ન વેળા ઊંઘમાં ગઇ, પછી આખી રાત જાગતી રહી.

તક જતી કરે તેને આખી જીંદગી પસ્તાવું પડે.

⇨ **લગન વેરા ઊંઘમાં ગઇ, પછી આખો જન્મારો જાગતી રઇ.**

- લગ્ન વેળા ઊંઘમાં ગઇ, પછી આખો જન્મારો જાગતી રહી.

જાગતુ રહેવાની વેળાએ ગાફેલ રહીએ તો જીવનભર પસ્તાવું પડે.

⇨ **લાંબા જોડે ટૂંકો જાય, મરે નઇ ત માંદો થાય.**

- લાંબા સાથે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય.

બીજાની વાદે ચડનાર દુઃખી થાય.

⇨ **લાલ્યા લવારે ઘડ્યું, ઝાંપે જઇને પડ્યું.**

- લાલિયા લુહારે ઘડ્યું, ઝાંપે જઇને પડ્યું.

તકલાદી કામ (ન કરવું)

⇨ **લીલા લે'ર ન જમ્માનું ઘેર.**

- લીલા લહેર ને જમવાનું ઘેર.
- મોઢાની લાપસી ઓરી વરો કરવો.

વાતોના વડાં કરવાં.
- કશુંય ખરચી ન શકે તેવો કૃપણ માણસ.

⇨ **લેતાં લાજી આપતાં ગાજી.**

ગુણ ઉપર અવગુણ કરવો તે, ઉપરથી ઉપકાર કરવાનો દેખાડો કરવો.
- લેતી વખતે હિણપત દેખાડવું અને પરત આપતા ઝઘડો કરવો અથવા બધાને દેખાડો કરીને આપવું.

⇨ **લે લોટીન માર્ય લંગોટી.**

- લે લોટી ને માર લંગોટી.

બાવા બની જવું, સંસાર ત્યજવો કંઇ ના થાય તો બાવા બની જઇ મફતનું માગી ખાવાની વૃત્તિ ધરાવનાર.
- મફતીયું વગર મહેનતે મળે તેવું શોધનાર.



⇨ **વકર્યો કાઠી વેર કરે, વકર્યો બાંમણ તડ કરે.**

કાઠી દરબાર જ્ઞાતિનો, માણસ સદ્ધર થતાં જ કોઇને મારી કાપી નાખી દુશ્મની ઊભી કરે, અને બ્રાહ્મણ સદ્ધર થાય તો એની કડવી ઈર્ષાળુ જીભ સંબધોમાં તડ પડાવે.

⇨ **વડ એવા ટેટા ન બાપ એવા બેટા.**

- વડ તેવા ટેટા ને બાપ તેવા બેટા.
- બાવળિયે કેરી ન આવે.

જેવું વાવો તેવું લણો.
- વંશાનુવંશ ગુણો ઉતરી આવવા.

⇨ **વર મરો કન્યા મરો, પણ બાંમણનું તરભાંણુ ભરો.**

- વર મરો કન્યા મરો, પણ બ્રાહ્મણનું તરભાણુ ભરો.

સાવ સ્વાર્થી માણસ, પોતાના સ્વાર્થ આગળ બીજા કોઇને ન ગણે.
- બીજાનું ભલે જે થવું હોય તે થાય પણ, પોતાનું તો ભલું થવું જ જોઇએ, પોતાનો સ્વાર્થ સધાવો જ જોઇએ.

⇨ **વર રયો વાસી ન કન્યા ગઇ નાશી.**

- વર રહ્યો વાસી ને કન્યા ગઇ નાશી.

પતિનામાં ત્રેવડ ના હોય તો પત્ની નાસી જ જાય, પત્ની ખેપાની હોય તો રેંજીપેંજી ધણીને મૂકી નાસી જાય છે. દૈવત વગરના માણસને પત્નીય ગાંઠતી નથી.

⇨ **વાંણિયાન વરો ન કૂતરાંન મરો.**

- વાણિયાનો વરો અને કૂતરાંનો મરો.

અમુક જ્ઞાતિ એટલી કરકસર, ગણતરીવાળી અને કંજૂસ હોય કે લગ્નપ્રસંગે કૂતરાનેય ખાવા મળે તેટલુંય ન બચે.

⇨ **શરીર હખી તો હૌ વાતે હખી.**

- શરીરે સુખી તો સૌ વાતે સુખી.
- એક તંદુરસ્તી, હજાર ન્યામત.
- નાડે નરવો તે બધે પ્હોંચી વળે.
- દેહ ભૂલે તે દેવ ભૂલે.

શરીર સરખું હોય, તન તંદુરસ્ત હોયતો બધાં જ સુખ ભોગવાય. પણ લાખો રૂપીયા હોય, રાજકારભાર હોય, સુખસંપતિ હોય પણ શરીરે દુઃખી હોય કશું જ ભોગવાતું નથી.

⇨ **શિયાળો ભોગીનો, ઉનાળો જોગીનો.**

ખાવાપીવા-પહેરવા ઓઢવાને ભોગવિલાસ કરવા માટે સંસારી લોકોને શિયાળો ઉત્તમ ગણાય ત્યારે સાધુ જોગી માટે ઉનાળો ઉત્તમ ગણાય.

⇨ **શૈંગડે ઝાલો ત ખાંડા ન પૂંછડે ઝાલો ત બાંડા.**

- શીંગડે પકડો તો ખાંડા ને પૂછડે પકડો તો બાંડા.

એવો ચાલબાજ કે શેતાન માણસ કોઈ રીતે સંકજામાં ન આવે તેવો.

⇨ **હણતાને હણીએ તો એનો દોષ ના ગણીએ.**

- વીંછીન મોંને ખાસડું.
- વીંછીનું મોત ખાસડે.
- બાત સાટે લાત, તેમાં કોણ ગણે ઘાત.
- વાઘ માર્યાનું પાપ નઈ.
- હાપ માર્યાનું પાપ નઈ.
- રોગ ને શત્રુને ઊગતા જ હણવા.

દુશ્મનને કે પાપ આચરનારને મારવામાં પાપ ન નડે.
- દુશ્મન કે બીજાને મારી નાખનારને મારવાથી દોષ ન લાગે.

⇨ **હગપણમાં હાઢું ને જમણમાં લાડું.**

- સગપણમાં સાઢું ને જમણમાં લાડું.

સાઢુનું સગપણ ઉત્તમ ગણાય એમ લાડુંનું જમણ પણ ઉત્તમ ગણાય.
- ટુંકમાં સાસરી પક્ષનું સગપણ વધારે વહાલું લાગે છે.

⇨ **હઈ હોનીને હારવી, ના મૂકે હગી બાંનને જારવી.**

- સઈ સોનીને સાળવી, ના મૂકે સગી બહેનને જાળવી.

આવી પ્રકારની વૃત્તિવાળા લોકો, સગી બહેન ગ્રાહક તરીકે આવે તો પણ એનામાંથી થોડું કાઢી, ચોરી લેતાં શરમાતા નથી. ઉલ્ટાનો આનંદ અનુભવે છે.
- એટલે આવી વૃત્તિ ધરાવનાર લોકોનો વિશ્વાસ ક્યારેય ન કરવો.

⇨ **હાહુ મરે ત શીરો કરું, ન ભાયડો મરે ત નાતરે જવ.**

- સાસુ મરે તો શીરો કરું, ન ધણી મરે તો નાતરે જાઉં.

નફ્ફટ કે રખડેલ સ્ત્રીને પતિ કે સાસુ કે એના ઘરનાંની કોઈ જ શરમ લાગતી હોતી નથી. તે તો એના સુખ આનંદની તક શોધવાના ફિરાકમાં જ મસ્ત હોય છે.

⇨ **હાહુ વગર હાહરે મરી ન ખાહડાં ખઈન પાછી ફરી.**

- સાસુ વગર હાહરે મરી ને ખાસડાં ખાઈને પાછી ફરી.

અક્કલ વગરની સ્ત્રીને અથડાવું જ પડે.



⇨ **હાહરું છેટે હારું, ને માંહાર પોહે હારું.**

- સાસરું છેટે સારું, ને મોસાળ પાસે સારું.

સાસરું છેટે હોય તો માનપાન જળવાઈ રહે. મહેમાનગતિ માણવામાં મજા આવે તેમ મોસાળ નજીક હોય તો ગમે ત્યારે પહોંચી જવાય છે.

# પ્રકરણ - ૬ ગામ પરની કહેવતો

⇨ **અમદાવાદી અરાંમજાદી, ખંભાતી ગોજારી; વડોદરાની વાંકી નાર, સૂરતની બલિયારી.**

• અમદાવાદી હરામજાદી, ખંભાતી ગોજારી વડોદરાની વાંકી નાર, સૂરતની બલિહારી.

જે તે ગામ કે શહેરમાં રહેતી સ્ત્રીઓના ગુણધર્મ બતાવ્યા છે.

⇨ **આ તો કઠલાલ ગાંમ વરે તો વાંણ નેકર પથ્થર પાંણ.**

• આ તો કઠલાલ ગામ વરે તો વહાણ નહીંતર પથ્થર પહાણ.

કઠલાલ ગામમાં વસનાર લોકો રીઝે તો ઠીક, ન રીઝે તો પથ્થર જેવા જડ બની જાય છે.

⇨ **આચી મઇ ન ચિંતા ગઇ, ઊતર્યા મઇ ન ચિંતા ગઇ.**

• આવી મહી(નદી) ને ચિંતા ગઇ, ઊતર્યા મહી ને ચિંતા ગઇ.

મહી નદીને મહિસાગર કહે છે કારણ કે બારે માસ બે કાંઠે વહેતી હતી એટલે એને સામે કાંઠે જવાની ચિંતા રહેતી પણ એને પાર કરી જાય એટલે ચિંતા ટળી જાય.

⇨ **ઓડ ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી પૈણાવે એના બાપ મૂવા.**

• ઓડ ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી પરણાવે એના બાપ મૂવા.

અગાઉના જમાનામાં, પાણી કૂવામાંથી સિંચવું પડતું અને એ કામ વહુએ કરવાનું. એક જમાનામાં, ઓડ ઉમરેઠના કૂવા ખૂબ ઊંડા હતા. એ કારણે સૌ દીકરી આપતાં ગભરાતા, કારણ કે દીકરી પાણી ભરીને તૂટી જશે તેના ઉપરથી આ કહેવત પડી હશે.

⇨ **ઓડ માથાં ફોડ્ય.**

• ઓડ માથાં ફોડ.

ઓડ ગામ સાથે કોઇ વહેવાર કરવા જતાં માથું ફાટી જાય. એટલી ભાંજગડ એ ગામના પુરૂષ-સ્ત્રીઓ કરતાં હશે.

⇨ **આંતરોલીનો દર કઠણ.**

• આંતરોલીનો દળ કઠણ.

ગામના માણસોના સ્વભાવ પરની કહેવત.

⇨ **આધી રોટી ખાના કઠોલ મત જાના.**

• આધી રોટી ખાના મગર કઠોલ મત જાના.

એ ગામની છાપ એવી હશે કે ભૂખે મરી જવું પણ કઠોલમાં ન જવું.



⇨ **આંકલાચના ઊંડા કૂવા.**

• આંકલાવના ઊંડા કૂવા.

ગામના કૂવાનું પાણીનું સ્તર ઘણું ઊંડું હશે.

⇨ **ઉપર અલ્લા ન નેંચે જલ્લા, સેમ્માં વરખડાં ન ગાંમ્માં તરકડાં.**

• ઉપર અલ્લા ને નીચે જલ્લા, સીમમાં વરખડાં ને ગામમાં તરકડાં.

આ ગામ એવા સ્થળે છે કે ત્યાં જવા સીધો રસ્તો ન મળે, ન મીઠું પાણી કે ન કશીય જોગવાઇ - એટલે ભગવાન ભરોસે જીવતું ગામ - ખારાપટના કારણે સીમમાં પિલુડીના ધૂંગા  ને ગામમાં મુસ્લીમની વસ્તી.

⇨ **ઉમરેઠના નવસ્યા નવી અવેલીવારા, કન્યા જૂના ઝરુખાવારી.**

• ઉમરેઠના નવસા નવી હવેલીવાળા, કન્યા જૂના ઝરુખાવાળી.

ઉમરેઠના પૈસાદાર કુટુંબનો મૂરતિયો વખણાતો તેમજ એવા જ ખાનદાન કુટુંબની કન્યા પણ એટલી જ વખણાતી.

⇨ **કપડવંજમાં કપટી વહે,**
**કઠણ વહે કઠલાલ,**
**મવધામાં તો ઊંધા વહે,**
**ચોર વહે નડિયાદ.**

• કપડવંજમાં કપટી વસે,
કઠણ વસે કઠલાલ,
મહુધામાં તો ઊંધા વસે,
ચોર વસે નડિયાદ.

કપડવંજના લોકો કપટી હશે, ને કઠલાલમાં કઠણ (નિર્દયી) વસતા હશે, એમ મહુધામાં ઊંધુ બોલનારા તો નડિયાદના લોકો ચોર વૃત્તિના હશે.

⇨ **કરમસદની કોઠી, કાઠિયાવાડની ઘોડી ન પલાંણાંની છોડી.**

કરમસદ ગામમાં બનતી કોઠીઓ ઉત્તમ મળતી હશે. જેમ કાઠીયાવાડની ઘોડીઓ વખણાય છે તેમ પલાણા ગામની છોકરીઓ બધી રીતે ઉત્તમ ગણાતી હશે.

⇨ **કે'કુંજરાચ ને અથડાચ આખડોલમાં.**

• કહે કુંજરાવ ને અથડાય આખડોલમાં.

સાચી વાત ન કહેનાર લોકો માટે.

⇨ **કાંના માતર વગરના ગાંમનો (કરમસદ).**

- કાના માતર વગરના ગામનો (કરમસદ).

⇨ **કાંણીહાનો કુંડ, દૂધ્યું તલાય, ને ગંગલો કૂવો જે ના ના'ય એ જીવતો મૂવો.**

- કાણીસાનો કુંડ, દુધિયું તળાવ, ને ગંગલો કૂવો જે ન નહાય તે જીવતો મૂઓ.

⇨ **ખંભાતી તારું વહાયું.**

- ખંભાતી તાળું વસાયું.

⇨ **ચરોતરની ચાર દિશા, તરું, તમાકું ન તૂર, નરનારી દોનું ભલાં, નીતરે નવલાં નીર.**

⇨ **ચાંગાના હૌ નાગા.**

- ચાગાના સૌ નાગા.

⇨ **ચુણેલ, ચકલાશીન વરી ચાંગા, નાંમ દે એમનું તો, ભાગી નાંખે ટાંગા.**

- ચુણેલ, ચકલાસી ને વળી ચાંગા, નામ દે એમનું તો, ભાગી નાંખે ટાંગા.

⇨ **જમી જાય જોરિયો, ન માર ખાય મે'રાયો.**

- જમી જાય જોળિયો, ને માર ખાય મહેરાયો.

⇨ **જખ મારે જિટોડિયા વારી.**

- જખ મારે જિટોડિયા વાળી.

કોઇને ગાંજ્યો ન જાય તેવો ચાલાક. - કરમસદ ગામના માણસો ચાલાક હશે.

એક એવી માન્યતા છે કે કાણીસાના કુંડમાં, એના દૂધિયા તળાવ, ને ગંગલા કૂવાના પાણીમાં સ્નાન કરે તેને કરોળિયા ને કોડનો રોગ મટી જાય છે. એટલે એકવાર સ્નાન કરવાનો મહિમા છે.

તાળું મારી દેવું - ધંધો બંધ કરી દેવો.

ચરોતર પ્રદેશમાં પુષ્કળ વૃક્ષો છે, ખૂબ તમાકું અને તુવેર પાકે છે અને એ પ્રદેશમાં વસતાં સ્ત્રી પુરૂષો, પ્રેમાળ અને ઉદાર સ્વભાવનાં ગણાય છે.

ચાંગા ગામના લોકો લબાડ કે નાગાઇ કરનાર વૃત્તિના હોવા જોઇએ.

આ બધા ગામના લોકો માથાભારે હોવાની છાપ હશે.

વડતાલ પાસે આવેલ જોળ ગામના લોકો મફતિયું જમી જવામાં ચાલાક હશે ને મહેળાવ ગામના નામે ચરી ખાતાં, મહેળાવના લોકો બદનામ થતા હશે.

આણંદ પાસે આવેલ જીટોડીયા ગામની કોઇ કશાયમાં ગણતરી ન હોય એવું બનતું હશે.



⇨ **જખ મારે જાખલાવારી, પેટલાદ પાંહે છે શેખડીના શા ભાર છે.**

- જખ મારે જાખલાવાળી, પેટલાદ પાસે છે (હવે) શેખડીના શા ભાર છે.

⇨ **જૈ ઓય કાગડો, તાં ઓય નારિયો**

- જ્યાં હોય કાગડો, ત્યાં હોય નારિયો.

⇨ **જોર, વડતાલ ને રાવલી, મિયાં રાંટા ન બીબી ચિબાવલી.**

⇨ **ઠાસરા દો દિનકા આસરા, રે' ઝાઝા દા'ડા ત ખાય ખાહડાં.**

- ઠાસરા દો દિનકા આસરા, રહે ઝાઝા દહાડા તો ખાય ખાસડાં.

⇨ **ઠાહરા પાલી ને સેવાલીયા ખાલી.**

- ઠાસરા પાલી ને સેવાલીયા ખાલી.

⇨ **ડાકોર મંદિર સુંદર ધાંમ,**
**ઉપર ફરકે ધોરી ધજા,**
**ખાવા પીવાનું કઇ ના મલે,**
**ધોત્યાં ધોવાની મજા.**

- ડાકોર મંદિર સુંદર ધામ,
  ઉપર ફરકે ધોળી ધજા,
  ખાવા પીવાનું કઇ ન મળે,
  ધોતિયાં ધોવાની મજા.

પેટલાદ તાલુકાના પશ્ચિમનાં ગામોવાળાને એક જમાનામાં પગે ચાલીને ખરીદી કરવા પેટલાદ આવવું પડતું. ત્યારે નાનાં છોકરાંને થાક લાગે તો પેટલાદ કેટલે દૂર રહ્યું પૂછતાં. આ કહેવત કહેવાતી હશે.

દુનિયાના કોઇપણ ખૂણે નાર ગામનો માણસ વસતો હશે એવી છાપ છે અર્થાત નારમાં વસતા લોકો સાહસિક હોવા જોઇએ.

આ ત્રણેય ગામમાં મુસલમાન વસ્તી છે ને ત્યાંના મુસ્લીમો સ્વભાવે રાંટા હોય, ને એમની ઘરવાળીઓ એ કારણે ચિબાવલી હશે એમ મનાતું હશે.

ઠાસરાના લોકાને ત્યાં મહેમાનગતિ એક બે દિવસ સારી, વધારે રહેતાં હડધૂત કરીને કાઢતા હશે. કદાચ ગરીબાઇના કારણે હોય કે સ્વભાવગત ટેવ હશે.

ઠાસરાના લોકો (દારૂ) પીનારા હોય અને સેવાલિયા ગામ ગરીબ કે ભીખારી હશે એવી માન્યતા હશે.

ડાકોર એટલે રણછોડરાયના પવિત્ર મંદિરની જગ્યા. આ ગામમાં એ જમાનામાં જમવાની સુવિધા નહીં હોય, વળી ગોમતીના કારણે નાહીધોઇ શકાય, એ કારણે આવું કહેવાયું હશે.

⇨ **ગાંમ ગાંના નઈ અહીંના કે નઈ તાંના.**

• ગામ ગાના નહીં અહીંના કે નહીં તહીંના.

એ જમાનામાં ગાના ગામની એ ગોરમાં કોઇ રીતે ગણતરી નહીં થતી હોય માટે આવું કહેવાયું હશે.

⇨ **ડભાંણના દુઃખિયા ન સલુણના હખિયા.**

• ડભાણના દુઃખિયા ને સલુણના સુખિયા.

ડભાણ ગામ તે જમાનામાં ગરીબ-દુઃખી હશે જયારે સલુણ સુખી હશે.

⇨ **તેર તાંહરિયું આશી, રોટલા ખાય વાસી, તોય કદી એમનો સંઘ ન જાય કાશી.**

• તેર તાંસરિયું આશી, રોટલા ખાય વાસી, તોય કદી એમનો સંઘ ન જાય કાશી.

આ ગામમાં અંદરો અંદર ખુબ તડાં હશે, ઝઘડા થતા હશે અને ગરીબ હશે એટલે એક સંપ ન હોવાથી કશુંય સારું કામ થતું નહીં હોય.

⇨ **દાગજીપુરા ડગમગે, ને જાખલા જકડ-બંધ, રતનપરાની છોડી પૈણું ત અુકાપાંણી બંધ.**

• દાગજીપુરા ડગમગે, ને જાખલા જકડ બંધ, રતનપુરાની છોડી પરણું તો હુક્કા પાણી બંધ.

પહેલાંના જમાનામાં અને આજે પણ દરેક જ્ઞાતિ પોતાની આસપાસના કેટલાક ગામોનાં જૂથ બનાવી તેમાં જ લગ્ન કરવાં તેવો નિયમ હતો - જેને ‘ગોર’ અથવા ‘એકડો’ કહેતા. એની બહાર છોકરો કે છોકરી પરણાવો તો ન્યાતપંચ સજારૂપે એ કુટુંબ સાથે બધો વહેવાર કાપી નાખતા. જેને નાત બહાર મૂક્યો કહે. એની સાથે હૂક્કાપાણી સુદ્ધાંનો વ્યવહાર બંધ કરી દેવાતો.

⇨ **દે'ગાંમના દાવડા, જાતે મેલે તાવડા.**

• દહેગામના દાવડા, રોજ મેલે તાવડા.

આ કહેવત કેમ પડી હશે એનો તાળો નથી મળતો પણ ગામમાં વટેમાર્ગુ આવનારને ખાવાપીવા મળતું નહીં હોય પણ સુવાની જગ્યા મળતી હશે એ કારણે આવું કહેવાયું હોય.

⇨ **ધર્મજ ગાંમનો ઊંચો ચોરો,**
**માંથે ધોરી ધજા,**
**ખાવા પીવાનું કઇ ના મલે,**
**હૂંઇ રે'વાની મજા.**

• ધર્મજ ગામનો ઊંચો ચોરો,
માંથે ધોળી ધજા,
ખાવા પીવાનું કૈં ન મળે,
સૂઇ રહેવાની મજા.

ધર્મજ ગામમાં એ જમાનામાં ખાવા નહીં મળતું હોય, પ્રજા ગરીબ હશે એ જ પ્રમાણે ભાદરણ તો એથી ગરીબ હશે અથવા એ ગામના લોકોની વૃત્તિ લોભી લાલચું હશે. જયારે પાસેનું ગામ અહીં ઝારોલા, જે ગામમાં પુષ્કળ રાયણનાં ઝાડ હશે, જેના પર પુષ્કળ પાકતાં રાયણાંને તાપે સૂકવીને કોકડીઓ બનાવતા હશે તે પરથી આ લખાયું હશે.

’’

⇨ **ધર્મજમાં નહી ધાંન**
**ભાદરણ નરી ભૂખ**
**હારું બચારું ઝારોરા**
**તે કોકડિયોનું સુખ**

• ધર્મજમાં નહી ધાન
ભાદરણ નરી ભૂખ
સારું બિચારું ઝારોલા
તે કોકડિયોનું સુખ

⇨ **ધર્મજના ધાંણકા, ખાવા પીવાનાં સાંણકા, વહોના વર રૂપારા, પણ ખાવા પીવાના ઉપાડા.**

• ધર્મજના ધાંણકા, ખાવા પીવાનાં સાંણકા, વસોના વર રૂપાળા, પણ ખાવા પીવાના ઉપાડા.

ધર્મજ ગામમાં ખાવાના સાંસા પડતા હશે, અર્થાત ગામ કંગાલ કે ગરીબ હશે. વળી વસોના યુવાનો રૂપાળા હશે ખરા પણ ગામની પ્રજા ભૂખડીબારસ હોવી જોઇએ, એટલે એમ લખાયું હશે.

⇨ **ધર્મજના કોશ્યા ન વીરસદના કાછ્યા.**

• ધર્મજના કોશિયા ને વીરસદના કાછિયા.

ધર્મજ ગામમાં ખેતી કરતાં ખેડૂતો વસતા હશે જયારે વીરસદ ગામમાં કાછિયા પટેલની વસ્તી એ વખતે અને આજેય જોવા મળે છે.

⇨ **નવ નડીયાદી, પાંચ પેટલાદી ન એક અમદાવાદી.**

• નવ નડીયાદી, પાંચ પેટલાદી ને એક અમદાવાદી.

નવ નડીયાદી બરાબર પાંચ પેટલાદી થાય ને પાંચ પેટલાદી બરાબર એક અમદાવાદી પૂરતો ગણાય.

⇨ **નવ નડીયાદી, પાંચ પેટલાદી ને એક ઉમરેઠી.**

ઉમરેઠવાળા ઉત્સાદ ગણાતા હશે એ જમાનામાં.

⇨ **નવ નડીયાદી, પાંચ પેટલાદી બે બોરસદી ને એક અમદાવાદી.**

અહીં સૌથી ઉત્સાદ, અમદાવાદી, પછી બોરસદી, પછી પેટલાદી ને છેલ્લે નડિયાદી આવે.

⇨ **નવ નડીયાદી એક ખંભાતી.**

ખંભાતીને ઉત્સાદ ગણાવ્યો છે.

⇨ **નવટાંક હારું નડીયાદ જાય.**

- નવટાંક માટે નડીયાદ જાય.

કંજૂસ, લોભી કે ગણતરી બાજ માણસ.

⇨ **નાડા હારું નડીયાદ જાય.**

- નાડા માટે નડીયાદ જાય.

,,

⇨ **નારિયો ન કાગડો જાં ઓય તાં અથડાય.**

- નાળિયો ને કાગડો જ્યાં હોય ત્યાં અથડાય.

નાર ગામના લોકો સાહસિક હશે કે જેથી દુનિયાના કોઈપણ ખૂણે જોવા મળશે જ.

⇨ **નાર પંડોરી નાતરે જાય, તારાપુર તેડી જાય.**

- નાર પંડોળી નાતરે જાય, તારાપુર તેડી જાય.

એ જમાનામાં નાર કે પંડોળી ગામમાં કન્યાની છૂટ હશે અથવા પૈઠણના કારણે પરણાવી નહી શકતા હોય અને બાજુના ગામ તારાપુરના ગોરમાં કન્યાની અછત હશે, એટલે નાર-પંડોળીની છોકરીઓ સાથે નાતરું કરી ઘર માંડતા હશે.

⇨ **નાવલી જાવ કે નાપાડે, કદી ના એ આ પાડે.**

- નાવલી જાઓ કે નાપાડે, કદી ના એ હા પાડે.

નાવલી કે નાપાડના લોકો કશીય વાતે હાથ નહીં મૂકવા દેતા હોય તેથી આ કહેવત પડી હશે.

⇨ **નિરમાલીમાં નવ જણા, દાંડિયા રમે તૈણ જણા, પો'રા રયો જગા કરો, એવી બૂમો પાડે ઘણા.**

નિરમાલી ગામમાં ત્યારે આટલી વધારે વસ્તી નહીં હોય, માત્ર ગણ્યાં ગાંઠ્યા નવ કુટુંબ હશે, એમાં વળી નવરાત્રિમાં દાંડિયા રમવા ત્રણેક આવતાં હશે એટલે કટાક્ષમાં આવું બોલતા હશે.

⇨ **પઇ હારું પેટલાદ જ્યો.**

- પાઇ સારું પેટલાદ ગયો.

કંજૂસ, લોભી, કૃપણ માણસ.

⇨ **પેટ શું પેટલાદ જ્યું'શ ?**

- પેટ શું પેટલાદ ગયું છે ?

ભયંકર ભૂખ (લાગવી) લાગી છે ?

⇨ **પેટલાદી પરમાંણિયાની પાર-વારો.**

- પેટલાદી પરમાણિયાની પાળ વારો.

રાંડવા જેવો, હિજડા જેવો.



⇨ **પીજ પલાંણા ન વહો, ઘહાય એટલું ઘહો.**

- પીજ પલાણા ને વસો, ઘસાય એટલું ઘસો.

આ ગામના માણસો એ જમાનામાં ઉદાર મતવાદી હશે એટલે આ ત્રણેય ગામ ને બીજા ગામના લોકો ઘરાઇને એમની નબળાઇનો (ભરપૂર) ઉપયોગ કરતા હશે.

⇨ **પીજની પારી પેટમાં ના મરાય.**

- પીજની પાળી પેટમાં ના મરાય.

એક જમાનામાં પીજ-વસોના લુહારે બનાવેલ ચપ્પુ, પાળી (કટારી જેવી) કે સૂડી બહું વખણાતાં, એ વખણાતી વસ્તુ વસાવાય ખરી પણ એનાથી આપઘાત ન કરાય.

⇨ **મહીસાગર વાત્રક વચ્ચે, રૂડો ચરોતર દેશ, વૃક્ષ જહાં વિધ વિધવળી, ફળે-ફૂલે હંમેશ.**

એમ કહેવાય છે કે અથવા માન્યતા છે કે મહી અને વાત્રક વચ્ચેનો પ્રદેશ જેને ચરોતર કહે છે. ત્યાં ક્યારેય દુષ્કાળ પડતો નથી. ફળદ્રુપ જમીનના કારણે આ પ્રદેશમાં પુષ્કળ ફળો અને અનાજ પાકે છે અને સતત હરિયાળી રહે છે.

⇨ **બરદયો શેખડીનો ન ડોબું નારનું.**

- બળદ શેખડીનો ને ભેંસ નારની.

શેખડીના બળદ વખણાતા ને નારની ભેંસો.

⇨ **સંઘાંણા ગાંમ ગંઘાંણાં.**

- સંઘાણા ગામ ગંઘાણા.

ભૂલ થાપ થઇ જવી.

⇨ **હમજાયું'તુ હાંમરખા ન પોંચ્યા પણહોરા.**

- સમજાયુંતું સામરખા ને પહોંચ્યા પણસોરા.

લાગ્યું સાંમરખા ગામ જેવું પણ નીકળ્યું પણસોરા.
- વધારે પડતા વિશ્વાસને કારણે છેતરાઇ જવું.

⇨ **હાંમરખાના હોં મૂરખા, આગર જતાં અજાર પૂરા (અજરપુરા)**

- સામરખાના સોલ મૂરખા, આગળ જતાં હજાર પૂરા (અજરપુરા)

ઠઠ્ઠા મશ્કરી કે મજાકમાં આ બંને ગામ માટે બોલાય છે. ખબર નથી કે આ ગામોમાં મૂર્ખાઓ પેદા થયા હશે કે ?

⇨ **હોના જેવી ચાંમડી ગાંમેગાંમ ગાંમડી.**

- સોના જેવી ચામડી ગામે ગામ ગામડી.

આ ગામનાં છોકરા છોકરી રૂપાળાં હશે.

➪ **હોં વાર કાશી બરાબર એકવાર ચકલાસી.**

- સો વાર કાશી બરાબર એકવાર ચકલાસી.

➪ **હોંમે મોંઢે હોંમરખા.**

- સામે મોંઢે સામરખા.

➪ **હોં નડિયાદી બરાબર એક ભડિયાદી.**

➪ **વૌઠાનું મેરું, ખાવાનું કેરું, હુવાનું વેરું ન રે'વાનું ભેરું.**

ચકલાસીની પ્રજા, ધર્મ તેની નીતિ રીતિથી ચાલનારી હશે.

સીધેસીધા રસ્તે જતાં જ સામરખા જડી જશે.

ભડિયાદનો માણસ, નડિયાદી કે અમદાવાદી કરતાંય ઉસ્તાદ હશે.

વૌઠાના મેળામાં, ખાવા માટે કેળાં મળતાં હસે, અને નદીની રેતમાં તંબુ તાણીને બધાએ સાથે રહેવાનું હોય છે.



# પ્રકરણ - ૭ વાર્તાઓ/કહેવતો પરથી વાર્તાઓ

### (૧) અમે મોચી તમે મોચકાં, મોચી મોચા મોચ, સંપત ઓચ તો આવજો, નેંકર કરજો કોચાકોચ.

સમાજના અમુક અભિમાની માણસો પોતાની સંપત્તિ અને સત્તાના તોરમાં, બીજા એના જ્ઞાતિવાળાની અવગણના કરે છે, એમને ટાળી મૂકે છે અને પોતે મહાન છે અને બીજા તુચ્છ છે એવો વટ રાખી, ઍટ રાખી, બીજાની ઉપેક્ષા કરે છેએ અર્થમાં.

**વાર્તા :**

કોઇ એક ગામમાં મોટો મોચીવાડો હતો. એ મોચીવાડામાં એક મોચી ખૂબ પૈસાદાર હતો. અને એને એના પૈસાનું ખૂબ અભિમાન. સ્વભાવે ગુમાની અને અહંકારી. આમ પૈસાદાર હોવાના તોરમાં એના પડોશી મોચીઓને ન બોલાવે કે કોઇ વ્યવહારેય ન રાખે. એ કારણે એના જ્ઞાતિભાઈઓને એ ધનિક મોચી પર ભારે ચીડ. પણ કરે શું ? પેલો ધનિક મોચી તો પૈસાના મદમાં ભોંયથી બે વ્હેંત અદ્ધર ચાલે. અને ભૂલથીય બીજો કોઇ મોચી એને ત્યાં આવી જાય અથવા કોઇ શિખામણ આપે તો એનું હડહડતું અપમાન જ થાય, હડધૂત કરીને એને કાઢી મૂકે.

આ કારણોથી બાકીના બધા મોચીઓ એની શાન ઠેકાણે લાવવા , બરાબર બદલો લેવા ટાંપીને બેસી રહેતા, ઘાટમાં આવે તો બરાબરનોબદલો લેવાનું નક્કી કરી રાખેલું.

એવામાં એક દિવસ એ ધનવાન મોચીની મા ગુજરી ગઇ, બધા મોચીઓ માથે ખેસ નાખીને હૂઠવો મૂકવા ગયા. ડોશીને સ્મશાને લઇ ગયા. બરાબર બાળીય ખરી. સાંજે બસેવાય ગયા, એક સાંજે આ ધનિક મોચી આ બધાને કહ્યું કે મારે મારી ડોશી પાછળ આખી આપણી નાત કરવી છે એનું બારમુ રંગે ચંગે કરી નાતને લ્હાંણી કરવી છે, એટલે તમે બધા ચિઠ્ઠીઓ લખી નાખો. ભલે જેટલો ખર્ચ થવો હોય એટલો થાય, મારા આ પૈસા શું કામના ?

આ ધનવાન મોચી તો અંગૂઠાછાપ હતો. એટલે બધા મોચીઓએ સંપ કરી, આ અછકલા મોચીની શાન ઠેકાણે લાવવા, અંદરોઅંદર સતંલશ કરીને ચિઠ્ઠીઓ લખવા બેઠા. ચિઠ્ઠીના અંતે નક્કી કર્યા મુજબ ઉપરોક્ત શાખી લખી નાખી. પછી ચિઠ્ઠીઓ પોસ્ટ કરી. જેમને જેમને આ ચિઠ્ઠીઓ મળી એ આ છેલ્લે લખેલી શાખી વાંચીને ધૂંવાપૂવા થઇ ગયા. બધાનાં મૂળિયાં બળી ગયાં અને સૌ બોલી ઊઠ્યા. 'એવો એ પૈસાદર એટલે મોચી ને આપણે મોચકાં... એને મન આપણી કોઇ કિંમત જ નથી ?' અને બધા સમસમીને બદલો લેવાની ભાવનાથી કારજમાં કોઇ જ ના આવ્યા.

આ તરફ બધાની રસોઇ બની ગઇ હતી. શુદ્ધ ઘીના લાડવા, જલેબી, અને ભાત ભાતની વાનગીઓ રંધાઇ ગયેલી પણ કોઇ જ ન ફરકતાં બધી રસોઇ બગડી. આમ એના અભિમાને એને જબરો પાઠ ભણાવ્યો.

### (૨) અવરચંડી રાંડ જેવો, નબળી રાંડ જેવો.

હંમેશા કહે એનાથી વિરુદ્ધ કરનારો.

**વાર્તા :**

કોઇ એક નાનકડા ગામમાં એકઘેર નવી વહુ આવી. આ વહુ સ્વભાવે અવરચંડી. એની સાસુ એનાથી ત્રાસી ગયેલી, સાસુ કહે એનાથી ઊંધુ જ કરે. એ કહે કે દોરડું તાંણી ઝાલ્ય તો આ સ્ત્રી ઢીલું મૂકે, અને કહે કે ઢીલું મૂક્ય તો આ તાણી ઝાલે. સાસુ કહે કે ઉત્તર જા તોએ દક્ષિણમાં જાય

એક વખત એના ઘરે મહેમાન આવ્યા. સાસુ કહે કે ' વહુ દિકરા, લોટ બાફજો (કંસાર બનાવજો) પણ આ અવરચંડી સ્ત્રીએ તો ધરાર કંસાર ન બનાવ્યો અને ભૈડકુ બનાવ્યું. આ પરથી આવું વર્તન કરનાર સ્ત્રી-પુરૂષ માટે આ કહેવત વપરાતી હશે.

### (૩) આકડાભારી ઘોડા ગુડે.

સામે જોખમ નથી એ જાણ્યા પછી શૂરાતન ચડવું.

**વાર્તા - ૧ :**

એક વખતે કોઇ એક અજવાળી રાતના કેટલાક ચોર ઘોડસવારી કરી ચોરી કરવા નીકળ્યા'તા. રસ્તામાં ગોચર આવ્યું. ગોચરમાં ખૂબ આકડા હતા. અજવાળી રાતમાં આ આકડા થોડાક લોકોનું ઝુંડ ઊભું હોય એવું લાગે. અથવા ટોળે વળી બેઠા હોય એવો ભાસ થાય. એ પ્રમાણે આ ચોર ટોળીએ આકડાના ઝુંડને માણસોનું ટોળું માની ઘોડા બીજી દિશામાં વાળી દીધા. એ ઉપરથી આ કહેવત પડી હોય.

**વાર્તા - ૨ :**

આવી જ બીજા એક પ્રસંગની દંતકથા છે. આવી જ એક અજવાળી રાતના મુસલમાન બાપદિકરો બંને ક્યાંક જઇ રહ્યા હતા. બાપ મિયાં કુસકી જેવો અને વાતોનાં વડાં બહું કરે. સ્વભાવે જબરા કુલણજી. બાપ વાતોના તડાકા મારતે મારતે પોતે કેવાં બહાદુર છે એના બણગાં ફૂકતો જાય. એવામાં ગોચર આવ્યું. આકડાનું ઝુંડ ભાળી બાપને થયું કે મારી નાખ્યા. જરૂર લૂંટારાની ટોળી બેઠી છે, હવે મરી જવાના. બાપ ધ્રૂજવા માંડ્યો. એણે દીકરાને ઊભો રાખી દીધો. બંને જણા કહે ડાકુ હૈ અબ ક્યાં કરે ? 'બેટા એસા કર તું જા મે ઇધર ખડા હું' પણ દીકરાએ સામેથી પૂછ્યું 'અબ્બાજાન એસા ક્યું' બાપ હોંશિયાર હતો એટલે દીકરાને પટાવતા કહે 'દેખ બેટા મે જાઉં તો તેરી મા રાંડે ઓર તું જાયે તો પારકી બેટી રાંડે, ઇસલીયે તું જા મેં તેરે પીછલ આતા હું' અને



દીકરો તો હિમ્મત કરીને ગયો. નજીક જતાં જ ખબર પડી કે આ તો ડાકુ નથી પણ આકડાનું ઝૂંડ છે. એ જોઇ દીકરાએ બૂમ પાડી ' અબ્બાજાન યે ડાકુ નહિ હે અબે આક હે આક' એટલી ખબર પડતા બાપ બરાડી ઉઠ્યો. 'બેટે મત ગભરાના ભલે રહે સવાલાખ'.

### (૪) આખું આયખું અંધારું ઉલેચ્યા કર્યુ

આખું જીવન કોઇપણ પ્રકારની સૂઝબૂઝ વગર, દિશાહિન બની ઢોરની જેમ જીવી જનાર માણસ માટે આ કહેવત વપરાતી હોય છે. ઘાંચીના આખલાની પેટ આખું આયખું ગોળ ગોળ ફરીને પૂરું કર્યું.

**વાર્તા :**

એક અંધારિયો પ્રદેશ હતો. આખી દુનિયાથી અલગ દેશ ચારે બાજુ પહાડ પર્વતો અને નદી નાળા, જંગલ ઝાડી. કોઇની સાથે વ્યવહાર નહીં, આ પ્રદેશના લોકો તદ્દન અબૂધ અને ગમાર.

એ લોકોમાં એવી માન્યતા કે રાત પડતાં ગામમાં અંધારું ઉતરી પડે. એ અંધારું ગામની બધી સ્ત્રીઓ ભેગી થઇ જો સૂપડા વડે ઉલેચે નહિ તો ગામમાં કદી અજવાળું આવે નહિ. એટલે રાત પડતાંની સાથે ગામ આખાની સ્ત્રીઓ સૂપડું લઇને અંધારું ઉલેચવા મંડી પડે તે સવાર સુધી આ ક્રિયા ચાલે. વર્ષોથી સતત આવું જ ચાલ્યા કર્યું.

વર્ષો પછી એ કુટુંબમાં એક બુદ્ધિશાળી અને રૂપાળો યુવાન પેદા થયો એને નવું જાણવાની, નવા પ્રદેશો જોવાની ભારે ઇચ્છા. એક દિવસ એ યુવાન ગામ છોડી બહાર નીકળી ગયો. ઘણું રખડ્યા પછી એક સવારે એક નદી કિનારે બેઠો બેઠો વિચાર કરતો હતો. ત્યાં એક સુંદર યુવાન કન્યા આવી ચઢી. બંને એક બીજાના પ્રેમમાં પડ્યાં અને પરણી ગયાં. થોડો સમય વિત્યા બાદ તે યુવાન પેલી સ્ત્રીને લઇને પોતાને ગામ ગયો.

રાત પડતાં આખા ગામમાં ભયાનક અંધારું છવાઇ ગયું. કોઇના ઘરમાં દીવો ન મળ્યો. બધી સ્ત્રીઓ સૂપડું લઇને અંધારું ઉલેચવા નીકળી પડી. પેલી નવી આવેલી સ્ત્રીને આ જોઇ ખૂબ આશ્ચર્ય થયું પછી ઠાવકાઇથી એની સાસુને પૂછ્યું 'બા આ શું કરો છો ?' સાસુ કહે બેટા અમે આખી રાત આ અંધારું ઉલેચીયે છીએ એટલે સવાર થાય છે અને અજવાળું આવે છે. આ શાણી વહું ગામની અબુધ સ્ત્રીઓની વાત પામી ગઇ. બીજી રાતે આખા ગામની સ્ત્રીઓને એણે ભેગી કરીને કહ્યું ' તમે બધાય બહું વર્ષોથી આજ સુધી અંધારું ઉલેચ્યું. તેથી બધાં થાકી ગયાં હશો, તમે આરામ કરો હું એકલી આ અંધારું ઉલેચીશ'. બધા વિચારમાં પડી ગયા. વહુંએ બધી સ્ત્રીઓને આગ્રહ કરી સૂવડાવી દીધી. વર્ષોના ઉજાગરાને કારણે બધી સ્ત્રીઓ ઘસઘસાટ ઉંઘી ગઇ અને પેલી સ્ત્રીએ દીવો સળગાવી અજવાળું કર્યું.

## (૫) એ તો બાવાની લંગોટીવારી વાત છે.

**વાર્તા :**

એક જંગલમાં નાગા બાવાજી રહે. ખૂબ તપ સાધના કરી જ્ઞાન પામ્યા. પછી મનમાં થયું કે સંસારિક લોકોમાં ભક્તિભાવ જગાડી તેઓને સત્કર્મ તરફ વાળવા જોઇએ, એવી ઉત્કંઠા જાગી. તેથી તેઓ અઘોર વન છોડી દઇ કોઇ ગામમાં આવીને વસ્યા. ગામની પાદરે નદી કિનારે પુરાણા દેવાલય પાસે મઢી બનાવી રહેવા લાગ્યા.

મહાત્મા ખૂબ જ પ્રભાવી હતા, તપનું તેજ હતું, જ્ઞાનનો પ્રકાશ હતો એટલે થોડાક જ સમયમાં લોકોની ભીડ જામવા લાગી. થોડા સમય પછી એક અઠંગ સેવકે એકાંત મળતા સમય જોઇને મહાત્માજીને પ્રાર્થના કરતાં કહ્યું કે 'મહારાજશ્રી આપને એક વિનંતી કરવાની છે, ગામના બધા ભક્તો વતી આ વાત કરું છું. આપના દર્શન કરવા ગામની સ્ત્રીઓની અદમ્ય ઇચ્છા છે. પરંતુ આપ નિર્વસ્ત્ર છો એથી એ બધાને ખૂબ ક્ષોભ અને સંકોચ થાય છે. આપ જો માત્ર એક લંગોટી ધારણ કરો તો એમની લાગણી સંતોષાય, તમારા જ્ઞાનનો એમને ઘણો લાભ મળે આટલું થાય તો આપનો ઘણો આભાર માનીશુ.'

મહાત્માજીએ ખૂબ વિચાર કરી સેવકોના આગ્રહને માન આપી લંગોટી ધારણ કરવાનું શરૂ કર્યું. થોડા દિવસ પછી એમની લંગોટીને કોઇ ઉંદરે કાપી. તેથી મહાત્માજી ગુસ્સે ભરાયા. ભક્તોની હાજરીમાં રસ્તો કાઢવામાં આવ્યો કે લંગોટી કાપનાર ઉંદરડીના નાશ માટે મહાત્માજીએ બિલાડી પાળવી અને ગામમાંથી એક બિલાડી લવાઇ.

બાપજી મોટેભાગે ઉપવાસ કરે. તે ક્યારેક ફળફળાદિ ખાય પણ પ્રશ્ન આવ્યો બિલાડીના આહારનો, એનું શું ? ખૂબ ચર્ચા વિચારણાના અંતે બિલાડીને દૂધ પાવાનું ગોઠવાયું. એ દૂધ માટે એક ભેંસ ખરીદવાનું નક્કી થયું. ભેંસ પણ આવી ગઇ. બિલાડીના ખોરાકનો પ્રશ્ન તો ઉકલી ગયો, પણ ત્રીજા દિવસે નવો પ્રશ્ન ખડો થયો. દરરોજ ભેંસ કોણ દોહી આપે ? એનું છાણ વાસીદું કોણ કરે ? એના ઘાસચારનું શું ? એની સેવા ચાકરીનું શુ ? વિગેરે ચર્ચા વિચારણાને અંતે એવું નક્કી થયું કે એ ભેંસને તમામ દેખરેખ માટે એક બાઇ રાખવી. ગામમાંથી એક સેવાભાવી બાઇ ત્યાં આવી ગઇ અને ખંતથી કામે લાગી ગઇ. ભેંસનું બધું ધ્યાન રાખે. બાકીના બચેલા સમયમાં મહાત્માજીની કુટિર સાફ કરે, વાળે-ઝુડે, લીપે-ગુપે અને રાતના આ યુવાન સ્ત્રી મહાત્માજી સાથે સત્સંગ કરે.

સાધુ આ યુવાન સ્ત્રીની સેવાથી ખૂબ પ્રભાવિત થઇ ગયા. ધીમે ધીમે નીકટતા કેળવાતી ગઇ અને ટૂંકા સમયમાં પરિણામ એ આવ્યું કે મહાત્માજીના મનમાં સ્ત્રીનું આકર્ષણ વધવા લાગ્યું અને ધીમેધીમે વિકાર જન્મતો ગયો. ઊંડે ઊંડે હૃદયમાં પડેલી કામવૃત્તિનો ભાવ સળવળવા માંડ્યો, એક રાતના સાધુનો વિકાર પરાકાષ્ઠાએ



પહોંચી ગયો, પણ એ જ ક્ષણે એમણે જાત પર સંયમ કેળવી કાબૂ મેળવી લીધો. એને પારાવાર પશ્ચાતાપ થયો.

યોગની શક્તિથી વિકાર અને કામવૃત્તિનો વશ કરી સ્વસ્થ થઇ ગયા. પછી વિચારના અંતે એ નિષ્કર્ષ પર આવ્યા કે બધો જ દોષ આ લંગોટીનો છે. લંગોટીના કારણે જ આ બધી સમસ્યા પેદા થઇ અને ગુસ્સે થઇને લંગોટી ફગાવી દીધી. લંગોટી ફગાવ્યાની સાથે જ બધી જફા જતી રહી. ત્યારથી આ કહેવત આવી હશે.

## (૬) આશલાનું નશીબ આડું, જ્યાં જાય ત્યાં મલે ખાતરનું ગાડુ

- ઘરની દાઝી વનમાં ગઇ તો વનમાં લાગી આગ.

નશીબમાં દુઃખ હોય તો ગમે ત્યાં જવાથી નિર્મૂળ થતું નથી, નશીબમાં લખ્યું હોય એ થાય જ.

**વાર્તા :**

કોઇ એક ગામમાં આશલો કરીને ખેડૂત રહે. રાત દિવસ કાળી મજૂરી કરે. આખો દિવસ બળદ ગાડે કામ કરે. એકનું એક કામ કરીને કંટાળી ગયો' તો. એને થયું કે આ શું ? લાવ બીજે ગામ જવ. બીજે ગામ જઇ દેશ-પરદેશ જઇ નશીબ અજમાવી જોઉં. જેથી આ દુઃખના દિવસો ટળી જાય, રાત દિવસ આ બળદ ગાડાની લપઝુડમાંથી છૂટકારો મળે.

એક દિવસ એ ગામ છોડીને ચાલી નીકળ્યો. અઠવાડિયાની સતત મુસાફરી પછી કોઇ એક ગામે રહી જઇ નશીબ અજમાવી જોવાનો વિચાર કર્યો અને રહી ગયો. પણ બીજું કોઇ અક્કલવાળું કામ આવડે નહિ, જે હોય તે એને મજૂરી કરવાનું કામ સોંપવા માગે. કંટાળીને બીજે ગામ ગયો ત્યાં પણ એજ વાત. આમ ત્રીજે, ચોથે, પાંચમે ગામ ફરતો ગયો.

બધે અનુભવ પૂછી એને ગાડા હાંકેડું તરીકેના કામની સોંપણી કરવા સહું તૈયારી બતાવે. થાકીને એ ઘેરે પાછો આવી પોતાનાં બળદ ગાડું સંભાળી લીધા. આ કારણે જ આ કહેવત પડી હોય એમ બને.

## (૭) કણબીની મત થોડી, તે બળદ વેચી લાવ્યો ઘોડી.

**વાર્તા :**

કોઇ એક ગામમાં પટેલ અને દરબારને ભારે દોસ્તી. એ દરબારના ઘરે એક જાતવાન અને પાણીદાર ઘોડી હતી. દેખાવડી પણ ભારે. ભલભલાને એ જાતવાન ઘોડી રાખવાની લાલચ થઇ જાય.

પેલા પટેલને એ ઘોડી રાખવાનું મન થયું. પટેલને થયું કે દોસ્ત પાસે આવી ઘોડી છે અને મારી પાસે આવી ઘોડી હોય તો જબરો વટ પડે. આમેય પાટીદારને વટ પાડવાના, વટના માર્યા તૂટી જવાના ભારે અભરખા હોય છે. મનથી નક્કી કર્યું કે ઘોડી તો લાવવી જ. પણ ઘરમાં એટલી રોકડ ન મળે. એટલે થાય શું. છતાંય ઘોડી લાવવાના કોડ તો પૂરા કરવા જ રહ્યા. ખૂબ વિચાર કર્યો રાત દિવસ એનાં જ સ્વપ્નો સેવ્યાં.

કેટલાક ઈર્ષાળુ મિત્રોએ એને ચઢાવ્યો અને સાથે સાથે રસ્તો પણ બતાવ્યો કે તારી પાસે બળદની જોડ છે તે વેચી દે અને એ રકમમાંથી ઘોડી લાવી દે. પટેલે એમ કર્યું. થોડો સમય તો પટેલ મૂછો પર તાવ દઈ ઘોડી પર સવાર થઇને ગામ પરગામમાં વટ મારતાં ફર્યા. એમ કરવા જતાં ખેતીવાડીનું કામકાજ રખડી ગયું અને બળદ વિના ખેતી થાય પણ શી રીતે. પરિણામ એ આવ્યું કે સીજન બાતલ ગઈ અને ખાવાના સાંસા પડવા લાગ્યા. માથે દેવું થઇ ગયું અને કણબી ભાઇ બિચારા દુઃખી દુઃખી થઇ ગયા. એણે લાંબો વિચાર ન કર્યો એનું આ માઠું પરિણામ આવ્યું. એ ઉપરથી આ કહેવત આવી હશે.

**(૮) કરમ વગરનો કરશન્યો, જાને કોની જવ,**
**કરમમાં લછ્યું ડોરીયું તો ઘી શું ખવ.**

**વાર્તા :**

એક ગામમાં કરશન નામે ગરીબ માણસ રહે. જાતનો ખૂબ કમનશીબ. બિચારો જન્મથી જ ખૂબ દુઃખી. એ ગામમાં ન કોઇ એનું સગુવહાલું કે દોસ્તદાર. એકલો જીવે, મજૂરી કરે અને જેમ તેમ દિવસો કાઢે.

એને જાનમાં જવાના ખૂબ અભરખા. જાતજાતની ચટાકેદાર રસોઇ ખાવાના જબરા કોડ. પણ એને જાનમાં લઇ જાય કોણ ? ૨૫-૩૦ વર્ષ પહેલા જાનમાં જવું એ પણ લ્હાવો ગણાતો. ત્યારે તો જાન પણ બે-ત્રણ દિવસ કન્યાના ગામે રહે અને એ દરમ્યાન ભારે જલસા પડે. ભાતભાતની ચટાકેદાર રસોઇ જમવાની મળે. પાનબીડી વહેંચાય, અત્તર છંટાય, હજામ પવન નાખે, ગામ આખું વરરાજા અને જાનૈયાને ચા-પાણી પીવા નોંતરે. યુવાન અને કુંવારા જાનૈયા કોડભરી કુંવારી કન્યાઓ સાથે આંખમીચોલી કરે, ઠઠા મશ્કરી કરે, ક્યાંક દિલની અદલાબદલી પણ કરે.

એ જમાનામાં જમણવારના પણ ભારે જલસા થતા. ચોખ્ખા ઘીની રસોઇ થતી. જેમાં સુખડી-સાટા, શીરો-કંસાર, લાડુ-લાપશી, જલેબી-પૂરી, ઘારી, બુંદીના લાડુ. ત્યારે વનસ્પતિ કે ડાલડા ઘીની શોધ નહોતી થઇ, પણ મહુડાના બીજમાંથી તેલ નીકળતું જે ઠરી જતાં ઘી જેવું લાગે જેને ડોરીયું કહે અને તે ગરીબ લોકો, તફારિક અને પછાત જાતિ એને ઘીના બદલે વાપરતા. આમ આ કરશન્યાના નશીબે આ ડોરીયું જ હતું. એ પરથી આ કહેવત પડી હશે.



**(૯) કાકા કેડે બાંધેલું કરકરીયું એ તો હાલક ડોલક થાય,**
**તું તાર કે'ને માર ભઇ, મારી તો સૂરતા એની મેં.**

**વાર્તા :**

શિકારની ટેવવાળા કાકો-ભત્રીજો. નવરાશનો સમય પસાર કરવા ગામ પરગામ ભજન મંડળીમાં સામેલ થઇ ભજન ગાવા જાય.

એક વખત રાતના પરગામ ભજન ગાવા જવાનું થયું. બંને જણા ઉપડ્યા. રસ્તામાં જતાં એક સસલા ઉપર નજર પડી. ટેવ પ્રમાણે શિકાર જોતાં, જીવ ઝાલ્યો ન રહેતાં, સસલું પકડી પાડ્યું, પણ ભજનમાં જતાં હોવાથી સસલાને માર્યા વગર જીવતું પકડીને કાકાએ ફાળિયા કે ચાદરમાં લપેટી કેડે બાંધી દીધું અને ભજનના સ્થળે જઇ ભજન ગાવામાં લીન થઇ ગયા. ભત્રીજો બરાબર કાકાની સામે બેઠો હતો. એની નજર અવારનવાર કાકાની કેડે બાંધીને સંતાડેલા સસલા પર પડી જતી. સસલું અકળાઇને હલનચલન કરતું જણાયું. આથી ભત્રીજો ગભરાયો. કોઇના નજર પડી જાય અને પકડાઇ જાય તો હોહા થઇ જાય અને આબરું જાય. કાકાને આ વાતની ખબર નથી પણ એમને જાણ તો કરવી જ પડે. ભત્રીજો ખૂબ ચાલાક હતો. એટલે એણે ચાલાકી વાપરી ભજન જોડી કાઢ્યું અને કહ્યુ.

કાકા પણ એટલા જ ચાલાક હતા. એટલે તરત સમજી ગયા. એમણે મંજીરા વગાડતા વગાડતા વારંવાર કોણી મારી સસલાને મારી નાખ્યું.

**(૧૦) બીબી : કોદલચદકે રાજા કલાડ ઘાટ પે આયે હે,**
**મીલના હોતો ચલો નહીં તો શીતલપલ જાતા હે.**
**મીયાં : રાજા એકિલા હે કે સંગીલા,**
**એકિલા હો તો**
**ઘાસન ભાઇકું ભેજણ દો ઓર મુલજી મહેતાકું બૂલા લો.**

**વાર્તા અને અર્થ :**

સમાજમાં એવા કેટલાય માણસો હશે કે જે પોતાનો ખોટો રોફ પાડવા, મોભો દેખાડવા કે વટ પાડવા, ખોટેખોટું ડીંગ હાંકતા હોય. પોતે મહાન હોવાનો, મહાન માણસોની દોસ્તી હોવાનો, ખોટો દંભ કરી ગપ્પા હાંકતા હોય છે. પાણી ના હોય ત્યાં દરિયો દેખાડે. જેથી લોકો અંજાઇ જાય.

આવું જ એક કુટુંબ એક ગામમાં રહે. મીયાં બીબી બેજ જણ. મીયાંભાઇ જબરા તોડાફેંક. ભાતભાતના ફૂલારા મારે. કામ ધંધો કરે નહીં અને આખો દિવસ ગામના મોભીઓ વચ્ચે જઇને વાતોના તડાકા મારે. એમના બીબી પણ એવાં જ. છતાં ઘર ચલાવવા મજૂરીએ જાય અને જે કંઇ લૂખી સૂખી રોટી મળે એથી ગુજરાન ચલાવે.

એક દિવસ ઘરમાં કશુંય ખાવાનું ન મળે. જેમ તેમ કોદરા જેવું સસ્તું ધાન લાવી દળીને રોટલા બનાવ્યા. હવે આ કોદરાના રોટલાની ખાસિયત એ કે જો એ ગરમ ગરમ ખાવા મળે તો જ ગળે ઉતરે અને ઠંડો પડે તો ગળે ડૂચા બાજે.

એટલે બીબીએ કોદરાના રોટલાને ચૂલા ઉપરના કલેડામાં નાખી ખાવીન્દને બોલાવવા આવી પણ સાચું કહેવા જાય તો પોલ ખૂલી જાય. એટલે ઉપરોક્ત ભાષામાં કહ્યું કે મીયાં ફીસકારી માર્યા વગર કોદરાનો રોટલો ટીપ્યો છે ખાવો હોય તો હેંડો નહિ તો તમારો હણિજો ટાઢો થઇ જશે તો ગળે ઉતરશે નહીં. મીયાં આખી વાત સમજી ગયા.

મીયાં એ પૂછ્યું કે એકલો રોટલો જ છે કે બીજું કંઇ ખરું ? રાજા અકિલા હે કિ સંગીલા ? જો કશુંય ના હોય તો ભલી થઇ ઘરના માળીયામાં ઘાસનો એકાદ પૂળો હોય તો વેચીને એકાદ બે મૂળા લઇ આવું તો ખવાય.

પણ વાત એવા શબ્દોમાં કરી કે સાથે બેસનારને થયું કે કોદલચલના રાજા શીતલપલ જતાં એમને મળવા આવ્યા છે. માટે આવો ઝટ મળી જાજો.

## (૧૧) ઘૈડીયાં ગાંડાં વાળે

- વૃદ્ધો પોતાની બુદ્ધિ અને અનુભવથી ગૂંચ ઉકેલે.
- ઘરડા ગાંડું ઘોંચમાંથી કાઢે.
- ઘરડા ઘરનું ઢાંકણ
- ઘરડા ગત જાણે એ નાના ન જાણે

**વાર્તા :**

પહેલાના જમાનામાં ગામડેથી જાન જોડાય. જાન ગાડામાં બેસીને નીકળે. કન્યાના ગામે પહોંચતાં જાનનું સામૈયું થાય. બંને પક્ષો ત્યાં ભેટે પછી જાન જમવા જાય ત્યારે કન્યા પક્ષનાં સ્ત્રી પુરૂષો, જાત જાતના ઉખાણાં, કોયડા પૂછે અને એનો સચોટ જવાબ આપ્યા પછી જ જાનૈયાઓ જમી શકે. એવો રિવાજ હતો.

એક વખત ગામમાંથી જાન જવાની હતી, પણ યુવાનોએ જાહેર કર્યું કે એક પણ વૃદ્ધ જાનમાં આવશે તો અમે નહિ આવીએ. ઘણાંયે યુવાનોને આ મમત છોડી દેવા સમજાવ્યા, પણ જીદ્દે ચડેલાં યુવાનો નામક્કર ગયા. વરરાજા અને એના મિત્રો પણ એમાં સામેલ એટલે ના છૂટકે આ શરત સ્વીકારવી પડી.

રંગેચંગે જાન સામે ગામ પહોંચી. વૃદ્ધોની રોકટોક ન હોવાથી યુવાનો ભારે તાનમાં હતાં. વાજતે ગાજતે સામૈયું થયું. પછી જાનને જમવા તેડી. ત્યાં ઉખાણાં પૂછાયા. એમાં એકાદ બે એવા અઘરા કાયડા પૂછાયા કે જુવાનિયાંનાં મોં ઢીલા થઇ ગયાં. મોં વકાશીને એકબીજા સામું તાકી રહ્યા. હવે કરવું શું ? સાચો જવાબ ન આપે તો જાન જમી ન શકે અને આબરું જાય.



જાનૈયાઓને ચૂપ જોઇ કન્યાપક્ષવાળા હસવા માંડ્યા, મજાક કરવા માંડ્યા. હવે બધાને પસ્તાવો થવા માંડ્યો કે એકાદ ડોશલાને સાથે આવવા દીધો હોત તો પસ્તાવાનો વારો ન આવત, પણ હવે થાય શું ? આ ગડમથલ ચાલતી હતી ત્યાં જ એક વૃદ્ધે આવી કોયડાનો જવાબ આપી દીધો. ત્યારે આખી જાનના યુવાનોમાં જીવ આવ્યો. નાક રહી ગયું. જાન જમવા મંડી. બધાને આશ્ચર્ય થયું કે આ વૃદ્ધ અહીં આવ્યા કેવી રીતે ?

અંતે ખબર પડી કે વૃદ્ધ ભારખાનાના ગાડામાં ચાદર ઓઢીને સંતાઇને બેસી ગયા હતા.

## (૧૨) જીવતાં તો નડ્યો પણ મરતાંય નડ્યો.

**વાર્તા :**

સોજીત્રા જેવું ગામ હશે. એમાં એક કુટુંબ રહે. એમાં ચાર દીકરા અને બાપ. બાપ સ્વભાવે જરા વિચિત્ર. ગમે ત્યારે અળવિતરાં કરી બેસે. કોઇને કોઇ રીતે ન પજવે તો એને ચેન ન પડે. એના કારણે દીકરાને કોઇને ઠપકો ખાવો પડે અથવા દંડાવું પડે.

એ બાપ કોઇ દિવસ કોઇની વસ્તુ ચોરી લાવે તો કોઇના ઘરમાં ઝઘડો કરાવે તો કોઇ રાતના વહેલી સવારે ફળિયામાં દૂધ દેતી બધી ગાય-ભેંસોનાં પાડાં-વાછડાં છોડીને ધવરાવી મૂકે અને સવારે જાણ થતાં કાળો કકરાટ થાય અને એ જોઇ બાપને આનંદ આવે.

કોઇ દિવસ ખેતરમાં જઇ બધાંની ઝાંપલીઓ તોડી લાવે. કોઇના બળદને, કોઇના ખેતરમાં ઊભા પાકમાં છોડી મૂકી ઝઘડો કરાવે તો જ એને નિરાંત થાય. ગામમાં કોઇને ત્યાં લગ્નપ્રસંગ હોય, રાસલીલા, રામલીલા કે ભવૈયા રમતાં હોય ત્યારે આ ડોસો કોઇની ગાય, બળદ કે ભેંસ છોડી મૂકી ધમાલ કરાવી રંગમાં ભંગ પડાવે જ.

આમ આ અવરચંડો બાપ જીવતાં સુધી ચારેય દિકરાઓને પજવતો રહ્યો. છોકરાંઓએ બાપને આ કટેવ છોડી દેવા ખૂબ સમજાવતા પણ બાપ મરતાં સુધી ન માન્યો તે ન જ માન્યો.

અંતે એ ડોસો એક દિવસ બિમાર પડ્યો. મોત નજીક આવ્યું. ખૂબ રિબાવા લાગ્યા પણ જીવ જાય નહીં, એટલે દીકરાઓને થયું કે જરૂર બાપનો જીવ કશાયમાં રહી ગયો લાગે છે એટલે મોટા દીકરાએ પૂછ્યું, '' બાપુજી તમારો જીવ કેમ જતો નથી ? તમારી અંતિમ ઇચ્છા શેમાં રહી ગઇ છે એ કહો એટલે અમે પૂરી કરીએ, જેથી તમારો જીવ અવગતિએ ના જાય.'' એટલે બાપે કહ્યું '' બેટા ! જીવતાં હુંધી આ ગામના લોકો મને ખોટી રીતે બદનામ કરી ઠરવા ના દીધો. ખોટી રીતે તમને દંડ્યા હશે, હેરાન કર્યા હશે, એટલે આ ગામને હું ખૂબ ધિક્કારું છું. અવે મર્યા પછી જે તમે મને આ ગામના સ્મશાને બારશો તો મારો જીવ અવગતે જશે.'' ''એ તો સમજ્યા પણ તમને

બાળવા ક્યાં લઇ જવા ?'' નાના દીકરાએ પૂછ્યું. જો તમારે મને સદ્‌ગતિ આલવી હોય તો બાજુના નજીકના ગાંમના મહાંણામાં બારજો. ચારેય દીકરાઓએ હા પાડી અને બાપનો જીવ જતો રહ્યો.

પછી એમને લઇને ઠેઠ સ્મશાને પહોંચ્યા ખરા પણ ગામલોકને ખબર પડી કે આ અવરચંડાને અહીં બાળવા આવ્યા છે, જરૂર સોજીત્રાવાળાઓએ એને નહીં બાળવા દીધો હોય. કદાચ જો એ ભૂત થયો તો જેણે જીવતાં તો સોજીત્રા ગામને ચેન નથી પડવા દીધું એ પલિત ભૂત થયા પછી આપણાંને જંપવા દેશે ખરો ?

આ વાતથી આખા ગામમાં હોબાળો મચી ગયો અને આખું ગામ તૂટી પડ્યું છોકરાં પર. બિચારા છોકરાઓને ખૂબ માર પડ્યો. અંતે મડદાની એબ રાખી લોકોએ એમને જવા દીધા. ને રાતના સોજીત્રાના સ્મશાને બાપની લાશને બાળી મૂકી.

આમ આ અવળચંડો બાપ દીકરાઓને જીવતાં તો આખો જન્મારો નડ્યો પણ મર્યા પછીય નડ્યો. આ ઉપરથી આવા માણસો માટે ઉપરોક્ત કહેવત વપરાતી હશે.

## (૧૩) જેવી બાંનની પાપડી એવો ભઇનો પૂંક (પોંક)

**અર્થ :**

- જેવું ભાઇ વર્તે એવો પ્રતિભાવ બહેન આપે અથવા
- જેવું બહેન વર્તે તેવો પ્રતિભાવ ભાઇ આપે.
- જેવું વર્તન તેવો સામે વ્યવહાર.

**વાર્તા :**

ચરોતરના એક કુટુંબમાં ભાલકાંઠાની એક દીકરી પરણાવેલી. અવાર-નવાર ભાઇ બહેનની ખબર લેવા જતો. જાય ત્યારે સાથે કંઇને કંઇ બહેનને આપવા યથાશક્તિ લઇ જતો પણ બહેન જરા સ્વાર્થી અને ઘમંડી. અભિમાની પણ ખરી. એને સાસરીના પૈસાનું ખૂબ ઘમંડ હતું. એટલે ભાઇ જેટલી ઉલટથી કોઇ વસ્તુ બહેનને આપે તો બહેન જરા સરખી કદર ન કરે અને ભૂલે ચૂકે કંઇ પણ આપવાની ફરજ પડે તો જે કંઇ આપે તે ઉતરતી કક્ષાનું અને હલકું જ અથવા ના કામનું જ આપે.

ભાઇ, બહેનની આ વૃત્તિ જાણી ગયેલો પણ ઉદાર મને એને માફ કરી દેતો. આથી બહેન એમ માનતી કે એનો ભાઇ ડફોળ છે, કમઅક્કલ, અબૂધ, ગમાર, ગામડિયો છે.

આવી બેહૂદી ટીકા અથડાતી કૂટાતી ભાઇના કાને આવી. એટલે પ્રથમ તો સમસમી ઉઠ્યો પણ મન વાળીને શાંત બની ગયો. પછી તેણે મનોમન નક્કી કર્યું કે આ ઘમંડી-સ્વાર્થી બહેનને સમય આવ્યે એવો પાઠ ભણાવવો કે એ સદાયની ખો ભૂલી જાય.



એમ નક્કી કર્યા પછી ભાઇ એક શિયાળે બહેનને ત્યાં ગયો, બહેનના ખેતરમાં વાલ-પાપડી ખૂબ થતી, બહેને ભાઇને પાછા જતી વખતે થેલો ભરી પાપડી ભરી આપી, પણ તે ઘરડી, જીવાતવાળી, સળેલી અને તદ્દન નકામી જે માત્ર ભેંસો જ ખાઇ શકે તેવી હતી. ભાઇ તો આ જોઇ ખૂબ નારાજ થયો. થેલાને બહેનના ગામની ભાગોળે જ નાખી દઇ ગામ જતો રહ્યો.

અઠવાડીયા પછી પાછો આવ્યો બહેનના ઘેર. સાથે થેલો ભરીને ઘઉંનો પોંક લાવેલો એ ઉમળકાભેર બહેનને આપ્યો. બહેને થેલો ખોલ્યો તો એમાં સળેલો, ગંધાતો, વાસી અને બળેલો પોંક હતો. આ જોઇ બહેન તો ઉકળી ઊઠી અને ભાઇને તતડાવતાં કહે '' આવે પૂંક''.

ભાઇને થયું કે જબરો લાગ આવ્યો છે. એણે સ્વસ્થ રહીને ઠંડા કલેજે કહ્યું ''જેવી બુનની પાપડીઓ તેવો ભઇનો પૂંક''.

આ સાંભળી બહેન સમજી ગઇ અને ફરી કદી આવું નહિ કરવું એમ નક્કી કર્યું. ત્યારથી આ કહેવત પડી હશે.

## (૧૪) હૂંઠૂં લીલું છે, તાર પછી ભૌં શું ?

**વાર્તા :**

એક ગામમાં આંધળો અને લંગડો રહે. બંને વચ્ચે ભારે દોસ્તી, બિચારા બંને ભીખ માંગીને ગુજરાન ચલાવે. પણ ભીખ પૂરી ન મળતાં ખાવાના સાંસા પડવા માંડ્યા. થાકીને લંગડો કહે , ' અહીં રહીશું તો ભૂખે મરી જઇશું, આપણે ક્યાંય બીજે ગામ જઇને એવુ કંઇક કરીએ કે આ ભીખ માંગવાનું ટળે અને જીવતરનું દરદળ ફીટે.' ખૂબ વિચારના અંતે નક્કી કર્યું કે પાસેના ખંભાત જેવા શહેરમાં જઇને કોઇ શાહુકારની કે સોનીની દુકાનમાં ચોરી કરવી.

એને નક્કી કરી બંને ઉપડ્યા. શહેરમાં પેસતાં જ ચીબરી બોલી. આંધળો લંગડાને પૂછે ' અલ્યા, ચીબરી કંઇથી બોલી ? ' લંગડો કહે ' બાવળના હૂંઠા પરથી ' આંધળો કહે ' હૂંઠુ લીલું છે કે સુકું ?' એ તપાસવા બંને નજીક ગયા. તો ખબર પડી કે હૂંઠું લીલું છે તે સાંભળી આંધળે કહ્યું કે 'ચાલે ફતેહ છે શુકન સારા ગણાય '. પછી બંને શહેરમાં પેઠા. લંગડો માર્ગ બતાવે તેમ આંધળો ચાલે.

એમ કરતે કરતે એક સારા શાહુકારના ઘર પાસે ઊભા રહી ગયા. જોઇ તપાસી રાતના ખાતર પાડવાનું નક્કી કર્યું. બખુ પાડી બંને અંદર પેઠા. પટારો તોડી ખાસી માલમત્તા ને રોકડ તફડાવીને બહાર નીકળી રસ્તે પડ્યા. થોડી વારમાં શહેર બહાર આવી ગયા.

ભરભાંખરુ થતા ચોરીની ખબર પડતાં શાહુકારે, રજવાડે ફરીયાદ કરી. ઢોલ વાગ્યો. એ સાંભળી લંગડે કહ્યુ કે 'લ્યા ખાતર પડ્યાની વાત જાહેર થયાનો આ ઢોલ વાગ્યો'.

ત્યારે આંધળો કહે, 'ઠૂંઠું લીલું હતું કે સુકું ?' લંગડો કહે 'લીલું.' એટલે આંધળો કહેતો કે 'ચિંતા નહી'.

શહેર આખામાં તપાસ થઇ પણ ચોર ન મળતા ચોર પકડવા સૈનિકો ઘોડા લઇને છૂટ્યા. ફરી લંગડે કહ્યુ 'સૈનિકો છૂટ્યા છે , આપણી પાસે થઇને ગયા.' ત્યારે આંધળે કહ્યુ 'ઠૂંઠું લીલું હતું કે સુકુ ?' લંગડો કહે 'લીલુછમ' તો ફીકર વગર આગળ વધો.

શહેરથી ખૂબ દૂર જઇ, તળાવના એક કિનારે બેસી ભાગ વહેંચવા લાગ્યા. ત્યાં જ પાંચ-સાત ગાંઉ જઇને તપાસ કરી સૈનિકોને પાછા આવી પહોંચતા લંગડે કહ્યું 'સૈનિકો આવે છે.' લૂંટનો માલ ઢાંકીને ગરીબડા બનીને નીચું મ્હોં કરી બેસી ગયા. સૈનિકોને એમના પર જરાય શક ન પડતા ત્યાંથી નીકળી ગયા.

આંધળો ને લંગડો માલની વહેંચણી કરીને સૌ-સૌના ભાગે આવેલી મત્તા લઇને ઘરે ઊપડી ગયા. ચોરી છતી ન થતાં બંનેને એ મત્તા પચી ગઇ. ત્યારથી એ કહેવત પડી હશે. ઠૂંઠું જેને લીલું, એને ઉની આંચ આવે નહીં.

## (૧૫) ડાચીના ઘેલા ને ઘેલીના ડાચાં

- દીવા તળે અંધારું
- ડાહ્યા માણસોના ઘરમાં ગાંડા પાકે, ને ગાંડાના ઘરમાં ડાહ્યા પેદા થાય. ઘણીવાર આવું બનતું હોય છે.

**વાર્તા :**

એક નાનકડું ગામ હતું. ગામમાં પચરંગી વસ્તી. એ ગામમાં વાણિયાનું એક કુટુંબ વસે. ને એક બે કુટુંબ ભરવાડનાં. વાણિયાની ઘરવાળી જરા ગાલાવેલી, હાલાતુલી, એક પાચો ઓછો. પણ વાણિયો એટલે ડાચીમાનો દીકરો. પત્નીને સરસ રીતે રાખે. બહાર કોઇને ગંધ સરખીય ન આવે કે બેચને જરા સરખો અણબનાવ બન્યો છે.

એ સ્ત્રીને દીકરા થયા. મોટા થતાં વેપાર કરી વેપારનો કારભાર સંભાળી ઘણું કમાયા.

હવે એ ગામમાં રહેતા રૂખડા ભરવાડની પત્ની અતિસ્વરૂપવાન, ખૂબ ચબરાક ને ચાલાક, ગામ આખું એનાં રૂપ, ગુણ અને હોંશિયારીનાં મોં ફાટ વખાણ કરે. સમય થતાં એને ઘેર વસ્તી થઇ. દીકરા મોટા થતાં ઘેટાં-બકરાં ચરાવા જાય પણ બુદ્ધિના સાવ લઠ્ઠ. એના બાપ જેવા જ બડફા અને ડફોળ.

આ જોઇ ગામના વહીવંચા બારોટે એની વાર્તા બનાવીને આ કહેવત કદાચ એ પરથી કે એવા ઘણા દાખલા જોઇને પાડી હશે.



## (૧૬) ડોશીયેય ગઇ ને ગાંઠડિયોય ગઇ/પોટલિયોય ગઇ.

**વાર્તા :**

નાનકડા એક ગામમાં એક ડોશીમા રહે. આ ડોશીને એવી ટેવ કે ઘરમાં ઘરેણાંથી માંડી, નાની મોટી લગભગ બધી ચીજો કપડાંના કકડે બાંધી, નાની મોટી પોટલીઓ કરી રાખે. એના આખા ઘરમાં પોટલીઓ જ દેખાય.

તમે એને કોઇ વાત કહો એટલે એ ડોશીમા દશશેરી હલાવતાં જાય ને સાલ્લાના છેડે ગાંઠો વાળતાં જાય, પછી ઉકેલી નાખે. આ ટેવના કારણે ગામ આખું એને પોટલીઓવાળી ડોશીની ખીજથી ઓળખે.

આ પોટલીયોનું એને જબરું વળગણ. કામની હોચ કે નકામી, લૂંગડું સડી ગયું હોય તો, એના પર બીજું બાંધે અને ચઢાવે માળિયે.

એ ડોશીમા તો ગુજરી ગયાં. એમના કુટુંબીઓને હતું ડોશીમાએ આ સંગરેલી પોટલીઓમાં કંઇકને કંઇક દલ્લો મૂક્યો હશે. ડોશીના ગયા પછી બધાએ વર્ષોથી સંગરી રાખેલ પોટલીઓ કાઢીને ફંફોસી, તો કેટલાયમાંથી સડેલું અનાજ, જૂની ચીજો, વંદા ને ઢગલો જીવડાં નીકળ્યા, પણ ન નીકળ્યો દલ્લો કે ફૂટી બદામ. કંટાળીને આ બધી પોટલીઓનો ફળીયામાં ઢગલો કરીને દેવતા ચાંપી સળગાવી મૂકી. કદાચ ત્યારથી આ કહેવત પડી હોય.

## (૧૭) ડોશીના કૂકડે હવાર થતી, તો છો લેચને નાહી જતી !

**વાર્તા :**

કોઇ એક ગામમાં ડોશીમા રહે. ડોશીમા સ્વભાવે ખૂબ ફૂલણજી, અભિમાની ને ખૂબ દંભી. ગામમાં કોઇના ઘરે કશીય વાત થતી હોય તો ડબ દઇને દોડી જાય અને એ કામ એનાથી જ થશે એવું માની ચોંચ બોળે. એ કામ ગમે તે જણથી થયું હોય પણ પોતે આખા ગામમાં ઢોલ વગાડીને કહે કે એ કામ મારા જવાથી જ થયું. પોતે આ ગામમાં ન હોત તો આખું ગામ દુઃખી થઇ ગયું હોત.

એ ડોશીમાએ એક કૂકડો પાળેલો.એ કૂકડો દરરોજ વહેલી સવારે બોલે, એટલે ડોશી જાગી જાય અને થોડી વારે સવાર પડે એ કારણે ડોશીમા એમ માનતાં કે આ ગામમાં એમનો કૂકડો બોલે છે એટલે સવાર થાય છે. જો એમનો કૂકડો બોલતો ન હોય તો આ ગામમાં કદી સવાર ન થાત. આમ બડાશો એ હાંક્યે રાખે. ગામ આખું ડોશીને આવી બડાશોથી ત્રાસી ગયેલું પણ જાણી જોઇને એમને કોઇ બતાવતું નહીં.

છેવટે ગામના કેટલાક યુવાનોને ડોશી પર ખૂબ ગુસ્સો ચઢ્યો અને કહી દીધુ કે જો તારા કૂકડે સવાર થતી હોય તો, તારો કૂકડો લઇને આ ગામ છોડીને જતી રહે. ભલે

અમારા ગામમાં સવાર ન પડે. ડોશી તો પોતાની ધૂનમાં મસ્ત હતી. એને લાગ્યું કે આ મૂરખા યુવાનોને અક્કલ નથી. મારા ગયા પછી આ ગામમાં સવાર નહીં પડે એટલે ઘરાઇને પસ્તાવો થશે અને થાકીને મારી માફી માગી મને માનપાનથી ગામમાં પાછી લઇ ગયા વિના છૂટકો નહીં થાય.

એ ધારણા પર મુસ્તાક રહી. પોતાનો કૂકડો લઇને ગામ છોડીને જતી રહી. પણ ઘણા દિવસો સુધી ડોશીને તેડવા કોઇન આવ્યું.

**અર્થ :**

કોઇપણ કામ પોતાના કારણે જ થાય છે. એવી ડંફાસ મારનારા માટે આ કહેવત વપરાય છે.

*હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે.*

ગાડા નીચે કૂતરી ચાલે એટલે એને એમ કે આખા ગાડાનો ભાર પોતે ખેંચે છે એમ માને છે.

## (૧૮) દરબારની ખૂંટી જેવી વાત.

**વાર્તા :**

એક નાનકડા ગામમાં એક દરબાર રહે. એ દરબારનું ઘર વાણિયાના મહોલ્લામાં આવેલું હતું. આ દરબારના ઝઘડાળું સ્વભાવથી ને એની લૂખ્ખી દાદાગીરીથી ગભરું વાણિયા ત્રાસી ગયેલા પણ વાણિયા તો ડાહીમાના દીકરા ગણાય એટલે કંઇ બોલે નહીં. પણ દરબાર લડવા આવે તો તગેડી મૂકવાની ગણતરી કરીને ચૂપચાપ ત્રાસ સહી લેતા.

આ દરબારેય ભારે ઉસ્તાદ ને ખેપાની. વાણિયાનેય ઘોળીને પી જાય એવાં ચાલાક. એય વાણિયાને પાડી દેવાના પેંતરાની રાહ જોતા હતા. એવામાં દરબારને એકાએક મોટી રોકડ રકમની જરૂર પડી. હવે જો એ વાણિયા પાસે ઉછીના માગવા જાય કે વ્યાજે લેવા જાય તો એ દીકરા એમ આપે નહીં એટલે આ દરબારે એકાદ વાણિયાને ફસાવવાની તરકીબ શોધી કાઢી.

એ પછી દરબાર દયામણું મોંઢું કરીને એક વાણિયાના ઘરે ગયા અને કહ્યું કે ''શેઠ હું જબરી આફતમાં ફસાઇ ગયો છું. હવે તમારા સિવાય મને કોઇ બચાવી શકે એમ નથી. મારી આબરું તમારા હાથમાં છે અને જો તમે મારું આ કામ નહીં કાઢો તો મારું નાક જશે અને મારે કૂવો હવાડો કરવો પડશે. મારે પૈસાની ખૂબ જરૂર છે. મારી પાસે ગીરવે મૂકાય એવી એકેય જણસ નથી. વળી, મારે તમારી પાસે એમનેય લેવા નથી. મને મનમાં થયું કે મારી પાસે આ ઘર છે. એ તમને વેચી દઉં, જો તમારે લેવાનો વિચાર હોય તો....



વાણિયો દરબારની જાળમાં ફસાઇ ગયો. એને થયું કે દરબાર ફસાયા છે. આ ઉત્તમ તક જવા દેવા જેવી નથી. એટલે એને થોડા પૈસા આપીને આ ઘર પડાવી લઇએ તો કાયમની ગોદ જાય અને ટાઢા પાણીએ ખસ જતી રહે અને ઉપકાર કર્યાનો યશ પણ મળશે એવું વિચારીને એ કહે, ''જુઓ બાપુ, હાલ તો મારી પાસેય પૈસા નથી, મારો હાથ પણ ભારે ખેંચમાં છે, પણ તમે અમારી વચ્ચે રહો છો, વળી તમે આપત્તિમાં છો, એટલે મારી પવિત્ર ફરજ છે કે પાડોશીને મદદ કરવી. હું ક્યાંકથી વ્યાજે લાવીને પણ તમારું કામ કાઢું. બોલો શી કિંમત છે ઘરની ?''

દરબારે તો મફતના ભાવે આપી દેવાનું કહ્યું. બજારભાવ કરતાં અડધી કિંમત કહેતાં વાણિયો તો પાણી પાણી થઇ ગયો. વાણિયો રકમ ગણી આપીને દસ્તાવેજ કરવા કોર્ટે ગયા ત્યારે દરબારે એક શરત મૂકી કે ઘર તમને આપ્યું, પણ ઓરડાની જમણી દિવાલે એક લાકડાની નાનકડી ખૂંટી છે. જયાં મારા વડવાથી માંડીને હું તલવાર લટકાવતા આવ્યા છીએ એટલે અમને મમત ખરી કે એ ખૂંટી અમારી રહે... બસ આટલી માગણી કબૂલ રાખો. બિચારા વાણિયે ભોળા દિલે હા પાડીને દસ્તાવેજમાં ખૂંટી પર દરબારનો હક્ક રહેશે એમ લખાવી લીધું.

બંને છૂટા પડ્યા. દરબારે ઘર ખાલી કરી કબજો સોંપી દીધો. બાકીના બધા વાણિયા ખૂબ રાજી થયા. એક ઘો ગયાનો હાસકારો અનુભવ્યો અને બધા વાણિયાઓએ તે દિવસે લાપસી ખાઇને આનંદ માણ્યો.

પંદરેક દિવસ સુધી તો દરબાર એ તરફ ગયા પણ નહીં પણ એક દિવસ રાતના અગિયાર વાગ્યે દરબારે વાણિયાના બારણે ટકોરા દીધા. શેઠ શેઠાણી તો પરવારીને ઢોલિયે આડા પડેલા. ટકોરા સાંભળતાં જ શેઠે બારણું ખોલ્યું દરબારને જોતાં જ શેઠ કહે, ' બાપું અટાણે શું કામ પડ્યું ?' દરબાર કહે,' શેઠ, આ તલવાર ખૂંટીએ ભરવવી છે, આટલું જ કામ છે. હું ભેરવીને જતો રહીશ...' ને દરબાર તલવાર લટકાવીને ક્ષણમાં જતાં પણ રહ્યા.

પણ એ પછી તો દરબાર, અઘરાત-મધરાત ટાણે, કટાણે, વારપરબે, વારંવાર શેઠને જગાડી કોકવાર તલવાર મૂકેને બંદૂક લઇ જાય, તલવાર લઇ જમૈયા મૂકે. કંઇનું કંઇ બહાનું કાઢી ખૂંટીનો ઉપયોગ કરવાના બહાને આવવા લાગ્યા. એજ વખત શેઠના ઘરે લગ્ન અને દરબાર તો નશો કરીને લાલચોળ આંખે લથડીયાં ખાતા આવ્યા. લોકોએ, દરબારને શેઠાણીના આડાસંબંધની વાતેય ઉડાડી. શેઠ તો થાકી ગયા.

શેઠે આ લપ છોડાવા, દરબારને કહ્યું, 'બાપુ ! એ ખૂંટી છોડી દેવાની શું કિંમત લેશો ?' બાપુ કહે,' શેઠ, ગાંડા થયા કે શું ? મારે ફદિયાની શી જરૂર ? ને ખૂંટી તો મારા વડવાનું હંભારણું કે'વાય...હમજ્યા... ?'

શેઠ કગરી પડ્યો, દરબારના પગે પડ્યો. એટલે દરબાર કહે, 'તો કંઇ નઇ શેઠ, એ ખૂંટી છોડવાની કિંમત પૂરા વીસ હજાર.... ને શેઠે કાયર થઇને આબરું બચાવવા

ખાતર દૂભાતા દિલે પૂરા વીસ હજાર ગણી આપ્યા. આમ મફતમાં પડાવી લીધેલા મકાનની દોઢી કિંમત દેવી પડી. ત્યારથી આ કહેવત પડી હશે.

*ફાંસ કાઢતાં હાલ પેઠું.*

## (૧૯) ધણી ધૂબાકા કરે, ને રાંડ ઢેફાં તોડે.

**વાર્તા :**

એકાદ નાનકડું ગામ હતું. એ ગામમાં એક મુસલમાન કુટુંબ રહે. એનો પતિ ખૂબ નફિકરો, ફૂલણજી, બડાશો હાંકનાર. એ આખો દિવસ મિત્રો સાથે મોજ મજા કરે, મિત્રો સાથે બેસીને મિજબાની માણે, મહેફિલ જમાવે, ઊજાણી કરે અને ઘરમાં જે હોય તે ખોબે ખોબે ઉડાડી મૂકે.

એમનાં બીબી બિચારાં ઘર રખ્યું પતિની આવી ઉડાવગીરીથી ત્રાસી ગયેલાં પણ મિયાં માને જ નહીં. એટલે ઘર ચલાવવા માટે ફાંફાં મારવા પડે. મિયાં તો બજારે ચારે-ચૌટે કે મિત્રો સાથે પડી રહે. એટલે બિચારી બીબીને ઘરને ખેતર બંને સંભાળવા પડે. જાતે ખેતી કરે, રાત દિવસ કાળી મજૂરી કરે.

વહેલી સવારે જાગી જાય, ઘરનું કામકાજ પતાવે, દળે, રાંધે, છાણ-વાસીદું કરી બળદ ને ઢોર લઇ ખેતરે ઉપડી જાય. ને ધણી બધું ઉડાડી મૂકે. એ પરથી આ કહેવત પડી હશે.

## (૨૦) ના કવ તો હું કવ, તું શાંની કવ !
## ના પાડવાનો અધિકાર મને છે, બીજાને નહીં.

**વાર્તા :**

એક ગામમાં સાસુ-વહુ રહે. સાસુ સ્વભાવે દંભી, તોરીલાં, અભિમાનીને ગુમાનવાળા. વાતે વાતે પોતાનું વર્ચસ્વ થાપવા ફૂંફાડા મારે. વહુને ખૂબ દબડાવે.... વહું બિચારી ખૂબ જ કહ્યાગરી, ને નવી નવી એટલે સાસુ એને અદ્ધરને અદ્ધર રાખે. વાતે વાતે નચાવે. વાતે વાતે રડાવે. અરે ! પાણી પીવું હોય તો સાસુને પૂછવું પડે. બિચારી વહું તો સાસુના આવા કડપ અને તાપથી ફફડતી રહે અને પડ્યો બોલ ઝીલે. આ જોઇ સાસુ તો મનોમન ખૂબ હરખાય.

એક દિવસ સાસુમા, સવારે પરવારીને દેવદર્શને મંદિરે ઉપડ્યા. ધણી ખેતરે ગયો હશે. વહુજી ઘરમાં એકલાં. એવામાં પડોશીમાંથી કે ફળિયામાંથી એક સ્ત્રી છાશ માગવા આવી, પણ ઘરમાં છાશ ન હોવાથી વહુએ ભોળા ભાવે કહ્યું કે,'ઘરમાં છાશ નથી અને અમે આજે વલોણું પણ કર્યુ નથી એટલે આજે છાશ નહીં મળે.' પેલી છાશ લેવા આવનાર સ્ત્રી ખાલી છાશનું મલવું-(ઠામ) લઇને પાછી ફરી. થોડે દૂર જતાં, દેવ મંદિરેથી પાછાં આવતાં સાસુજી મળ્યા, ને પૂછ્યું કે,'ક્યાં જઇ આવ્યાં ?' પેલી સ્ત્રીએ કહ્યું,'તમારે ત્યાં છાશ લેવા ગઇ'તી પણ તમારી વવે ના પાડી.'



બસ, આટલું સાંભળતા ન સાસુમા ઉકળી ઊઠ્યાં,'એની આ હિંમત ? તને છાશ આપવાની ના પાડી ? અને તેય મારી વહુએ ? ચાલ મારી સાથે પાછી ઘરે, એ છાશ આપવાની ના કેવી રીતે પાડી શકે ? અને તેય મારી ગેરહાજરીમાં ? એ સ્ત્રીને લઇ સાસુમા ઘરે આવ્યાં. બિચારી વહુ તો ફફડવા માંડી. આવીને સાસુએ લાગલી જ બૂમ પાડી,'વવ, આંમને છાશ આલવાની તમે ના પાડી ?'

'બા ઘરમાં છાશ ન'તી એટલે મેં...!' 'પણ તારામાં આ હિંમત આવી ક્યાંથી ? ગમે તેમ હોય પણ તને ના પાડવાનો કોઇ હક નથી. ના પાડવી હશે તો હું જ ના પાડીશ.... તું નહીં સમજી....!'

'અરે બાંન, જાવ.... ઘરમાં છાશ નહીં' એવું કહી એન કાઢી મૂકી. બસ ત્યારથી આ કહેવત પડી હશે.

ઘરનો કશોય વહેવાર, નવા આવનાર માણસને ન મળે, સાસુપણાનો કે વડીલશાહીનું વર્ચસ્વ તો રહેવું જ જોઇએ. એ અર્થમાં.

## (૨૧) પાઘડી ભેંસ ચાવી ગઇ.

એકની લાગવગ કરતાં બીજાની ભારે લાગવગ આવે તો ભારે લાગવગવાળાનું કામ થાય, હલકીવાળો રખડી જાય.

નાની લાંચવાળાની લાંચ, મોટી લાંચ આગળ એળે જાય.

**વાર્તા :**

કોઇ બે જણ વચ્ચે કોર્ટમાં કેસ ચાલે. એક જણે ન્યાયાધીશને પોતાની તરફેણમાં ચુકાદો આપવા પાઘડી (લાંચ) આપવાનું નક્કી કર્યુ. પછી કામ પતી જશે એ આશાએ નિરાંતે બેઠેલો, પણ સામાવાળો તો એનાથી ઉસ્તાદ નીકળ્યો. એને ખબર પડી કે પેલાએ કામ પતાવવા લાંચ આપી છે. એટલે એ પણ ન્યાયાધીશ પાસે ગયો અને લાંચમાં ભેંસ આપવાનું નક્કી કરી ચૂકાદો એની તરફેણમાં આવે એવું ગોઠવીને ગયો.

મુદત આવ્યે કેસ નીકળ્યો. દાખલા દલીલો જરાતરામાં પતાવીને ન્યાયાધીશે, ભેંસ આપવાની કહેલી એની તરફેણમાં ચુકાદો આપી દીધો. આ જોઇ પાઘડી આપવાનું કહેલ અસીલ ઉકળી ઉઠ્યો અને ન્યાયાધીશ સાથે બાખડી પડતાં કહે,' સાહેબ, પાઘડીની તો શરમ રાખવી'તી ?' ત્યારે ન્યાયાધીશ કહે,'એમાં હું શું કરું ? પાઘડી ભેંસ ચાવી ગઇ ! ' આ સાંભળી પાઘડી આપનારની બોલતી બંધ થઇ ગઇ.

## (૨૨) પાપડ જેવડો લાંબો હાપ.

**વાર્તા :**

એક શેઠને ઘેર દરજીને જમવા બોલાવ્યો. જમણ ખૂબ સારું બનાવેલું. બત્રીસ ભાતનું ભોજન પીરસાઇ ગયું. હવે જમવાનું શરૂ થયું. એવામાં દરજીભાઇની નજર

ભાણા પર પડી. ભાણામાં પાપડ પિરસાયા નહોતા. ત્યાં સામે જ તળેલા પાપડનો થાળ પડેલો એ એણે જઇ લીધો. હવે એમ તો કહેવાય નહીં કે તમે પાપડ આપવાનું ભૂલી ગયાં છો...! એટલે દરજીએ ચાલાકી કરી. જમવાનું બંધ રાખીને કહે, ‘અરે શેઠ આજે તો ભારે થઇ ? હું બાલબાલ બચી ગયો. બાકી મરી જાત. સવારે ઘરમાં જબરો સાપ નીકળ્યો...લાંબો... એટલો લાંબો...અરે...એટલો લાંબો...કે...!’

શેઠાણી કહે, ‘કેટલો લાંબો.... ?’ દરજી કહે કે ના પૂછો વાત... હજીય મારા પગ ધ્રૂજે છે. લાંબો...ખાસ્સો હશે... પેલા પાપડ પડ્યા છે એટલે સુધીનો લાંબો હશે, કદાચ એથી વધું હોય.

પાપડનું નામ આવતાં જ શેઠાણી ચમકી ગયાં... એમને યાદ આવ્યું કે પાપડ પીરસવાનું તો ભૂલી જ ગયાં છે... એકદમ ઊભાં થઇને પાપડ પીરસી દીધા. આમ એ પરથી આ કહેવત પડી હશે.

## (૨૩) બારોટ તારે બાર ઓઠ (હોઠ), બાયડી બાપાકે’ કોરિયું હરોડાં નાંછ્ય, બાપાના ટાંટિયા ઉઘાડા રે.

**વાર્તા :**

કોઇ એક ગામમાં એક બારોટ અને પટેલ વચ્ચે જીગરજાન દોસ્તી. એક સાથે હરે...ફરે. એકબીજા વિના જરાય ચેન ના પડે. એકબીજાના ઘરે ખાવા પીવા જાય આવે. થોડા સમય પછી પટેલભાઇનું દિલ ટૂંકું થયું, પણ બારોટ ઉદાર અને ભલો.

બારોટ, પટેલ પટલાણીને વારંવાર બોલાવીને જબરી આગતા સ્વાગતા કરે. સાથે બેસાડી પ્રેમથી જમાડે અને જમે. બે ચાર વખત પટેલ બારોટના ઘરે જમી ગયા છતાં પટેલ, બારોટને જમવાનું નિમંત્રણ ન પાઠવે. ચતુર બારોટથી આ વાત અજાણ ન રહી. એટલે પટેલને નાણી જોવાનું મન થયું. એક દિવસ બારોટ લાગ જોઇને પટેલને કહ્યું કે કાલે તો તમારે ઘેર જમવા આવવાનું મન છે. અમે બેય જણાં આવીશું.

બિચાર પટેલથી ના ન પડાઇ. ઘરે આવીને પટેલે પટલાણીને કહ્યું કે કાલે બેય જણાં જમવા આવવાના છે. બોલ આપણે શું કરીશું ? છેવટે બીજો દિવસ થયો. બારોટને આવવાનો સમય થયો એટલે પટેલે પટલાણીને કહ્યું કે હું ભેંસની ગમાણમાં સંતાઇ જાઉં છું. તું મારા પર ઘાસ નાખી દે અને પટલાણીએ એમ કરીને એમને ગમાણમાં સંતાડી દીધા.

થોડીવારમાં બારોટ દંપતિ આવી ગયું. પટલાણીને પૂછ્યું કે મારા દોસ્ત ક્યાં ગયા છે ? તો પટલાણીએ ઠાવકું મોં રાખીને કહ્યું કે તમાર ભાઇ તો એકાએક બહારગામ ઉપડી ગયા. ખાસ તાકીદનો સંદેશો આવ્યો’તો. કાલે આવશે, તમે કાલે આવજો.

બારોટને દાળમાં કંઇ કાળું હોવાની ગંધ આવી ગઇ. એને થયું કે આ પાટીદાર દીકરાને ખવરાવું પડે છે એટલે છટકી ગયો છે. જરૂર એ આટલામાં જ ક્યાંક હશે...



એની ચકોર નજર ચારે તરફ ફરવા માંડી. એ પરસાળમાં આવી જોવા લાગ્યા. એકાએક એની નજર ગમાણમાં પડી. તો એમના દોસ્તનો પગ થોડો ઉઘાડો દેખાતાં એ સમજી ગયા. પરંતુ આતો સરસ્વતી પુત્ર, કશું કહે નહીં, વાતને ઊઘાડી ન પાડે તો બારોટ ન કહેવાય. એટલે તુરત ન એક શાખી કે જોડકણું જોડી કાઢીને બોલી ઊઠ્યા.

‘‘બારોટ તારે બાર ઓઠ, બાયડી બાપા કે’ કોરિયાં હરોડાં નાંછ્ય, તારા બાપાના ટાંટિયા ઉઘાડા રે...’’

બસ આટલું બોલતાં જ પટલાણીને પોલ ખૂલી ગયાની ખબર પડી ગઇ ને બારોટ દંપતિ ત્યાંથી નીકળી ગયું.

## (૨૪) લાખો વેચે લાકડાં, ધનપાલ માગે ભીખ, અમરો દીઠો મરતાં, તો મારો ઠંઠણપાર ઠીક.

નામ પ્રમાણે ગુણ ન હોય. બહારનો વૈભવ દેખી, મોહિત થઇ ન જવાય. ખરેખર તો ટુંકી દ્દષ્ટિના લાભ માટે વિચલિત ન થવાય. મૂળ ધ્યેયને પકડી રાખવામાં જ માલ છે.

**વાર્તા :**

કોઇ એક ગામમાં એક સ્ત્રી, ઠંઠનપાર નામના પુરૂષને પરણી હતી. એ બિચારો ખૂબ ગરીબ હતો.ઘરમાં ખાવાનાંય ફાંફાં પડે. આ સ્ત્રીને ઘણા અરમાનો હતા. એટલે એને છોડી દીધો. પછી એને વિચાર આવ્યો કે કોઇ લાખા નામના માણસ સાથે ઘર માંડવું. જેથી એના અરમાનો પુરા થાય. એને હતું કે લાખો નામ છે એટલે લખેશરી હશે. અગાઉથી એણે એના ઘરની તપાસ નહોતી કરી. નવા ઘેર ગયા પછી જ એને ખબર પડી કે આ નવો ધણી તો... લાકડાં વેચીને ગુજરાન ચલાવે છે. પસ્તાવાનો વારો આવે એ પહેલાં થોડા દિવસ સાથે રહીને એનેય છોડી દીધો.

પછી એને થયું કે આ વખતે તો છેતરાવું નથી. કોઇ ધનપતિ માણસ સાથે જ ઘર માંડવું. એમ કરતાં કરતાં ધનપારશા નામના એક માણસનો પરિચય થઇ ગયો. એ પુરૂષને બાઇના અભરખાની ખબર પડી ગઇ. એટલે એની નાડ પારખીને આભના લાડું બતાવીને ઘર માંડ્યું. ઘર માંડ્યા પછી બાઇએ તો કલ્પેલું કે ધનપારશન નામના માણસના નામ પ્રમાણે ગુણ હશે. એના ઘરમાં ધનના ઢગલા હશે, પણ એવું કંઇ ન નીકળ્યું. ધનપારશા તો બિચારો ભીખ માગીને ગુજરાનન ચલાવતો હતો. કંટાળીને એ બાઇએ એનેય છોડી દીધો.

હવે એને વિચાર આવ્યો કે, આમ કરતાં કરતાં તો અડધી જીંદગી જતી રહી. હવે જો કોઇની જોડે લગ્ન કરશે.... તો વૈધવ્ય ભોગવવાનો વારો આવશે. એટલે એ નોબત ન આવે... એટલા માટે... જે કોઇ માણસ અમર હોય એની સાથે જ ઘર માંડવું અને અંતે એણે એવા નામના માણસને શોધવા માંડ્યો... ને છેવટે અમર નામના

પુરૂષ સાથે ઘર માંડ્યું. બે-પાંચ વરસ જેમ તેમ કાઢ્યાં અને રોગથી એનું મૃત્યું થયું. એટલે એ થાકી ગઇ.

અંતે પોતાના અસલ પતિ જેની સાથે પ્રથમ લગ્ન કરેલું એ ઠંઠણપારને શોધીને ઠરીઠામ થઇ. આ કારણે આ સાખી રચાઇ હશે.

## (૨૫) વાઙ્ય વાઙ્ય કે હાહું તારું પાણ તો હું જ જાણું.

**વાર્તા :**

એક વખત એક દરબાર અને એક વણકર સાથે મુસાફરી કરી રહ્યા'તા. બંને જણા નિર્જન રસ્તેથી ભરબપોરે પસાર થતા હતા. એટલામાં એકાએક ચાર-પાંચ લૂંટારા ધસી આવ્યા અને બંનેને લૂંટી લેવાની ધમકી આપી. આથી વણકર તો ગભરાઇને ડરનો માર્યો ધ્રૂજવા લાગ્યો, પણ દરબાર પાસે તો તલવાર હતી અને એ તો શૂરવીર અને ભડવીર માણસ હતો. એટલે ડર્યા વગર પોતાની ભેટમાં લટકાવેલી તલવાર કાઢીને લૂંટારા સાથે લડાઇ શરૂ કરી. એકા લૂંટારાનું ડોકું ધડથી અલગ કરી નાખતાં બીજા લૂંટારા ગભરાઇને ભાગી ગયા.

આ જોઇને વણકરે દરબાર પાસે તલવારની માગણી કરી. દરબારની ઇચ્છા નહોતી તો પણ વણકરે મોં માગ્યા પૈસા આપી તલવાર લઇ લીધી.

ઘરે જઇને એની પત્ની પાસે તલવારનાં ખૂબ વખાણ કરતાં કહ્યું કે, '' એનું પાણ તો ઉંજ જાણું...'' બીજા દિવસે વણકર કપડાંનું પોટલું લઇને વેચવા નીકળ્યો, ને તલવાર પોટલાના માથે બાંધી દીધી. બપોર થતાં લૂંટારા ત્રાટક્યા. વણકર તો ગભરાયા વિના કહે, ''અલ્યા નાહીજાવ. આ બાપુની તરવાર તમને જીવતા નઇ છોડે, કકડે કકડા કરી મેલશે. એનું પાણ તો ઉંજ જાણું, અલી હાહું, વાઙ્ય ચ્યમ વાડતી નહીં...!'' પોટલું સામે મૂકીને હુકમ કરવા મંડ્યો પણ ગમે તેવી પાણીદાર તેજ તલવાર જાતે થોડું લડે ? એતો વાપરનારમાં જોર હોય તો તલવાર પાણી બતાવે.

લૂંટારા વણકરની નબળાઇ પારખી ગયા અને તલવાર સમેત બધું લૂંટીને ભાગી ગયા, ત્યારથી આ કહેવત પડી હશે.

## (૨૬) સો કે કિયે સાઠ, તીસ ગયે નાઠ,
## દશ દેંગે, દશ દિલવાયેંગે,
## દશમેં ચ્યા લેણેકા, ચ્યા દેણેકા ?

**વાર્તા :**

એક ગામમાં ઉસ્માન નામનો મુસલમાન રહે. ઉસ્માન ભારે ભેજાબાજ, ને ચાલાકેય જબરો. એણે એક દોસ્તદાર પાસેથી સો રૂપિયા ઉછીના લીધા. સગવડ થશે એટલે થોડા દિવસમાં પાછા આપી જવાનો વાયદો કર્યો.



પછી તો ઉસ્માનભાઇ વાત ભૂલી ગયા. વાયદોય વીતી ગયો. મિત્રને એમ કે હાથ ભીડમાં હશે, બે પાંચ દિવસ પછી આપી જશે. એમ કરી ઉઘરાણી ન કરી. એમ કરતાં બીજા પાંચ પચ્ચીસ દિવસ નીકળી ગયા. એટલે કંટાળીને મિત્ર ઉઘરાણીએ આવ્યો, પણ ઉસ્માનભાઇ એમ કંઇ ગાંઠ્યા નહીં. છેવટે થાકીને પૂછ્યું કે, '' ભાઇ તારો ઇરાદો શું છે ?'' તો ઉમાનભાઇ કહે, ''દેખો ભાઇ તુમને હમકો સો દિયા થા, હમ તુમકો સાઠ દેનેકા ઇરાદા રખતે હૈ...'' ઠીક છે દોસ્તે વિચાર્યું કે સાઠ તો સાઠ... બિલકુલ ન મળે એના કરતાં શું ખોટા છે ? એમ વિચારીને એણે હા પાડી. '' દો-તીન દિનકે બાદ આણા, હમ દે દેંગે.''

વળી, પેલા ભાઇ પાંચેક દિવસ પછી ગયા ને પૈસા માગ્યા. ત્યારે મિયાંભાઇએ ફરી પોત પ્રકાશ્યું... અને કહ્યું, ''દેખો ભાઇ, સાઠ દેણેકું બોલા થા, ઠીક હૈ, અબ ઉસમેસે તીસ નાઠ ગયે. અબ કિત્તે બચ્ચે ? તીસ... ઠીક હૈ ઇસમેસે દશ દેંગે, દશ દિલવાયેંગે, અબ દશમેં ચ્યા લેનેકા, ચ્યા દેણેકા...''

આમ સો રૂપિયા ઉસ્માનભાઇ પચાવી ગયા.

## (૨૭) હપધાની હોંડમાં કોય દા'ડ ના પેહવું.

- ચોરની વાદે ચણા ના ઉપાડાય.

**વાર્તા :**

એક શિયાળ હતું. આમેય શિયાળની જાત ખૂબ લુચ્ચી અને ચાલાક ગણાય. એને મોટા પ્રાણીઓની દોસ્તી કરી વટ પાડવાના ખૂબ અભરખા. એટલે એણે ગમે તેમ કરીને હાથીની દોસ્તી કરી. બંને કાયમ સાથે રહે, હરે-ફરે અને મજા કરે.

એક દિવસ આ લુચ્ચા શિયાળને વિચાર આવ્યો કે આ હાથીભાઇ આટલા મોટા છે જો મરી જાય તો બંદાને એનું માંસ ખાવાની જબરી મજા પડે અને ઘણા લાંબા સમય સુધી માંસ ચાલે અને જબરી મજા પડે.

અને એક દિવસ હાથી મરી ગયો. શિયાળ તો રાજી રાજી થઇ ગયું. શિયાળ તો એની ગુદા દ્વારા પેટમાં પેસી ગયું. અંદર જઇને એ તો ધરાઇને માંસ ખાય, પછી અંદર જ સૂઇ જાય. એમ કરતાં બે-પાંચ દિવસ થયા અને હાથીની ચામડી સૂકાવા માંડી શરીર સંકોચવા લાગ્યું. એનું ગુદાદ્વાર તદ્દન સંકોચાઇ ગયું અને શિયાળ તો અંદર ફસાઇ ગયું. બહાર નીકળવા એણે ખૂબ ફાંફાં માર્યા પણ કેમેય નીકળી ન શકાયું અને અંતે અંદર ગૂંગળાઇને મરી ગયું.

આમ મોટાની સોડમાં પેસતાં જાન ગુમાવ્યો. એટલે આ કહેવત પડી હશે.

## (૨૮) હરકતમાં બરકત અને ફજેતે ફાયદા : બગલાને ડોળે લાભ.

- દુઃખ વગર કોઇ કોઇના સામું જુએ નહીં.
- સારા માણસના ઘરનું વગોણું ને જગતને જોણું.

• માંખ જુએ ચાંદુ ને વૈદ જુએ માંદુ.

**વાર્તા :**

એક બ્રાહ્મણ સરકારી અધિકારી હતા. તે રજા લઇ વતન જવા નીકળ્યા. સાથે તાબાના એક મુસલમાન સિપાઇને તેડી ગયા. ઘેર પહોંચ્યા તો કોઇની સંવતસરી નિમિત્તે ઘરમાં જમણ હતું અને જમણમાં લાડું બનાવ્યા'તા. બંને જણાએ ધરાઇને લાડું ઝાપટ્યા. બીજા દિવસે શ્રાદ્ધ હતું એટલે દૂધપાક બનાવેલો. સિપાઇએ પણ બધાની સાથે એય ઝાપટ્યો, પછી સિપાઇએ પૂછ્યું,‘‘આ શેનું જમણવાર ચાલે છે ?’’ એટલે એક ચાકરે જવાબ આપ્યોકે,‘‘ આજે શ્રાદ્ધ હતું ને કાલે સંવતસરી હતી.’’ એટલે મિયાંએ નમાજ ભણીને ખુદા પાસે દુવા માગી કે,‘‘યા પરવાર દિગાર, ઇનકે ઘરકુ કાયમ રહેવે, નિત નિત શ્રાદ્ધ સમસરિયાં, મિયાં મીઠું ખાવે ખીર પૂરિયાં.’’

એટલે જ, ‘‘હરકતમાં બરકત ને ફજેતે ફાયદો.’’ લીંબડીમાં એવો ચાલ હતો કે હિન્દુમાં કોઇનું મરણ થાય ત્યારે સ્મશાને જનાર લોકો મસાણીને ત્યાંથી છાણાં, લાકડાં, મડદું બાળવા ઉપાડતા જાય.

એક વખત એક ગૃહસ્થને ત્યાં મરણ થયું. ત્યાંની રીત મુજબ એક જણ મસાણીને ત્યાં લાકડાંના કટકા લેવા ગયો, ત્યારે મસાણીએ દિલગીરી સાથે કહ્યું કે,‘‘આ ફેરે મારી મોસમ જાગી નહીં, ને માલનો ભરાવો બહું થયોછે માટે પ્રભુ કૃપા કરે ને મસાણમાં ઝાઝાં મડદાં આવે તો મારો માલ ખપે.

**દોહરો :**

વધે કલેશ તો વકીલને પૂર્ણ હરખ પ્રકાશ,
તેમજ કાળા કાગને ભલો ભાદ્રપક્ષ માસ;

વેલો શોધે વાડને, પૂરબીઓ પૂછે કૂવો,
[1]મસાણી ઉઠે મળસકે, પૂછે કોઇ મૂવો;

માળી સીંચે મોગરો, કણબી પૂછે કૂવો,
[2]અધ્યારુ નિત્ય વાટ જુએ, કે મોટો કોઇ મૂવો.

---

૧. મસાણમાં મડદાં બાળવા લાકડાં વેચનાર
૨. પારસીનો ગોર (પુરોહિત)



# ચતુર પટેલ


પેટલાદ પાસેના જલસણ ગામમાં જન્મ. ખંભાતમાં કૉલેજ શિક્ષણ ૧૯૭૦માં રસાયણ વિજ્ઞાનમાં એમ.એસ સી. થયા. કેમીકલ ઈન્ડસ્ટ્રીઝમાં રસ ધરાવતા અને એમાં કન્સલ્ટન્સીનું કાર્ય કરતા રહેલા. મૂળ સંશોધનવૃત્તિ ધરાવતા હોઈ ચતુર પટેલે ૯૦ જેટલા નવા કાપડના રંગોની શોધ કરી છે. આ સંદર્ભે કલકત્તાથી એમને AICની ઉપાધિ મળી. પછી પી.એચડી. પણ કર્યું. વિવિધ ઉદ્યોગગૃહોમાં ૩૦ વર્ષ સુધી સેવા આપી. સાથે શિક્ષણ કાર્ય કરતા રહ્યા. સ.પ.યુનિ.માં વિઝીટીંગ પ્રોફેસર તરીકે પણ સેવા આપી છે. ચતુર પટેલ 'રચના' સામયિક પણ કાઢતા હતા. સતત કવિતા અને વાર્તા લખતા. એમણે હિન્દી અને અંગ્રેજીમાં કાવ્યો લખ્યાં છે. એમની એક અંગ્રેજી કવિતા યુ.એસ.એ.થી પ્રગટ થતા કાવ્યસંગ્રહમાં પસંદ થઈ છે. ગુજરાતીમાં એમનો 'કંડીલ' કાવ્યસંગ્રહ, 'કુંડાળામાં પગ' વાર્તાસંગ્રહ પ્રકાશિત થયા છે. વાર્તાની જેમ ચરોતરી તળબોલીનો વિનિયોગ કરીને એમણે ઘણાં માર્મિક કાવ્યો કર્યાં છે.

રેડિયો, ટી.વી. નાટકોમાં એમને ભારે રસ, આજ સુધીમાં ૫૦૦ કરતાં વધારે એપિસોડમાં અભિનય કર્યો છે. ૨૦૦ જેટલાં એપિસોડ, ફિલ્મકથા લખી છે. તખ્તાના, લઘુપડદાના સારા અભિનયકાર છે. જાંબુઆના આદિવાસી વિસ્તારની સિરિયલોમાં વિશિષ્ટ કામ કર્યું છે. ચરોતરી ઉપરાંત આદિવાસી, ભીલી, સોરઠી, સૂરતી બોલીઓ પર ધારી પકડ છે. વિલાયત ને આફ્રિકાના પાંચ-છ દેશોમાં મીમીક્રીના ઘણા શૉ કર્યા. વિદ્યાનગરના ચિત્રકાર મિત્રોના સંસર્ગે ચિત્રોમાં રસ પડ્યો. જેથી પ્રથમ પ્રદર્શન ૧૯૯૫માં કર્યું એ હાલ તૈલરંગોનાં ચિત્રો કરી પ્રદર્શન કરવા ધારે છે.

૧૦-૧૨ વર્ષ ચરોતર પ્રદેશમાં રઝળીને ૨૦૩૫ જેટલી તળપદી ચરોતરી કહેવતો ભેગી કરી છે. જે આ સંગ્રહમાં પ્રગટ થઈ છે. આમ ચતુર પટેલ બહુમુખી પ્રતિભાના માણસ છે. સદાય હસતા, સરળ ને વિનોદપ્રિય અને જિંદગીના જાણતલ.

આવા ખંતિલા જણ બહુરંગી ચરોતર ધરામાં બોલાતી કહેવતો લઈને આવે છે એ માણીએ.

– હરેન્દ્ર પી. ભટ્ટ



Lajja - 02692 233864